સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

તા. ૪-૫-૨૦૨૪ - શનિવાર ૨૦૮૦
ચૈત્ર વદ- ૧૧ વર્ષ:૩૮ અંક: ૨૧૬
પાના ૧૮ કિંમત રૂા. ૪.૦૦ (સીટી)


સ્થાપકઃ- બાબુભાઈ શાહ
WWW.SANJSAMACHAR.CO.IN

R.N.I. REGN. No. 46322/86
EMAIL:SANJSAMACHAR@GMAIL.COM
SANJ SAMACHAR-RAJKOT

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્કયુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેકસઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫

## કાલે સાંજથી જાહેર પ્રચારના પડઘમ શાંત : મંગળવારના મતદાન પર હિટવેવનો ખતરો નિર્ણાયક બનશે

3




કોટેચા ચોક પાસે
4BHK ફલેટ વેચવાનો છે
1800 ફુટ કારપેટ, ચોથા માળે, ફર્નીશ્ડ, પોશ સોસાયટી, સારો પાડોશ, 1 માળે ફકત 1 ફલેટ, ફુલ હવા-ઉજાસ, નીર્મલા કોન્વેન્ટ મેઈન રોડ, દેરાસરથી તદન નજીક.
82 38 38 38 39

રોકાણ લાયક
રાજકોટ ના કાલાવડ રોડ ઉપર
કેશ પેમેન્ટથી પ્લોટ જોઈએ છે
મુંજકા, મોટામવા, કણકોટ, હરીપર, વિરડાવાજડી, વડવાજડી, મેટોડા, ઈશ્વરીયા તેમજ આસપાસના વિસ્તારમાં
98243 91011




જોઈએ છે
એડમીન સ્ટાફ
પોતાનું બાઈક હોવું જરૂરી
પગાર રૂા. ૧૫,૦૦૦ સુધી (પેટ્રોલ સાથે)
અરજી સાથે રૂબરૂ મળો : સવારે ૧૧ થી સાંજે ૬ સુધી
Mo. 90990 54420
૩૦૫-લેન્ડમાર્ક કોમ્પ્લેક્ષ, એસ્ટ્રોન ચોક, રાજકોટ.

વીમો.... વીમો.... વીમો....
ટુ વ્હીલર વીમો માત્ર* Rs. 843 થી શરૂ ફોર વ્હીલર વીમો માત્ર* Rs. 2570 થી શરૂ
આયુષી ફાયનાન્સિયલ સર્વિસ
Mo. 87587 70770

ઉર્જા - 2
ઈન્ડ. પ્લોટીંગ
છાપરા સર્વે નં. 235
આશરે 360 વાર
જુ પ્લોટીંગ વેચવાના છે
કાલાવડ રોડ - શિવમ રોડથી બીજુ
M. 98252 15463







ગુંદાવાડીમાં
ભાડે અથવા વેચાણથી
બેંક લાયક જગ્યા
આપવાની છે
235 વાર
CONTACT 99090 21101

ગોડાઉન વેચવાનું છે
123 વાર 1 cr. 16 નું મોઢું
નીચે 14 ફુટની હાઈટ ઉપર ૨ ઓફીસ
૧ હોલ, સંડાસ-બાથરૂમ ફુલ ફર્નિચર સાથે
મોચીનગર હોલ સામે, શીતલપાર્ક પાસે
150 ft રીંગ રોડ, રાજકોટ.
Mo. 84019 75488






# હવે હવામાન જાણવામાં આપને મદદ કરશે, આ ૪ ભારતીય એપ્લિકેશન

## મૌસમ, દામિની, મેઘદૂત અને પબ્લિક ઓબ્ઝર્વેશન એપ્સ દ્વારા લોકોને આંગળીના ટેરવે મળશે માહિતીઃ વાવાઝોડું, વીજળી, હીટવેવ, માવઠા વિશે જાણકારી સાથે બચવાના ઉપાયો પણ મળશે

**ખાસ લેખઃ ડો. દિવ્યા ત્રિવેદી**

રાજકોટ: હાલ ગરમીનો પારો ખૂબ ઉંચો જઈ રહ્યો છે. અનેક વિસ્તારોમાં લોકો હીટ વેવનો માર સહન કરી રહ્યા છે. ત્યારે આ હીટ વેવની આગાહી હોય કે કમોસમી વરસાદ હોય, ચોમાસાની ઋતુની એકંદર સ્થિતિ હોય કે શિયાળાના પવનોની સ્થિતિ દરેક ઋતુ વિશે આપણને ભારતીય હવામાન વિભાગ દ્વારા આગોતરી જાણ કરવામાં આવે છે. અતિવૃષ્ટિ હોય કે અતિ ગરમીના સમયમાં સ્થિતિ અનુસાર આગોતરા પગલાં લેવા આપણને હંમેશા સાવચેત કરવામાં આવે છે.




ભારતીય હવામાન વિભાગ દ્વારા હવે દરેક નાગરિકને પોતાના મોબાઈલ ફોન પર જ આંગળીના ટેરવે પોતાના શહેર/ગામ સહિતના વિસ્તારોના હવામાનની તમામ માહિતી મળી રહે તે માટે વિશિષ્ટ ફીચર સાથે તદ્દન ભારતીય એવી ૪ એપ્લિકેશન વિકસાવવામાં આવેલી છે. આ એપ્લિકેશનમાં પ્રથમ છે, મૌસમ એપ્લિકેશન.

**૧) મૌસમ એપ્લિકેશન**

હવામાનની આગાહી અને ચેતવણી સેવાઓના પ્રસારમાં સુધારણા માટે મોબાઈલ એપ ''મૌસમ'' લોન્ચ કરવામાં આવી છે. વપરાશકર્તાઓ અવલોકન કરેલ હવામાન, આગાહીઓ, રડાર છબીઓને ઍક્સેસ કરી શકે છે અને આગામી હવામાનની ઘટનાઓ વિશે સક્રિયપણે ચેતવણી મેળવી શકે છે. મૌસમ મોબાઇલ એપ્લિકેશનમાં ૨૦૦ શહેરો માટે વર્તમાન તાપમાન, ભેજ, પવનની ગતિ અને દિશા દિવસમાં ૮ વખત અપડેટ કરવામાં આવે છે.

સૂર્યોદય/સૂર્યાસ્ત અને ચંદ્રોદય વિશેની માહિતી મૂનસેટ પણ આપવામાં આવે છે. હવામાન વિભાગના રાજ્ય હવામાન કેન્દ્રો દ્વારા ભારતના આશરે ૮૦૦ સ્ટેશનો અને જિલ્લાઓ માટે સ્થાનિક હવામાનની ઘટનાઓ અને તેમની તીવ્રતાની ત્રણ કલાકની ચેતવણીઓ જારી કરવામાં આવે છે. ગંભીર હવામાનના કિસ્સામાં, તેની અસર પણ ચેતવણીમાં સામેલ હોય છે. ભારતના ૪૫૦ શહેરોની છેલ્લા ૨૪ કલાક અને ૭-દિવસના હવામાનની સ્થિતિઓની સચોટ આગાહી પણ કરવામાં આવે છે.

આ એપ્લિકેશન જોખમી હવામાન વિશે નાગરિકોને ચેતવણી આપવા માટે આગામી પાંચ દિવસ અંગેની આગાહી જાહેર કરી, કલર કોડ (લાલ, નારંગી અને પીળો)માં તમામ જિલ્લાઓ માટે દિવસમાં બે વખત ચેતવણીઓ જાહેર કરે છે. જેમાં ''લાલ'' કલર કોડએ સૌથી ગંભીર કેટેગરી છે જે અધિકારીઓને પગલાં લેવા વિનંતી કરે છે, ઓરેન્જ કોડ સત્તાવાળાઓ અને લોકોને સતર્ક રહેવા માટે કહે છે અને યલો કોડ સત્તાવાળાઓ અને લોકોને પોતાને અપડેટ રાખવા માટે કહે છે.

**૨) દામિની એપ**

મોબાઈલ એપ DAMINI-LIGHTNING વિકસાવવામાં આવી છે. આ એપ વર્તમાન વીજળી પડવાનું ચોક્કસ સ્થાન, ૪૦ ચો.કિ.મી.ના વિસ્તારની આસપાસ તોળાઈ રહેલી વીજળીના સંભવિત સ્થાનો અને વાવાઝોડાની હિલચાલ અને દિશા વિશે વિગતો આપે છે. દામિની વીજળી દરમિયાન લેવાના સાવચેતીનાં પગલાંની પણ સૂચિ આપે છે અને વીજળી વિશે કેટલીક સામાન્ય માહિતી તથા ખરેખર તોળાઈ રહેલી વીજળીની પ્રવૃત્તિ વિશે અગાઉથી માહિતી મેળવવામાં મદદ કરે છે.

ચોમાસા દરમિયાન વીજળી પડવાની ઘટનાઓને લીધે અનેક લોકો ખાસ કરીને ખેડૂતો તેમજ તેમના પશુઓના જીવ જોખમમાં હોય છે ત્યારે આ એપ્લિકેશનના ઉપયોગ દ્વારા વીજળી નાટકવાની ખેતી વખતે તેનાથી બચીને સલામત સ્થળે પહોંચવામાં મદદ મળી રહે છે.

**૩) મેઘદૂત એગ્રો એપ**

ભારતીય કૃષિ હવામાન આધારિત છે ત્યારે મેઘદૂત એગ્રો એપ્લિકેશન દ્વારા ખેડૂતોને દર મંગળવાર અને શુક્રવારે ભૂતકાળ અને હવામાનની આગાહીના વિશ્લેષણના આધારે પાક અને પશુધન વ્યવસ્થાપન અંગે જિલ્લાવાર સલાહ આપવામાં આવે છે. તે ખેડૂતોને પાકની વાવણી, જંતુનાશક અને ખાતરનો ઉપયોગ, સિંચાઈના સમયપત્રક અને પ્રાણીઓના રસીકરણ જેવા હવામાન-સંવેદનશીલ નિર્ણયો લેવામાં મદદ કરશે.

**૪) પબ્લિક ઓબ્ઝર્વેશન એપ**

આ એપ્લિકેશન વપરાશકર્તાઓને સ્થાન મુજબ હવામાનની માહિતી પ્રદાન કરે છે. યૂઝર્સ આ એપ પર ઝડપી અને અદ્યતન એમ બે મોડ દ્વારા ફીડબેક પણ આપી શકે છે.

આ તમામ મોબાઈલ એપ પ્લેસ્ટોર અને એપસ્ટોર બંને પર ઉપલબ્ધ છે. મોબાઇલ એપ્લિકેશન્સ આકર્ષક અને વપરાશકર્તા માટે સરળ છે. હવામાન માહિતી અને ચેતવણીઓના પ્રસાર માટે આ એપ્સ મહત્વપૂર્ણ સાધન છે ત્યારે ઝડપથી બદલાતા વૈશ્વિક હવામાનમાં ભારતીય નાગરિક પોતાની જરૂરિયાતો અને સાવચેતીઓને સમજી શકે તે માટે આ એપ્લિકેશન ખૂબ આવશ્યક અને ઉપયોગી છે.

# કેનેડામાં લુંટારુંઓને પકડવા પોલીસે રોંગ સાઈડમાં કાર ચલાવતા અકસ્માતમાં ૪ ભારતીયોના મોત

## કેનેડા ફરવા ગયેલા ભારતીય દંપતિ–બાળક ભોગ બન્યા

ટોરન્ટો(કેનેડા),તા.૪

અત્રે દુકાનમાં હિટ ચલાવીને નાશેલા લુટારુંનો પીછો કરતી વખતે પોલીસે રોંગ સાઈડમાં કાર ચલાવતા અકસ્માત સર્જાતા તેમાં ચાર ભારતીયોના મોત થયા હતા.મૃતકમાં એક બાળકનો પણ સમાવેશ થાય છે. કેનેડામાં એક દુકાન લૂંટીને ભાગી રહેલા લૂંટારુનો પોલીસે પીછો કર્યો હતો. પરંતુ આરોપી ફિલ્મી સ્ટાઈલમાં પોલીસને ચકમો આપીને ભાગી ગયો હતો. દરમિયાન પોલીસે ચોરને પકડવા માટે રોંગ સાઇડ કાર ચલાવી હતી. કેનેડા પોલીસ ચોરને પકડવામાં સફળ રહી ન હતી. પોલીસની કાર ખોટી દિશામાં હોવાથી અનેક વાહનો સામસામે અથડાયા હતા. આ અકસ્માતમાં લૂંટારુ, કેનેડા ફરવા ગયેલું ભારતીય દંપતી અને તેમના ત્રણ મહિનાના પૌત્ર સહિત ૫ લોકોનાં મોત થયા હતા. ઑન્ટારિયો પોલીસની કારે



દારૂની દુકાનમાં લૂંટ કરીને ભાગી રહેલા ચોરનો પકડવા ખોટો વળાંક લીધો હતો અને આ અકસ્માત સર્જાયો હતો. ટોરોન્ટોથી લગભગ ૫૦ કિલોમીટર પૂર્વમાં વ્હાઇટબીમાં હાઇવે નંબર ૪૦૧ પર અકસ્માતમાં આ લોકોના ઘટનાસ્થળે મોત થયા હતા.ઑન્ટારિયો સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન યુનિટે (SIU) જણાવ્યું કે અકસ્માતમાં માર્યા ગયેલા લોકોમાં એક ૬૦ વર્ષીય પુરુષ અને ૫૫ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે જેઓ ભારતથી આવ્યાં હતા. હજુ બધા મૃતકોના નામ જાહેર કરવામાં આવ્યા નથી.

અકસ્માતમાં ૩ મહિનાના બાળકનું પણ મોત થયું છે, બાળકના ૩૩ વર્ષીય પિતા અને ૨૭ વર્ષીય માતા પણ આ અકસ્માતનો ભોગ બન્યાં છે. તેઓને ઈજાઓ પહોચતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતા. માતાની હાલત નાજુક છે. લૂંટને અંજામ આપનાર ૨૧ વર્ષીય શખ્સનું અકસ્માતમાં મોત થયું છે. આ અકસ્માતમાં છ વાહનો એકબીજા સાથે અથડાયા હતા.

# તિહાડ જેલમાં ફરી ખેલાયો ખૂની ખેલ... જેલ નંબર ૩માં આંતરિક વિવાદ બાદ એક કેદીની હત્યા

ન્યુ દિલ્હી : દિલ્હીની તિહાર જેલમાં એક કેદીની હત્યા કરવામાં આવી છે. આ ઘટના જેલ નંબર-૩માં બની છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે બપોરે તેનો ઝઘડો થયો હતો. આ પછી તેના પર હુમલો કરવામાં આવ્યો હતો. સૂત્રોનું કહેવું છે કે હુમલામાં જીવ ગુમાવનાર કેદી જેલમાં નોકર તરીકે કામ કરતો હતો. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.

ગયા વર્ષે એપ્રિલ મહિનામાં તિહાર જેલમાં ગેંગ વોરની ઘટના બની હતી. જેમાં લોરેન્સ ગેંગના ગેંગસ્ટર પ્રિન્સ તેવટિયાની હત્યા કરવામાં આવી હતી. તેવટીયાને છરી વડે ૫ થી ૭ વાર કરવામાં આવ્યા હતા. પોલીસ ઘટનાસ્થળે પહોંચી, તેને અને અન્ય ઘાયલ લોકોને હોસ્પિટલમાં લઈ ગઈ, જ્યાં તેવટિયાને મૃત જાહેર કરવામાં આવ્યો હતો.

**૨ મે ૨૦૨૩ના રોજ તાજપુરિયાની હત્યા**




આ ઘટનાના એક મહિના બાદ તિહારમાં ફરી એકવાર લોહિયાળ ખેલ ખેલાયો છે. ૨ મે, ૨૦૨૩ ના રોજ, કુખ્યાત ગેંગસ્ટર સુનીલ માન ઉર્ફે ટિલ્લુ તાજપુરિયાની હત્યા કરવામાં આવી હતી. તેના દુશ્મન ગોગી ગેંગના બદમાશો રિયાઝ ગૈડા, રાજેશ કરમવીર, યોગેશ ટુડા અને દીપક તિત્તરે આ ઘટનાને અંજામ આપ્યો હતો.

## સુવિચાર

પોપટ મરચુ ખાઈને પણ મીઠુ બોલે છે
અફસોસ છે કે
માણસ આટલી મોંઘી ખાંડ
ખાવા છતાં પણ કડવું બોલે છે..



## આજનું ચિંતન

### ઉતાવળ ઉચાટ લાવનારી બને છે

મમ્મીએ દૂધમાં મેળવણ નાખી તો દીધું છે પણ નિશ્ચિત સમય પસાર થવા દીધા વિના એ દહીંદર્શનની ઉતાવળ કરવા લાગે તો એના હાથમાં ઉચાટ સિવાય શું આવે ?

યુવકે કોલેજની પરીક્ષા આપી તો દીધી છે. પણ એના પરિણામની જાહેર થઇ ચૂકેલ તારીખ પહેલા એ વારંવાર પરિણામ અંગે કોલેજમાં પૃચ્છા કરતો રહે તો લમણે ઉચાટ અનુભવવા ન મળે તો બીજું થાય શું ?

કબૂલ, જીવન આપણું છે, પુરૂષાર્થ આપણો છે, પણ સંયોગો આપણા હાથમાં નથી, નસીબ આપણા વશમાં નથી અને એટલે પરિણામ પણ આપણા હાથમાં નથી.

અપેક્ષિત પરિણામ કે સમ્યક પરિણામ કદાચ ન પણ મળે અને મળે તો ય આપણા સમયે ન મળે.

મનની સ્વસ્થતા જો આપણે ટકાવી રાખવા માગીએ છીએ તો એનો શ્રેષ્ઠ વિકલ્પ આ છે, ઉતાવળ ન કરીએ, રાહ જોઈએ, ધીરજ ધરીએ.

યાદ રાખજે,

ગતિ જો કિંમતી છે તો ગતિનું રોકાણ એ રીતે જ થવું જોઈએ કે જયાં ગતિના શ્રમ કરતાં ગતિથી મળતો પુરસ્કાર અનેકગણો ચડિયાતો હોય.

– પદ્મભૂષણ જૈનાચાર્ય શ્રી રત્નસુંદરસૂરીજી મ.
('સ્પર્શ' પુસ્તકમાંથી સાભાર)

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત–૨૦૮૦: વીર સંવત– ૨૫૫૦, શાલિવાહન સંવત–૧૯૪૫
ચૈત્ર વદ–૧૨, તા.૫/૫/૨૪, રવિવાર

સૂર્યોદય : ૬–૧૪, સૂર્યાસ્ત : ૭–૧૨, જૈન નવકારશી : ૭.૦૩
રાશિ : મીન (દ.ચ.ઝ.થ.)

**ગૌચરના ગ્રહો**

સૂર્ય–મેષ, મંગળ–મીન, રાહુ–મીન, કેતુ–કન્યા, બુધ–મીન, ગુરૂ–વૃષભ, હર્ષલ–મેષ, પ્લુટો–મકર, શુક્ર–મેષ, શનિ–કુંભ, નેપ્ચ્યુન–મીન, ચંદ્ર–મીન

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** જરૂરીયાતોમાં વધારો થવાનો છે, નવી નોકરીમાં લાભ રહેવાનો, પાર્ટ ટાઈમ જોબથી લાભ.

**વૃષભ :** વિદેશના પ્રવાસની ઈચ્છા ફળવાની છે, એજન્સી લાઈનથી લાભ, માતુશ્રીનો સાથ સહકાર રહેવાનો.

**મિથુન :** લાગણીઓને કાબુમાં રાખજો, મહત્વના કાર્યને અગ્રતાક્રમ આપજો, ઉપરી વર્ગથી લાભ રહેવાનો.

**કર્ક :** ભ્રાતૃભાવની ઈચ્છા પ્રબળ બનાવવાથી લાભ મળવાનો, વિદેશનો પ્રવાસ થાય, રોમાન્સમાં સફળતા.

**સિંહ :** કોર્પોરેટ ક્ષેત્રે કોઈ સારી ઓફર આવે, પ્રવાસની ઈચ્છા ફળવાની, આવકનું પ્રમાણ જળવાઈ રહે.

**કન્યા :** કોઈ ચમત્કારની અપેક્ષા ન રાખવી, તમારો પુરૂષાર્થ ફળવાનો છે, ભાઈ–બહેનોથી લાભ રહેશે.

**તુલા :** કારણ વગરના વિચારોથી આપ પરેશાન રહો, મિત્ર વર્તુળનો સહકાર સારો રહે, ધંધામાં કોઈ ફેરફારો ન કરતા.

**વૃશ્ચિક :** આવકનું પ્રમાણ વધવાનું છે, ભાગીદારી ધંધાથી લાભ, ધાર્મિક કાર્ય બાબતે નાણાકીય ખર્ચ રહે.

**ધન :** વિદેશ જવાની ઈચ્છા પ્રબળ બને, કેમિકલ્સ લાઈનથી લાભ રહે, લખાણ કે દસ્તાવેજો બાબત સતર્ક રહેવું જરૂરી.

**મકર :** ભાગ્યોદયની તક માટે સારો સમય રહે, પ્રિય પાત્રની મુલાકાત લાભદાયક રહેવાની, નોકરીમાં ફેરફારોથી લાભ.

**કુંભ :** પરિવારના સભ્યોનો સહકાર સારો રહેવાનો, વડિલોપાર્જીત મિલ્કતના પ્રશ્નો હલ થવાના છે.

**મીન :** લાગણીઓ અને ઈમોશન્સ કાબુમાં રાખવા, આધુનિક ચીજ વસ્તુની ખરીદી પાછળ ખર્ચ રહે, કર્મચારી વર્ગથી લાભ રહેવાનો છે.

# હવે યુઝર્સને ચેનલ માટે મળશે ખાસ સુવિધા!

વોટ્સએપે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં એક ચેનલ ઓફર કરી હતી. હવે તાજેતરના અહેવાલ મુજબ, WhatsApp ચેનલ માટે ઘણા ફીચર્સ પર કામ કરી રહ્યું છે. WABetaInfo ના એક અહેવાલ મુજબ, WhatsApp ઘણા વપરાશકર્તા-ફ્રેન્ડલી અપડેટ્સ રજૂ કરીને તેની ચેનલોની સુવિધાને વધારી રહ્યું છે. અપડેટમાં, વપરાશકર્તાઓ માટે ચેનલો બનાવવા અને શોધવાની પ્રક્રિયાને સરળ બનાવવામાં આવશે.



આ સિવાય, WhatsApp ચેનલ લિસ્ટમાં સીધા જ વેરિફાઈડ બેજ ઉમેરવાની યોજના બનાવી રહ્યું છે. આ સુવિધા એપના વર્તમાન વર્ઝન મા નથી. પુનઃડિઝાઇન કરેલ ચેનલો વિભાગ હવે યાદી ને નીચે મૂકવામાં આવ્યો છે. આ વપરાશકર્તાઓને કન્ટેટ શોધવા અને ફોલો પણ સરળ બનાવે છે. આ સિવાય WhatsApp પણ આવું જ એક એવી સુવિધા પર કામ કરી રહ્યું છે જે વપરાશકર્તાઓને એકસાથે અનેક ચેનલો પર બલ્ક ક્રિયાઓ કરવા દે છે, જેમ કે મ્યૂટ, માર્ક રીડ અથવા પિન.

આ અપડેટ્સથી વપરાશકર્તાઓ WhatsApp પર ચેનલો સાથે વાતચીત કરવાની રીતમાં સુધારો કરશે તેવી અપેક્ષા છે. નવી બલ્ક ઍક્શન સુવિધા, ઉદાહરણ તરીકે, વપરાશકર્તાઓ તેમની ચેનલ ક્રિયાપ્રતિક્રિયાઓનું સંચાલન કરવાની રીતને સરળ બનાવશે, જે તેમને એકસાથે અનેક ચેનલોને ઝડપથી મ્યૂટ અથવા અનમ્યૂટ કરવાની મંજૂરી આપશે.

**વોટ્સએપ લીલું થઈ ગયું!**

તમને જણાવી દઈએ કે તાજેતરમાં જ WhatsAppએ iOS યુઝર્સ માટે તેની કલર સ્કીમને પરંપરાગત વાદળી રંગની જગ્યાએ ગ્રીન થીમવાળી કરી છે. આ ફેરફાર ફેબ્રુઆરીમાં શરૂ થયો હતો, પરંતુ તાજેતરમાં, ભારતમાં વપરાશકર્તાઓને પણ નવું અપડેટ મળ્યું હતું.

# ધ આઈડિયા ઓફ યુ : ૪૦ વર્ષની સ્ત્રી અને ૨૪ વર્ષના યુવાનની પ્રેમકથા




**કેમ જોવી?:** વેસ્ટર્ન માઈન્ડસેટ ધરાવતી રોમેન્ટિક ફિલ્મોના ચાહક હોવ તો!

**કેમ ન જોવી?:** ટીપીકલ અને સ્લો ફિલ્મો પસંદ ન હોય તો!

**સિને'માઁ' – પરખ ભટ્ટ – શુધ્ધ કાઠિયાવાડી સ્ટાઈલ ફિલ્મ રિવ્યુ**

તાજેતરમાં એમેઝોન પ્રાઇમ પર એક અલગ પ્રકારની ફિલ્મ રીલીઝ થઈ છે. આ ફિલ્મમાં પ્રેમ ક્યારેય ઉંમર, જાતિ, અમીરી કે ગરીબી જોતો નથી તે માત્ર થાય છે તેવો ખ્યાલ પ્રસ્તુત કરાયો છે. આ ફિલ્મ છે 'ધ આઈડિયા ઓફ યુ' જેના ડાયરેક્ટર છે માઈકલ શોવલ્ટર. રોબિન લીના નામના લેખકના આ જ નામના પુસ્તક 'ધ આઈડિયા ઑફ યુ' પર આધારિત આ ફિલ્મ એક આધેડવયની મહિલા અને યુવાન છોકરાની અનોખી પ્રેમ કહાનીની જટિલતાઓ અને વિડંબનાઓને સરળ અને વાસ્તવિકતાથી રજૂ કરે છે.

ડાયરેક્ટર માઈકલ શોવલ્ટર ૪૦ વર્ષની એક મહિલા અને ૨૪ વર્ષના એક યુવાનની વચ્ચેના પ્રેમને દર્શાવવામાં અને તેમના પ્રેમ સંબંધમાં આવતા ચડાવ ઉતારને સ્ક્રીન પર ઉતારવામાં સફળ રહ્યા છે. ફિલ્મનો ફર્સ્ટ હાફ થોડો ધીમો છે પરંતુ સેકન્ડ હાફમાં ફિલ્મ થોડો વેગ પકડે છે. દિગ્દર્શક બંને વચ્ચેના શારીરિક આકર્ષણને પેશનેટ રીતે દર્શાવ્યા છે પરંતુ બંને વચ્ચેના ભાવનાત્મક પાસાને એટલી સફળતાથી દર્શાવી નથી શક્યા. તેમ છતાં વાર્તા દર્શકોને વ્યસ્ત રાખે છે.

વાર્તાની સારી વાત એ છે, પોતાની જિંદગીના મધ્યાંતરે પહોંચેલી અને કેટલીય જવાબદારીઓથી ઘેરાયેલી એક સ્ત્રીની શારીરિક અને ભાવનાત્મક જરૂરિયાતો વિશે ફિલ્મમાં ખૂલીને વાત કરવામાં આવી છે. ફિલ્મના ક્લાઈમેક્સ થોડી ઉતાવળમાં કરવામાં આવી હોય તેવું લાગી રહ્યું છે. તેમ છતાં ફિલ્મ અન્ય રોમેન્ટિક ફિલ્મોની જેમ હેપ્પી એન્ડીંગ સાથે પૂર્ણ થાય છે. જિમ ફ્રોનાની સિનેમેટોગ્રાફી રોમેન્ટિક દ્રશ્યોમાં જબરદસ્ત છે. જો સંગીતમાં કંઈક વધુ ઉમેરવામાં આવ્યું હોત તો ફિલ્મ જોવામાં વધારે મજા આવી હોત.

૪૦ વર્ષની સ્ત્રીના પાત્રમાં એની હેથવેનો અભિનય સારો છે. તેણે સિંગલ મધરનું પાત્ર તેમજ તેની પોતાની ઈચ્છાઓ અને આકાંક્ષાઓ વચ્ચે તરબતર કરતી સ્ત્રીનું પાત્ર સુંદર રીતે જીવ્યું છે. તેની સુંદરતા અને સાદગી દર્શકોને એ વાતની હૈયાધરપ આપે છે કે શા માટે ૨૪ વર્ષનો એક પ્રખ્યાત રોક સ્ટાર તેના પ્રેમમાં પડી શકે છે. નિકોલસ ગેલિટઝિનો અભિનય પણ સારો છે. બંનેની કેમેસ્ટ્રી સ્ક્રીન પર આકર્ષક લાગે છે. એલા રૂબિને દીકરીના રોલમાં જોરદાર કામ કર્યું છે. માતા અને પુત્રી વચ્ચેના દ્રશ્યો સુંદર છે.


| THIS WEEK ON OTT | |
|---|---|
| ૧) | નેટફ્લિક્સ : હીરામંડી |
| ૨) | ઝી ૫ – ધ બ્રોકન ન્યૂઝ (સિઝન ૨) |
| ૩) | નેટફ્લિક્સ : ફિયાસ્કો |
| ૪) | જીઓ સિનેમા – વોનકા |

**સાંજ સ્ટાર**
૩ ચોકલેટ

bhattparakh@yahoo.com

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત

**જમ્બો ટાઇમ પાસ પઝલ**
■ માધવી નરેશ શાહ



**આડી ચાવી**

૧. મોરારીબાપુનો આશ્રમ, વતન (૬)
૫. ફેરફાર (૫)
૮. શબ્દ પઝલનું એક નામ (૫)
૧૦. વાદ્ય-તાવડી ... (૨)
૧૧. ફેમિલી (૪)
૧૨. કલર (૨)
૧૩. માસીનો દીકરો ભાઇ (૪)
૧૫. ઝઝબાત (૩)
૧૬. ગુજરાતનો એક તાલુકો (૩)
૧૮. ભાવનગર પંથકનું તીર્થ (૪)
૨૧. બીનગુજરાતી અટક (૨)
૨૨. અમિતાભ બચ્ચનની ફિલ્મ (૩)
૨૩. આ સીંગદાણા ... વગરના છે (૪)
૨૫. એક કઠોળ (૨)
૨૭. ફિલ્મ : રોટી, કપડા, ઔર ? (૩)
૨૮. એક ધાન (૩)
૩૦. બળથી ન થાય એ ... થી થાય (૨)
૩૧. જુનાગઢ નજીકનું નગર (૫)
૩૨. ભાલ (૩)
૩૩. એક બંગાળી સંગીતકાર (૫)
૩૫. પવન, હવા (૨)
૩૬. સુવાવડ (૩)
૩૭. રઘુકુળ ... સદા ચલી આઇ (૨)
૩૮. માયામાં ફસાવતી જાળ (૪)
૪૦. એક વત્તા એક (૧)
૪૩. ફિલ્મ : ... દિવાના (૩)
૪૫. જયાં જમીન, પાણી પુરૂ થાય (૩)
૪૭. ઉનાળો (૩)
૫૦. પ્યાસ (૩)
૫૨. તારી ... રે પાઘલડીનું ફુમતું રે (૨)
૫૪. પાણી રાખવાની જગ્યા (૪)
૫૫. દરેક કળામાં માહિર-હિન્દી (૬)
૫૬. પિયર (૪)

**ઉભી ચાવી**

૧. તકની રાહ જોતો (૪)
૨. ગાલ ઉપસાવતી બિમારી (૬)
૩. રસ્તા શેના બને (૩)
૪. બગદાણાના બાપુ (૮)
૫. બાળવાર્તાની હિરોઇન (૨)
૬. વરસની તપસ્યા (૫)
૭. આશ્ચર્ય (૩)
૯. ડિમાન્ડ (૩)
૧૩. મમ્મીના ભાઇ (૨)
૧૪. દોસ્ત (૨)
૧૭. સલાહ સૂચન (૫)
૧૮. શેત્રુંજયનું સ્થળ (૪)
૧૯. પરવાહ (૪)
૨૦. મમરાનું એક વચન (૩)
૨૪. એસઓએન (૨)
૨૬. લોટો (૩)
૨૭. હાથીનું બચ્ચુ (૪)
૨૯. પાણીથી વેચાતી ખાનાખરાબી (૫)
૩૦. આર્ટ (૨)
૩૧. ધક ધક ગર્લ (૬)
૩૨. આણુ (૫)
૩૩. પંજાબનું શહેર (૪)
૩૪. ...મમરા (૨)
૩૫. સ્ત્રી, માનુની, નારી (૨)
૩૯. જેના પર પગ સાફ કરાય (૬)
૪૧. પ્રભાવ (૩)
૪૨. સ્પેશ્યલ (૨)
૪૪. ઇચ્છેલુ (૫)
૪૬. ધિક્કાર (૪)
૪૮. જેનું હાસ્ય બેમિસાલ ગણાતું એ અભિનેત્રી (૪)
૪૯. ...કાઢતા ઉંટ પેઠુ (૨)
૫૧. સલમાન ખાનની માતા (૩)
૫૩. સાંભળતું અંગ (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પ | રિ | ચા | રિ | કા | | મા | લ | ગા | ડી |
| થ | | | વ | ન | વા | સી | | | લ |
| | સા | મ | ર | સ | | ચા | દ | ગા | ર |
| સા | બુ | | ફ | | રા | ઈ | સ | | શી |
| પ | | સે | ન્ટ | ર | | | નં | | પ |
| | એ | ન્ડ | | | | કા | બ | ર | |
| મ | | વી | ર | પુ | ર | | રી | બ | ન |
| નિ | શા | ચ | ર | | ર | જા | | ર | જ |
| પ્લા | ન | | ર | ર | | ફ | ળ | | રા |
| ન | | | ર | વિ | વા | ર | | ભા | ણુ |

ટેસ્ટફુલ...ગરમ તથા કાચી
દરરોજ પેટીસ
રાજકોટ ના પ્રખ્યાત
રસિકભાઈ ચેવડાવાળા
લીમડા ચોક
કોટેચા ચોક
જ્યુબેલી બાગ
નાના મવા રોડ
એરપોર્ટ રોડ

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

ચૈત્ર વદ- ૧૧ | પાના : ૧૮ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૪-૫-૨૦૨૪ - શનિવાર | રાજકોટ (સીટી)

હરસ-મસા કાપકુપ વગર ઠંડા કરીને કાયો સર્જરી દ્વારા સારવાર
દર બુધવારે જરૂરીયાતમંદ ગરીબ દર્દીઓને ફ્રી તપાસ તથા રાહત દરે ઓપરેશન કરી આપવામાં આવશે
શાંતિ હોસ્પિટલ
ડો.પી.એસ.શેઠ (સર્જન)
યુરોલોજીસ્ટ એન્ડ કાયોથેરાપીસ્ટ (યુ.કે.) લંડન
ક્રિએટીવ ચેમ્બર, બસ સ્ટેન્ડ પાછળ, રાજકોટ
વધુ વિગત માટે નામ સાથે નીચેના નંબર ઉપર વોટસએપ કરવો.
M. 94290 98114

વર્ષ : ૩૮ અંક : ૨૧૬ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

## પ્રારંભમાં મેળવેલી સરસાઇ ભાજપે ઉમેદવાર સામે અસંતોષ, ક્ષત્રિય સમાજના વિરોધ સહિતના ફેકટરોના કારણે ગુમાવી દીધી હોય તેવા સંકેત



# કાલે સાંજથી જાહેર પ્રચારના પડઘમ શાંત : મંગળવારના મતદાન પર હિટવેવનો ખતરો નિર્ણાયક બનશે



### ગુજરાતમાં લોકસભા ચૂંટણી માટે પ્રથમ વખત ૨૫ બેઠકો પર મતદાન થશે : પ્રથમ વખત કોંગ્રેસની ત્રણ બેઠકોમાં હાજરી નહીં હોય અને ભાજપ હવે જીતની હેટ્રીક માટે પ્રારંભમાં આક્રમક બન્યા બાદ ધીમે ધીમે ડિફેન્સીવ પોઝીશન લેવી પડી

### કોંગ્રેસ માટે ઉમેદવારોની લડત જ મહત્વની બની : સંગઠનની નબળાઇ અને રાષ્ટ્રીય નેતૃત્વની ધારદાર હાજરીનો અભાવ આ પક્ષ માટે સમસ્યા યથાવત રહી : પ્રિયંકાએ જોકે આદિવાસી ક્ષેત્રમાં પહોંચીને ઉમેદવારોએ સર્જેલા વેવને આગળ ધપાવવા કોશીષ કરી

### ત્રણ દસકામાં પ્રથમ વખત ભાજપની સભાઓ અને કાર્યાલયના ઉદ્‌ઘાટનમાં વિરોધના કારણે વિઘ્નો સર્જાયા : રાજકોટ સહિતની બેઠકો પર ઉમેદવારોએ સંભાળી સંભાળીને પ્રચાર કરવો પડ્યો : આંતરીક અસંતોષની પણ ઈફિકટનો પાતળો અન્ડરકરંટ હોવાની શકયતા

રાજકોટ, તા. ૪

લોકસભા ચૂંટણીના ત્રીજા તબકકામાં તા.૭ને મંગળવારના યોજાનારી ગુજરાતની ૨૫ સંસદીય બેઠક પર પ્રચારનો પડઘમ આવતીકાલે સાંજે શાંત થઇ જશે અને હવે ભારે ગરમી વચ્ચે મંગળવારનું મતદાન એ ભાજપ માટે તમામ ૨૬ બેઠકો જીતવાના હેટ્રીકનું સર્જન કરશે કે રાજયમાં એક દસકા બાદ કોંગ્રેસ લોકસભામાં ખાતુ ખોલાવવા માટે નસીબદાર નીવડશે તેના પર સૌની નજર છે. જોકે હવામાન વિભાગે આ સપ્તાહના અંતથી જબરા હિટવેવની આગાહી કરી છે અને હાલના દિવસોમાં જે રીતે સુર્યના આકરા તાપથી બપોરના સમયે માર્ગો પર અઘોષીત કફર્યુ જેવી સ્થિતિ થોડા કલાકો માટે સર્જાય જાય છે તે બાદ હવે મંગળવારે મતદાનના સમયે રાજયના મોટા ભાગના વિસ્તારોમાં ઉષ્ણતામાનનો પારો ૩૫થી ૪૩ ડિગ્રી વચ્ચે રહેવાની આગાહી છે અને તેથી છેલ્લા બે તબકકામાં જે રીતે દેશમાં મતદાન પર અસર થઇ છે તેવી જ અસર હવે ગુજરાતમાં થશે તેવા સંકેત છે અને તેથી દરેક બેઠક પર હારજીતના માર્જીનમાં પણ અસર થવાની શકયતા છે અને ભાજપ હવે પાંચ લાખની સરસાઇને એક બાજુ મુકીને અનેક બેઠકો પર પક્ષના ઉમેદવાર જીતી જાય એટલે ગંગ ન્હાયા જેવી માનસિકતા વચ્ચે વધુને વધુ મતદાન થાય તે માટે કાર્યકર્તાઓને બુસ્ટર ડોઝ આપી રહ્યો છે અને તે કેટલો સફળ નિવડશે તે પણ પ્રશ્ન છે.

ગુજરાતમાં આ ચૂંટણીના પ્રારંભે ભાજપે સરસાઇ બનાવી દીધી હોય તેવા સંકેત હતા પરંતુ જેમ જેમ પ્રચારનો પ્રારંભ થયો તેમ ખાસ કરીને ભાજપના આંતરીક અસંતોષના કારણે વડોદરા અને સાબરકાંઠામાં ભાજપે ઉમેદવાર બદલવા પડયા તે પછી ક્ષત્રિય આંદોલન કે રાજકોટથી ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાના વિવાદી વિધાનોથી છેડાયું તે હવે ગુજરાતભરમાં અનેક મહત્વપૂર્ણ બેઠક સુધી પહોંચી ગયું છે અને તેની અસર પણ મેદાન પર દેખાવા લાગી છે. પ્રથમ વખત ગુજરાતમાં પ્રચાર સમયે કોઇ સમુદાયે ભાજપની સભાઓ કે કાર્યાલયના પ્રારંભમાં વિઘ્ન સર્જયુ હોય અને કાર્યક્રમ કે સંપર્ક મુલત્વી રાખવા પડયા હોય તેવું ત્રણ દસકામાં પ્રથમ વખત નોંધાયુ છે જોકે ક્ષત્રિય સમાજે પ્રારંભમાં તેમનો વિરોધ પરસોતમ રૂપાલા પુરતો મર્યાદિત રાખ્યો અને ભાજપે બાદમાં ઉમેદવાર બદલવાની માંગણી ન સ્વીકારતા ગુજરાતભરમાં જે રીતે ફેલાઇ ગયો તે પછી પણ આ સમુદાયે જે રીતે શાંત છતાં પણ જબરા અન્ડરકરંટ જેવો વિરોધ કર્યો છે તે સૌથી નોંધપાત્ર બની ગયો છે. સાથોસાથ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સભાઓમાં વિરોધ નહીં કરીને આ સમાજે એક સન્માન પણ મેળવ્યું છે પરંતુ પ્રથમ વખત ક્ષત્રિય સમાજની બહેનો માર્ગ પર આવીને વિરોધ કર્યો તે પછી હવે ભાજપને ડેમેજ કંટ્રોલ કરવાના તમામ પ્રયાસોમાં લગભગ નિષ્ફળતા મળી છે આ સમાજનો રોષ કેટલો નુકસાન કરશે તે ભાજપને અંદાજ નથી તેથી જ અનેક બેઠકો પર બ્લાઇન્ડ ગેમ જેવી સ્થિતિ બની છે અને કોંગ્રેસને જેમ ગુજરાતમાં આઉટસોર્સ મુદ્દાઓથી ચૂંટણીમાં ફાયદા થાય છે તેવી સ્થિતિ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં થોડી બેઠકો પર પક્ષની આશાને ક્ષત્રિય સમાજે ટોનિક આપ્યું છે જે ખરેખર વિજય અપાવે છે કે પછી પરિણામ પર છાપ છોડી જાય છે તેના પર સૌની નજર છે.

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રથમ વખત ગુજરાતમાં ડેમેજ કંટ્રોલનું કામ કરવું પડયું : પક્ષે પણ પ્રચારને લો-પ્રોફાઇલ રાખ્યો : કેન્દ્રીય મંત્રીઓને સિલેકટેડ ઓડીયન્સ પાસે રજૂ કર્યા : નડ્ડા અને રાજનાથસિંહની સભાઓ યોજી પણ સેલીબ્રીટી પ્રચારથી ભાજપ દુર રહ્યો**

ગુજરાતમાં અગાઉની તમામ લોકસભા ચૂંટણી કરતા પ્રચાર લો-પ્રોફાઇલ રહ્યો છે, વડાપ્રધાન મોદીએ આખરી સપ્તાહ પૂર્વે સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ૬ સભાઓને સંબોધીને મતદારોમાં જે મોદી બ્રાન્ડ અને ખાસ કરીને ગુજરાતના નરેન્દ્રભાઇ મોદી તે જે એક નાતો છે તેને ફરી કરંટ આપવાની કોશીષ કરી જેથી ક્ષત્રિય આંદોલનથી લઇને ભાજપના ઉમેદવાર સામે જે અસંતોષ અને એન્ટીઇન્કમબન્સીની થોડી ઘણી અસર છે તેને પણ ડિસ્કાઉન્ટ કરવા કોશીષ કરી છે અને સમગ્ર દેશની જેમ ગુજરાતમાં પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને કરીશ્માને જ મહત્વ અપાયું છે અને ભાજપના ઉમેદવારોએ પણ પોતાના પ્રચારમાં ખાસ કરીને જયાં વિરોધ વધ્યો છે ત્યાં લો-પ્રોફાઇલ લઇને મોદી ફેકટરની અસર ઘટે નહીં તે જોવા વ્યુહ ઘડયો છે. તો ભાજપ તરફથી પ્રારંભમાં કેન્દ્રીય મંત્રીઓને સિલેકટેડ ઓડીયન્સ સમક્ષ વિકસીત ભારતની થીમ પર પ્રચાર માટે મોકલ્યા તો ગૃહમંત્રી અમિત શાહ પોતાના વતન રાજયમાં પણ જામકંડોરણામાં પ્રવાસ કરીને આજે દક્ષિણ ગુજરાત સુધી સભાઓ સંબોધી છે, બીજી તરફ કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી રાજનાથસિંહ ભાવનગર સહિત ગુજરાતમાં પ્રચાર કરી ગયા અને ભાજપ રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડાએ ગઇકાલે કચ્છમાં ગાંધીધામ ખાતે રોડ-શો સાથે પ્રચારમાં હાજરી પુરાવી હતી.

કોંગ્રેસ તરફથી પક્ષના ઉમેદવારો જ સ્ટાર પ્રચારક રહ્યા છે અને સંગઠનની નબળાઇ છતાં પણ અનેક બેઠકો પર જે પડકાર સર્જયો છે તેનાથી કોંગ્રેસના સ્લીપીંગ મતદારો પણ ફરી સપાટી પર આવવા લાગ્યા છે અને તે મતદાન મથક સુધી પહોંચશે તો કદાચ પરિણામ પર અસર કરી શકે છે. કોંગ્રેસ પક્ષે ક્ષત્રિય સમાજના રોષનો ફાયદો મળે તે નિશ્ચિત કર્યુ છે. રાજકોટ લોકસભા બેઠક ફોકસ પર આવી ગઇ છે ત્યાં લેઉવા પાટીદાર અંગે જે પત્રિકા બહાર આવી તેનો લાભ કોંગ્રેસને જો રાજકોટ લોકસભા બેઠક પર મળશે તો કદાચ પરિણામ પર તેની અસર થઇ શકે છે, કોંગ્રેસ તરફ પ્રિયંકા ગાંધીએ સૌપ્રથમ વલસાડના ધરમનગરમાં પક્ષના લડાયક ઉમેદવાર અનંત પટેલ માટે પ્રચાર કર્યો અને બાદમાં આજે તેઓ બનાસકાંઠામાં ગેનીબેન ઠાકોર માટે લખવીમાં એક રેલીને સંબોધન કરી રહ્યા છે. આમ કોંગ્રેસ તરફથી જો આકર્ષક ગણી શકાય તો ફકત પ્રિયંકા ગાંધી જ આવ્યા. રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેનો પ્રવાસ નિશ્ચિત થયા બાદ રાયબરેલીમાં રાહુલ ગાંધીની ઉમેદવારીના કારણે તે અમદાવાદ પુરતો સીમીત રહ્યો. આજે શશી થરૂર વડોદરામાં પ્રચાર માટે આવ્યા છે અને આ રીતે કોંગ્રેસે સ્થાનિક ઉમેદવાર પર જ ચૂંટણી જીતી છે.

**મતદારોનો ઉત્સાહ મર્યાદિત : નેતાઓ અને રાજકીય પક્ષો માટે જ ચૂંટણી લડાતી હોય તેવો માહોલ : સુરતની બેઠક બીનહરીફ કરાવીને ભાજપે કોંગ્રેસને પ્રથમ પછડાટ તો આપી પણ તેના નેગેટીવ મેસેજ પણ મતદારો પાસે ગયા : મની અને મસલ્સ પાવરનો છૂપો ઉપયોગ જોવા મળ્યો**

સૌથી મહત્વનું એ છે કે સુરત બેઠક પર જે રીતે ભાજપે બીનહરીફ વિજય મેળવ્યો તેની બંને તરફની ઈફેકટ જોવા મળી છે. આ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર નિલેષ કુંભાણીએ ફોર્મ પાછુ ખેંચીને અને ભાજપે અપક્ષો સાથે સમજુતી કરી તેવી ચર્ચા સાથે કોઇ હરીફ ઉમેદવાર મેદાનમાં ન રહે તે નિશ્ચિત કર્યુ તે લોકશાહી માટે સૌથી મોટી પછડાટ છે. આ ચૂંટણીમાં ભાગ્યે જ કોઇ લોકતંત્ર કે રાજકીય નૈતિકતા જોવા મળ્યા અને તેથી જ ગુજરાતનો ચૂંટણી પ્રચાર ખુબ જ શાંત છતાં અન્ડરકરંટવાળો બની ગયો છે.



# અવસાન નોંધ

જુનાગઢઃ જુનાગઢ નિવાસી મોઢ માંડલિયા સુશીલાબેન નટવરલાલ મહેતા (ઉ.૮૦) તે નટવરલાલ અમૃતલાલ મહેતાના ધર્મપત્ની તથા દિલીપભાઈ તથા ચેતનાબેન શાહના માતુશ્રી તથા કેવલભાઈના દાદી તા.૩ને શુક્રવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા.૪-૫-૨૪ શનિવાર સાંજે ૫-૩૦થી ૭ કલાકે શ્રી ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર, ન્યુ બેસ્ટ ઈંગ્લીશ સ્કુલ પાસે, પોસ્ટલ સોસાયટી, જુનાગઢ ખાતે રાખેલ છે.

વાંકાનેરઃ કલોલા વસંતભાઈ વીરજીભાઈ (ઉ.૫૭) તે સ્વ. જયસુખ, સ્વ. સુરેશભાઈના ભાઈ તેમજ દીપકભાઈ ભાવેશભાઈ તુષારભાઈના પિતાશ્રી તેમજ દેવાંગભાઈના કાકા તથા પ્રતિકભાઈના મોટાબાપુનું અવસાન તા.૩ના રોજ થયેલ છે. તેમનું બેસણું તા.૬ને સોમવારે સાંજે ૪થી ૬ તેમના નિવાસસ્થાને હરી પાર્ક ઝાંઝર સિનેમા પાછળ વાંકાનેર, મોરબી નેશનલ હાઈવે, વાંકાનેર ખાતે રાખેલ છે. દિપકભાઈ મો.નં. ૭૬૦૦૩ ૪૫૦૦૭, ભાવેશભાઈ-૯૫૭૪૨ ૫૦૦૫૦.

વેરાવળઃ રાજેશભાઈ રમેશભાઈ સુબા (ઉ.૫૧) (ડારી વાળા હાલ વેરાવળ) તે સંજયભાઈ, મહેશભાઈ, ધર્મેન્દ્રના ભાઈનું તા.૩ના અવસાન થયું છે. ઉઠમણું તા.૪ને શનિવાર સાંજે ૫થી ૬ પંચનાથ મંદિર, વાળંદ વંડી સામે ૮૦ ફુટ રોડ, વેરાવળ ખાતે રાખેલ છે.

વેરાવળઃ પ્રો. ચંદ્રકાંત જાની (ઉ.૮૧) તે ઋત્વિનના પિતા, પ્રવિણાબેનના પતિ, ખુશીના દાદાનું તા.૩ના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા.૪ના રોજ સાંજે ૪-૩૦થી ૬ વાગ્યે ઔદિચ્ય ઝાલાવાડી વંડી, ૮૦ ફુટ રોડ, વેરાવળ ખાતે રાખેલ છે.

ગોંડલઃ છગનભાઈ નરશીભાઈ હાંસલીયા (ઉ.વ.૯૦) તે સતીષભાઈના પિતાશ્રી તથા બીરેનભાઈ, રાજભાઈ, પ્રિન્સના દાદાજીનું તા.૩ શુક્રવારના રોજ અવસાન થયેલ છે. ગોંડલ બેસણું તા.૪ શનીવાર સવારે ૮થી ૧૦ કલાકે ડેકોરા સીટી, ગુંદાળા રોડ, તથા મહુવા બેસણું તા.૬/૫/૨૦૨૪ સોમવાર સવારે ૮થી ૧૦ કલાકે સતીષભાઈના નિવાસસ્થાને રાધેશ્યામ પાર્ક, મહુવા મુકામે રાખેલ છે.

**ગોંડલઃ** ઔદિચ્ય ખરેડી બ્રાહ્મણ સ્વ.દયાશંકર જગજીવન પંડયાના ધર્મપત્ની વિજયાબેન (ઉ.વ.૮૭)તે ચંદ્રકાંતભાઈ પંડયા રાજકોટ અને સ્વ.હરસુખભાઈ પંડયા રાજકોટના કાકી તથા રમણીકભાઈ, સ્વ.હરસુખભાઈ, રસીકભાઈ, વિનુભાઈ તથા સ્વ.ધીરૂભાઈના બેન તથા તરૂબેન રાજકોટના મોટાબેનનું તા.૩૦ના અવસાન થયેલ છે. તા.ક.લૌકીક પ્રથા બંધ છે.

**રાજકોટઃ** સ્વ. મગનલાલ પોપટલાલ ખંધડીયાના પુત્ર સ્વ. જયસુખભાઈ મગનલાલ ખંધડીયા તે સ્વ. કાંતિભાઈ મોરબી વાળા, સ્વ. રમેશભાઈ નાનાભાઈ અને નિલેશભાઈના કાકા તથા સ્વ. દામજીભાઈ, તલકશીભાઈ ચતવાણીના જમાઈ તેમજ સ્વ. રામજીભાઈ દામજીભાઈ ચતવાણીના (તારાણા) વાળાના બનેવીનું તા.૩ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે તેમનું ઉઠમણું તથા સસરા પક્ષની સાદડી બિલેશ્વર મહાદેવ મંદિર સદર બજાર મેઈન રોડ, રવિ હોટલ પાસે ચોક તા.૬/૫/૨૪ને સોમવારે સાંજે પાંચ વાગ્યે રાખેલ છે.

**રાજકોટઃ** સ્વ. નિર્મળાબેન મુકુંદુરાય કોટેચા (ઉમર : ૮૮ વર્ષ) તે સ્વ. મુકુંદરાઈ ઓઢવજીભાઈ કોટેચાના ધર્મપત્ની તથા રાજેન્દ્રભાઈ મુકુંદરાય કોટેચા (રાજુભાઈ સદગુરૂ એસ્ટેડ વાળા) , સ્વ. હરિશભાઈ મુકુંદરાય કોટેચા,હર્ષબેન રમેશભાઈ ચતવણી , હિનાબેન નીતીનભાઈ કક્કડ, દીપ્તિબેન (વનમાલાબેન) ભૂપેન્દ્રભાઈ કાનાબાર ના માતા તથા રાજનભાઈ રાજેન્દ્રભાઈ કોટેચા એડવોકેટ , કૃણાલભાઈ રાજેન્દ્રભાઈ કોટેચા એડવોકેટ ભાવિનભાઈ કોટેચાના દાદી, સ્વ. કુ. દયાબેન ઓધવજીભાઈ કોટેચા ભાભી તથા સ્વ. મગનલાલ જગજીવનદાસ સુચક - પુત્રી (જેતપુર વાળા) નું તા. ૨ ના રોજ અવસાન થયેલ છે. બેસણું / પ્રાર્થના સભા અને પિયર પક્ષ ની સદડી તારીખ ૦૬/૦૫/૨૦૨૪ ના રોજ સાંજે ૫ થી ૬ પંચનાથ મહાદેવ મંદિર લીમડા ચોક રાજકોટ ખાતે રાખેલ છે




દુઃખદ અવસાન-પ્રાર્થનાસભા



**સ્વ.ચારૂમતીબેન ગિરીશચંદ્ર વોરા**

સ્વ.તા.૦૨-૦૫-૨૦૨૪

અમારા માતૃશ્રી પૂજ્ય ચારૂમતીબેન ગિરીશચંદ્ર વોરા તા.૦૨-૦૫-૨૦૨૪ ને ગુરુવારનાં નાં રોજ અરિહંતશરણ પામેલ છે.

:: સદ્ગતની પ્રાર્થનાસભા ::

**તા.૦૫-૦૫-૨૪ રવિવારે સવારે ૧૧.૦૦ થી ૧૨.૩૦**

એસ્ટ્રોન સોસાયટી કોમ્યુનિટી હોલ, પટેલ કન્યા છાત્રાલયની બાજુમાં, અમીન માર્ગ પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

ભવ્યેશ વોરા - દિવ્યા વોરા
બિનલ કામદાર - નિમિત કામદાર
આકાશ-ધારા, દ્રષ્ટિ, આર્ચા, વિવા


# નવાગઢ પુલ પાસે થયેલ અકસ્માતમાં ઠેબાભાઈ મહાવડીયાનુ મોત

## બનાવ અંગે રિક્ષા ચાલક સામે ગુનો નોંધાયો

રાજકોટ, તા.૪

નવાગઢ પુલ પાસે થયેલ અકસ્માતમાં ઠેબાભાઈ મહાવડીયા મોત નિપજ્યું હતુ. બનાવ અંગે રિક્ષા ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

બનાવની વિગત મુજબ પંકજભાઈ ધીરજલાલ સુખાનંદી (ઉ.વ.૫૧ રહે.ભાદરના સામાકાંઠે પટેલ ચોક જેતપુર) ફરિયાદમાં જણાવ્યું કે, ગત તા.૨૨/૪/૨૦૨૪ ના રોજ મારે તથા અરજણભાઈ વીરમભાઈ આતરોલીયા તથા અશોકપરી પોપટપરી ગૌસ્વામી એમ અમે ત્રણેય મિત્રોને અરજણભાઈના કાકા કરશનભાઈ આત્રોલીયા જે માણેકવાડા (તા.કેશોદ) રહે છે. તેની પાસે ઘંઉ ભરવા માટે જવાનુ હતુ. જેથી અમે મિત્ર રાજેશભાઈ અરજણભાઈ ચુડાસમા (રહે.ભાદરના સામાકાંઠે ઢોરા પર ઈંટુના ભઠા પાસે) સવારના તેની રીક્ષા ભાડે કહેવા માટે તેના ઘરે ગયેલ હતા. બાદ ભાડુ નક્કી કરી અમે ત્રણેય અને રાજેશભાઈ રીક્ષા લઈને આઠેક વાગ્યે અમે બધા માણેકવાડા જવા નીકળેલ હતા. રબારીકા પાટીયે પહોંચતા અમારા વિસ્તારમા રહેતા ઠેબાભાઈ રામભાઈ મહાવડીયા તથા હરસુખભાઈ રામદેભાઈ વાઢીયાને બળદેવધાર લગ્નમાં જવુ જેથી તે બંને રીક્ષામાં બેસી ગયેલ હતા. બાદ સાડા આઠેક વાગ્યે અમે પોરબંદર નેશનલ હાઈવે રબારીકા પાટીયાથી તત્કાલ ચોકડી તરફ જતા હતા ત્યારે રાજેશભાઈ ચુડાસમા છકડો રીક્ષા પુર ઝડપે ચલાવતા હોય, નવાગઢ પુલ પાસે પહોંચતા રીક્ષા પરનો કાબુ ગુમાવતા રીક્ષા સર્વીસ રોડના ડીવાઈડર સાથે અથડાઈ હતી. અમને બધાને ઈજા થઈ હતી. ઠેબાભાઈને માથમા ગંભીર ઈજા થઈ હતી. રીક્ષામાં જ મેં બધાને સારવાર અર્થે જેતપુર સરકારી હોસ્પિટલમાં દાખલ થયા. વધુ સારવાર માટે જેતપુર સંજીવની હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યાં હતાં. જેમાંથી ઠેબાભાઈને તથા હરસુખભાઈને વધુ સારવાર જણાતાં બંન્નેને રાજકોટમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાંથી હરસુખભાઈએ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં અને ઠેબાભાઈને રાજકોટ મધુરમ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તા.૩૦/૪/૨૦૨૪ ના રોજ બારેક વાગ્યાના આસપાસ ઠેબાભાઈ મહાવડીયાને ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. જે અંગે જેતપુર ઉધોગનગર પોલીસે રીક્ષા ચાલક રાજેશભાઈ ચુડાસમા સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.




સ્વ. ટીડાભાઈ જીણાભાઈ મકવાણા
સ્વ.તા. ૪-૫-૨૦૨૧

ત્રીજી વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી

ચંદન જેવું સુગંધી જીવન જીવી ગયા તમે,
દ્રવી ઉઠે છે મન અપાર યાદ કરીને તમને,
તસવીર છપાઈ ગઈ છે દિલમાં તમારી,
ભાગ્યમાં લખી હશે જુદાઈ તમારી...
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. નારણભાઈ જગુભાઈ ખીંટ (મકવાણા)
મોમભાઈ નારણભાઈ ખીંટ (મકવાણા)
લાલાભાઈ નારણભાઈ ખીંટ (મકવાણા)
અમીતભાઈ નારણભાઈ ખીંટ (મકવાણા)
કિશન લાલભાઈ ખીંટ (મકવાણા)
માધવ મોમભાઈ ખીંટ (મકવાણા)
હેત અમીતભાઈ ખીંટ (મકવાણા)

SIMPLE


પારડીમાં ૨૭ વર્ષીય જેમીની પટેલનો આપઘાત

# કુવામાં પડતું મુકી જીંદગી ટુંકાવીઃ યુવતી મૂળ વલસાડની હતી, પારડીના યુવાન વિરાજ સાથે ફેસબુકમાં સંપર્ક થતાં ૬ વર્ષ પહેલા પ્રેમલગ્ન કર્યા હતા

## જેમીની સિલ્વર પંપ નામના રાવકીના કારખાનામાં કામ કરતી હતી, ગત બપોરે ૩ વાગ્યે પગલું ભર્યુંઃ શાપર પોલીસે વધુ તપાસ હાથ ધરી

રાજકોટ, તા.૪

રાજકોટ પાસે પારડી ગામે કુવામાં પડતું મુકી ૨૭ વર્ષીય પરિણીતાએ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઇ હતી. યુવતીએ બપોરે ત્રણેક વાગ્યે પગલું ભરી લીધા બાદ ફાયર બ્રિગેડે કુવામાંથી મૃતદેહ બહાર કાઢયો હતો.



આ અંગે મળતી વિગત મુજબ જેમીની વિરાજ પટેલ (ઉ.વ. ૨૭, રહે. પારડી ગામ, ૧૦૦ વારીયા પ્લોટ, વિસ્તાર, શિવ હોટલ પાછળ)એ ગઇકાલે બપોરે ૩ વાગ્યે ઘર પાસે આવેલા કુવામાં પડતું મુક્યું હતું. પરિવારને જાણ થતાં તુરંત ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ૪૫ ફૂટ ઉંડા કુવામાંથી ફાયર બ્રિગેડની ટીમે ૩ કલાકે મૃતદેહ બહાર કાઢયો હતો. શાપર પોલીસે કાગળ કાર્યવાહી કરી મૃતદેહ પીએમ માટે સીવીલ હોસ્પીટલે ખસેડયો હતો. પોલીસ તપાસમાં જાણવા મળેલ કે મૃતક જેમીની મુળ વલસાડની વતની છે, એક ભાઇ, એક બહેનમાં મોટી હતી. ફેસબુક મારફત જેમીનીનો સંપર્ક પારડીના યુવાન વિરાજ પટેલ સાથે થયો હતો. પ્રેમસંબંધ બંધાતા ૬ વર્ષ પહેલા બંનેએ પ્રેમલગ્ન કર્યા હતા. અહીં તેનો પતિ વિરાજ વરૂણ કાસ્ટીંગ નામની કંપનીમાં નોકરી કરે છે. જ્યારે જેમીની રાવકી ગામના સિલ્વર પંપમાં કામ કરતી હતી. શાપર પોલીસે આપઘાત કરવા પાછળ યુવતીને શું કારણ હતું તે જાણવા તપાસ હાથ ધરી છે.

# શાપરમાં લોર્ડ્ઝ હોટલમાં ૨૫ દિવસ રોકાઈ ખાઈ પી આનંદ કરી બે શખ્સોએ રૂા.૧.૫૦ લાખનો ધુંબો માર્યો

## નવસારીના ભાર્ગવ ગઢવી અને સાહિલ પરમાર સામે હોટલના મેનેજરે ફરીયાદ નોંધાવતા શાપર પોલીસે તપાસ હાથ ધરી

રાજકોટ. તા.૦૪

શાપરમાં આવેલ લોર્ડ્ઝ હોટલમાં ૨૫ દિવસ રોકાઈ ખાઈ પી આનંદ કરી નવસારીના બે શખસોએ રૂ.૧.૫૦ લાખનું બિલ હોટલને ન ચૂકવી છેતરપીંડી કરતાં શાપર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે શાપરમાં લોર્ડ્સ હોટેલમાં રહેતાં મૂળ બિહારના મોહીતકુમાર તેજનારાયણ ઠાકુર (ઉ.વ.૨૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ભાર્ગવ રમેશ ગઢવી અને સાહિલ રમેશ પરમાર (રહે. બંને નવસારી) નું નામ આપતાં શાપર પોલીસે છેતરપીંડી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ શાપરમાં આવેલ લોર્ડસ હોટલમા એકઝીકયુટીવ મેનેજર તરીકે છેલ્લા નવ માસથી નોકરી કરે છે. ગઇ તા.૦૧/૦૪/૨૦૨૪ ના તેઓ હોટલ પર ફરજ પર હાજર હતો તે દરમ્યાન ભાર્ગવ ગઢવી હોટલ ખાતે આવેલ અને હોટલમાં રુમ રાખવા માટે જણાવેલ હતું. જેથી લોર્ડસ હોટલના રજીસ્ટરમાં નોંધ કરી તેઓના આધારકાર્ડની નકલ મેળવી અને હોટલના રૂમનું એક દીવસનુ ભાડુ રૂ.૨૮૦૦ નકકી કરી રૂમ નં ૩૦૩ ફાળવેલ હતો. ત્યારબાદ સાંજના સમયે ભાર્ગવ ગઢવીનો મીત્ર સાહીલ પરમાર આવેલ અને તે પણ ભાર્ગવ ગઢવીની સાથે રોકાયેલ હતો. જેથી તેઓને બે વ્યકતિ હોટલના રૂમમાં રોકાશો તો એક દિવસનુ ભાડુ રૂ.૩૩૬૦ થશે કહીં ભાર્ગવ ગઢવી પાસેથી રૂમનું એક દિવસનું ભાડુ માંગેલ જેથી તેઓએ કહેલ કે, મારૂ પાકીટ પડી ગયેલ છે અને હોટલનું પેમેન્ટ મારો મીત્ર સાહીલ પરમાર ચુકવી આપશે અને સાહીલ પરમાર પણ હાજર હોય જેથી આ સાહીલ પરમારે કહેલ કે, હું અહી શાપરમાં જ રહુ છું અને અમારે થોડા સમય અહી હોટલમાં રહેવાનુ છે જેથી તમારૂ પેમેન્ટ ચુકવી આપશું તેમ જણાવેલ હતું. ભાર્ગવ ગઢવી અને સાહીલ પરમાર બન્ને દરરોજ હોટલમાંથી જમવાનુ અને નાસ્તો મંગાવતા હતા જેનુ પણ પેમેન્ટ ચુકવેલ નથી. ત્યારબાદ ગઇ તા.૨૫/૦૪/૨૦૨૪ ના બંને આરોપી હોટલના મેનેજમેન્ટને કોઇપણ પ્રકારની જાણ કર્યા વગર હોટલના રૂમનું ભાડુ તેમજ જમવાના અને નાસ્તાનુ સહીત રૂ.૧,૫૨,૫૦૪ ચુકવ્યા વગર જતા રહેલ હતાં. બાદમાં આરોપીને ફોન કરતાં તેઓએ ફોન ન ઉપાડી છેતરપીંડી આચરી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી શાપર પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી.


# ત્રીજી વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી



# સ્વ. ટીડાભાઈ
## જીણાભાઈ મકવાણા
સ્વ.તા. ૪-૫-૨૦૨૧, (ઉ.વ.૯૦)

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि।

અમારા જીવનના ઘડવૈયા તમે, તમારા જીવનથી ઉજ્જવળ અમે,
તમારા સંસ્કારોથી શોભતા અમે, તમારા પુરૂષાર્થથી સફળ અમે,
દેવતુલ્ય આત્માને સદગતિ આપજો, જન્મોજન્મના પ્રભુ ઋણી અમે.

ખીમજીભાઈ ટીડાભાઈ મકવાણા
સ્વ. કનુભાઈ ટીડાભાઈ મકવાણા
રમેશભાઈ ટીડાભાઈ મકવાણા
જીતેન્દ્રભાઈ ખીમજીભાઈ મકવાણા
જયંતિભાઈ પ્રભુદાસભાઈ ચોલેરા
નિલેશભાઈ કનુભાઈ મકવાણા
દર્શ જયંતિભાઈ ચોલેરા

અશ્વિનભાઈ રમેશભાઈ મકવાણા
દર્શનભાઈ રમેશભાઈ મકવાણા
દર્શિતભાઈ રમેશભાઈ મકવાણા
ક્રિશ જીતેન્દ્રભાઈ મકવાણા
મીત જયંતિભાઈ ચોલેરા
રાજ નિલેશભાઈ મકવાણા
મકવાણા પરિવારના જયશ્રીકૃષ્ણ

- મે. સમજુ ટ્રેકટર્સ
- ઓમ પાર્ટી લોન્સ
- ઓરેંજ ડીજીટલ વર્લ્ડ - ગ્રીનલેન્ડ સર્કલ
- ડાયમંડ પાર્ટી લોન્સ - કુવાડવા રોડ

SIMPLE


સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્કયુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેકસઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

સમાજ એક નહીં થવા દે તેવા ભયથી પગલું ભર્યું

# રાજકોટના પોલીસ મથકમાં નખત્રાણાના પ્રેમી યુગલે ગળા પર બ્લેડ ફેરવી દીધીઃ યુવતીનું મોત

**ગત તા.૨ ના નખત્રાણાના મોટી વિરાણી ગામમાં રહેતી પૂજાને ત્યાંના જ વિનોદ સાથે પ્રેમ સંબંધ બંધાયા બાદ બંને ભાગીને રાજકોટ આવ્યા'તાઃ યુવતીના પિતાએ નોંધાવેલ ગુમ નોંધના આધારે પોલીસે તપાસ કરતાં બંને યુનિવર્સિટી રોડ પર હોવાની બાતમી મળી હતી**

**નખત્રાણા પોલીસે યુનિવર્સિટી પોલીસને જાણ કરતાં યુગલને પ્રેમમંદિર નજીકની હોટલમાંથી પકડી પોલીસ મથકે લવાયા હતાઃ બાદમાં બંનેએ પોલીસ સ્ટેશનમાં આવેલ નાગરિક સુવિધા કેન્દ્રના રૂમમાં પગલું ભર્યુંઃ યુવકની હાલત ગંભીર**



રાજકોટ યુનિવર્સિટી પોલીસ મથકમાં આત્મઘાતી પગલું ભરી લેનાર યુગલ ગંભીર રીતે ઘવાતાં યુવતીનું મોત નિપજ્યું હતું.જેમનો નિષ્પ્રાણ દેહ અને ફાઈલ ફોટો તેમજ લોહીથી લથબથ નાગરીક સુવિધા કેન્દ્ર નજરે પડે છે.



કચ્છથી રાજકોટ દોડી આવેલા યુવતીના પિતા સહિતના પરિવારજનો અને યુવકના ભાઈ સહિતના પરિવારજનોની પોલીસે પુછપરછ કરી હતી (તસ્વીર: પંકજ શીશાંગીયા)

રાજકોટ, તા.૪

રાજકોટના યુનિવર્સિટી પોલીસ મથકની અંદર આવેલા સુવિધા કેન્દ્રમાં બેસાડાયેલા પ્રેમીયુગલે રૂમનો દરવાજો બંધ કરી પોતાના શરીર પર ગળા સહિતના ભાગે બ્લેડના ઘા ઝીંકી દેતા વધુ પડતું લોહી નીકળી જવાથી યુવતીનું ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે યુવકની હાલત અતિ ગંભીર હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બનાવ અંગે યુનિવર્સિટી પોલીસ મથકમાં નોંધાયેલ અકસ્માત નોંધમાં પોલીસસૂત્રોએ જણાવ્યું હતું કે, કચ્છના નખત્રાણા તાલુકાના મોટી વિરાણી ગામમાં રહેતા પૂજા રૂપાભાઈ ભદરુ (ઉ.વ.૨૩) અને વિનોદ ગોવિંદભાઈ સતવારા (ઉ.વ.૧૯) ગત તા.૨ મેના રોજ રાત્રિના ૯ વાગ્યા આસપાસ ભાગી છૂટ્યા હતા. પુજા ભદરુના પરિવારજનોએ આ અંગે નખત્રાણા પોલીસ સ્ટેશનમાં પુજાના ગુમ થયા અંગેની જાણ પણ કરી હતી. તેમાં જણાવ્યું હતું કે, પુજા ૨ મેના નીકળ્યા બાદ પરત આવી ન હતી. જ્યારે વિનોદ સતવારા અંગે પોલીસને કોઈ જાણકારી ન હતી. પુજા ભદરુ ગુમ થયા બાદ કચ્છ પોલીસે તે અંગેની જાણ રાજ્યના તમામ પોલીસ મથકમાં કરી તેની તપાસ આદરી હતી. દરમિયાન નખત્રાણા પોલીસને પુજાનું લોકેશન રાજકોટમાં ન હોવાની જાણ થતાં રાજકોટના યુનિવર્સિટી પોલીસ મથકના પીઆઈ આઈ.એન.રાઠોડને જાણ કરાઈ હતી.

જેથી યુનિવર્સિટી પોલીસ અને એલસીબી ઝોન- ૨ પીએસઆઈ આર.એચ.ઝાલા ટીમ સાથે યુગલની શોધખોળ હાથ ધરતાં તેઓ પ્રેમમંદિર પાસે આવેલ નોવા હોટલમાં હોવાની જાણ થતાં સ્ટાફે હોટલમાં ચેક કરતાં રૂમ નં.૩૦૨ માંથી ગુમ થનાર પૂજા ભદ્ર અને વિનોદ સથવારા મળી આવતાં બન્નેને પકડી યુનિવર્સિટી પોલીસ મથક લવાયા હતા અને નાગરિક સુવિધા કેન્દ્રમાં બેસાડાયા હતા.

પૂજા અને વિનોદને નાગરિક સુવિધા કેન્દ્રમાં બેસાડી પોલીસ સ્ટાફ પોતાના કામમાં વ્યસ્ત હતો. ત્યારે બન્નેએ સુવિધા કેન્દ્રનો દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો અને થોડીવારમાં જ બંનેએ પોતાની પાસે રહેલ બ્લેડ કાઢી શરીર પર ગળાના ભાગે ફેરવી અસંખ્ય ઘા મારી દિધા હતાં. બાદમાં દેકારો મચી ગયો હતો. જોરજોરથી અવાજ થતાં પીઆઈ સહિતનો સ્ટાફ દોડી ગયો હતો અને જોતાં દરવાજો અંદરથી બંધ હતો. તેમજ યુગલ લોહીમાં લથબથ પડ્યું હતું. પોલીસે સુવિધા કેન્દ્રનો દરવાજો ખોલવાનો પ્રયાસ કરતાં સફળતા મળી ન હતી અને દરવાજો હથોડાથી તોડીને પોલીસ સુવિધા કેન્દ્રમાં અંદર ગઈ ત્યારે પૂજા અને વિનોદ લોહીથી લથબથ હાલતમાં ઢળી પડયા હતા. પુજાનું ઘટના સ્થળે જ મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે

વિનોદને પણ ગળા સહિતના ભાગે અસંખ્ય ઘા લાગેલ હોય તેને તાકીદે ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલે ખસેડાયા હતાં. ત્યાં તેનું તાકીદે ઓપરેશન કરવામાં આવ્યું હતું. જ્યાં તેની હાલત અતિ ગંભીર ગણાય રહી છે.

પોલીસને પ્રાથમિક તબક્કે એવી માહિતી મળી છે કે, પુજા અને વિનોદ એકબીજાને પ્રેમ કરતા હતા અને આથી જ ગામ છોડીને ભાગી છૂટ્યા હતા જો કે, મોબાઈલ ટ્રેસ કરાતા બન્ને રાજકોટમાં પકડાઈ ગયા હતા. પોલીસ મથકના નાગરિક સુવિ કેન્દ્રમાં બનેલી આ ઘટના અંગે નખત્રાણા પોલીસને અને તેના પરિવારનો પણ સંપર્ક કરવામાં આવ્યો હતો. બનાવ બાદ એડી. પોલીસ કમિશ્નર વિધી ચૌધરી, ડીસીપી ડો. સુધીર દેસાઈ, ડીસીપી ક્રાઇમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી રાધીકા ભારાઈ સહિતના ઉચ્ચ પોલીસ અધિકારી યુનિવર્સિટી પોલીસે દોડી જઈ ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું હતું. આગળની વધું તપાસ એસીપી રાધિકા ભારાઈ ચલાવી રહ્યા છે.

## યુવક પાસે બ્લેડનું આખું પેકેટ હતુંઃ પોતપોતાની રીતે બંન્નેએ બ્લેડ ગળે ફેરવી દીધી



યુનિવર્સિટી પોલીસ મથકમાં ગઈકાલે રાતે નખત્રાણાના પ્રેમી યુગલે કરેલ આત્મઘાતી પગલામાં નવો ખુલાસો સામે આવ્યો હતો.જેમાં યુવક વિનોદને પહેલેથી જ સંદેશો હોય તેમ પોતાના પાકીટમાં બ્લેડનું આખુ પાકીટ રાખ્યું હતું.અને બંન્ને પોતે પોલીસ મથકના નાગરીક સુવિધા કેન્દ્રમાં બેઠા બાદ બંન્નેએ પોતપોતાના ગળામાં બ્લેડ ફેરવી દિધી હતી.જેમાં યુવતીનું મોત નિપજયું હતું.જયારે યુવક જીવન-મરણ વચ્ચે જોલા ખાઈ રહ્યો છે.

## કોન્સ્ટેબલ મિતેષભાઈએ બ્લેડ ઝુંટવી લેતાં યુવકનો જીવ બચી ગયો

યુનિવર્સિટી પોલીસ મથકની નાગરીક સુવિધા કેન્દ્રમાં નખત્રાણાના પ્રેમી યુગલે પોતાની હાથે બ્લેડ ગળામાં બ્લેડ ફેરવી લઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો.ત્યારે કોન્સ્ટેબલ મિતેષભાઈએ દરવાજો ખોલી યુવક વધુ ગળામાં બ્લેડ ફેરવી વધુ ઈજા પહોંચાડે તે પહેલાં જ તેઓએ તેમના હાથમાંથી બ્લેડ છિનવી તાત્કાલીક સારવારમાં ખસેડાતાં યુવકનો જીવ બચી ગયો હતો. કોન્સ્ટેબલ મિતેષભાઈ રૈયાધાર ચોકીમાં ફરજ બજાવે છે.

## નાગરીક સુવિધા કેન્દ્રનો દરવાજો ખોલવા આરએનસીના હથોડો લેવો પડયોઃ દસ મીનીટે તુટયો

યુનિવર્સિટી પોલીસ મથકમાં ગઈકાલે મોડી રાતે નખત્રાણાના યુગલે નાગરીક સુવિધા કેન્દ્રનો રૂમ અંદરથી લોક કરી બ્લેડથી પોતાના ગળા પર ફેરવી દિધા બાદ દેકારો મચાવતા પીઆઈ રાઠોડ સહીતનો સ્ટાફ દોડી ગયો હતો. પરંતુ દરવાજો અંદરથી બંધ હોય જે ખોલવા માટે પોલીસ મથકની બહાર રહેલ આરએનસીની ટીપરવાનમાં રાખેલ હથોડો લઈ દરવાજો તોડવા મથામણ આદરી હતી.દસ મીનીટની મહા મહેનતે દરવાજો તુટયો હતો.

## યુવતી ઘર બહાર પણ પગ ન મુકતી યુવક સોશિયલ મીડીયાથી અલીપ્ત હતો

નખત્રાણાના પ્રેમી યુગલે ભરેલ આત્મઘાતી પગલામાં મૃતક યુવતીના પરીવારે જણાવ્યું હતું કે તે ઘરકામ કરતી અને તેના પિતા કડીયાકામ કરે છે.તેણી બે બહેન એકભાઈમાં નાની હતી. તેમનો પરિવાર મુળ ભુજના ટાંકણાસર ગામનો વતની અને અહીં ૨૨ વર્ષથી રહે છે. વધુમાં જણાવ્યું કે યુવતી કયારેય ઘર બહાર પગ પણ મુકતી ન હતી તેમજ તેનો દાવ-ભાવ કયારેય એવો ન હતો કે તેને પ્રેમ-પ્રકરણ હોય શકે.તેમજ યુવકના પરિવાર જનોએ જણાવ્યું કે તે ખેતિકામ કરે છે. અને સાતભાઈ એક બહેનમાં નાનો છે. તેઓ ૭૫ વર્ષથી અહિ રહે છે વધુમાં જણાવ્યું હતું કે તે સોશિયલ મીડીયાથી અલીપ્ત હતો અને કોઈને ફોન કરવો હોય તો પણ તે ભાઈઓને વાત કરતો હતો.

## થોડીવાર રૂમમાં બેસીએ છીએ પીએસઓને કહીં દરવાજો બંધ કરી યુગલ મરણીયું બન્યું

રાજકોટના યુનિવર્સિટી પોલીસ મથકમાં પ્રેમી યુગલે કરેલા આપઘાતના પ્રયાસમાં યુવતીનું મોત નીપજ્યું છે જ્યારે યુવક અંતિ ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે. જે બનાવ અંગે પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, રાતે ૮ વાગે બંને યુગલને પોલીસે પકડી પોલીસ મથકે લાવી હતી. બાદમાં તેઓ પીએસઓ પાસે ઉભા હતાં દરમિયાન ૩૦ મિનિટ બાદ બંનેએ બાજુના રૂમમાં બેસવા માટે પીએસઓને કહેતાં તેઓએ નાગરિક સુવિધા કેન્દ્રમાં બેસવાનું કહ્યું હતું. જે બાદ બંને ત્યાં રૂમમાં ગયાં બાદ રૂમ અંદરથી બંધ કરી પગલું ભર્યું હતું.

## યુવક પોતાના પાકીટમાં બ્લેડ રાખી આવ્યો હતો

યુનિવર્સિટી પોલીસ મથકમાં બનેલ બનાવમાં પ્રેમી યુગલને પહેલેથી જ જાણ હોય કે તેઓને સમાજ એક નહીં થવા દે તેવા ભયથી યુવક વિનોદે પોતાના ખિસ્સામાં જ બ્લેડ રાખી હતી અને પોલીસે પકડ્યા બાદ તેનાથી જ ઘાતકી પગલું ભરી લીધું હતું.

## યુવતીએ કોલગેટ લેવા જવાનું અને યુવકે ગામમાં આંટો મારવાનું કહી ઘરેથી નિકળી ગયાં



રાજકોટ,તા.૪

નખત્રાણાના મોટી વિરાણી ગામના પ્રેમી યુગલે કરેલા આપઘાતના પ્રયાસમાં મોતને ભેંટનાર પુજા નામની યુવતીના મામીએ જણાવ્યું હતું કે, ગઈ તા.૨ના રાતે ૮ વાગ્યે પુજાએ તેના ઘરે સામેની દુકાને કોલગેટ લેવા જવ છું કહી ઘરેથી નિકળી હતી.જે બાદ તે મોંડે સુધી ઘરે ન આવતા પરીવારે તપાસ હાથ ધરી હતી.પરંતુ કોઈ પતો ન મળતા પોલીસને જાણ કરી હતી.જયારે જીવન-મરણ વચ્ચે જોલા ખાઈ રહેલ યુવકના ભાઈ રણજીતભાઈએ જણાવ્યું હતું કે, તે રાતે ગામમાં આંટો મારવા જાય છે તેવું કહી નિકળ્યો બાદ ઘરે પરત ન ફરતાં તેની શોધખોળ હાથ ધરી હતી.

## યુવક-યુવતી બે કિલોમીટરના અંતરે રહે છે

પ્રેમી યુગલ બંન્ને નખત્રાણાના મોટી વિરાણી વિસ્તારમાં રહે છે. બંન્નેના ઘર બે કિલોમીટરના અંતરે આવેલા છે. યુવતી દલીત અને યુવક દેવિપૂજક સમાજમાંથી આવતાં હોય જેથી બંન્નેને સમાજ એક નહી થવા દે તેવા ભયથી બંન્ને મરણીયા બન્યા હતાં.જેમાં યુવતીએ જીવ ગુમાવ્યો છે અને યુવક પણ જીવન-મરણ વચ્ચે જોલા ખાઈ રહ્યો છે.

**બનાવ બાદ એડી. પોલીસ કમિશ્નર વિધિ ચૌધરી, ડીસીપી સુધીર દેસાઈ, ક્રાઇમ ડીસીપી ડો. પાર્થરાજસિંહ ગોહિલ સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ દોડી ગયા**

હત્યા કે આપઘાત : હવે પોલીસ મથકો જ અસુરક્ષિત

# બે વર્ષમાં પાંચ મોતઃ શહેર પોલીસ માટે શરમજનક બાબત

**માલવીયાનગર પોલીસ મથકમાં કસ્ટોડિયલ ડેથનો મામલો હજી તાજો છે : પોલીસે જ માર મારતાં યુવાનનું મોત નિપજ્યાનો બનાવ બન્યો હતો**

**બે વર્ષ પહેલાં આજીડેમ પોલીસ મથકમાં પૂછપરછ માટે બોલાવવામાં આવેલ મહિલાએ બાથરૂમમાં ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો**

**જ્યૂબેલી પોલીસ ચોકીમાં ચોરીના ગુનામાં પકડાયેલ આરોપીએ પોલીસની સામે જ પોતાની જાતે ગળામાં બ્લેડ વડે કાપા મારી આત્માઘાતી ભરી લીધું 'તું**

રાજકોટ. તા.૦૪

પોલીસ પ્રજાનો મિત્ર છે તેવા સૂત્રથી આગળ વધી રહેલ રાજકોટ શહેર પોલીસમાં પોલીસ મથકમાં કસ્ટોડીયલ ડેથના બનાવો સતત વધારો થઈ રહ્યો છે. જે બાબતે શહેર પોલીસને શરમજનક સ્થિતિમાં મૂકી છે. બે વર્ષમાં પોલીસે મારમારવાથી કે તેમના ભયથી આરોપીઓ કે પૂછપરછ માટે બોલાવવમાં આવેલ લોકો આત્મઘાતી પગલું ભરી મોતને ભેંટી રહ્યા છે. છેલ્લા બે વર્ષમાં ત્રણ લોકોએ આત્મહત્યા તેમજ બે યુવાનોના પોલીસે મારમારવાથી મોતના બનાવ સામે આવતાં ચકચાર મચી ગઇ છે.

**કસ્ટોડીયલ ડેથના બનાવો**

**આજીડેમ પોલીસ મથક**

એ. ડિવિઝન પોલીસ મથક, માલવીયાનગર પોલીસ મથક અને યુનિવર્સિટી પોલીસ મથકમાં બનાવ પામ્યા છે. વર્ષ ૨૦૨૨ મે મહિનામાં શહેરમાં આજીડેમ પોલીસ મથકમાં નયનાબેન

**પોલીસ મથકના વેઇટિંગ રૂમમાં કશું પણ થઈ શકે ? શા માટે CCTV આધારે તપાસ નથી થતી ? મૃતક હમીર રાઠોડને ફૂટેજ પણ બહાર નથી આવ્યા**

નામના મહિલાને આજીડેમ પોલીસે પૂછપરછ માટે સાંજના સમયે બોલાવી હતી, ત્યાર બાદ આખી રાત મહિલા પોલીસ મથકમાં જ રોકાઈ અને સવારે બાથરૂમમાં જઈ ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ઘટના અંગે જાણવા મળ્યું હતું કે, મુકેશ નામના વ્યકિતએ રવી નામના વ્યકિત વિરુદ્ધ આજીડેમ પોલીસ મથકમાં કલમ ૩૨૬ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદને અનુસંધાને તપાસ કરતાં મહિલા અને મુકેશને સંબંધ હોવાની શંકા જતા મહિલાને પોલીસ મથકે પૂછપરછ માટે બોલાવી હતી. સાંજે ૬-૭ વાગ્યાના અરસામાં બોલાવી પૂછપરછ કરતા નયના બહેને પોલીસ સમક્ષ ગોળ ગોળ વાતો કરી હતી. જેથી પોલીસ દ્વારા સામાન્ય કડકાઇથી પુછપરછ કરવામાં આવી હતી. જો કે રાત્રે ઘરે જશે તો પતિ મારશે તેવા ડરથી મહિલા આજીડેમ પોલીસ મથકે જ રોકાઈ હતી. અને ત્યાર બાદ સવારે આપઘાતનું પગલું ભર્યું હતું.

બીજા બનાવમાં વર્ષ ૨૦૨૩ માં રજપૂતપરા મેઇન રોડ પર આવેલી દિપક એન્ડ કંપની નામની દુકાનમાં રાતના સેનેટરીવેર અને બાથ ફીટીંગના રૂ.૧,૮૩,૦૪૦ ના માલસામાનની ચોરી થયાની ફરિયાદના આધારે એ-ડિવિઝન પોલીસે આરોપી અનિલ જયંતિ ચારોલીયા (રહે. કુબલિયાપરા) અને વિકી ભીખુભાઈ તળેટીયાને રામનાથપરા ભાણજી દાદાના પુલ પાસેથી ઝડપી લીધા હતા. ચોરીના ગુનામાં ઝડપાયેલા બંને આરોપીને જ્યુબેલી પોલીસ ચોકીમાં રજૂ કરવામાં આવ્યા હતા. આ દરમિયાન આરોપી અનિલ ચારોલીયાએ પોતાની જાતે બ્લેડ વડે પોતાના જ ગળા ઉપર કાપા મારી લેતા તે ત્યાં જ લોહી લુહાણ હાલતમાં ઢળી પડ્યો હતો. જેથી અનિલને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેને સારવાર મળે તે પૂર્વે જ તેનું મોત નીપજ્યું હતુ.

ત્રીજા બનાવમાં ગઈ તા.૧૪-૦૪-૨૦૨૪ ના ગોંડલ રોડ પર આંબેડકરનગરમાં આવેલ ખોડિયારનગરમાં માલવીયાનગર પોલીસ મથકના એએસઆઈ અશ્વિન કાનગડે હમીર ઉર્ફે ગોપાલ દેવરાજ રાઠોડ (ઉ.વ.૩૮) અને રાજુભાઇ સોલંકી (ઉ.વ.૪૪) ને સામાન્ય ઝઘડામાં પોલીસ મથકે લઈ જઈ બેફામ ધોકાથી મારમાર્યો હતો. જેથી બંનેને સારવારમાં ખસેડાયા હતાં. જેમાં હમીરભાઈ ઉર્ફે ગોપાલભાઈએ ગઈ તા.૧૬ ના ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જ્યારે સારવારમાં રહેલ ગઈ તા.૨૩ ના સારવારમાં સિવિલ હોસ્પિટલમાં દમ તોડ્યો હતો. જે મામલે પોલીસ કર્મી વિરૂદ્ધ ગુનો નોંધાયો બાદ તેની ધરપકડ થઈ હતી.

ચોથા બનાવમાં ગઈકાલે યુનિવર્સિટી પોલીસ મથકમાં નખત્રાણાના પ્રેમી યુગલે પોલીસ મથકના નાગરિક સુવિધા કેન્દ્રની અંદર રૂમ બંધ કરી પોતાના ગાળામાં બ્લેડ ફેરવી લીધી હતી. જેમાં યુવતીનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે યુવક સારવારમાં જીવન મરણ વચ્ચે જોલા ખાઈ રહ્યો છે.

## કુવાડવા રોડ પોલીસે મારમારતાં વૃધ્ધનું મોત થયુંઃ પુત્રએ આક્ષેપ સાથે પોલીસ કમિશ્નરને અરજી આપી

રાજકોટ. તા.૦૪

વેલનાથપરામાં રહેતાં અમરશીભાઈ સીતાપરા ગઈ તા.૧૨ ના ગવરીદળમાં આયોજિત સમાહમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે હતાં ત્યારે ત્યાં ઝઘડો થયા બાદ કુવાડવા રોડ પીસીઆર વાન તેમને ઉઠાવી ગઈ હતી. બે કલાકના અંતરે બેડી નજીક વિડીમાંથી અમરશીભાઈ ઈજાગ્રસ્ત હાલતમાં મળ્યા બાદ ગઈ તા.૧૮ ના સારવારમાં દમ તોડ્યો હતો. જે મામલે મૃતકના પુત્રએ કુવાડવા રોડ પોલીસના સ્ટાફે મારમારતાં પિતાનું મોત થયાનો આક્ષેપ કરતી અરજી પોલીસ કમિશ્નરને આપી હતી અને કુવાડવા રોડ પોલીસ બચાવની ભૂમિકામાં આવી હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું હતું.

## બી. ડિવિઝન પોલીસ મથકમાં દુષ્કર્મના આરોપી વિકીનો અપઘાતનો પ્રયાસ

રાજકોટ. તા.૦૪

ભગવતીપરા વિસ્તારની ૧૪ વર્ષની સગીરાને લગ્નની લાલચ આપી દુષ્કર્મ ગુજારનાર વિકી તળાટીયાને બી. ડિવિઝન પોલીસ ધરપકડ કરીને પોલીસ મથકે લાવવામાં આવ્યો હતો. ત્યાં જ આરોપીએ પોતાની પાસે રહેલ બ્લેડ ગળામાં ફેરવી આપઘાતનો પ્રયાસ કરતાં સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

## ભક્તિનગર પોલીસ મથકમાં નામચીન ઈકબાલ ખેબર બીજા માળેથી પટકાયો 'તો

રાજકોટ. તા.૦૪

ભક્તિનગર પોલીસ મથકમાં અટકાયતી પગલા માટે બોલાવાયેલો લૂંટના ગુનાનો આરોપી નામચીન ( લાઇન બોય) ઈકબાલ ખેબર અચાનક જ બીજા માળેથી પટકાયો હતો અને ગંભીર રીતે ઇજાગ્રસ્ત થતાં સારવારમાં ખસેડાયો હતો. બનાવમાં તે થુંકવા જતા પટકાયો કે ભાગવાનો કર્યો તો પ્રયાસ હતો તે પોલીસ પૂરતું સિમિત રહ્યું હતું.

**સામાન્ય ઝઘડો થતાં પોલીસને બોલાવવામાં આવી તો એવો માર માર્યો કે વ્યક્તિનું મોત થાય છે : 'સોપારી' લઈને માર મારતી હોય તેવો ઘાટ - ASI અશ્વિન કાનગડ પ્રકરણમાં નેશન હ્યુમન રાઇટ્સ કમીશને નોટિસ પણ ફટકારી ત્યાં વધુ એક બનાવથી ચકચાર**

### ચૂંટણી બાદ પણ સદ્ભાવના, સભ્યતા તથા સ્વાભિમાનની રક્ષાનો સંદેશ

# પરેશ ધાનાણીનો નવતર કાર્યક્રમઃ સાંજે સ્વાભિમાન જયોત પ્રગટાવશે

## બહુમાળી ભવન ચોકમાં એક બીજા પ્રત્યે સમર્પણ અને ‘મિલે સૂર મેરા તુમ્હારા’ની થીમ પર સ્વાભિમાન જયોતના દિવડા પ્રગટાવશે

રાજકોટ, તા.૪

રાજકોટમાં લોકસભા ચૂંટણીના જાહેર પ્રચારને આડે માત્ર ૨૪ કલાક બાકી રહ્યા છે. અંતિમ ઘડીમાં પ્રચારનો ઝંઝાવાત સર્જવા ઉમેદવારોએ તમામ તાકાત કામે લગાડી છે ત્યારે કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ સાંજે ૬ વાગ્યે મહિલા સ્વાભિમાન જયોત પ્રગટાવવાનો પ્રચારનો નવતર કાર્યક્રમ જાહેર કર્યો છે.

ચૂંટણી પ્રચારના પ્રારંભથી જ સ્વાભિમાનની લડાઇ સાથે જ મેદાને જંગમાં ઉત્તરનારા પરેશ ધાનાણીએ આજે કોંગ્રેસના નવતર કાર્યક્રમની જાહેરાત કરી છે જે અંતર્ગત આજે સાંજે છ વાગ્યે રેસકોર્ષ પાસે બહુમાળી ચોક ખાતે સ્વાભિમાનની જયોત પ્રગટાવવામાં આવશે. તમામ સમાજ જ્ઞાતિ-જાતિ અને ધર્મના લોકોને સાથે રાખીને આ સ્વાભિમાન જયોત પ્રગટાવાશે. એક બીજા પ્રત્યે સમર્પણની ભાવના અને



‘મિલે સૂર મેરા તુમ્હારા તો સૂર બને હમારા’ના ગીત સાથે સ્વાભિમાન જયોતમાં દીવડા પ્રગટાવવામાં આવશે.

તેઓએ કહ્યું કે સમગ્ર ચૂંટણીમાં અને ચૂંટણી પછી પણ રાજકોટમાં સદ્ભાવના, સભ્યતા અને સ્વાભિમાનની રક્ષા કરવા સર્વ સમાજ સંપીને આ સ્વાભિમાનની જયોત પ્રગટાવશે અને આ ઐતિહાસિક કાર્યક્રમમાં શહેર-જીલ્લાની તમામ સામાજિક સંસ્થાઓ, જ્ઞાતિ મંડળો, મહિલા મંડળો તથા મોટી સંખ્યામાં મહિલાઓને ઉપસ્થિત રહેવાનું આહવાન કર્યું હતું.


કોંગ્રેસ દ્વારા લોકસભાની રાજકોટ બેઠક પર પ્રતિસ્પર્ધી ભાજપને બરાબરની ટક્કર આપી જ રહ્યા છે. કોંગ્રેસના સીનીયર નેતા હોવાના નાતે નામ જાણીતું હોવાથી મતદારોમાં પણ પ્રભાવ છે. દરેકે દરેક વોર્ડથી માંડીને ગામડાઓ સુધી પ્રચારનું વાવાઝોડુ સર્જયું છે અને આજે હવે નવતર અને ઐતિહાસિક સદ્ભાવના જયોતનો કાર્યક્રમ રાખ્યો છે.

## ચુંટણી પ્રચારમાં ‘સિંઘમ’ની એન્ટ્રીઃ પરેશ ધાનાણીનું ફિલ્મી સ્ટાઈલમાં ટવિટ

### સિંઘમ-૩ની શરૂઆત છે, સરદારના અસલી વારસદારોએ ‘સિંઘમ’ બનીને ‘જયકાંત શીકરે’ના અહંકારને ઓગાળવાનો છે

રાજકોટ તા.૪

રાજકોટની લોકસભા બેઠકમાં સ્વાભિમાનની લડાઈ હોવાનું જાહેર કરીને ભાજપ સામે મેદાને પડેલા કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી પ્રચારનુ વાવાઝોડુ ફુકી જ રહ્યા છે. સાથોસાથ સોશ્યલ મીડીયામાં પણ શ્રેણીબદ્ધ ટવિટ સાથે ભાજપ પર પ્રહાર કરતા રહ્યા છે.




તેઓજ દ્વારા સ્વાભિમાનની લડાઈ સંબંધી સંખ્યાબંધ ટવિટ કરાયા જ હતા. હવે ફિલ્મી સ્ટાઈલે ટવિટ કરીને ‘સિંઘમ’ બનવાનું આહવાન કર્યુ છે.

તેઓએ ટવિટમાં એમ લખ્યું છે કે રાજકોટ લોકસભાની ચુંટણી ‘સિંઘમ-૩’ની શરૂઆત છે.

લેઉવા પાટીદારો પર ખાસ અને અઢારેય વર્ણને સંદેશો પાઠવવાનો પ્રયાસ કરીને વધુમાં એમ લખ્યું છે કે સરકારના અસલી વારસોએ હવે ખૂદ જ ‘સિંઘમ’ બની અને સતાની એડીએ ‘અઢારેય વર્ણ’ પર અત્યાચાર કરનારા બધા જ ‘જયંત શીકરે’ના અહંકારને ઓગાળવાની લડાઈ આગળ ધપાવવા વિનંતી કરૂ છું. અત્રે ઉલ્લેખનીય છે કે થોડા વર્ષો પુર્વે બનેલી ફિલ્મ ‘સિંઘમ’ સુપરહીટ બની હતી તેમાં પોલીસ ઓફીસર અને ગુંડામાંથી રાજકારણમાં વર્ચસ્વ જમાવવા મથતા જયંત શીકરેની વાર્તા હતી. ફિલ્મ સિંઘમના આધારે પરેશ ધાનાણીએ ટવીટ કર્યુ છે.

પરેશ ધાનાણીના આ ટવિટ પર ભાજપે વળતા પ્રહાર કર્યા હતા તેનો કોંગ્રેસે પણ વળતો જડબાતોડ જવાબ આપ્યો હતો.

## ન કાર, ન મકાન, ૪૯ લાખની લોન, દેશના વિવિધ રાજયોમાં ૧૮ કેસ, રાહુલ ગાંધીએ ઉમેદવારી પત્ર સાથે સોગંદનામામાં જાહેર કરી માહિતી

રાયબરેલી : કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે રાયબરેલીથી લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી છે. નોમિનેશન ફાઈલ કરતી વખતે તેણે પોતાના સોગંદનામામાં ૨૦ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ જાહેર કરી છે. જેમાં ૪.૨ લાખ રૂપિયાનું સોનું પણ સામેલ છે. જોકે, તેણે કહ્યું છે કે તેની પાસે ન તો પોતાનું ઘર છે કે ન તો કાર.

રાહુલ ગાંધીએ ૯,૨૪,૫૯,૨૬૪ રૂપિયાની જંગમ સંપત્તિ જાહેર કરી છે, જેમાં રૂ. ૪,૩૩,૬૦,૫૧૯ના શેર, રૂ. ૨૬,૨૫,૧૫૭નું બેંક બેલેન્સ, રૂ. ૩,૮૧,૩૩,૫૭૨ના મૂલ્યના મ્યુચ્યુઅલ ફંડ અને રૂ. ૧૫,૨૧,૭૪૦નું ગોલ્ડ બોન્ડ સામેલ છે.



કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખે ૧૧,૧૫,૦૨,૫૯૮ રૂપિયાની વર્તમાન બજાર કિંમત સાથે સ્થાવર સંપત્તિ જાહેર કરી છે. તેમાં હાલમાં રૂ. ૯,૦૪,૮૯,૦૦૦ની કિંમતની સ્વ-અધિગ્રહિત અસ્કયામતો અને રૂ. ૨,૧૦,૧૩,૫૯૮ની વારસામાં મળેલી સંપત્તિનો સમાવેશ થાય છે.

જોકે રાહુલ ગાંધી પાસે કોઈ રહેણાંક એપાર્ટમેન્ટ નથી. કોંગ્રેસના નેતાએ જાહેર કર્યું છે કે તેમની પાસે ૫૫,૦૦૦ રૂપિયા રોકડા છે. તે જ સમયે, તેની પાસે ૩૩૩.૩ ગ્રામ સોનું અને ૪,૨૦,૮૫૦ રૂપિયા (શુદ્ધ સોનું ૧૬૮.૮ ગ્રામ)ની કિંમતના ઘરેણાં છે.

**રાહુલ ગાંધી પાસે કોઈ કાર નથી**

ગાંધીએ દાવો કર્યો છે કે તેમની પાસે કોઈ મોટર કાર કે અન્ય વાહન નથી, પરંતુ તેમની ઉપર ૪૯,૭૯,૧૮૪ રૂપિયાની જવાબદારી એટલે કે લોન છે. સ્થાવર મિલકતોમાં ગામ સુલતાનપુર, મહેરૌલી, નવી દિલ્હીમાં આશરે ૩.૭૭૮ એકર ખેતીની જમીન, તેની બહેન પ્રિયંકા ગાંધી વાડ્રા સાથે સંયુક્ત રીતે માલિકીની ગુરુગ્રામમાં સિગ્નેચર ટાવર્સમાં ૫,૮૩૮ ચોરસ ફૂટ કોમર્શિયલ એપાર્ટમેન્ટ્સ (ઓફિસ સ્પેસ)નો સમાવેશ થાય છે. વર્તમાન બજાર કિંમતે, બંને કોમર્શિયલ એપાર્ટમેન્ટની કિંમત અંદાજે રૂ. ૯.૦૫ કરોડ છે. તેમણે જાહેર કર્યું છે કે તેમની આવકના સ્ત્રોતો સાંસદનો પગાર, રોયલ્ટી, ભાડું, બોન્ડ્સનું વ્યાજ, ડિવિડન્ડ અને મ્યુચ્યુઅલ ફંડમાંથી મૂડી લાભ છે. તેણે ૨૦૨૨-૨૩ માટે તેની કુલ આવક ૧,૦૨,૭૮,૬૮૦ રૂપિયા જાહેર કરી છે, જયારે ૨૦૨૧-૨૨માં તે ૧,૩૧,૦૪,૯૭૦ રૂપિયા હતી.

**અભ્યાસ તથા કેસ**

તેમના નામાંકન પત્રો અનુસાર, ગાંધીએ કેમ્બ્રિજ યુનિવર્સિટીની ટ્રિનિટી કોલેજમાંથી એમફિલની ડિગ્રી મેળવી છે. તેની પાસે રોલિન્સ કોલેજ, ફ્લોરિડામાં બેચલર ઓફ આર્ટસની ડિગ્રી પણ છે. કોંગ્રેસ નેતાએ જાહેરાત કરી છે કે દેશભરના વિવિધ રાજ્યોમાં તેમની વિરુદ્ધ ૧૮ કેસ નોંધાયા છે.

**એફિડેવિટમાં રાહુલ ગાંધીનો ખુલાસો**

ગાંધીએ નોંધ્યું હતું કે માર્ચ ૨૦૨૩માં ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની અદાલત દ્વારા ‘‘મોદી સમાજ વિરુદ્ધ કરવામાં આવેલા કથિત બદનક્ષીભર્યા નિવેદનો’’ માટે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૯ અને ૫૦૦ હેઠળના કેસમાં તેમને દોષિત ઠેરવવામાં આવ્યા હતા અને બે વર્ષની સજા ફટકારવામાં આવી હતી. જેલની સજા કરવામાં આવી હતી. સોગંદનામામાં રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે ગુજરાતના સુરતમાં પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજની કોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવી છે અને તે પેન્ડિંગ છે.

સોગંદનામામાં આપવામાં આવેલી માહિતી અનુસાર, ગાંધીને બે વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી અને ૪ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ સુપ્રીમ કોર્ટે તેના પર પ્રતિબંધ લગાવ્યો હતો. કોંગ્રેસ નેતાએ સોગંદનામામાં તેમની સામે અન્ય કોઈ ફોજદારી કેસનો ઉલ્લેખ કર્યો નથી.

## પહેલા રાયબરેલી બેઠક જીતી લો પછી ચેસ રમવાનું વિચારજો : કાસ્પરોવે પોસ્ટ કરી

### રાહુલને ચેસ રમતા દેખાડતી પોસ્ટ, રાયબરેલીથી ચૂંટણી લડવાના કોંગ્રેસના માસ્ટર સ્ટ્રોકનો દાવો અને ગેરી કાસ્પરોવનો જવાબ

નવી દિલ્હી, તા. ૪

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીને રાયબરેલીથી ચૂંટણી લડાવવાના નિર્ણયને કોંગ્રેસ પક્ષ એક માસ્ટર સ્ટ્રોક ગણાવી રહ્યો છે અને આ ચાલથી ભાજપ પણ ભ્રમિત થઇ ગયો છે તેવા પક્ષના પ્રવકતા જયરામ રમેશના દાવા પર ચેસના વિશ્વ ચેમ્પિયન ગેરી કાસ્પરોવ એ આશ્ચર્યજનક રીતે પોસ્ટ લખીને જણાવ્યું કે ચેસના ચેમ્પિયન બનતા પૂર્વે તમારે રાયબરેલીની બેઠક જીતવી જોઇએ. વાસ્તવમાં એકસ પર એક યુઝર્સે રાહુલ ગાંધી ચેસની રમત રમતા હોય તેવો ફોટો પોસ્ટ કર્યો હતો અને લખ્યું હતું કે એ રાહતની વાત છે કે રશિયન ગ્રેન્ડ માસ્ટર કાસ્પરોવ અને ભારતના વિશ્વ ચેસ ચેમ્પિયન આનંદ જલ્દી નિવૃત થઇ ગયા તે તેમના માટે રાહતની બાબત છે. તેમને અમારા સમયના સૌથી મોટા શતરંજના ખેલાડીનો સામનો કરવો પડયો નહીં. તેમની આ પોસ્ટ પર કાસ્પરોવે જવાબ આપ્યો છે અને એવું લખ્યું છે કે એ





પરંપરા રહી છે કે કોઇપણ પડકાર આપતા પૂર્વે તમારે રાયબરેલીથી ચૂંટણી જીતવી જોઇએ. તેને એ પણ લખ્યું કે મને આશા છે કે મારી આ નાનકડી મજાક ભારતીય રાજનીતિમાં વકીલાત કરવા માટે બેકાર નહીં જાય, રાજનેતા મારા પ્રિય ખેલમાં દખલ આપી રહ્યા છે. કોંગ્રેસના પ્રવકતા એ પણ લખ્યું હતું કે આપણે ભુલવું જોઇએ કે નહીં રાહુલ ગાંધી રાજકારણ અને ચેસના અનુભવી ખેલાડી છે. પક્ષના નેતૃત્વએ બહુ ચર્ચા કર્યા બાદ આ નિર્ણય લીધો છે અને તે ભાજપ તથા તેના ટેકેદારો અને તેના ચમચાઓને ભ્રમિત કરનારો છે.

રાહુલ ગાંધીએ પણ અગાઉ ઇન્ટાગ્રામમાં પોસ્ટ મુકીને ચેસની રમત રાજનીતિ સાથે કરી હતી અને લખ્યું હતું કે ૭ વર્ષની ઉંમરે પ્રથમ શતરંજ(ચેસ)ની રમત રમી હતી અને એ વ્યકિતને હરાવ્યા જેને મને આ રમતના નિયમ શીખડાવ્યા હતા અને રાહુલે એ પણ લખ્યું કે તેમના પસંદગીના શતરંજના ખેલાડી ગેરી કાસ્પરોવ છે જે પોતાના વિરોધી પર મોટુ માનસિક દબાણ સર્જી શકે છે.

### મેં તો ફકત નાનકડી મજાક કરી હતીઃ કાસ્પરોવ

રાહુલ ગાંધીને પહેલા રાયબરેલી જીતીને પછી ચેસની રમત પર હાથ અજમાવવાની સલાહ આપનાર પૂર્વ ચેસ ચેમ્પીયન ગેરી કાસ્પરોવએ ઓનલાઇન ટ્રોલ થયા બાદ કહ્યું કે હું તો ફકત નાનકડી મજાક કરતો હતો અને મને આશા છે કે લોકો તેને મજાક તરીકે જ લેશે. આમ કહીને તેણે પોતાના પર જે પસતાળ પડી રહી છે તેને રોકવા પ્રયત્ન કર્યો હતો.

## ચૂંટણી સભામાં ‘ભાજપના પ્રતિક’ સાથે બાળકોને ઉભા રાખ્યાઃ અમિત શાહ સામે કેસ

### બાળકોનો ઉપયોગ કરીને આચારસંહિતાનો ભંગ કરાયાનો આરોપ

નવી દિલ્હી, તા.૪

લોકસભા ચૂંટણી પ્રચારમાં રાષ્ટ્રીયથી માંડીને પ્રાદેશિક નેતાઓ પણ વાણીવિલાસ સાથે એક બીજા પર આક્ષેપો-પ્રતિ આક્ષેપો કરી રહ્યા છે ત્યારે કેન્દ્રીય ગૃહ મંત્રી અમીત શાહ સહિતના અન્ય નેતાઓ વિરૂધ્ધ હૈદ્રાબાદમાં આચાર સંહિતા ભંગનો કેસ દાખલ કરવામાં આવ્યો છે.



હૈદ્રાબાદમાં ચૂંટણી પ્રચારમાં નાના બાળકોના ઉપયોગથી ફરિયાદના આધારે અમીત શાહ ઉપરાંત હૈદ્રાબાદના ઉમેદવાર કે. માધવી લતા, જી. કિશન રેડ્ડી, રાજાસિંઘ વગેરે સામે આચાર સંહિતા ભંગનો કેસ દાખલ કરવામાં આવ્યો છે. તેલંગાણા કોંગ્રેસના પ્રદેશ ઉપપ્રમુખ નિરંગન રેડ્ડીની ફરિયાદ પરથી આ કેસ દાખલ કરાયો છે.


ભાજપની ચૂંટણી સભામાં બાળકોને ‘ભાજપના પ્રતિક’ સાથે ઉભા રાખવામાં આવ્યા હતા. જે આચાર સંહિતાનો ભંગ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ ફરિયાદના આધારે ચૂંટણીપંચે હૈદ્રાબાદ પોલીસ કમિશ્નરને તપાસ કરવાનો આદેશ આપ્યો હતો અને તેના આધારે આઇપીસીની કલમ ૧૮૮ હેઠળ કેસ દાખલ કરાયો છે. ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી પ્રચારમાં બાળકોનો ઉપયોગ નહીં કરવાની સ્પષ્ટ સૂચના આપવામાં આવી જ હતી. આવા કોઇ કૃત્યો સાંખી નહીં લેવાનું સ્પષ્ટ કરાયું હતું. આચાર સંહિતા અંતર્ગત સંબંધિત કાર્યવાહી પણ કરાવી શકતા નથી.

## એપ્રિલમાં લગભગ ૬ લાખ આવકવેરા રિટર્ન ભરાયા

### બે તૃતિયાંશ રિટર્ન વેરીફાઈ પણ થયા

નવી દિલ્હી તા.૪

આવકવેરા વિભાગ અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ મહિને એટલે કે એપ્રિલમાં લગભગ ૬ લાખ લોકોએ પોતાના આવકવેરા રિટર્ન ભર્યા છે. ખાસ વાત એ છે કે એમાંથી બે તૃતીયાંશ વેરીફાઈડ રિટર્નને પ્રોસેસ પણ કરી દેવાયા છે.




વિભાગ અનુસાર ૨૯ એપ્રિલ સુધી ૫.૯૨ લાખ આવકવેરા રિટર્ન ભરવામાં આવેલા જેમાંથી ૫.૩૮ લાખ વેરીફાઈ કરાયા હતા. આમાંથી ૩.૬૭ લાખ આવક વેરા રિટર્નને પ્રોસેસ પણ કરી દેવાયા છે.

વિભાગે નવા નાણાકીય વર્ષમાં પહેલીવાર કરદાતાઓ માટે એક ઈ-ફાઈલિંગ પોર્ટલ ઉપલબ્ધ કરાવી છે. વિભાગનું કહેવું છે કે આ કર પાલન વધારવા અને કરદાતા સુવિધાની દિશામાં એક મોટું પગલું છે.

જાણકારોનું માનવું છે કે જલદી રિટર્ન દાખલ કરવાથી કરદાતાઓને રિફંડ જલદી મેળવવામાં મદદ મળશે. તેમને કોઈ દંડ વિના રિટર્ન સંશોધન કરવાનો વધુ સમય મળશે.

### ઉદ્ધવ અને શરદ પવાર વચ્ચે બધું બરાબર નથી?

## શરદ પવારે ઉદ્ધવ ઠાકરેને રૂમની બહાર નીકળી જવાનું કહ્યુંઃ વાયરલ વીડિયોથી સવાલો

### વીડિયોમાં ઉદ્ધવ બોલે છે-ઠીક છે, હું બહાર છું

મુંબઈ તા.૪

શરદ પવાર અને ઉદ્ધવ ઠાકરે વચ્ચે બરાબર ચાલતું ન હોય તેવી વાતને સમર્થન આપતા એક વીડિયો વાયરલ થયો છે. જેમાં શરદ પવાર ઉદ્ધવ ઠાકરેને બહાર નીકળવાનું કહે છે જેની સામે ઉદ્ધવ ઠાકરે હાથ જોડીને કહે છે-ઠીક છે, હું બહાર છું, આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા જાત જાતની પ્રતિક્રિયાઓ આવી રહી છે. મહારાષ્ટ્રના ભાજપના પ્રવકતા



જિતેન ગજારિયાએ જણાવ્યું છે કે પવાર ઠાકરેને રૂમની બહાર નીકળી જવાનું કહે છે.

વીડિયોમાં બોડી લેંગ્વેજથી બન્ને નેતાઓની વાતચીત સામાન્ય છે. ૧૨ સેકન્ડનો આ વીડિયો વાયરલ થયા બાદ બન્ને નેતાઓના સબંધો પર સવાલ ઉઠયા છે. ભગવા કેમ્પે દાવો કર્યો છે કે બન્ને પક્ષો અને નેતાઓ વચ્ચે બધુ બરાબર નથી. પ્રવકતાએ જણાવ્યું હતું કે શરદ પવારે વિનમ્રતાપૂર્વક ઉદ્ધવ ઠાકરેને બહાર નીકળી જવાનું કહ્યું હતું. કારણ કે તે વ્યસ્ત છે.

## કોંગ્રેસના વધુ એક ઉમેદવાર ફસકયાઃ ચુંટણી લડવા ભંડોળ ન મળતા પુરીની ટિકીટ પરત કરતા સુચારીતા મોહંતી

નવી દિલ્હી તા.૪

લોકસભા ચૂંટણી લડી રહેલા કોંગ્રેસને એક બાદ એક આંચકા લાગી રહ્યા છે. ગુજરાતમાં સુરત અને મધ્યપ્રદેશમાં ઈન્દોર પરથી કોંગ્રેસના ઉમેદવારોના ફોર્મ રદ થયા અથવા તો ઉમેદવારી પાછી ખેંચાતા સુરતની બેઠક ભાજપને બીનહરીફ મળી ગઈ છે જયારે ઈન્દોરમાં ફકત ટોકન ફાઈટ અપક્ષો સાથે થઈ રહી છે તે વચ્ચે ઓરિસ્સામાં પુરી લોકસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર સુચારીતા મોહંતી એ પક્ષની ટિકીટ પરત કરી દીધી છે



અને કહ્યું છે કે પક્ષ તરફથી તેમને પ્રચાર માટે કોઈ નાણા ન મળતા તેઓ ચુંટણી લડી શકે તેમ નથી. કોંગ્રેસ મહાસચીવ કે.સી.વેણુગોપાલનને તેમણે પત્ર લખીને પોતે ચુંટણી નહી લડવા માંગતા હોવાનું જણાવ્યું હતું. તેમણે ઉમેર્યુ કે મને પ્રદેશ કોંગ્રેસના પ્રભારી અજોયકુમારે કહ્યું છે કે મારે મારા ખર્ચે જ ચુંટણી લડવાની રહેશે પરંતુ મારી પાસે તેવુ ભંડોળ નથી. તેમણે જો કે ચુંટણી નહી લડવા મુદ્દે કોઈ રાજકીય મુદો હોવાનો ઈન્કાર કરતા કહ્યું કે હું આજીવન કોંગ્રેસી છું અને કોંગ્રેસમાં જ રહીશ.

## કેજરીવાલને જામીન મળે તે પહેલા જ ઈડીની નવી ચાલઃ ‘આપ’ને હવાલાથી નાણા પહોંચાડનારની ધરપકડ

### મંગળવારે સુપ્રીમમાં દિલ્હીના મુખ્યમંત્રીને જામીન મળે તેવી શકયતા સામે કીકબેક ટ્રાન્સફર કરનારનો મુદ્દો રજુ કરશે

નવી દિલ્હી તા.૪

એક તરફ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને લોકસભા ચૂંટણી માટે જામીન મળે તેવી શક્યતા છે તે વચ્ચે દિલ્હી પોલીસે એક નાટયાત્મક પગલામાં શરાબકાંડમાં આમ આદમી પાર્ટીને કટકીના નાણા પુરા પાડયા હોવાનો દાવો કરનાર એક વ્યક્તિની ધરપકડ કરી છે. એક તરફ સુપ્રીમ કોર્ટ મંગળવારે કેજરીવાલને જામીન આપે તેવી શક્યતા છે. તે સમયે જ ઈડીએ આ ધરપકડ કરીને કેજરીવાલના જામીન સામે વધુ એક વિઘ્ન સર્જવા પ્રયાસ કર્યો હોવાનું માનવામાં આવે છે. ઈડીએ જણાવ્યું કે કે.કવિથા કે જે હાલ ઈડીની કસ્ટડીમાં છે તેની સૂચનાથી ૮ જુલાઈ ૨૦૨૩ના દિનેશ અરોડા પાસેથી બે ભારે બેગ જેમાં નાણા ભર્યા હતા તે મેળવી હતી અને તે વિનોદ ચૌહાણને સોંપી હતી અને બીજી વખત પણ આ જ પ્રમાણે નાણા મેળવીને તે આમ આદમીપાર્ટીના ગોવા ખાતેના પ્રચાર માટે હવાલાથી ટ્રાન્સફર કર્યા હતા. આમ એન્ફોર્સમેન્ટ વિભાગે કેજરીવાલને મંગળવારે જામીન ન મળે તે માટે હવે આ કહેવાતા વચેટીયાની માહિતી સુપ્રીમ સમક્ષ રજુ કરે તેવી ધારણા છે અને તે રીતે આમ આદમી પાર્ટીને પણ આ કેસમાં આરોપી બનાવી શકે છે. ગઈકાલે સર્વોચ્ચ અદાલતે કેજરીવાલને ચુંટણી પ્રચાર માટે જામીન આપવા તે જઈ રહી છે તેવું જણાવીને ઈડીને જો કાંઈ પ્રશ્ન હોય તો તે રજુ કરવા જણાવ્યું હતું.


### સીએએ સામે વિરોધ બાદ અમેરિકાએ ભારત સામે હવે નવા આરોપ મુકયા

## ભારતને વિદેશીઓને પસંદ ન કરનારો-ડરનારો દેશ ગણાવતા બાઈડન

### અમેરિકી પ્રમુખે તે માટે જેનોફોબિક શબ્દનો ઉપયોગ કર્યોઃ અમેરિકાના અર્થતંત્રમાં વિદેશથી આવેલા લોકોના ફાળાની પ્રશંસા સમયે ભારત ઉપરાંત ચીન, જાપાન અને રશિયાની પણ ટીકા કરી

નવી દિલ્હી તા.૪

અમેરિકના રાષ્ટ્રપતિ જો બાઈડને દેશના અર્થતંત્રની પ્રશંસા કરતા સમયે ભારતને ‘જેનોફોબિક’ દેશ બતાવતા જ વિદેશમંત્રી એસ.જયશંકરે તેનો આકરો જવાબ આપીને કહ્યું હતું કે સૌપ્રથમ તો અમારું અર્થતંત્ર ડગમગતુ નથી અને ભારત એક હંમેશા અલગ અને અનોખો દેશ રહ્યો છે અને વિશ્વના ઈતિહાસમાં એ નોંધાયેલું છે કે દરેક સમુદાયના લોકો ભારત આવ્યા છે અને તેમનો શિકાર પણ થયો છે. બાઈડને ‘જેનોફોબિક’ દેશ તરીકે ગણાવ્યો તેનો અર્થ એ થાય છે કે તે દેશ વિદેશીઓને પસંદ કરતો નથી અને તેમના પ્રત્યે ભેદભાવ રાખેલ છે. બાઈડને પોતાના પ્રવચનમાં અગાઉ ભારત ઉપરાંત જાપાન, ચીન, રશિયા ને પણ ‘જેનોફોબિક’ દેશ ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે અમેરિકામાં આ વર્ષે રાષ્ટ્રપતિ ચુંટણી યોજાઈ રહી છે તે મહત્વપૂર્ણ છે અને અમેરિકા તેમજ લોકતંત્ર અને આઝાદીનું આ



ચુંટણીમાં મહત્વ છે. બાઈડને વધુમાં કહ્યું કે તમે જાણો છો કે અમેરિકાની અર્થવ્યવસ્થા શા માટે સતત વધી રહી છે તેનું કારણ તમે એટલે કે (વિદેશથી અમેરિકામાં વસેલા લોકો છે.) અમે આ પ્રકારે વિદેશીઓનું સ્વાગત કરીએ છીએ.

### વિદેશમંત્રી એસ.જયશંકરનો આકરો જવાબઃ ભારતે હંમેશા વિશ્વના લોકોને આવકાર્યા છે પણ દેશમાં એ જ લોકો સ્વીકાર્ય જેમનો ભારતમાં હકક છેઃ સીએએનો બચાવ

બાઈડને વધુમાં કહ્યું કે ચીનની આર્થિક સ્થિતિ ખરાબ રીતે રોકાઈ ગઈ છે. ભારત, રશિયા અને જાપાનને પણ પરેશાની થઈ રહી છે. કારણ કે તેઓ જેનોફોબિક દેશ છે તે વિદેશીઓને પસંદ કરતા નથી અને તે તેની મુશ્કેલી છે. જેનોફોબિક શબ્દમાં એ પણ અર્થ થાય છે કે વિદેશીઓ પ્રત્યે નાપસંદગી કે ડરનો માહોલ હોય છે. બાઈડનના આ વિધાનોને એસ.જયશંકરે ફગાવ્યા હતા અને એક મુલાકાતમાં કહ્યું કે ભારતે નાગરિકત્વના કાનૂનમાં પણ સુધારા કર્યા છે અને દર્શાવી દીધું છે કે અમે કેવા લોકોને આવકારવા માંગીએ છીએ. અમે એ જ લોકોને સ્વીકારશું જેમનો ભારતમાં હકક છે. અમેરિકાએ અગાઉ સીએએ કાનૂન મુદ્દે પણ ભારતની આકરી ટીકા કરી હતી અને હવે બાઈડનના શબ્દોથી અમેરિકા ભારતને કેવી નજરે જુએ છે તે પણ બહાર આવી ગયું છે.

## ત્રણ-ત્રણ સુપરહિટ ફિલ્મો આપ્યા બાદ શાહરૂખ ખાન થોડો સમય બ્રેક લેશે

### છેલ્લા ઘણા સમયથી સતત કામ કરૂં છું, થાક પણ લાગ્યો છે, હાલ તો મેચ જોઈશઃ એકટર

મુંબઈ: ગત વર્ષે ‘પઠાન’, ‘જવાન’ અને ‘ડંકી’ જેવી સુપર હિટ ફિલ્મો આપનાર શાહરૂખ ખાન હવે પોતાની આગામી ફિલ્મોના શૂટીંગ પહેલા થોડો બ્રેક લેવા માગે છે.

શાહરૂખ ખાનનું કહેવું છે કે હવે તે થોડો બ્રેક લેવા માગે છે. છેલ્લા કેટલાક વર્ષોથી તે સતત કામ કરી રહ્યો છે પણ હવે તે પોતાની આઈપીએલ ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સને સપોર્ટ કરવા માગે છે.

શાહરૂખે જણાવ્યું હતું કે હું થોડો રેસ્ટ લઈ શકું છું. ત્રણ ફિલ્મો કરી ચૂકયો છું તેમાં ઘણું ફિઝિકલ વર્ક કર્યુ છે એટલે હું થોડા સમય માટે રજા લેવા માગું છું. મેં પૂરી ટીમને કહી દીધું છે કે હું મેચ (આઈપીએલ) જોવા જઈશ.



જયારે શાહરૂખને પૂછવામાં આવ્યું કે તે કયારે શુટીંગ શરૂ કરશે તેના જવાબમાં તેણે કહ્યું હતું કે કિસ્મતની વાત છે કે મારૂ શુટીંગ હવે ઓગસ્ટ કે જુલાઈમાં થાય. જો અમે જૂનમાં શુટીંગ કરવાનું પ્લાનીંગ કર્યુ હોય તો જૂનમાં શરૂ થઈ જશે. એટલે અત્યારે તો હું બધા મેચ માટે હું એકદમ ફ્રી છું અને ખુશીથી મેચ જોવા આવું છું.

ઉલ્લેખનીય છે કે શાહરૂખની આગામી ફિલ્મ અલમાન ખાન સાથેની ફિલ્મ ટાઈગર વર્સીસ પઠાન અને કિંગ જેવી ફિલ્મો છે કિંગમાં શાહરૂખની દીકરી સુહાના પણ નજરે પડશે.

### રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીનું કાઉન્ટ-ડાઉન શરૂ: કલેકટર દ્વારા મતદાન મથકોની ચકાસણી

# મંગળવારે મતદાનઃ સોમવારે ૨૨૩૬ મતદાન બુથોનો કબ્જો સંભાળશે ૧૩ હજાર કર્મચારીઓ

**ચૂંટણી સ્ટાફને સવારના ૭ કલાકે ડીસ્પેચીંગ-રીસીવીંગ સેન્ટરો પર પહોંચી જવા આદેશઃ સંવેદનશીલ ૧૦૩૨ મતદાન મથકોના વિસ્તારમાં પેરામીલેટ્રી ફોર્સ દ્વારા પેટ્રોલીંગઃ ૨૦૦ મતદાન મથકો માટે કૂલર શોધવા તંત્રની દોડધામઃ ગરમી સામે મતદારોને રક્ષણ આપવા ૧૦૩૬ બુથો પર મંડપ નખાયાઃ ચૂંટણી તૈયારીઓને આખરી ઓપ**



રાજકોટ લોકસભા બેઠક વિસ્તારના મતદાન બુથો પર મતદારોને કાળઝાળ ગરમીમાં રક્ષણ આપવા માટે મંડન નાખી છાંયડાની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. તે તસ્વીરી ઝલક. (તસ્વીર: દેવેન અમરેલીયા)

રાજકોટ તા.૪

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી માટે તંત્ર સજજ બની જવા પામેલ છે. લોકસભાની ચૂંટણીનું મતદાન તા.૭ને મંગળવારે થનાર હોય જેના આડે હવે માત્ર બે દિવસ જ બાકી રહ્યા હોય કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ તમામ તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

રાજકોટ લોકસભા બેઠક વિસ્તારના ૨૨૩૬ મતદાન મથકો પર ૧૩ હજાર કર્મચારીઓને ચૂંટણી ફરજ સોંપવામાં આવી હોય આ કર્મચારીઓ ઈવીએમ મશીનો સાથે તા.૬ને સોમવારના મતદાન મથકોનો કબ્જો સંભાળી લેનાર છે. ચૂંટણી સ્ટાફને તા.૬ને સોમવારના સવારના ૭ કલાકે વિધાનસભા વિસ્તારોના ઈવીએમ ડીસ્પેચીંગ -રીસીવીંગ સેન્ટરો પર પહોંચી જવા આદેશ અપાયા છે.

આ દરમિયાન આજે કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશી, પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ સહિતના ઉચ્ચ અધિકારીઓ દ્વારા મતદાન મથકોની ચકાસણી કરવામાં આવી હતી. રાજકોટ લોકસભા બેઠક વિસ્તારના કુલ ૨૧૧૨૨૭૩ મતદારો નોંધાયા છે. જેમાં ૧૦૯૩૬૨૬ પુરૂષ મતદારો, ૧૦૧૮૬૧૧ મહિલા મતદારો અને ૩૬ જેન્ડરોનો સમાવેશ થાય છે.

વિધાનસભા વિસ્તારવાઈઝ મતદારોની સંખ્યા પર નજર કરીએ તો ટંકારા વિસ્તારમાં ૨૫૨૩૫૫, વાંકાનેર વિસ્તારમાં ૨૮૭૫૫૯, રાજકોટ ઈસ્ટમાં ૩૦૩૮૯૭, રાજકોટ વેસ્ટમાં ૩૬૧૨૮૯, રાજકોટ સાઉથમાં ૨૫૮૬૫૭, રાજકોટ રૂરલમાં ૩૮૫૬૮૧ અને જસદણ વિધાનસભા વિસ્તારમાં ૨૬૨૮૩૫ મતદારોની સંખ્યા રહેલી છે. રાજકોટ બેઠકની આ ચૂંટણી માટે ૨૨૩૬ જેટલા મતદાન બુથો નિયત કરવામાં આવેલ છે.

જેમાં ૧૦૩૨ મતદાન મથકો સંવેદનશીલ જાહેર કરવામાં આવેલ છે. રાજકોટ લોકસભા બેઠકના મતદાન મથકો માટે ૩૬૦૨ બીયુ, ૨૯૭૬ ડીયુ અને ૩૪૮૯ વીવીપેટની ફાળવણી અગાઉ કરી દેવામાં આવી હતી. આ વખતે ભગવાન સૂર્યનારાયણના આકરા મીજાજના પગલે આકાશમાંથી કાળઝાળ ગરમી અને લૂં વરસી રહી હોય આ આકરા તાપની મતદાનની ટકાવારી પર અસર પડવાની સંભાવના રહેલી હોય જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન બુથો પર મતદારોને ગરમી સામે રક્ષણ આપવા માટે ચૂંટણીપંચની ગાઈડલાઈન મુજબ ૧૦૩૬ મતદાન બુથો પર મંડપ નાખી છાંયડાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.

આ ઉપરાંત ૨૦૦ જેટલા મતદાન મથકો પર કુલરો મુકવાનું પણ વહીવટી તંત્ર દ્વારા આયોજન કરવામાં આવેલ છે. પરંતુ કુલરો પુરતી સંખ્યામાં એકત્રીત થઈ શકેલ ન હોય કુલર શોધવા માટે તંત્રએ દોડધામ શરૂ કર્યાનું જાણવા મળ્યું છે. રાજકોટ લોકસભા વિસ્તારમાં ચૂંટણી શાંતિપૂર્ણ રીતે યોજાય અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે વહીવટી તંત્ર પરિસ્થિતિ ઉપર ચાંપતી નજર રાખી રહ્યું છે. જેમાં આ વખતે ક્ષત્રિય આંદોલન સહિતના મુદ્દે રાજકોટ લોકસભા બેઠક વિસ્તારના સંવેદનશીલ મતદાન બુથોની સંખ્યામા વધારો થવા પામેલ છે. આવા બુથોની સંખ્યા ૧૦૩૬ જેટલી જાહેર કરવામાં આવી છે. આ સંવેદનશીલ મતદાન બુથો પર પરામીલેટ્રી ફોર્સનો વિશેષ બંદોબસ્ત મુકવાનું આયોજન ઘડી કાઢવામાં આવેલ છે. આ ઉપરાંત મતદાનના દિવસે પણ આવા બુથો ઉપર વિશેષ સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવામાં આવનાર છે. રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટેની તૈયારીઓને જીલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશી દ્વારા આખરીઓપ આપવામાં આવી રહ્યો છે. જેમાં હવે ચૂંટણી સ્ટાફના અંતિમ રેન્ડેમાઈઝેશન બાદ આગામી તા.૬ને સોમવારના કર્મચારીઓ ઈવીએમ મશીનો સાથે મતદાન બુથોનો કબ્જો સંભાળી લેશે.

**વિધાનસભા વિસ્તાર વાઈઝ મતદારોની સંખ્યા**

| ક્રમ | નામ | પુરુષ મતદાર | સ્ત્રી મતદાર | થર્ડ જેન્ડર | કુલ મતદાર |
|---|---|---|---|---|---|
| ૧ | ૬૬-ટંકારા | ૧૨૯૯૮૫ | ૧૨૨૩૭૦ | ૦ | ૨૫૨૩૫૫ |
| ૨ | ૬૭-વાંકાનેર | ૧૪૮૪૨૧ | ૧૩૯૧૩૬ | ૨ | ૨૮૭૫૫૯ |
| ૩ | ૬૮-રાજકોટ ઈસ્ટ | ૧૫૯૫૭૫ | ૧૪૪૩૧૩ | ૯ | ૩૦૩૮૯૭ |
| ૪ | ૬૯-રાજકોટ વેસ્ટ | ૧૮૩૧૮૩ | ૧૭૮૧૦૨ | ૧૩ | ૩૬૧૨૮૯ |
| ૫ | ૭૦-રાજકોટ સાઉથ | ૧૩૩૦૦૫ | ૧૨૫૬૩૯ | ૮ | ૨૫૮૬૫૭ |
| ૬ | ૭૧-રાજકોટ રૂરલ | ૨૦૨૬૪૯ | ૧૮૩૦૨૪ | ૦ | ૩૮૫૬૮૧ |
| ૭ | ૭૨-જસદણ | ૧૩૬૮૦૮ | ૧૨૬૦૨૭ | ૦ | ૨૬૨૮૩૫ |
| | કુલ | ૧૦૯૩૬૨૬ | ૧૦૧૮૬૧૧ | ૩૬ | ૨૧૧૨૨૭૩ |

# પંચનાથ મંદિર પાસે આવેલ પેઢીના પૂર્વ કર્મચારી સહિત બે શખ્સોએ નિવૃત્ત એન્જીનીયરના ૩૮ લાખના શેર ટ્રાન્સફર કરી લીધા

**આરોપી મહેન્દ્ર ધાંધલે અગાઉ પણ અન્ય શખ્સો સાથે મળી ગાંધીનગરના વૃધ્ધના ૧૫ લાખના શેર પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા : કરણ પાર્ક શેરીમાં રહેતા કમલેશભાઈ ગોંડલીયાના બનાવટી દસ્તાવેજો બનાવી ડિકલેરેશન ઓફ ગીફટ તરીકે ઉપયોગમાં લઈ છેતરપીંડી આચરી : પ્ર.નગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી**

રાજકોટ, તા. ૪

પંચનાથ મંદિર પાસે આવેલ શેરબજારની પેઢીના એક પૂર્વ કર્મચારી સહિત બે શખ્સોએ નિવૃત એન્જીનીયરના ૩૮.૪૮ લાખના શેર બનાવટી દસ્તાવેજો બનાવી ટ્રાન્સફર કરી લેતા પ્ર.નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

બનાવ અંગે ૧૫૦ ફુટ રીંગ રોડ પર એસ્ટ્રોન સોસાયટી પાસે કરણ પાર્ક શેરી નં.૨માં રહેતા કમલેશભાઇ લાખાભાઇ ગોંડલીયા (ઉ.વ.૬૩)એ નોંધાયેલ ફરિયાદમાં આરોપી તરીકે મહેન્દ્ર જયરાજ ધાંધલ (રહે. ભોમેશ્વર, ભુતનાથ મંદિર પાસે, જામનગર રોડ) અને મનીષ મનસુખ ભુત (રહે. બરોડીયા ચિત્રાવડ, જામકંડોરણા)નું નામ આપતા પ્ર.નગર પોલીસે છેતરપીંડી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે તેઓ સિંચાઇ વિભાગમાં તેમજ શહેરી વિકાસ સત્તામંડળમાં કાર્યપાલક ઇજનેર તરીકે ફરજ બજાવતા અને હાલ નિવૃત જીવન ગાળે છે. તેઓ તેમના પત્ની અને પુત્રી સાથે સંયુકતમાં એચયુએફના સભ્ય છે. તેમજ તેમના નામથી ડિમેટ એકાઉન્ટ એએનએસ પ્રા.લી. શેરબજારની ડિપોઝીટરી પાર્ટીશીપેન્ટમાં આઇડી ખોલાવેલ હતું. જે ખાતુ તા.૨૫-૯-૨૦૦૬થી ચાલુ હતું. ખાતામાં ૨૦-૭-૨૦૨૨ના આશરે ૨૩ કંપનીના શેર હતા. જે શેરની કિંમત જે તે સમયે માર્કેટીંગના આધારે ગણી શકાય તે શેર તેઓની મરણમૂડી હતી. જેથી તેઓએ તે વેંચેલ ન હતા. જેથી તેઓનું એકાઉન્ટ ફ્રીઝ થયેલ તેનો ૨૨-૭-૨૦૨૨ના મેસેજ આવતા ખબર પડેલ હતી.

જેથી તેઓ કંપનીની પંચનાથ મેઇન રોડ પર હરીહર ચોકમાં અરિહંત બિલ્ડીંગની ઓફિસે ગયા હતા જયાં ડિમેટ એકાઉન્ટનું સ્ટેટ માંગેલ તે તા. ૨૯-૧૧-૨૦૨૩ના તેઓને કુરીયરથી ઘરે મળેલ હતું. જેમાં જાણ થયેલ કે ૨૩ કંપનીમાંથી ૧૭ કંપનીના સ્ટેટમેન્ટ જોવામાં આવેલ નહીં અને તે શેર તા. ૧-૧૦-૨૦૨૨ના રિલાયન્સ સિકયુરીટી લીમીટેડના ખાતેદાર મનીષ ભુતના એકાઉન્ટમાં ટ્રાન્સફર થયા હોવાની જાણકારી મળી હતી. જેથી તેઓ પેઢીમાં ગયેલ અને વિગતો માંગતા જાણવા મળેલ કે તેઓના એડ્રેસ પર શ્રી અંજની કુરીયરથી મોકલાવેલ હતું. પરંતુ તેઓને તે મળેલ ન હતું અને તેમની રીસીવ પહોંચમાં ખોટી સહી કરેલ હતી.

તેમજ તેઓએ વિગતનો રેકોર્ડ ચેક કરતા તેઓના મોબાઇલ નંબર ૯૮૨૫૨ ૧૭૦૮૧ હોય જેના બદલે તેમના નંબર ફેરફાર કરી ખોટી સહી કરી તેમજ એચયુએફના ખોટા સિકકા કરેલ હોવાનું જાણવા મળેલ હતું. તેમજ શેર ટ્રાન્સફરમાં વપરાયેલ ચાર સ્લીપમાં પણ ખોટી સહી કરી એચયુએફના સિકકા કરી જવાબદાર કર્મચારી સહી કરી રિલાયન્સ સિકયુરીટી લીમીટેડ મનીષ ભુતે પોતાના ખાતામાં શેર ટ્રાન્સફર થયેલ હતા. બાદમાં કંપનીના મેનેજરથી જાણવા મળેલ કે આ કામગીરી કંપનીના કર્મચારી સીનીયર એકઝીકયુટીવ મહેન્દ્ર ધાંધલે કરેલ છે. તેમની ઓફિસમાં મેકર ચેકર અને વેરીફાઇનું કામ કરવાનું હોય છે હાલ તેઓ ફરજ પર નથી. જેથી તેઓના ખાતામાંથી ૧૭ કંપનીના ટ્રાન્સફર કરવા ડીકલેરેશન ઓફ ગીફટનો દસ્તાવેજ રૂા.૩૦૦ના સ્ટેમ્પ પેપર કરેલ હોય જે સ્ટેમ્પ ખરીદનાર તરીકે તેઓની ખોટી સહી અને સ્ટેમ્પ ગીફટ દસ્તાવેજમાં ઓળખનાર સાક્ષી તરીકે જયંતિ માંકડીયા અને કૌશિક લાલવાણીએ સહી કરી હતી. આ ગીફટ ડીડમાં તેઓના રૂા. ૩૮.૪૮ લાખના બનાવટી દસ્તાવેજો બનાવી આરોપીઓએ પોતાના ખાતામાં શેર ટ્રાન્સફર કરી લીધા હતા. બનાવ અંગેની ફરિયાદ પરથી પ્ર.નગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# ગોડાઉન રોડ પર વૃક્ષની ડાળીના ઓપરેશન : બિલ્ડરને નોટીસ

**પ્લોટમાં બાંધકામ માટે છ વૃક્ષ કાપવા મંજૂરી લેવાઈ હતી : ડાળીઓ પણ કપાતા ગાર્ડન શાખા અને પોલીસની ટીમ દોડી**

રાજકોટ, તા. ૪

શહેરના ટાગોર રોડ પર આવેલા ગોડાઉન રોડ પર બિલ્ડીંગ પ્લાન માટે આજે વૃક્ષની કેટલીક ડાળીઓ કાપી નાખવામાં આવતા પોલીસ અને મનપાએ તપાસ શરૂ કરી છે. આ અંગે આસામીને નોટીસ આપીને ખુલાસો પૂછવામાં આવશે તેમ ગાર્ડન વિભાગે જાહેર કર્યુ છે.

ટાગોર માર્ગ પર ગોડાઉન રોડ આવેલો છે. આ જગ્યાએ પ્લોટમાં બાંધકામ પ્લાન મંજુર કરવામાં આવેલ છે. અહીં આજે કેટલાક વૃક્ષ અને ડાળીઓ કાપવામાં આવ્યાની ફરિયાદ મળતા ઝુ અને ગાર્ડન ડિરેકટર ડો.હીરપરાએ વિભાગની ટીમ તપાસમાં દોડાવી હતી. કોઇએ આ અંગે જાણ કરતા અને લોકોના ટોળા એકત્ર થતા એ ડીવીઝન પોલીસ પણ સ્થળ પર દોડી ગઇ હતી. બાદમાં તપાસ અને કાયદેસર કાર્યવાહી કરવામાં આવ્યા હતા.



ટાગોર રોડ પર ખાનગી બિલ્ડીંગના કામ માટે વૃક્ષ કાપવાના કામ સાથે કેટલીક ડાળીઓ પણ તોડી પડાતા કોર્પો. અને પોલીસ સ્ટાફ સ્થળ પર દોડી ગયો હતો. (તસ્વીર : પંકજ શીશાંગીયા)

ડો.હીરપરાનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે પ્લોટમાં બાંધકામ માટે નડતરરૂપ છ વૃક્ષ કાપવા ફી ભરીને કાયદેસર મંજૂરી લેવામાં આવી છે. પરંતુ સ્થળ પર અન્ય કેટલાક વૃક્ષની ડાળીઓ પણ કાપી નંખાયાનું ધ્યાન પર આવ્યું છે. આ અંગે આસામીની પુછપરછ કરવામાં આવતા વીજ કંપનીએ ડાળીઓ કાપ્યાનો જવાબ આપ્યો હતો. જોકે આ માટેના આધારો માંગીને આસામી ટીબીસી બિલ્ડર, અનુજ ચપલાને નોટીસ આપવામાં આવી છે. જેનો જવાબ આવ્યે આગળની કાર્યવાહી કરવામાં આવશે. આજે સવારે આ ઘટનાથી રોડ પર લોકોના ટોળા એકઠા થઇ ગયા હતા.

### આરોગ્ય માટે જોખમ 'પેસ્ટીસાઈડ'નું પ્રમાણ કેટલું તે જાણવા

# ફ્રુટ્સ અને શાક માર્કેટમાં ફુડ એન્ડ ડ્રગ ત્રાટકયું

**તરબુચ-કેરી તથા લીલા શાકભાજીનાં ૭૫ સેમ્પલો લેવાયા**

રાજકોટ તા.૪

એકદમ ફ્રેશ અને લીલાછમ્મ દેખાતા શાકભાજી અને જુદા જુદા ફ્રુટ્સમાં છેલ્લા ઘણા સમયથી પેસ્ટીસાઈડ (જંતુનાશક દવા)નો છંટકાવ કરવામાં આવે છે અને આ પેસ્ટીસાઈડ આરોગ્ય માટે જોખમકારક હોવાનું પરીક્ષણમાં સાબીત થઈ ચૂકયું છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી પેસ્ટીસાઈડની ઉઠેલી વ્યાપક ફરીયાદોનાં પગલે રાજકોટ જીલ્લા ફુડ એન્ડ ડ્રગ વિભાગ રાજકોટ ગ્રામ્યનાં વિસ્તારોમાં ત્રાટકયું હતું. તથા શાક માર્કેટ અને ફ્રુટ્સ માર્કેટમાં સઘન ચેકીંગ હાથ ધરી જુદા-જુદા ફ્રુટ્સ અને શાકભાજીના સેમ્પલો લેવામાં આવેલ હતા.

આ અંગેની જીલ્લા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગનાં સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ લીલા શાકભાજીની અને જુદા જુદા ફ્રુટ્સમાં પેસ્ટીસાઈડનું પ્રમાણ કેટલું છે? તે જાણવા માટે તંત્રની ટીમો રાજકોટ ગ્રામ્યના ગોંડલ તથા નવાગામમાં આવેલ શાક માર્કેટ અને ફ્રુટ્સ માર્કેટ અને ફ્રુટસ માર્કેટમાં ત્રાટકી હતી. તેમજ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે મેંગો માર્કેટમાં પણ ચેકીંગ હાથ ધરેલ હતું અને આ સ્થળોએથી ૭૫ જેટલા તરબુચ-કેરી અને લીલા શાકભાજીના નમુના લેવાયા હતા. અને આ તમામ સેમ્પલોને લેબોરેટરી પરીક્ષણ અર્થે મોકલી દેવામાં આવેલ હોવાનું ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે જણાવેલ હતું.



# ક્ષત્રિય સંકલન સમિતિના નામે અશાંતિ ફેલાવવા માંગતા લોકોને રોકો

**મતદાનના દિવસે દેખરેખ રાખવાની જરૂરઃ સમિતિ દ્વારા પોલીસ કમિશ્નરને આવેદનપત્ર**

રાજકોટ તા.૪

ભાજપ ઉમેદવાર પરસોતમ રૂપાલા વિવાદનો વંટોળ હજુ શાંત થયો નથી. ક્ષત્રિય સમાજ દ્વારા છેલ્લા લાંબા સમયથી વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યો છે ત્યારે આગામી ૭મેના લોકસભા ચૂંટણીમાં શાંતિપૂર્ણ મતદાન માટે ક્ષત્રિય સમાજ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે પરંતુ કેટલાક આવારા તત્વો દ્વારા ક્ષત્રિય સમાજના નામે શાંતિભંગ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

આજરોજ સંકલન સમિતિ વતી પી.ટી. જાડેજાએ પોલીસ કમિશ્નરને આવેદન આપ્યું છે કે ઘણા લોકો તેમના નામ પર આગળ આવે છે અને કાર્યક્રમો કરે તેની સામે યોગ્ય કાર્યવાહી કરવી અને શરૂઆતથી જ શાંતિ અને સલામતી પૂર્વક આંદોલન કર્યુ છે. જેનાથી કોઈ કાયદાનો ભંગ ન થાય ત્યારે અત્યારે અમારા નામે કેટલાક વાતાવરણ ખોરવાનું કામ કરી રહ્યા છે. અને મતદાનના દિવસે શાંતિપૂર્વક વાતાવરણમાં મતદાન કરીશું જેથી કોઈ કાયદાનો ભંગ ન થાય ત્યારે મતદાન દિવસે અને મતદાનના બે દિવસ પૂર્વે કોઈ અશાંતિ ફેલાવવાનું કામ કરે તો તંત્ર દ્વારા યોગ્ય પગલા લઈ કામગીરી કરવાની માંગ સંકલન સમિતિ દ્વારા કરવામાં આવી છે. સંકલન સમિતિના નામ પર ઘર્ષણ ન કરે તે ધ્યાન રાખવા સહિતના મુદ્દે આજરોજ પોલીસ કમિશ્નરને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું.

સુરતથી લોકો આવ્યા હોવાની અફવાઓ મળી રહી છે જે અમારા વ્યકિત ન હોવાનું જાહેર કરવામાં આવે છે. અમારા ક્ષત્રિય સમાજને બદનામ કરવાના ઈરાદે અફવા ફેલાવવામાં આવી છે.



શહેરના સૌરાષ્ટ્ર હાઇસ્કુલ રોડ પર આજે સવારે પાણીની મુખ્ય પાઇપલાઇનમાં ભંગાણ પડતા પાણીની રેલમછેલ થઇ ગઇ હતી. ચોમાસાની જેમ પાણી વહ્યું હતું અને લાખો લીટર પાણીનો બગાડ થયો હતો. (તસ્વીર : દેવેન અમરેલીયા)

# સૌરાષ્ટ્ર હાઇસ્કુલ સામે પાણીની મુખ્ય લાઇન ભાંગી : કોટેચા ચોક-અમીનમાર્ગ પર લાખો લીટરનો બગાડ

**મોબાઈલ ટાવર કંપનીના કામ દરમ્યાન ઘટના : અમુક વિસ્તારમાં પાણી ન મળ્યું : નોટીસ અપાશે**

રાજકોટ, તા. ૪

ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે અને આકરા તાપમાં જળ માંગ પણ વધી છે ત્યારે આજે સવારે કાલાવડ રોડ પર સૌરાષ્ટ્ર હાઇસ્કુલના રસ્તેથી નીકળતી ૩૦૦ એમએમની પાણીની મુખ્ય લાઇનમાં ગાબડુ પડતા રોડની બંને તરફ પાણી વહી ગયા હતા. ખાનગી ટેલીકોમ કંપનીના ટાવર માટે કરાતા ખોદકામમાં આ લાઇન તુટયાનું બહાર આવતા મનપા દ્વારા નોટીસ સહિતની તજવીજ શરૂ કરવામાં આવી છે.



આ રોડ પરના અમુક વિસ્તારમાં પાણી વિતરણ થઇ શકયું ન હતું. લાઇન રીપેર થયા બાદ પાણી વિતરણ કરાશે તેમ સુત્રોએ જણાવ્યું હતું.

આ ઘટના અંગે પ્રાપ્ત થયેલી વિગત મુજબ આજે સવારે સૌરાષ્ટ્ર હાઇસ્કુલના ગેટ સામેના રસ્તે એકાએક પાણીની લાઇનમાં ભંગાણ પડયું હતું. સવારે ૧૦ વાગ્યે આસપાસ મુખ્ય લાઇન તૂટતા એક તરફ કોટેચા ચોક અને બીજી તરફ અમીન માર્ગ તરફ પાણીની રેલમછેલ થઇ ગઇ હતી. લગભગ બેક કલાક સુધી પાણી વેડફાયું હતું. મુખ્ય માર્ગ પર પાણી વહેવા લાગતા વાહનો વરસાદી પાણીમાંથી પસાર થતા હોય તેવું લાગતું હતું.

દરમ્યાન આ અંગે મનપાના ઇજનેરોને જાણ થતા તેઓ સ્થળ પર દોડયા હતા. આ જગ્યાએ તપાસ કરતા ખાનગી મોબાઇલ ટાવર કંપનીના કામ દરમ્યાન લાઇન તૂટયાનું ધ્યાન પર આવ્યું હતું. આ જગ્યાએ મોબાઇલ ટાવર ઉભો કરવા કામગીરી ચાલતી હતી. જેમાં મશીનરીના ધકકાથી ૩૦૦ એમએમની મુખ્ય વિતરણ લાઇન તુટી ગઇ હતી.

આ વિસ્તારમાં મોટા ભાગે પાણી વિતરણ થઇ ગયું હતું પરંતુ ત્રિશા બંગલો તથા અન્ય કેટલીક સોસાયટીમાં પાણી વિતરણ બાકી હોય લોકોએ પાણીની રાહ જોવી પડી હતી અને કેટલીક જગ્યાએ રીક્ષા અને ટેન્કર પણ મંગાવ્યા પડયા હતા. રોડની બંને તરફ લાખો લીટર પાણીનો વેડફાટ થયાનું બહાર આવ્યું હતું.

થોડા દિવસો પહેલા ગેસ કંપનીના કામમાં પાણીની લાઇન ભાંગી હતી તે ઉલ્લેખનીય છે. સૌરાષ્ટ્ર હાઇસ્કુલના રસ્તે પાઇપલાઇન ભાંગવામાં ટાવર કંપનીની બેદરકારી દેખાય તો નોટીસ સહિતની કાર્યવાહી કરવામાં આવશે. પાણીની મુખ્ય લાઇન સવારથી સંપૂર્ણ ભરેલી હોય, ખાલી થયા બાદ રીપેરીંગ થયા બાદ શરૂ થઇ શકયું હતું. આ બાદ સાંજ સુધીમાં બાકીના વિસ્તારોને પાણી આપી શકાશે તેમ સુત્રોએ કહ્યું હતું.

### રાહુલને 'શેહજાદા' ગણાવતા મોદી ખુદ 'શહેનશાહ'- પ્રિયંકાનો પલટવાર

# ચુંટણી ભારતમાં પણ મોદી વાતો 'પાકિસ્તાન'ની જ કરે છેઃ પ્રિયંકા ગાંધીનો મોટો પ્રહાર

## હિન્દુ-મુસ્લીમની વાતો કરીને મોંઘવારી-બેકારી-સમસ્યાઓના મુદ્દા ગાયબ કરીને ભ્રમ સર્જયોઃ 'અંબે માંનો જયજયકાર' બોલાવીને સંબોધનની શરૂઆતઃ મોદીએ મુકેલા એક-એક આક્ષેપનો જવાબ આપ્યો

**નાણાં ઉઘરાવવાની 'ઈલેકટ્રોલ બોન્ડ' સ્કીમ પર પણ આરોપ**

**ખેતીમાંથી કરોડો રોજગારી મળતી, હવે ખેડુતો જ 'બેહાલ'**

**IIT-IIM, એઈમ્સ, મોટા જળાશયો, અમુલ, ટેકનોલોજી ક્રાંતિ કોંગ્રેસની જ દેન**

**ઉદ્યોગપતિઓ-મોટા લોકો સાથે જ રહેતા મોદી ગુજરાતને ભુલી ગયા**

## ભેંસ ચોરી, મંગળસૂત્ર ચોરી જેવી 'અજીબો' વાતો વડાપ્રધાનને શોભતી નથી; ૫૫ વર્ષના કોંગ્રેસના શાસનમાં કયારેય થયુ છે?

પાલનપુર તા.૪

ગુજરાતમાં લોકસભા ચૂંટણી પ્રચારના અંતિમ તબકકામાં આજે ફરી વખત કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધીએ ગુજરાતનો પ્રવાસ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી માંડીને ભાજપ પર આકરા પ્રહાર કર્યા હતા. પોતાના ભાઈ રાહુલ ગાંધીને શેહજાદા ગણાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેઓએ 'શહેનશાહ' ગણાવીને પલટવાર કર્યો હતો.

બનાસકાંઠા તથા પાટણની સંસદીય બેઠકને આવરી લઈને લખણીમાં જંગી જાહેરસભામાં પ્રિયંકા ગાંધીએ વડાપ્રધાન સહિતના ભાજપના નેતાઓને કરેલા એક-એક આક્ષેપોનો મુદાસર જવાબ આપ્યા હતા. કોંગ્રેસની પ્રતિષ્ઠા બગાડવાનો પ્રહાર કરતા કોંગ્રેસના નેતાએ કહ્યું કે લોકસભાની ચૂંટણી ભારતમાં છે પરંતુ વડાપ્રધાન મોદી પાકિસ્તાનની જ વાત કરી રહ્યા છે.

કોંગ્રેસે ૫૫ વર્ષના શાસનમાં શું કર્યુ તેવા સવાલ ઉઠાવતા વડાપ્રધાનને હું એમ પૂછુ છું કે છેલ્લા ૧૦ વર્ષના સતાકાળમાં તમે શું કર્યુ? માત્ર 'નૌટંકી' કરીને લોકોને ભ્રમિત કરવામાં આવે છે. મોંઘવારી, બેરોજગારી કે અન્ય લોકસમસ્યાઓ વિશે એક શબ્દ પણ ઉચ્ચારવામાં આવતો નથી. હિન્દુ-મુસ્લીમની જ વાતો કરીને પ્રજાના પ્રશ્નો વિશે કોઈ બોલતા નથી. કારણ કે આ મુદાઓ પર કોઈ બોલી શકે તેમ નથી. નોટબંધી-જીએસટી જેવા કારણોથી બેરોજગારી વધી છે. ૭૦ કરોડ બેરોજગાર છે. સરકારી સેવાઓમાં ૩૦ લાખ જગ્યા ખાલી છે છતાં તે ભરાતી નથી. ૧૦ વર્ષમાં મોંઘવારીએ આડો આંક નાખ્યો છે. અનાજ, કઠોળ, શાકભાજી, ફ્રુટ સહિત કોઈપણ ચીજ અછત નથી. રૂપિયો પણ ઐતિહાસિક તળીયે છે. પેટ્રોલ-ડીઝલ પણ





સસ્તા કરાયા નથી. વિકાસના માત્ર દાવા જ થાય છે, વાસ્તવમાં લોકોનું જીવન સરળ કે સમૃદ્ધ બન્યુ નથી.

સર્વોચ્ચ અદાલતે તાજેતરમાં જેના પર પ્રતિબંધ મુકયો હતો તે ઈલેકટ્રોલ બોન્ડના મુદ્દે પ્રહાર કરતા તેમણે કહ્યું કે આ બોન્ડ સ્કીમ મોદી સરકાર લાવી હતી અને આ પ્રકારના બોન્ડ મારફત રાજકીય પાર્ટીને દાન આપનારાનું નામ ગુપ્ત રાખવાની જોગવાઈ હતી. અદાણી-અંબાણી જેવા ઉદ્યોગ મિત્રો કેટલુ ફંડ આપે છે તેની ખબર ન પડે તે માટે આ જોગવાઈ હતી. સર્વોચ્ચ અદાલતે તે બંધ કરાવીને વિગતો જાહેર કરવાનુ કહેતા પહેલા તો 'આનાકાની' કરી હતી છેવટે આકરા આદેશ બાદ લીસ્ટ જાહેર કર્યુ. ગુજરાતમાં જે બ્રીજ ધરાશાયી થયો તે બનાવનારે પણ ભાજપને ફંડ આપ્યાનો ખુલાસો થયો હતો.

**ભાજપ સત્તા પર આવશે તો બંધારણ બદલાવી નાખશે**

વડાપ્રધાન મોદીને કોઈપ પુછવાવાળું ન હોવાનો ટોણો મારતા પ્રિયંકાએ કહ્યું કે ભૂતકાળમાં મીડિયા કાયમ વડાપ્રધાનને ૧૦-૧૦ સવાલો કરીને જવાબ માંગતા હતા. આજે કોઇ પુછી શકતું નથી એટલું જ નહીં મોદીના પહેરવેશ પણ 'હાઇલાઇટ' થાય છે.

ગુજરાતના ચૂંટણી પ્રચારમાં નરેન્દ્ર મોદીએ એવું વિધાન કર્યુ હતું કે 'સાવધાન રહો, કોંગ્રેસ એક એક્સ-રે મશીન લાવી રહી છે, આ મશીનથી તમારા ઘરમાંથી મંગળસૂત્ર લઇ લેશે, સોનુ લઇ લેશે.' વડાપ્રધાન થઇને આવી વાતો શોભતી નથી અગાઉ તેઓ માત્ર ખોટું બોલતા હતા. હવે અજીબ વિધાનો કરે છે કે ભેંસમાંથી એક ભેંસ ચોરી લેવાની વાત કરે છે. ૫૫ વર્ષ સુધી સત્તા સંભાળનાર કોંગ્રેસે ક્યારેય કોઇની ભેંસ કે મંગળસૂત્ર ચોર્યા છે? આવો વિચાર પણ ક્યારેય ન આવે.

પ્રિયંકા ગાંધીએ એવો પ્રહાર કર્યો કે કોંગ્રસના શાસન વખતે કૃષિ ક્ષેત્રમાં કરોડોની રોજગારી મળતી હતી. આજે ખેડૂતોને જ કમાણી નથી જ્યારે તેઓ રોજગારી ક્યાંથી ઉભી કરી શકે.

કોંગ્રેસના ૫૫ વર્ષની સિધ્ધિઓ વર્ણવતા તેમણે કહ્યું કે એઇમ્સ, ભાખરાનંગલ ડેમ, મોટા જળાશયો, ટેકનોલોજી, ઇસરો સહિત કોંગ્રેસની દેન છે. વિશ્વભરમાં જેનો ડંકો વાગે છે તે 'અમૂલ'ની સ્થાપના પણ કોંગ્રેસે જ કરી હતી. હવે ભાજપ તેના પર કબજો કરી રહ્યા છે. ભાજપના નેતાઓએ ગૌચરની જમીન પણ રહેવા દીધી નથી.

વડાપ્રધાન પર સીધો પ્રહાર કરતા તેમણે કહ્યું કે, મોદીને ગુજરાતે જ મોટા કર્યા છે પરંતુ તેઓ અમીરો-મોટા માણસોના કાર્યક્રમો, ઉદ્યોગપતિઓ તથા વિદેશી નેતાઓ સાથે જ જોવા મળે છે. કયારેય ગરીબોની પડખે ચડતા કે તેમના ઘેર જતાં જોયા છે? ગુજરાતને ભૂલી ગયા છે અને એટલે જ વારાણશીથી ચૂંટણી લડે છે. ભુતકાળમાં વડાપ્રધાન ગામડે જતાં અને લોકો સાથે સંવાદ કરતા હવે કોઇ તેમની નજીક પણ ફરકી શકતું નથી.

મારાભાઇને શેહજાદા ગણાવતા મોદી ખૂદ શહેનશાહ હોવાનો આરોપ કરતા તેમણે કહ્યું કે તેઓ મહેલમાં રહે છે ત્યારે મારા ભાઇએ તો કાશ્મીરથી કન્યાકુમારી અને મણીપુરથી મહારાષ્ટ્ર સુધી યાત્રા કરીને લોકોની સમસ્યા જાણી છે.

ભાજપ સરકાર બંધારણે આપેલા લોકોના અધિકારને કમજોર કરવા માંગે છે. છેલ્લા ૧૦ વર્ષમાં આવા ઘણા નિર્ણય લીધા છે. અનામત બંધારણે જ આવી છે. ભાજપે ફરી સત્તા પર આવશે તો બંધારણ બદલી નાખશે.

પ્રિયંકા ગાંધીએ સંબોધનની શરૂઆત 'માં અંબાના જય જયકાર'થી કરી હતી.

### ક્ષત્રિય હોય કે રમત જગત, મહિલાઓનું અપમાન કરનારાને મોદીએ છાવર્યા; હટાવતા નથી

રાજકોટના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાના વિવાદાસ્પદ વિધાનોનો આડકતરો ઉલ્લેખ કરતા પ્રિયંકા ગાંધીએ કહ્યું કે રાજપૂત સમાજની મહિલાઓનું મોટું અપમાન થવા છતાં મોદીએ તેમને હટાવ્યા નથી.

માત્ર રાજપૂત જ નહીં, અન્ય ક્ષેત્રની મહિલાઓના અપમાન-અત્યાચાર પર મોદી ચૂપ જ રહે છે અને પાર્ટીના નેતાઓને છાવરે છે. ઓલિમ્પિકમાં મેડલ જીતનારી મહિલા રમતવીરોએ અત્યાચારની ફરિયાદો કરીને આંદોલન કર્યું હતું. આ જ મહિલા રમતવીરો સાથે મોદીએ ફોટો પડાવ્યો હતો પરંતુ અત્યાચાર મુદ્દે ચૂપ રહ્યા હતા. મોદી મદદે આવ્યા ન હતા. મણીપુરથી માંડીને વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓની અવદશા પર મોદી કાંઇ બોલ્યા ન હતા.

### ગુજરાતનાં 'પેપર લીક' પર પ્રહાર

ગુજરાતના પેપર કાંડ પર તીખો પ્રહાર કરતાં પ્રિયંકાએ કહ્યું કે શિક્ષણની હોય કે ભરતીની, ૧૦ વષમાં ૧૪ પેપર લીક થયા છે. યુવકોને નોકરી મળતી નથી. રોજગારી આપતી નથી. લાખો રૂપિયા ખર્ચીને બાળકોને ભણાવાયા બાદ નોકરીઓ મળતી નથી. સરકારમાં ૩૦ લાખ ખાલી જગ્યા ભરાતી નથી.

### ભાજપ દુનિયાની સૌથી ધનિક પાર્ટીઃ ૬૦,૦૦૦ કરોડનો ખર્ચ કર્યો છે

પ્રિયંકા ગાંધીએ એવો ટોણો માર્યો છે કે દેશમાંથી ધન એકત્રિત કર્યું છે. આખી દુનિયાની ધનવાન પાર્ટી છે. ૬૦,૦૦૦ કરોડનો ખર્ચો કર્યો છે. આ નાણાં લોક સમસ્યા ઉકેલવા નહીં પણ પાર્ટીને મજબૂત કરવા વાપર્યા છે. દરેક શહેરોમાં આલીશાન કાર્યાલયો કર્યા છે... કોંગ્રેસને માત્ર બદનામ કરે છે.

### પરિવારની એક મહિલાને દર મહિને ૮૦૦૦ આપશુંઃ કૃષિ ક્ષેત્રનો જીએસટી નાબૂદ કરશું

કોંગ્રેસ નેતાએ કહ્યું કે મોદી સરકારે ખેડૂતોને પણ કરજાળમાં સપડાવ્યા છે. પોતાના સામાન તથા ખેતપેદાશો પર જીએસટી છે. કોંગ્રેસ સત્તા પર આવશે તો હટાવી દેવાશે. ઉપરાંત દરેક પરિવારમાં સૌથી મોટી મહિલાને મહિને ૮૦૦૦ અપાશે અને સરકારી નોકરીમાં ૫૦ ટકા મહિલા અનામત રખાશે.




### આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડનો ઈકિવટી શેર્સનો આઈપીઓ ૮ મે, ૨૦૨૪ના રોજ ખૂલશે

અમદાવાદ,તા.૪

આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ બુધવાર ૮ મે, ૨૦૨૪ના રોજ તેના ઈકિવટી શેર્સના આઈપીઓ ખોલવાની દરખાસ્ત કરે છે.આઈપીઓમાં રૂા.૧૦,૦૦૦ મિલિયનના મૂલ્યના ઈકિવટી શેર્સના ફ્રેશ ઈશ્યૂ અને બીસીપી ટોપ્કો ૭ પીટીઈ લિમિટેડ દ્વારા રૂા.૨૦,૦૦૦ મિલિયન સુધીના મૂલ્યના ઈકિવટી શેર્સના જેટલી સંખ્યા સુધીના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે.કંપની ફ્રેશ ઈશ્યૂમાંથી મળનારી કુલ રકમનો ઉપયોગ (૧) ઓનવર્ડ લેન્ડિંગ માટે ભાવિ મૂડી જરૂરિયાતોને પહોંચી વળવા માટે તથા (૨) સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવાની દરખાસ્ત કરે છે.ઈકિવટી શેર્સ બેંગ્લોર ખાતે કર્ણાટકની રજિસ્ટ્રાર ઓફ કંપનીઝમાં ફાઈલ કરેલા ૩૦ એપ્રિલ ૨૦૨૪ના રોજ રેડ હેરિંગ પ્રોસ્પેકટસ દ્વારા ઓફર કરવામાં આવી રહ્યા છે.આરએચપી દ્વારા ઈશ્યૂ કરાયેલા ઈકિવટી શેર્સ બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એકસચેન્જ ઓફ ઈન્ડિયા જેવા શેરબજારો પર લિસ્ટ કરવાની યોજના છે. ઓફરના હેતુઓ માટે નિયુકત સ્ટોક એકસચેન્જ એનએસઈ રહેશે.

### ▯ રાજકોટ લોકસભા બેઠકનો વિવાદ સમગ્ર દેશમાં ચર્ચાનું કારણ બન્યો ▯

# ગુજરાતભરમાં ક્ષત્રિયોનો વિરોધ છતાં શા માટે ભાજપે રૂપાલાને 'અડીખમ' રાખ્યા!

**ક્ષત્રિયોના વિરોધ સામે કડવા-લેઉવાને એક કર્યાઃ નાની જ્ઞાતિઓને સતત ભાજપ સાથે રાખવા વ્યુહ ગોઠવ્યો**

રાજકોટ: ગુજરાતમાં લોકસભા ચૂંટણીમાં છ થી આઠ બેઠકો પર રૂપાલા ફેકટર કેટલી અસર કરી શકે તેની ચર્ચાએ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ખુદ ક્ષત્રિયોને હકારાત્મક સંદેશા સાથે ડેમેજ કરવા પ્રયાસ કર્યા અને મોદીની જામનગર રેલી પુર્વે તેઓ જામસાહેબને પણ મળ્યા. ઉપરાંત રાજા-મહારાજાઓ ભાજપ સાથે છે તે દર્શાવવા રાજકોટમાં પુર્વ રાજવી માંધાતાસિંહને યજમાન બનાવી સૌરાષ્ટ્ર-ગુજરાતના ૪૦-૫૦ રાજવીઓ રાષ્ટ્ર-પ્રથમ એટલે કે સમાજ પુર્વે ભાજપ-પ્રથમ તેઓ આપવા ફરજ પાડી હતી. પરંતુ તેના બીજા જ દિવસે ક્ષત્રિય સમાજનુ જામનગરમાં જ સંમેલન મળ્યું અને તેમાં જામસાહેબને પણ હવે સમાજ નહી સ્વીકારે તે સંદેશા આપીને મોદીના ડેમેજ કંટ્રોલ તથા ક્ષત્રિય સમાજના રોષ શાંત પાડવા માટે જે રીતે ભૂચર મોદીની તેમની મુલાકાતનું દ્રષ્ટાંત આપ્યું પણ તે ધાર્યા પરિણામ લાવી શકયું નથી તે ચર્ચા ભાજપમાં છે.

જામનગરનું ક્ષત્રિય સંમેલન અને રાજકોટમાં લેઉવા પટેલ સમુદાયને સંબોધીને વાયરલ થયેલી પત્રિકા એ રાજકોટ લોકસભા બેઠકમાં કોંગ્રેસના લેઉઆ પટેલ ઉમેદવાર પરેશ ધાનાણી માટે પણ મત ખેચી લાવે તેવા સંકેત છે પણ પ્રશ્ન એ છે કે રૂપાલા ફેકટર ડેમેજ કરી શકે છે. ભાજપના પાંચ લાખ



**ભાજપે ૨ દશકાથી ગુજરાતમાં સોશ્યલ એન્જીનીયરીંગ જે બનાવી છે તેના પર ભરોસો રાખ્યો**

મતોની લીડનો લક્ષ્યાંકને પણ હાંસલ કરતા રોકે તેવી ક્ષમતા છે અને અન્ય ફેકટર પણ ભળ્યા છે છતાં ભાજપે શા માટે રૂપાલાને ઉમેદવાર તરીકે દુર કર્યા નહી તે ચર્ચા છે.

ગુજરાતમાં ગોધરાકાંડ બાદ પણ આ પ્રકારના વિવાદોમાં જ્ઞાતિ-જાતિની ટકકર જોઈ છે પણ નરેન્દ્ર મોદીના મુખ્યમંત્રી પદ સમયમાં તમામ જાતિઓ ધાર્મિક રીતે હીન્દુત્વના એક જ મુદા પર જોડાઈ છે. તે વચ્ચે પાટીદાર અનામત આંદોલન, દલિત આંદોલન અને ૨૦૧૬-૧૭ ઠાકરોનું આંદોલન પણ જોયું છે પણ મોટાભાગના આંદોલનના નેતાઓ અંતે તો ભાજપમાં જોડાઈ ગયા છે.

હાર્દિક પટેલ અને અલ્પેશ ઠાકોર તેના દ્રષ્ટાંત છે અને ભાજપે પાટીદાર

**વડાપ્રધાને ડેમેજ કંટ્રોલ કરવા કરેલા પ્રયાસ બાદ જામનગરમાં ક્ષત્રિય સમાજના મહાસંમેલનથી થનારી અસર હજું અનિશ્ચિત**

અનામત આંદોલન પર નિયંત્રણ મેળવી લીધુ હતું. પાટીદાર શક્તિશાળી સમુદાય છે. ૧૯૯૦ તે ભાજપ સાથે છે પણ ૨૦૧૭માં જે રીતે પાટીદાર અનામત આંદોલનને કારણે પંચાયતની વિધાનસભા સુધી ભાજપને સહન કરવું પડયું તે પણ ભાજપ ભૂલી શકે નહી. ઓબીસી મતદારો અને ક્ષત્રિય સમુદાય ભાજપની સાથે જ રહ્યા છે અને ભાજપે ગુજરાતમાં સોશ્યલ એન્જીનીયરીંગ સુધી સાધી લીધી છે.

પહેલા ક્ષત્રિય આંદોલનકારીઓ એ રૂપાલા અને રાજકોટ બેઠકને ટાર્ગેટ કર્યા પણ ભાજપ મચક નહી આપે અને રૂપાલાએ ઉમેદવારી કરી પછી આંદોલન સમગ્ર ગુજરાતમાં ફેલાયુ. હવે પ્રશ્ન એ છે કે ભાજપે રૂપાલાને યથાવત રાખવા અને ક્ષત્રિય સમાજને નારાજ કરવાનું જોખમ કેમ લીધું છે. ભાજપની ગણતરી મુજબ ક્ષત્રિય આંદોલન રૂપાલા સામે હોવાથી કડવા-લેઉવા પાટીદારો એક થઈ જશે અને ઓબીસી સમાજ જે નાના નાના વર્ગોમાં વહેંચાયેલો છે તેના પર રાજકોટમાં સામુહિક રીતે ભાજપે તેની તાકાત કેન્દ્રીત કરી છે. ભાજપે તેનો પ્રચાર લો-પ્રોફાઈલ રાખો જેથી ક્ષત્રિયોને કોઈ ઉશ્કેરાટનું કારણ બને નહી. ભાજપે લેઉવા-કડવાથી સાથે નાના સમુદાયને એક કરી ક્ષત્રિયોના મતો મોટી અસર કરે નહી તે નિશ્ચિત કર્યુ છે.

## કુવાની પાળી બાંધતી વખતે અંદર પડી જતા યુવકનું મોત

**૨૪ વર્ષીય મૃતક વિપુલ તળવી મૂળ દાહોદનો વતની હતો, ફાયબ્રિગેડની ટીમે મૃતદેહ બહાર કાઢ્યો હતો**

રાજકોટ, તા.૪

કુવાની પાળી બાંધતી વખતે કુવામાં ખાબકતા યુવકનું મોત નિપજ્યું હતું. બાદ યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

બનાવની વિગત મુજબ વિપુલ સમસુભાઈ તળવી (ઉ.વ.૨૪ રહે. દાહોદ) નામનો યુવક આજે સવારે તેઓ બેડી ગામમાં મયુરભાઈ ચંદુભાઈ ખાનપરાની વાડીએ કૂવાની ફરતે પાળી બાંધતો હતો ત્યારે ૭૦ ફૂટ ઉંડા કુવામાં અકસ્માતે ખાબક્યો હતો. જેની જાણ ફાયબ્રિગેડની ટીમને થતાં રાહુલ જોશી, રમેશભાઈ, જયદીપસિંહ, મહેન્દ્રસિંહ, આશિષભાઈ વગેરે તુરંત ત્યાં દોડી જઈ યુવકને બહાર કાઢ્યો હતો. જ્યાં ૧૦૮ ની ટીમે યુવકને જોઈ તપાસી મૃત જાહેર કર્યો હતો. મૃતક મૂળ દાહોદના લીમખેડા તાલુકાના અંબા ગામનો વતની હતો. તેઓ બે ભાઈમાં નાનો હતો. બનાવની જાણ કુવાડવા રોડ પોલીસને થતા હેડ કોન્સ્ટેબલ ઈન્દ્રસિંહ ઝાલા સહિતનો સ્ટાફ તુરંત ત્યાં દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી હતી.

## કનકાઇ હોટલની બાજુમાં રહેતી પરિણીતાને સાસરીયાનો ત્રાસ

**તું કામવાળી છો, તને ઘરમાં રાખવી નથી કહી પતિ સહિતના સાસરીયાઓ માનસિક-શારીરિક ત્રાસ આપતા : ઢાંક માવતરે રહેતી પરિણીતાએ ફરિયાદ નોંધાવી**

રાજકોટ, તા.૪

તું કામ વાળી છો, તને ઘરમાં રાખવી નથી કહી પરિણીતા પર શારીરીક માનસીક ત્રાસ આપનાર પતિ, સાસુ- સસરા અને નણંદ સામે સ્મીતાબેન ગોસ્વામીએ ભાયાવદર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. બનાવની વિગત મુજબ ફરીયાદી સ્મીતાબેન ગૌરવભારથી ગોસ્વામી (ઉ.વ.૩૩ રહે.એ-૨૦૧, રેસકોર્સ રીંગ રોડ, કનકાઇ હોટલની બાજુમાં, રાજકોટ) નામની મહિલાએ ફરીયાદમાં જણાવ્યું કે, મેં એમ.એ.બી. એડ સુધી અભ્યાસ કરેલ છે. હાલ હું મારા માવતરે અહી ઢાંક ગામે રીસામણે છું. મારા લગ્ન તા.૧૫/૦૭/૨૦૨૧ના રોજ રાજકોટના ગૌરવભારથી વિજયભારથી ગોસ્વામી સાથે થયાં હતાં. લગ્ન બાદ ૧૫ દિવસ સુધી મને સારી રીતે રાખેલ બાદ ઘરકામ બાબતે તેમજ અન્ય નાની નાની બાબતે અવાર નવાર મારા પતિ તથા સસરા વિજયભારથી દોલતભારથી તથા સાસુ હર્ષાબેન, અવાર નવાર મેણા ટોણા મારતાં અને મારા પતિ મારકુટ કરતા હતાં. એક વર્ષ બાદ મારા પતિ કોઇ સ્ત્રી સાથે લાંબો સમય વાત કરતા હતા. મેં પૂંછતા કાંઇ જવાબ આપેલ નહી. માવતરને આ વાત કરતા મારા ભાઈ કિશનગીરીએ આવી સમાધાન કરાવેલ હતું. મારા નંણદ શિવાંગીબેન ધર્મેશભાઈ ચૌહાણ (રહે.વડોદરા) અવાર નવાર માવતરે આવતાં ત્યારે કોઇ પણ જાતના કારણ વગર મારી સાથે ઝઘડો કરતાં અને મારા પતિ સાસુ સસરાને મારા વિરૂધ્ધ ચડામણી કરતાં. મારા પતિ મને મારકુટ કરતાં અને તું કામ વાળી છો તને ઘરમાં રાખવી નથી તેવા મેણા ટોણા મારતાં હતા. અંતે કંટાળી ગત તા.૫/૧૨/૨૦૨૨ ના રોજ હું મારા પિતાના ઘરે ભુપતગીરી ગૌસ્વામી (રહે.ઢાંક, બસ સ્ટેન્ડ પાસે. ગણેશ મંદિર, ઉપલેટા) માવતરે આવી ગયેલ. બાદ પણ સમાધાન ન થતાં અંતે પરિણિતાએ પતિ, સાસુ-સસરા અને નણંદ સામે શારીરિક માનસિક ત્રાસ અંગેની ફરીયાદ ભાયાવદર પોલીસ મથકમાં નોંધાવી હતી.

## રાહુલે અમેઠીના બદલે રાયબરેલી નામાંકન ભરતા પીએમે પ્રહારો કરેલા

# રાહુલને લઈને મોદીની કોમેન્ટથી કોંગ્રેસ ભડકીઃ પીએમ ગરિમા ભૂલ્યા

**અડવાણી, વાજપેયી અને ખુદ મોદી બે સીટ પરથી ચુંટણી લડયા છેઃ ખડગે**

નવી દિલ્હી તા.૪

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ અમેઠીના બદલે રાયબરેલીથી ચુંટણી લડવાનો નિર્ણય કરતા વડાપ્રધાન મોદીએ પશ્ચિમ બંગાળમાં રાહુલ પર પ્રહાર કરતા કહ્યું હતું કે રાહુલ ગાંધી અમેઠીમાં ચુંટણી લડવાથી ડરી ગયા છે, મોદીએ રાહુલને લઈને 'ડરો મત, ભાગો મત' બયાન કરતા ભડકેલી કોંગ્રેસે પલટવાર કર્યો છે.



કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ મોદી પર નિશાન સાધીને જણાવ્યું હતું કે વડાપ્રધાન પોતાની ગરિમા ભુલીને આવી તુચ્છ વાતો કરે છે.

મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતુ કે ભાજપના આઈકન બાલકૃષ્ણ અડવાણી, અટલબિહારી વાજપાઈ અને ખુદ મોદી બે જગ્યાએથી અગાઉ ચુંટણી લડયા છે.

ઉલ્લેખનીય છે કે પીએમ મોદીએ ૨૦૧૪માં વારાણસી અને વડોદરા સીટ પર ચુંટણી લડી હતી અને જીત મેળવી હતી બાદમાં વડોદરા ચુંટણી ક્ષેત્ર છોડી દીધું હતું.

# પેન્શનરોને હવે 'ભવિષ્ય' પોર્ટલથી પેન્શન અંગે બધી જાણકારી ઓનલાઈન મળી જશે


**કેન્દ્ર સરકારે સેવા નિવૃત કર્મચારીઓની સુવિધા માટે ખાસ પોર્ટલ લોન્ચ કરી**

નવી દિલ્હી તા.૪

કેન્દ્ર સરકારે સરકારી પેન્શનરોની મદદ માટે ઓનલાઈન પોર્ટલ 'ભવિષ્ય' લોન્ચ કર્યું છે. આ પોર્ટલની મદદથી પેન્શનર ઘેર બેઠા જ પોતાના માસિક પેન્શનની સ્લીપ જોઈ શકે છે. જીવન પ્રમાણપત્રનું સ્ટેટસ તપાસી શકે છે અને ફોર્મ-૧૬ પણ જમા કરાવી શકે છે.

**પાંચ બેન્કો સાથે જોડાયુંઃ** સરકારના પેન્શન અને પેન્શનર્સ કલ્યાણ વિભાગે બેન્ક ઓફ ઈન્ડીયા સાથે મળીને આ પોર્ટલને લોન્ચ કરી છે એની સાથે પાંચ બેન્કોને પણ જોડવામાં આવી છે. હવે બેન્ક ઓફ ઈન્ડીયા, ભારતીય સ્ટેટ બેન્ક (એસબીઆઈ), બેન્ક ઓફ બરોડા, પંજાબ નેશનલ બેન્ક (પીએનબી) અને કેનરા બેંકથી પેન્શન મેળવી રહેલા કેન્દ્ર સરકારના પેન્શનર્સ આ પોર્ટલનો ઉપયોગ કરી શકે છે. સરકારની યોજના ભવિષ્યમાં બધી પેન્શન વિતરીત કરતી બેન્કોને આ પોર્ટલ સાથે જોડવાની છે.

**આ ફાયદા થશેઃ** પેન્શન કોષની બાકી રકમની જાણકારી તુરંત મળશે. સેવા નિવૃત કર્મીઓના પેન્શન સાથે જોડાયેલા બધા દસ્તાવેજ આ પોર્ટલ પર મોજૂદ રહેશે. પેન્શનના વિતરણને લગતી બધી જાણકારી પણ ઉપલબ્ધ થશે. 'ભવિષ્ય' પોર્ટલના માધ્યમથી પેન્શન આપનાર બેન્કને પણ બદલી શકાશે.



**બધા કામ ઓનલાઈન થશેઃ** ભવિષ્ય પોર્ટલની મદદથી પેન્શન શરૂ કરવાની પ્રક્રિયા અને પેમેન્ટ પુરી રીતે ડિઝીટલ થઈ જશે. પેન્શન પેમેન્ટ આદેશ હવે ડિઝીટલરૂપે ઈસ્યુ કરાશે અને તેને ડિઝી લોકરમાં સુરક્ષિત રખાશે. પેન્શનર જરૂરી દસ્તાવેજ ઓનલાઈન જમા કરાવી શકે છે.

**આ દસ્તાવેજો જરૂરીઃ** આધારકાર્ડ, જન્મ પ્રમાણપત્ર, નિવાસ પ્રમાણપત્ર, આવક પ્રમાણપત્ર, બેન્ક ખાતા વિવરણ, પાસપોર્ટ સાઈઝ ફોટો, ઈ-મેલ, પાનકાર્ડ, ફોન નંબર.

### રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૧૫-૨૫૬૫ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૪૬૫-૨૫૧૫ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૬૯૦-૧૭૨૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૪૦-૧૬૭૦ |
| પામોલીયન તેલ | ૧૪૭૦-૧૪૭૫ |
| મસ્ટર્ડ તેલ | ૧૬૧૦-૧૬૪૦ |
| સનફ્લાવર તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| મકાઇ તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| વનસ્પતિ ઘી | ૧૬૯૦-૧૭૩૦ |
| કોપરેલ | ૨૪૦૦-૨૪૪૦ |
| દિવેલ | ૨૦૧૦-૨૦૩૦ |



**સોનુ-ચાંદી**

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૭૩૫૫૦(-૫૦) |

| ચાંદી |
|---|
| ૮૨૫૫૦(-૧૫૦) |





લીગલ સેલના વકીલો 'સાંજ સમાચાર' કાર્યાલયની મુલાકાતે આવ્યા હતા અને'સાંજ સમાચાર'ના યુવા એક્ઝિક્યુટિવ શ્રી કરણભાઈ શાહને કાર્યક્રમની માહિતી આપી હતી. (તસવીર: પંકજ શીશાંગીયા)

# લીગલ સેલના ૧ લાખ વકીલો ૨ કરોડ મતદારો સુધી પહોંચી મતદાન વધારવા પ્રયાસ કરશે : જે.જે. પટેલ

## બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન અને પ્રદેશ ભાજપ લીગલ સેલના સંયોજક જે.જે. પટેલ 'સાંજ સમાચાર'ની મુલાકાતે

## સાંજે નાગર બોર્ડિંગમાં રાજકોટ શહેર ભાજપ લીગલ સેલ આયોજિત કાર્યક્રમમાં વકીલો અને તેમના પરિવારજનો ૧૦૦ ટકા મતદાન કરવા શપથ લેશે

રાજકોટ, તા.૪

ગુજરાતમાં પ્રદેશ ભાજપ લીગલ સેલના ૧ લાખ જેટલા વકીલ સભ્યો ૨ કરોડ મતદારો સુધી પહોંચી મતદાન વધારવા પ્રયાસ કરશે. સાંજ સમાચાર કોર્પોરેટ હાઉસની મુલાકાતે આવેલા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન અને પ્રદેશ ભાજપ લીગલ સેલના સંયોજક જે.જે. પટેલે આ નિવેદન આપ્યું હતું. આજે સાંજે નાગર બોર્ડિંગમાં રાજકોટ શહેર ભાજપ લીગલ સેલ આયોજિત કાર્યક્રમમાં વકીલો અને તેમના પરિવારજનો ૧૦૦ ટકા મતદાન કરવા શપથ લેશે.

કાર્યક્રમમાં તમામ ક્ષેત્રના સિનિયર, જુનિયર, મહિલા, યુવા તેમજ પ્રોવિઝનલ સનદ ધરાવતા જુનિયરો તેમજ વકીલોની ઓફીસમાં કાર્યરત તમામ સ્ટાફ પરીવાર સહિત તમામ વકીલ આલમને મતદાન માટે જાગૃત કરાશે. જેમાં હાજર રહેવા ખાસ અમદાવાદથી બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે. પટેલ રાજકોટ પધારેલ છે. ઉં સાથે પ્રદેશ લીગલ સેલ સહસંયોજક અનિલભાઈ દેસાઈ, કારોબારી સભ્યો કિશોરભાઈ સખીયા, હિતેશભાઈ દવે, રાજકોટ મહાનગર લીગલ સેલના કન્વીનર પિયુષભાઈ શાહ સહ કન્વીનર કમલેશભાઈ ડોડીયા તથા કોર કમિટીના સભ્યો, લીગલ સેલ યુવા સહાયક ટીમ વગેરે હાર્દિક નિમંત્રણ સાથે હાજરી આપવા અનુરોધ કર્યો છે.

જે.જે.પટેલે જણાવ્યું હતું કે, રાજકોટમાં મતદાન જાગૃતિ હેતુ યોજઈ રહેલ વકીલોના આટલા મોટા સ્નેહમિલન કાર્યક્રમમાં જોડાવાનું અવસર મળતા મને ખૂબ જ આનંદની લાગણી થાય છે. વકીલો હંમેશા સમાજને રાહ ચીંધતા આવ્યા છે. વકીલો જાગૃત બનીને પોતાની નૈતિક ફરજ સમજીને જ્યારે મતદાન કરે છે ત્યારે તેમની સાથે જોડાયેલ તેમના પરિવારજનો, સ્નેહીઓ તથા તેમનું પરિચીત વર્તુળ તેમાંથી પ્રેરણા લઈને તેમને અવશ્ય અનુસરે છે. માટે એક વકીલ મતદાન કરે ત્યારે માત્ર એક મત નથી પડતો પણ અનેક મત તેમાંથી મતપેટીમાં પડે છે. માટે તમામ વકીલો અને ખાસ કરીને યુવા વકીલોએ અવશ્ય મતદાન કરવું જ જોઈએ. લોકશાહીના પાયાને મજબૂત બનાવવા ભવિષ્યમાં જ્યુડિશરી સિસ્ટમને ફુલપ્રુફ, લોકભોગ્ય બનાવવા માટે યોગ્ય અને સ્થિર સરકાર અતિઆવશ્યક છે તે માટે આપણે મતદાન કરવું જ રહ્યું. આ તકે શહેર લીગલ સેલ કમિટી મેમ્બર રાકેશભાઈ ગોસ્વામી, ધર્મેશભાઈ સખીયા, નેહાબેન જોશી, કોર્ટ કેમ્પસ કન્વીનર જીતેન્દ્રભાઈ પારેખ, ભાસ્કરભાઈ જસાણી, આનંદભાઈ સદાવ્રતી, બાલાભાઈ સેફાતરા, યુવા સહાયક ટીમ કન્વીનર અભિષેકભાઈ શુકલા, પ્રેસ મીડિયા ઈન્ચાર્જ પારસભાઈ શેઠ, સહ ઈન્ચાર્જ જસ્મીનભાઈ ગઢીયા વગેરે હાજર રહ્યા હતા.

### વકીલો મતદાન કરશે અને કરાવડાવશે

જે.જે. પટેલે કહ્યું કે, રાજ્યમાં લીગલ સેલ સાથે ૧.૧૦ લાખ વકીલો જોડાયેલા છે. તેના ૧૬ લાખ અસીલો છે. આ સોળ લાખ અસીલોના પરિવારજનો ગણીએ તો ૨.૫ કરોડ મતદારો થાય છે. આમ, લીગલ સેલના વકીલો ૨.૫ કરોડ મતદારોને મતદાન કરવા અપીલ અનુરોધ કરશે કરશે અને મતદાન વધારવા પ્રયાસ થશે.

### વકીલોની પરીક્ષા અને કોર્ટમાં વકીલ ભવન અંગે જે.જે. પટેલનું નિવેદન

પ્રોવિઝનલ સનદ ધરાવતા યુવા વકીલોને હાલમાં આ પ્રોવિઝનલ સનદની અવધિ પુરી થવા અંગે ઘણા પ્રશ્નો ઉપસ્થિત થતા હતા. જે અંગે જે.જે.પટેલે જણાવ્યું હતું કે, બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાને પ્રોવિઝનલ સનદની અવધિ વધારવા માટેની રજૂઆત કરી દેવામાં આવી છે. જેનો હકારાત્મક અને યોગ્ય પ્રત્યુત્તર જલદીથી મળશે તેવી આશા છે. આ ઉપરાંત તાજેતરમાં લેવાયેલી સનદ માટેની પરીક્ષામાં અનઉતીર્ણ થયેલા કેન્ડીડેટોને અમુક માર્ક પુરતુ ગ્રેસિંગ મળે તેવી રજૂઆત પણ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને કરી છે. આ ઉપરાંત રાજકોટની નવી કોર્ટમાં વકીલ ભવન બનાવવામાં આવશે. જેનું ખાત મુહૂર્ત પણ થઈ ચૂક્યું છે. ગ્રાઉન્ડ ફ્લોર પ્લસ એક માળનું ભવન બનવાનું હતું. જે ગ્રાઉન્ડ ફ્લોર પ્લસ બે માળનું બને તે માટે પ્રયત્નો કર્યા છે. ઉપરાંત તમામ સુવિધા અંગે પણ ધ્યાન અપાઈ રહ્યું છે.



## પૂ. ધીરજમુનિ મ.ની પ્રેરણાથી

# રાજકોટ-ધોરાજીમાં વિનામૂલ્યે ઉનાળુ છાશ વિતરણનો પ્રારંભ

રાજકોટ, તા.૪

વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટના ઉપક્રમે પૂ. ધીરગુરુદેવના અનુગ્રહથી દર વર્ષની જેમ ઉનાળુ છાશ વિતરણ યોજનાનો વિના મૂલ્યે પ્રારંભ કરાતા અનેક પરિવારોને લાભદાયી બનવા પામેલ છે.

ધોરાજીમાં ગુલાબબેન કેશવલાલ વોરા અને તારાબેન જેઠાલાલ મોદી-કલકતા, રાજકોટમાં જશ-પ્રેમ-ધીર સંકુલ, વૈશાલીનગરમાં મંજુલાબેન ઉત્તમચંદ મોદી, શ્રમજીવીમાં રંજનાબેન જયંતભાઇ કામદાર, મનહરભાઇ મુક્તાબેન પારેખ તેમજ લાખાણી પરિવાર, સુવિધિ બોટાદરા, શૈલી સિધ્ધાર્થ વોરા વગેરે સહભાગી બન્યા છે. ગોળ અને કેરીનું વિતરણ દાતોના સહયોગથી કરવામાં આવે છે.

# વડીલો અને દિવ્યાંગોને મતદાન મથક સુધી જવા ફ્રી બસ સેવા

## મંગળવારે મહાપાલિકા વિનામૂલ્યે મુસાફરી કરવા દેશે

રાજકોટ, તા. ૪

તા. ૭ને મંગળવારના રોજ લોકસભા મતદાનના દિવસે શહેરી વિસ્તારમાં લાયકાત ધરાવતા દિવ્યાંગ મતદારો અને વરીષ્ઠ મતદારોને મતદાન કરવા હેતુ પૂરતું મતદાન મથકથી રૂટ પરના નજીકના બસ સ્ટોપ સુધી નિ:શુલ્ક મુસાફરી પૂરી પાડવામાં આવશે. આ ફ્રી પરિવહન સેવાનો લાભ લેવા મનપા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.કોર્પો. દ્વારા સિટી બસ સેવા તથા બી.આર.ટી.એસ. બસ સેવા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેનું સંચાલન રાજકોટ રાજપથ લી. દ્વારા કરવામાં આવી રહેલ છે. જે સબબ સિટી બસ તથા બી.આર.ટી.એસ. બસ દ્વારા પરિવહન સેવા પુરી પાડવામાં આવી રહેલ છે. બંને બસ સેવાનો હાલ પ્રતિદિન સરેરાશ આશરે ૫૮,૦૦૦ થી ૬૦,૦૦૦ જેટલા નાગરિકો દ્વારા લાભ લેવામાં આવી રહ્યો છે.

# મોચી જ્ઞાતિ સમાજ ટ્રસ્ટની શુભેચ્છા મુલાકાત લેતા ભાજપ ઉમેદવાર પરષોત્તમ રૂપાલા

## સમાજના પ્રમુખ દ્વારા પરષોત્તમ રૂપાલાને શ્રી રામમંદિરની પ્રતિકૃતિ આપી સન્માનીત કરાયા

રાજકોટ,તા.૪

પરસોતમભાઈ રૂપાલા એ મોચી જ્ઞાતિ સમાજ ટ્રસ્ટની મોચી મંદિર વાડી ખાતે સમસ્ત મોચી સમાજના આગેવાનોની મુલાકાત લીધેલ હતી અને સમસ્ત મોચી સમાજના પારિજાત પાર્ટી પ્લોટ રાજકોટ ખાતે યોજાયેલ સ્નેહમિલન સમારંભ ખૂબ જ સફળ બનાવવા માટે પ્રમુખ બીપીનભાઈ જેઠવાને, બધા જ આગેવાનો અને કાર્યકરો ને ધન્યવાદ પાઠવેલ અને ભારતીય જનતા પાર્ટીને સહકાર આપવા બદલ આભાર વ્યક્ત કરેલ.

મોચી જ્ઞાતિ સમાજ ટ્રસ્ટ દ્વારા પ્રમુખ બિપીનભાઈ જેઠવા અને આગેવાનો દ્વારા પરસોતમભાઈ રૂપાલાને શ્રી રામ મંદિરની પ્રતિકૃતિ રૂપે એક ખાસ મોમેન્ટ આપવામાં આવેલ અને હાર પહેરાવીને તેમનું સન્માન કરવામાં આવેલ હતું.પરષોત્તમ રૂપાલા એ મોચી સમાજને જ્યારે જરૂર પડે ત્યારે તેમના દ્વારા સાથ સહકાર આપવા જણાવ્યું હતું.આ પ્રસંગે પરષોત્તમભાઈ રૂપાલાની સાથે રાજ્યસભાના સંસદ સભ્ય રામભાઈ મોકરીયા પણ ઉપસ્થિત રહેલ.



આ મુલાકાત સમયે મોચી જ્ઞાતિ સમાજ રાજકોટના પ્રમુખ બીપીનભાઈ જેઠવા, સુરેશભાઈ ચૌહાણ, ભાજપના આગેવાન કાર્યકર્તા કિન્નરીબેન ચૌહાણ, લાલજીભાઈ ગોહેલ, દિવ્યેશભાઈ પરમાર, રસિકભાઈ ઝાલા, ચંદ્રેશભાઈ ચૌહાણ, દિનેશભાઈ ચૌહાણ, એડવોકેટ મહેશભાઈ યાદવ, ભાજપના ગાંધીગ્રામના આગેવાન રમાબેન વાઘેલા, ગાંધીગ્રામ વિસ્તારના પ્રમુખ કમલેશભાઈ ચાવડા, ગિરીશભાઈ, કિરીટભાઈ, રમેશભાઈ, વિશાલભાઈ, યોગેશભાઈ અને કાર્યકર્તાઓ વગેરે ઉપસ્થિત રહેલા હતા.

# યાજ્ઞિક રોડ, જંકશન, કાલાવડ રોડ, સંત કબીર રોડ પર પ્લાસ્ટીક સાથે ૯૮ ધંધાર્થીઓ પકડાયા

## જાહેરમાં ગંદકી કરતા સહિતના આસામીઓને ૨૮ હજારનો દંડ કરતી મનપા

રાજકોટ, તા. ૪

શહેરના ત્રણેય ઝોનમાં વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા કુલ ૯૮ આસામીઓ પાસેથી ૬.૨૩ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૭૯૫૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.



સેન્ટ્રલ ઝોનના યાજ્ઞિક રોડ, જંકશન રોડ, ચંદ્રેશનગર રોડ પર પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૨ આસામીઓ પાસેથી બે કિલો પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૩૫૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. તો વેસ્ટ ઝોનના કાલાવડ રોડ, ૧૫૦ ફિટ રીંગ રોડ, યુનિવર્સીટી રોડ પર ૩૪ આસામીઓ પાસેથી ૩.૪૫ કિલો પ્લાસ્ટીક જપ્ત કરી, ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૮૬૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

જયારે ઈસ્ટ ઝોનના પેડક રોડ, સંતકબીર રોડ, ભાવનગર રોડ પરથી ૨૨ આસામીઓ પાસેથી ૮૦૦ ગ્રામ પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૫૮૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.કમિશ્નર આનંદ પટેલની સૂચનાથી સોલીડ વેસ્ટ વિભાગની ટીમ આ કામગીરી કરી રહી છે.

# કાલે વિશ્વ હાસ્ય દિવસ

## હાસ્ય તંદુરસ્તી માટે અકસીર દવાઃ અરવિંદ વોરા

રાજકોટ:તા ૪

વર્લ્ડ લાફટર ડે દર વર્ષે મે મહિનાના પહેલા રવિવારે ઉજવવામાં આવે છે. વર્લ્ડ લાફટર ડે ની શરૂઆત ભારતમાંથી થયેલ છે. ભારતમાં સૌ પ્રથમ વર્લ્ડ લાફટર ડે ની ઉજવણી ૧૧ જાન્યુઆરી ૧૯૯૮ ના રોજ મુંબઈમાં કરવામાં આવેલ હતી. તેનું આયોજન ''વર્લ્ડવાઈડ લાફટર યોગા મુવમેન્ટ'' દ્વારા કરવામાં આવેલ હતું, તેમાં ૧૨,૦૦૦ મેમ્બરો મુંબઈ તથા ઈન્ટરનેશનલ લાફીંગ કલબના ભેગા થયેલા.આ દિવસની ઉજવણી હવે વિશ્વભરમાં કરવામાં આવે છે. વિશ્વ હાસ્ય દિવસની ઉજવણી કરવા પાછળનો હેતુ તંદુરસ્તી, આનંદ અને દુનિયામાં શાંતિ અને ભાઈચારો ફેલાવવાનો છે. હાસ્ય તંદુરસ્તી માટે અકસીર દવા છે. વર્લ્ડ લાફટર ડે ના દિવસે લાફીંગ કલબના સભ્યો ફેમીલી સહિત એક સ્થળે એકઠા થાય છે અથવા તો પોતે પોતાની કલબોમાં કસરત કરીને જુદા જુદા મનોરંજન કાર્યક્રમો ગોઠવે છે અને તંદુરસ્તી અને વિશ્વશાંતિ માટે પ્રાર્થના કરે છે. લાફટર ડે ના દિવસે બધા મેમ્બરો ભેગા મળીને પ્રોસેશન પણ કાઢે છે.

:-સંકલન :- અરવિંદ વોરા,
જનરલ સેક્રેટરી,રાજકોટ ડીસ્ટ્રીકટ લાફીંગ કલબ કમિટિ.
મો. નં. ૯૪૨૬૮૪૯૭૧૮
Email: arvindvora49yahoo.co.in

# કોટેચા સ્કુલમાં રવિવારે પુસ્તક પરબ યોજાશે

દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ-ઢોલરા પ્રેરિત સાહિત્યિક પ્રવૃત્તિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ દ્વારા પુસ્તક પરબનો ૩૦મો મણકો તારીખ ૦૫/૦૫/૨૦૨૪ રવિવારના રોજ સવારના ૧૦ થી ૧ વાગ્યા સુધી શહેરના કાલાવડ રોડ પર નુતનનગર હોલ પાસે આવેલ શ્રી કોટેચા ગર્લ્સ હાઈસ્કુલમાં રસિકભાઈ મહેતા પુસ્તક પરબ યોજાશે. પુસ્તક પરબમાં વાચકો માટે ઐતિહાસિક, ધાર્મિક, વિજ્ઞાન, પ્રવાસ, ચિંતનાત્મક સહિતના પુસ્તકો ખુલ્લા મુકવામાં આવે છે.

## મુનિરાજ શ્રી નયશેખર વિ.મ. આદિની નિશ્રામાં

# શંખેશ્વરમાં અઢાર અભિષેક અનુષ્ઠાન સંપન્ન

રાજકોટ તા.૪

શંખેશ્વરમાં મૌનવરિષ્ઠ પુ. મુન્યરત્નચંદ્રજી મ., પુ. મુનિરાજ શ્રી નયશેખર વિ.મ. તથા પુ. સુનંદિતાશ્રીજી મ. આદિની પાવન નિશ્રામાં શંખેશ્વર જહાજ મંદિરના આંગણે અઢાર અભિષેક અનુષ્ઠાનની ભવ્ય ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યાં હતા. વિધિકારક તરીકે પાટણના રાજુભાઈ જોષી તથા સંગીતકાર તરીકે સુનીલભાઈ શાહ પધારેલા હતા.

માનવતાના મસીહા પુ. આ.ભ.શ્રી રત્નશેખરસૂરિજી મ.ની પ્રેરણાથી મુંબઈના એક સદગૃહસ્થ પરિવારે અનુષ્ઠાનનો લાભ લીધો હતો.

# કવિ સુમિત્રનન્દન પંતની જીવન- કવન તથા સાહિત્યિક યોગદાન વિશે વ્યાખ્યાન યોજાશે

રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિની યશસ્વી પરંપરાનું નિર્વહન કરતાં પ્રતિમાસ બીજા શનિવારે આયોજિત કરવામાં આવતા હિન્દી વ્યાખ્યાન અંતર્ગત આગામી પામી તા. ૧૧-૦૫-૨૦૨૪ના રોજ સાંજના ૦૬-૦૦કલાકે ભારત સેવક સમાજ પરિસર, રેસકોર્સ, રાજકોટમાં હિન્દી સાહિત્ય જગતના છાયા છાયાવાદી યુગન યુગના ચાર આધાર સ્તંભ પૈકી સુપ્રસિદ્ધ કવિ સુમિત્રનન્દન પંતની જન્મ જયંતિ માસે તેમના જીવન- કવન તથા સાહિત્યિક યોગદાન વિશે પશ્ચિમ રેલવે, વિદ્વાન રાજભાષા અધિકારી ઓંકાર કોસે વિશેષ આસ્વાદન કરાવશે.

# સદ્‌ગુરૂ આશ્રમ-રાજકોટ દ્વારા પુષ્કરમાં ભંડારો યોજાયો

રાજકોટ,તા.૪

રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ તથા પ.પૂ.શ્રી રણછોડદાસજીબાપુ આશ્રમ(સદ્‌ગુરુ સદન ટ્રસ્ટ),રાજકોટ દ્વારા પુષ્કર(અજમેર),રાજસ્થાનની પવિત્ર ભૂમિમાં રામદ્વારા આશ્રમ,અજમેર રોડ,પેટ્રોલપંપની સામે નેત્રયજ્ઞ મહાશિબિરનાં સ્થળે,પુષ્કર(રાજસ્થાન) ખાતે તા.૨ ગુરુવારે સાંજ ૬ થી રાત્રિ ના ૧૦ સુધી ૩૫૦૦ થી ૪૦૦૦ લોકોનાં પુષ્કરમાં વસતા બ્રાહ્મણો(ભૂદેવો) સાધુ,સંતો તથા પુષ્કરનાં નગરજનો માટે કેરીનાં રસ સાથેનાં મહાપ્રસાદ જેમાં પ.પૂ.શ્રી સદગુરુદેવ ભગવાનશ્રી રણછોડદાસજીબાપુનાં ફોટો તથા રૂ.૨૦ દક્ષિણા આપવામાં આવી હતી, આ ભંડારા મહાપ્રસાદમાં ૫૦ થી ૬૦ ગુરૂભાઈ-બહેનોની ટીમ સેવામાં જોડાયેલ હતી.આ ભંડારા મહાપ્રસાદમાં કેરીનાં રસ સાથેના પ્રસાદ ગ્રહણ કરીને લોકોએ અમૃતરૂપી તૃપ્તી અનુભવીને આનંદ વિભોર થઈને સર્વ લોકોએ આર્શિવાદ આપ્યા હતા.તેમ સદ્‌ગુરૂ આશ્રમની ટ્રસ્ટી પ્રવિણભાઈ વસાણીએ જણાવેલ છે.



# ભૂગર્ભ ગટરની જોખમી કામગીરી કરતા કામદારો માટે સેફ્ટી ટ્રેનિંગ કેમ્પ યોજાયો

## કર્મચારીઓ માટે આરોગ્ય કેમ્પનું પણ આયોજન કરતી ડ્રેનેજ શાખા

રાજકોટ, તા. ૪

ડ્રેનેજ પ્રોજેક્ટ શાખા બેડીનાકા ખાતે ભૂગર્ભ ગટર તથા મશીન હોલની સફાઈ કામગીરી સાથે તેમજ સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ડ્રેનેજ પંપીંગ સ્ટેશન ખાતે ઓપરેશન મેઇન્ટેનન્સ સાથે સંકળાયેલ સફાઈ કામદારો, વ્યક્તિઓની કામગીરી દરમ્યાન સેફ્ટીના સાધનોના વપરાશ તથા સુએજમાં ઉતપન્ન થતા હાઈડ્રોજન સલ્ફાઈડ,મિથેન, કાર્બન ડાયોક્સાઈડ, કાર્બન મોનોક્સાઈડ જેવા ઝેરી વાયુ કે જે શ્વસન સંબંધીત સમસ્યાઓ સર્જી શકે છે તેમજ જીવલેણ સાબીત થઈ શકે છે. તેવીજ રીતે મિથેન વાયુની ૫%(એલઇએલ) સુધીની માત્રા જ્વલંતશીલ તથા જીવલેણ અકસ્માત સર્જી શકે છે. આ કામગીરી સાથે સંકળાયેલા કામદારો સાથે ભવિષ્યમાં આવો કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સેફ્ટીના સાધનોનો યોગ્ય ઉપયોગ કરવાથી તથા સફાઈ કામગીરીની યોગ્ય એસઓપી અનુસરવાથી શક્ય અકસ્માતો નીવારી શકાય છે. જે ધ્યાને લઈને ડ્રેનેજ પ્રોજેક્ટ (ઈલે/મિકે) શાખા દ્વારા સેફ્ટી ટ્રેનીંગ યોજવામાં આવી હતી જેમાં ડ્રેનેજ, કેમીસ્ટ, સોલીડ વેસ્ટ સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા. સિટી એન્જીનીયર એમ. એમ. મીત્રાનાં માર્ગદર્શનમાં કામદારોનું હેલ્થ ચેકઅપ કેમ્પ પણ યોજાયો હતો.

# અટલ સરોવરે દુર્ઘટના થાય તો? સહેલાણીને ડૂબતા બચાવવા, આગ બુઝાવવા સહિતની તાલીમ અપાઈ

રાજકોટ, તા. ૪

રાજકોટ માટે ફરવાનું નવું સ્થળ અટલ સરોવર ખુલી ગયું છે અને લોકો ફરવા જવા પણ લાગ્યા છે ત્યારે મનપાની ફાયર શાખા દ્વારા સરોવર ખાતે ફાયર સેફ્ટી અંગે તાલીમ રાખવામાં આવી હતી. કોઇ સહેલાણી પાણીમાં પડી જાય તો કઇ રીતે બચાવવા અને મુલાકાતીને જરૂર પડયે સીપીઆર આપવા પણ માર્ગદર્શન પણ અપાયું હતું.

મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ શાખા દ્વારા ગઇકાલે ન્યુ રેસકોર્ષ, નવા ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલ અટલ સરોવર ખાતે લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને આગ લાગે ત્યારે ફાયર સેફ્ટીના સાધનોનો કઇ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઇએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્ષ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઇ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગેની તાલીમ આપવામાં આવી હતી.





## ફરવાના નવા સ્થળે સાધનોના ઉપયોગ અંગે માર્ગદર્શન આપતા સીએફઓ ખેર : સીપીઆર અંગે જાણકારી આપતો આરોગ્ય વિભાગ

આ સિવાય સરોવરની મુલાકાતે આવતા સહેલાણીઓ કોઇ અકસ્માતે પાણીમા પડી જાય તો તાત્કાલિક તેનો બચાવ કઇ રીતે કરવો ? તેમજ બચાવ કર્યા બાદ તેના શરીરમાથી પાણી કઇ રીતે બહાર કાઢવુ ? તે અંગે ચીફ ફાયર ઓફીસર આઇ. વી. ખેર, સ્ટેશન ઓફિસર એચ.પી.ગઢવી તથા ફાયર વિભાગની ટીમ દ્વારા તાલીમ અપાઇ હતી. વધુમાં લોકોને તેના બચાવ માટે સીપીઆર કેમ આપવુ ? તેમજ ઉનાળાના સમયમા કોઇ વ્યકિતને ડીહાઈડ્રેશન થયેલ હોય, તો તાત્કાલિક બચાવ માટે શુ કરવુ ? તે અંગે આરોગ્ય અધિકારી અને મેડીકલ ટીમ દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા.

# ધર્મજીવન સંસ્કૃત ગુરૂકુળ પોઈચા ખાતે ધોરણ-૬ થી ૧૨ માં નિઃશુલ્ક પ્રવેશ અપાશે

## વિનામુલ્યે હોસ્ટેલ પ્રવેશની સુવિધા

રાજકોટ:તા ૪

શ્રી ધર્મજીવન સંસ્કૃત ગુરૂકુળ, નિલકંઠધામ, પોઈચાના શાસ્ત્રી સ્વરૂપદાસસ્વામિની યાદી મુજબ પોઈચા ખાતે ધોરણ-૬ થી ૧૨ માં પ્રવેશ તબકકાવાર અપાશે. હાલ ધોરણ-૬ માં વિનામુલ્યે શિક્ષણ અને હોસ્ટેલની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ગુરૂકુળમાં માત્ર સંસ્કૃત જ નહી તેમજ અન્ય વિષયો પૌરોહિત્ય, ગણિત, વિજ્ઞાન, સમાજવિદ્યા, ઈંગ્લીશ, કોમ્પ્યુટર, ગુજરાતી અને હિન્દીનું શિક્ષણ અપાશે તેમજ શારીરિક શિક્ષણમાં યોગ જેવા વિષયો ભણાવાશે, સંગીત, સ્પોકન ઈંગ્લીશ, રમત-ગમતના મેદાનો, એન્જોય પાર્કની વ્યવસ્થા પણ કરવામાં આવશે.

ગુજરાત સરકાર દ્વારા આયોજીત સંસ્કૃત શકિત ગુરૂકુળ (પાઠશાળા)આયોજના અંતર્ગત ચાલશે અને સંસ્કૃત ભણ્યા બાદ અનેક જગ્યાએ અનેક તકો પ્રાપ્ત થશે. જર્મની, અમેરીકા, સ્વીઝરલેન્ડ જેવા દેશોમાં સંસ્કૃત પ્રોફેસરો અને શિક્ષકોની તાતી જરૂરીયાત હોય તેનો લાભ પણ ગુરૂકુળ (પાઠશાળા)ના વિદ્યાર્થીઓને પ્રાપ્ત થઈ શકે છે. ધોરણ-૬ માં શ્રી ધર્મજીવન સંસ્કૃત ગુરૂકુળ(પાઠશાળા), નિલકંઠધામ, પોઈચામાં પ્રવેશ ઈચ્છુક બાળકોના વાલીઓએ સંસ્કૃત પાઠશાળાના સંચાલક શાસ્ત્રી સ્વરૂપદાસ સ્વામિનો મોબાઈલ નંબર:૮૬૮૬૨ ૨૧૨૨૧ પર સંપર્ક કરાવો.

# પરફેકટ ઓટો સર્વિસના ૩૭માં મંગલ પ્રવેશ નિમિત્તે સોમવારે રકતદાન કેમ્પ


રાજકોટ, તા. ૪


પરફેકટ ઓટો સર્વિસ રાજકોટ દ્વારા ૩૭માં મંગલ પ્રવેશ નિમિતે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી તા. ૬-૫-૨૪ સોમવારે,બપોરે ૩ થી સાંજના ૭ વાગ્યા સુધી, પરફેકટ ઓટો સર્વિસ, ગોંડલ રોડ, પ્રેમવતી પાસે, વાવડી, રાજકોટ ખાતે જરૂરીયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે બ્લડ મળી રહે તેવા શુભ આશયથી રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.આ કેમ્પમાં સુર્યકાંતભાઇ ભાલોડીયા, કેવલભાઇ ભાલોડીયા, પરફેકટ ઓટો પરિવાર, શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી, ડો. પ્રતીક અમલાણી (યુરો. ગોલ્ડ મેડલીસ્ટ), રાજકોટ સિવિલ હોસ્પિટલ બ્લડ બેંકના એમ.ડી. પેથોલોજીસ્ટ ડોકટરોની ટીમ માનદ સેવા આપશે.

# જામનગર રોડ પર ૨૫ વારીયા કવાર્ટર વિસ્તારમાં તસ્કર ત્રાટકયાઃ ત્રણ મકાનના તાળા તૂટ્યા

**બી.એ.ડાંગર કોલેજની પાછળ આવેલા વિસ્તારમાં રાત્રે ૩ વાગ્યે પિશાચરોએ ચોરીને અંજામ આપ્યો : બે શખ્સ સીસીટીવીમાં કેદ**

**કાકાની તિથિમાં પરિવાર સાથે શેખપાટ ગયેલ સંદીપભાઈ નકુમના મકાનમાંથી દોઢ લાખની મતા ચોરાઈ, બે મકાનોમાં કોઈ વસ્તુ ન ગઈ : યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી**





જે મકાનોમાં તસ્કર ત્રાટકયા તેની તસવીરો અને સીસીટીવીમાં દેખાતા બે શખ્સ (તસવીરઃ ભાવિન રાજગોર)

રાજકોટ, તા.૪

જામનગર રોડ પર ૨૫ વારીયા કવાર્ટર વિસ્તારમાં તસ્કર ત્રાટકયા હતા. જેમાં ત્રણ મકાનના તાળા તૂટ્યા હતા. બી.એ.ડાંગર કોલેજની પાછળ આવેલા વિસ્તારમાં રાત્રે ૩ વાગ્યે પિશાચરોએ ચોરીને અંજામ આપ્યો હતો. બે શખ્સ સીસીટીવીમાં કેદ થયા છે. સંદીપભાઈ નકુમના મકાનમાંથી દોઢ લાખની મતા ચોરાઈ હતી, બે મકાનોમાં કોઈ વસ્તુ ગઈ નથી. યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ફરિયાદી સંદીપભાઈ રામજીભાઈ નકુમ (ઉ.વ.૩૬, રહે. જામનગર રોડ બી.એ.ડાંગર કોલેજની પાછળ મારૂતિનંદન સોસાયટી ૨૫ વારીયા મકાન કવાર્ટર નં ૫૩૪ રાજકોટ)એ જણાવ્યું કે, હું મારી પત્ની પ્રવિણાબેન મારા પિતા રામજીભાઈ તથા મારા માતા લાડૂબેન સાથે રહું છું અને અને કડીયાકામ કરું છું. અમારું મૂળ ગામ જામનગર જિલ્લાનું શેખપાટ ગામ છે. ગઇકાલ તા.૩/૫/૨૦૨૪ના બપોરના બે વાગ્યે હું તથા મારી પત્ની બંને મારા કાકા રણછોડ ભાઈની તિથી હોવાથી અમારું મકાન બંધ કરી તાળુ મારી શેખપાટ જવા માટે નીકળેલ હતા. તા.૪/૫/૨૦૨૪ના સવારના નવેક વાગ્યે પાછા ઘરે આવતાં જોયું તો અમારા ઘરની ડેલીના તાળાનું હૂંક સહિત નકૂચો તૂટેલ હતો. દરવાજો ખુલ્લો હતો. જેથી કાંઇક અજુગતું બનેલ હોય તેવું વિચારી ઘરમાં જતાં જોયું તો અમારા ઘરમાં રૂમના દરવાજા ખુલ્લા હતા. અને તાળા મારેલ હતા. તે નકૂચો કાપેલ હતો અને દરવાજા ખુલ્લા હતા. અંદર જઈ મારા રૂમમાં તથા મારા પપ્પાના રૂમમાં જઇ જોયુ તો રૂમમાં રાખેલ લોખંડની તિજોરીના દરવાજા ખુલ્લા હતા અને તેનો સામાન બહાર કાઢી નાખેલ હાલતમાં વેરવિખેર હાલતમાં રૂમમાં પડેલ હતો. ત્યારે મારા ઘરમાં ચોરી થયાનું જણાઈ અને મેં તથા મારી પત્નીએ જોયુ તો મારા રૂમમાં રાખેલ તિજોરીમાં જેમાં પોર્ટફોલીયોમાં મેં બે દીવસ પહેલા બેંકમાંથી ઉપાડેલ રૂ ૧૮૦૦૦ રોકડા જે મેં રાખેલ હતા તે જોવામાં આવેલ નહીં તથા મારી પત્નીએ તેના પર્સમાં તેની બચતનાં ભેગા કરેલા રૂ આશરે ૧૦ હજાર પણ જોવામાં આવેલ નહીં અને મારી પત્નીએ તેની બે જોડી સોનાની બૂટી જે પાંદડી વારી તથા મીણા વારી હતી જે બંનેનો વજન આશરે ૧૦ ગ્રામ જેટલો હતો. જેની આશરે કિંમત રૂ.૫૦ હજાર ગણાય તથા મારી પત્નીએ એક નાના પર્સમાં ચાંદીની જાજરી આશરે ૨૦૦ ગ્રામ વજનની જેની કિંમત રૂ ૧૦૦૦ ગણાય જે પણ જોવામાં આવેલ નહીં આમ કુલ કિ.રૂ.૭૯૦૦૦ની માલમત્તાની કોઇ શખ્સ અમે ઘરે ન હતા તે દરમિયાન આવી અમારા ઘરમાં ડેલીએ મારેલ તાળાનું નકુચો તોડી તથા રૂમના દરવાજાને મારેલ તાળાના નકૂચા કાપી રૂમમાં રાખેલ તિજોરી ખોલી જેમાં રાખેલી રોકડ રકમ તથા સોસાની બૂટી તથા ચાંદીની જાંજરી ની માલમત્તાની ચોરી કરી લઈ ગયેલ હોય અમે તુરંત પોલીસને ૧૦૦ નંબર ઉપર જાણ કરી હતી. સંદીપભાઈએ વધુમાં જણાવેલ કે, આ ઉપરાંત મેં આસપાસ તપાસ કરતા અમારા ઘર પાછળની શેરીમાં રહેતા રોહિતભાઈ પરમાર, દિનેશભાઇ કલાભાઈ નકુમના મકાનમાં પણ તસ્કરોએ ચોરીનો પ્રયાસ કર્યો હતો તેવું જાણવા મળેલ. ઉપરાંત બે લોકો રાત્રે ૩ વાગ્યા આસપાસ શેરીમાં ચાલતા અને મકાનમાં વંડી ટપી ઘરમાં જતા જોવા મળેલ. બપોર બાદ પોલીસ ડોગ સ્કવોડથી તપાસ હાથ ધરશે.

## મતદાનના દિવસે વોટીંગ બુથ પર 'રામકીટ': ડો.માંડવીયાના પ્રયોગથી કાર્યકરો ગદગદીત

### ઉનાળામાં તબીયતનું ધ્યાન રાખજો: પોરબંદરમાં ઓઆરએસ અને દવાની વ્યવસ્થા કરાવતા મનસુખભાઈ




રાજકોટ,તા.૪

મંગળવારે લોકસભાની ચૂંટણીનું મતદાન છે ત્યારે પોરબંદરના ભાજપના ઉમેદવાર ડો.મનસુખ માંડવીયાએ ભારે તાપ વચ્ચે બુથપર ઓઆરએસ પૅકેટ તથા અન્ય જરૂરી દવાસાથેની 'રામકીટ' મતદારો માટે મુકવાની પ્રયોગ કર્યો છે.કેન્દ્રીય મંત્રીએ તમામ કાર્યકરોને લખેલા પત્રમાં જણાવ્યુ છે કે, તા.૭ના રોજ પોરબંદર લોકસભા અને માણાવદર વિધાનસભાની બેઠક માટે મતદાન થવાનું છે. આ પૂર્વેના દિવસો પરિશ્રમની પરાકાષ્ઠા માટેના છે. ૧૦૦ ટકા ઘરે પહોંચી ત્રીજી વખત નરેન્દ્રભાઈને વડાપ્રધાન બનાવવા અનુરોધ કરવાનો છે.આ દિવસો ઉનાળાના છે જેથી પોતાની તબીયત સાચવવા સાથે કાર્યકરો પાસે મેડીકલ બુથ કીટ મુકાશે.તેમાં ઓઆરએસ પાવડર, ટેબ્લેટ સાથેની લોડીંગ ડોઝ (રામકીટ) રાખવામાં આવશે.આ પ્રયોગ સાથે આરોગ્ય પ્રધાને નવો અને સૌની ચિંતા કરતો પ્રયોગ કર્યો છે.જેનાથી કાર્યકરોએ ગદગદીત થઈ તેમનો આભાર માન્યો છે.

રાજકોટની પીડીયુ હોસ્પિટલમાં ગત રાત્રે બનેલો બનાવ

# આર્થિક સંકડામણના કારણે માનસિક અસ્વસ્થ થયેલો શ્રમિક સિવિલ હોસ્પિટલના ચોથા માળે આપઘાત કરવા પહોંચ્યો'તો

**મૂળ મધ્યપ્રદેશ હાલ અમરેલીના નાની વડાળી ગામે ખેતમજૂરી કરતો રાજુ ગુંઢીયા પગમાં ઇજા થવાના કારણે છ દિવસ પહેલા હોસ્પિટલમાં દાખલ થયો હતો**

**યુવક પાસે એક રૂપિયો પણ ન હોય, હોસ્પિટલ સ્ટાફ, ૧૦૮ સ્ટાફ, વગેરે પાસે પૈસા માંગતો હતોઃ ચોથા માળે ચડી જતા નાગરિકો, પોલીસ અને ફાયરબ્રિગેડની મદદથી બચાવી લેવાયો**







રાજકોટ, તા.૪

રાજકોટની પીડીયુ સિવિલ હોસ્પિટલમાં ગત રાત્રે આપઘાત પ્રયાસનો બનાવ બન્યો હતો. જેમાં ટ્રોમા સેન્ટરના ચોથા માળે એક વ્યકિત બારીની બાલ્કનીમાં ચડી જતા ત્યાંથી પડતું મુકવા પ્રયત્ન કરતો હોય તેવું લોકો જોઈ જતા બિલ્ડીંગ નીચે લોકોના ટોળા ભેગા થઈ ગયા હતા. જોકે, નાગરિકો, પોલીસ ટીમ અને ફાયરબ્રિગેડની મદદથી તેને બચાવી લેવાયો હતો. પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે કે, આર્થિક સંકળામણના કારણે માનસિક અસ્વસ્થ થયેલો શ્રમિક સિવિલ હોસ્પિટલના ચોથા માળે આપઘાત કરવા પહોંચ્યો હતો. પોલીસ પૂછપરછમાં તેનું નામ રાજુભાઈ મુન્નાભાઈ ગુંઢીયા (ઉ.વ.૩૮, રહે. હાલ નાની વડાળી, જિ. અમરેલી, મૂળ મધ્યપ્રદેશ) હોવાનું જાણવા મળેલ છે. ખેતમજૂરી કરતો રાજુ ગુંઢીયા પગમાં ઇજા થવાના કારણે છ દિવસ પહેલા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. દરમિયાન ગત રાત્રે ૧૦ વાગ્યા આસપાસ રાજુ કોઈપણ રીતે ટ્રોમા સેન્ટરના ચોથા માળે બારી બહારની બાલ્કનીમાં પહોંચી ગયો હતો. જેને નીચે ઉભેલો સિવિલ હોસ્પિટલનો સિક્યુરિટી સ્ટાફ, હોસ્પિટલ સ્ટાફ, હોસ્પિટલમાં હાજર નાગરિકો જોઈ જતા કદાચ તે આપઘાત કરશે તેવું લોકોને લાગતા સૌએ દેકારો બોલાવી દીધો હતો. આ તરફ કોઈએ તુરંત ફાયરબ્રિગેડને જાણ કરી દીધી હતી. મોકે હાજર પોલીસ સ્ટાફ પણ મદદમાં દોડી ગયો હતો. ચોથા માળે હાજર કોઈ નાગરિકોએ ચપળતા દાખવી બારીમાંથી રાજુનો હાથ પકડી લીધો હતો. ફાયરબ્રિગેડ દ્વારા પાંચમા માળેથી અગાશી મારફતે દોરડા વડે કિલનર ભગવાનજીભાઈ ઝીંઝુવાડીયાને ઉતારવાની કવાયત શરૂ કરાઈ હતી. એકાદ કલાકની જહેમત બાદ યુવાનને સહી સલામત રેસ્ક્યુ કરાયો હતો. રાજુ છ દિવસ પહેલા તેના પગની સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં આવ્યો હતો. અહીં ટ્રોમા સેન્ટરમાં પાંચમાં માળે તેને દાખલ કરી ડોક્ટરો સારવાર કરી રહ્યા હતા. તે આર્થિક ભીંસ અનુભવી રહ્યો હતો. લોકો પાસે પહેલા રૂપિયા માંગતો હતો. જે પછી આ રીતે બારી પર ચડી ગયો હતો.

## અહીયાં ક્રિકેટ રમવું નહિ કહી બાળકને ફડાકો માર્યો, સમજાવવા જતાં તેનાં પિતા પર ત્રણ શખ્સોનો હુમલો

રાજકોટ તા.૪

અહિયાં ક્રિકેટ રમવું નહિ કહી બાળકને ફડાકો મારતાં બાળકના પિતા સમજાવવા ગયા હતાં ત્યારે તેના સગાભાઈ સહીત ત્રણ શખ્સોએ હુમલો કર્યો હતો.

બનાવની વિગત મુજબ ધારી તાલુકાના દલખાણીયામાં રહેતાં હકાભાઈ ભુરાભાઈ વાઘેલા (ઉ.વ.૫૦) નામનાં યુવક પર તેનાજ સગાભાઈ અને ભાઈના દીકરા તથા ભાઈના સસરાએ પાઈપ વડે હૂમલો કર્યો હતો. હાલ યુવકને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. હકાભાઈનો પુત્ર દાદુ ગત તા.૧ મે ના રોજ સાંજના સમયે પોતાનાં ઘર પાસે ક્રિકેટ રમતો હતો. ત્યારે તેની બાજુમાં જ રહેતાં સાવાભાઈએ કહ્યું કે અહીંયા મારા ઘર પાસે ક્રિકેટ રમવું નહિ કહી ફડાકો મારી લીધેલ. બાદ દાદુના પિતા હકાભાઈ સવભાઈને સમજાવવા ગયા ત્યારે હકાભાઈના સગા ભાઈ જેતુભાઈ અને તેનો પુત્ર ટપુભાઈ તથા તેનાં ભાઈના સસરા સવાભાઈએ ઉશ્કેરાઈ જઈને ઝઘડો કરી પાઈપ વડે હકભાઈને માર માર્યો હતો. ત્યાર બાદ ઈજાગ્રસ્ત થયેલ હકાભાઈને સારવાર અર્થે ધારી સરકારી હોસ્પિટલ બાદ અમરેલી સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યાર બાદ વધુ સારવાર જણાતાં જુનાગઢ અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે.

## બ્લેક ફિલ્મ વેચનાર સામે તવાઈ, રાજકોટમાં ત્રણ ગુના નોંધાયા

રાજકોટ, તા.૪

રાજકોટમાં વાહનમાં લગાવાતી બ્લેક ફિલ્મ અને વેચનાર શખ્સો સામે એ ડિવિઝન પોલીસે તવાઈ હાથ ધરી છે. જેમાં ગોંડલ રોડ ઉપર રોનક કોમ્પ્લેક્ષ પાસે જય જલારામ એસેસરીઝ નામે દુકાન ધરાવતાં દેવેન્દ્ર મોહનભાઈ રાયચુરા (ઉ.વ.૪૭, રહે, આવકાર સ્કવેર આનંદ બંગલા ચોક), અને દર્શન કોમ્પલેક્ષ પાસે ઈન્ડીયન કાર ડેકોર નામે દુકાન ધરાવતાં સુરેશ હેમરાજભાઈ ઝરીયા (ઉ.વ.૩૨, રહે, વિજય પ્લોટ) નામનાં દુકાન ધારક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે માલવિયા નગર પોલીસે અટીકા ફાટક પાસે પેઈન્ટ રાણપરા રેડીયમ આર્ટ નામે દુકાન ધરાવતાં શૈલેષ રતીલાલ રાણપરા (ઉ.વ.૪૭, રહે, મારૂતી પાર્ક) સામે જાહેરનામા ભંગ બદલ કાર્યવાહિ કરી હતી.

## ભગીરથ સોસાયટીમાંથી લાઇન પર ક્રિકેટ સટ્ટો રમતો પરેશ કારેણા ઝડપાયો

**બી. ડિવિઝન પોલીસ મથકના કોન્સ્ટેબલ જગદીશ વાંકની બાતમીઃ લાઇન આપનાર અનિલ રાઠોડ અને રોહિત રાઠોડની શોધખોળ**

રાજકોટ. તા.૦૪

ભગીરથ સોસાયટીમાં મુંબઇ ઇન્ડીયન્સ અને કોલકતા નાઇટ રાઇડર્સ વચ્ચે રમાતી ક્રીકેટ મેચ ઉપર જુગાર રમતાં પરેશ કારેણાને બી. ડિવિઝન પોલીસે દબોચી કાર્યવાહી કરી હતી. જ્યારે ક્રિકેટ સટ્ટો રમવા લાઇન આપનાર અનિલ રાઠોડ અને રોહિત રાઠોડની શોધખોળ હાથ ધરી હતી. દરોડાની વિગત મુજબ, બી. ડિવિઝન પોલીસ મથકના પીઆઈ એસ.એમ.જાડેજાની રાહબરીમાં પીએસઆઈ કે.ડી.મારૂ ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથેના કોન્સ્ટેબલ જગદીશ વાંકને ભગીરથ સોસાયટી શેરી નં.૦૨ હનુમાનજીના મંદીર પાસે એક શખ્સ આઈપીએલ સિરીઝની મેચ પર ક્રિકેટ સટ્ટો રમે છે તેવી ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી શખ્સને દબોચી તેનું નામ પૂછતાં પરેશ અરજણ કારેણા (ઉ.વ.૩૪) હોવાનું જણાવ્યું હતું. તેની પાસે રહેલ મોબાઇલ ફોનમા કોલ હિસ્ટ્રી ચેક કરતા છેલ્લો કોલ મો.નં.૭૬૯૮૪૭૦૪૭૭ વાળાનો જોવામા આવેલ જેમા ચેક કરતા કોલ રેકોડીંગ જોતા મુંબઇ ઇન્ડીયન્સ અને કોલકતા નાઇટ રાઇડર્સ વચ્ચે રમાતી ક્રીકેટ મેચ ઉપર સોદો નાખેલ હોય જે બાબતે તેની પુછપરછ કરતાં તેમને લાઇન રોહિત રાઠોડ અને અનીલ રાઠોડ (રહે.ભગીરથ સોસાયટી) આપી હોવાની કબૂલાત આપી હતી.

બી.ડિવિઝન પોલીસે પરેશ કારેણાની ધરપકડ કરી રૂ.૨૦૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જ્યારે લાઇન આપનાર બંને શખ્સોની શોધખોળ હાથ ધરી હતી. વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, ક્રિકેટ સટ્ટો રમવા લાઇન મેળવવા પરેશે તેના મિત્ર રોહિત રાઠોડ મારફતે રોહિતના તેના સગા ભાઈ અનિલ રાઠોડ પાસેથી મેળવી હતી.

## આંબેડકરનગરમાં સાસરિયાના ત્રાસથી પરિણીતાએ આપઘાત કર્યો'તોઃ ગુનો નોંધાયો

**બે 'દિ પહેલાં કાજલબેને પતિ સહિતના સાસરિયા ત્રાસ આપે છે તેવો ભાઈને ફોન કરી ગળાફાંસો ખાઈ લીધો'તોઃ જામકંડોરણા રહેતાં મૃતકના ભાઈએ બહેનના પતિ, સાસુ-સસરા અને નણંદ સામે ફરિયાદ નોંધાવીઃ માલવીયાનગર પોલીસે કાર્યવાહી કરી**



રાજકોટ. તા.૦૪

આંબેડકરનગરમાં સાસરિયાના ત્રાસથી પરિણીતાએ આપઘાત કર્યો હોવાનું ખુલતાં તેના જામકંડોરણા રહેતાં ભાઈએ બહેનના પતિ, સાસુ-સસરા અને નણંદ સામે ફરિયાદ માલવીયાનગર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગે જામકંડોરણામાં આંબેડકરવાસમાં રહેતાં મનહરભાઈ બીજલદાસ પરમાર (ઉ.વ.૨૯) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે તેમની મૃતક બહેનના પતિ હિતેષ રાઠોડ, સાસુ મંજુ રાઠોડ સસરા દેવજી રાઠોડ અને નણંદ ગીતાબેનનું નામ આપતાં માલવીયાનગર પોલીસે આઇપીસી ૩૦૬, ૪૯૮ (ક) સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ મજૂરીકામ કરે છે. તેઓ ચાર ભાઇ-બહેન છે. સૌથી નાના કાજલબેન (ઉ.વ.૨૫) ના લગ્ન તા.૨૫/૦૭/૨૦૨૦ ના હિતેશ રાઠોડ સાથે થયેલ હતા. લગ્નના આશરે એકાદ વર્ષ બાદ હિતેષની નાની બહેનને તેમના કાકાના દિકરા સાથે પ્રેમસબંધ હોય જેની જાણ કાજલે તેની સાસુ મંજુબેનને કહેલ જેથી બંને વચ્ચે માથાકુટ થયેલ હતી. જે બાબતની જાણ કાજલે તેમની માતાને ફોનથી જાણ કરેલ હતી. ત્યારબાદ તેમની બહેનને તે બાબતે તેમના સાસુ-સસરા મેણાટોણા મારી ઝગડો કરતા હતાં. બાદમાં તેણીની બહેનનો પતિ અને મોટી નણંદ ગીતાબેન તે બાબતે અવારનવાર ઝઘડો કરતાં હતાં. કાજલ ચાર વર્ષના લગ્નના સમયગાળા દરમ્યાન ચારથી પાંચ વાર રીસામણે આવેલ હતી. જે બાબતે પરિવારને કાજલે તેના સાસુ-સસરા, પતિ અને તેની નણંદ માનસીક ત્રાસ આપતા હોય જે બાબતે અવારનવાર જણાવેલ હતું. તેમજ તેમની બહેન કાજલ પેટ્રોલપંપમાં બે માસથી નોકરી કરતી હતી અને ગઇ તા.૨૬/૦૪/૨૦૨૪ ના તેણીને બે દિવસની રજા હોય જેથી તે જામકંડોરણા પીયર ઘરે આવવાનું કહેલ બાદ આશરે એકાદ કલાક બાદ બનેવી હિતેષનો ફોન આવેલ કે, તમારી બહેન રૂમમાં પુરાઈ ગયેલ છે. જેથી તેમને બહેન સાથે વાત કરાવવાનું કહેતાં વાત કરાવેલ નહી અને બનેવીએ જણાવેલ કે, તમારી બહેનને જે કાંઈ થઈ જાય જવાબદારી મારી નહી અને તમે અહીં રાજકોટ આવી જાવ, જેથી તેઓ ઘરે આવી પરિવારને વાત કરી હતી. દરમ્યાન નવેક વાગ્યે તેના બનેવી હિતેષનો ફોન આવેલ કે, તમારી બહેન કાજલે ગળાફાંસો ખાઇ લીધેલ છે. જેથી તેઓ પરીવાર સાથે રાજકોટ દોડી આવ્યાં હતાં. ત્યારે તેણીના પતિ કે સાસુ-સસરા વિરુધ્ધ ફરીયાદ કરેલ નહી. બાદમાં તા.૦૨/૦૫/૨૦૨૪ ના તેમની બહેન કાજલનો સવારના આઠેક વાગ્યે ફોન આવેલ અને જણાવેલ કે, અમારે કાયમીની રામાયણ થાય છે અને મારા પતિ, સાસુ-સસરા અને નણંદ ગીતા મારી સાથે ઝઘડો કરે છે. જેથી તેઓ જામકંડોરણાથી ગાડિમાં દોડી આવેલ તેમના સાસરિયાના ઘરે જતાં તે રૂમમાં પંખાના સળીયામાં ચુંદડી નાંખીને તેમનો બહેન લટકતી હાલતમાં હતી અને બાદમાં પોલીસે પી.એમ.ની કાર્યવાહી કરેલ હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી માલવીયાનગર પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાં તજવીજ હાથ ધરી હતી.

## શીતળાધાર પાસેથી બલેનો કારમાંથી દારૂની ૯૬ બોટલ સાથે બે શખ્સો ઝડપાયા

રાજકોટ, તા. ૪

શીતળાધાર પાસે આવેલ સરદાર ગૌશાળાની બાજુમાંથી કારમાં ભરેલ દારૂની ૯૬ બોટલ સાથે બે શખ્સોને આજી ડેમ પોલીસે દબોચી રૂા.૬.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. દરોડાની વિગત મુજબ આજી ડેમ પોલીસ મથકના પીએસઆઇ એ.જે.પરમાર સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે સાથેના કોન્સ્ટેબલ ગોપાલ બોળીયાને મળેલ ચોકકસ બાતમીના આધારે શીતળાધાર સરદાર ગૌશાળાની બાજુમાં બલેનો કાર નં. જીજે ૩ એનકે ૪૭૮૯માં તપાસ કરતા તેમાંથી અલગ અલગ બ્રાન્ડની શરાબની ૯૬ બોટલ મળી આવતા રોહિત રમેશ પરમાર (રહે. કોઠારીયા સોલવન્ટ, સીતારામ સોસા. શેરી નં. ૭) અને અભય જીતુ કોડીયાતર (રહે. જુનાગઢ)ને દબોચી દારૂ અને કાર મળી રૂા. ૬.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. દારૂ કયાંથી લાવ્યા અને કોને સપ્લાય કરવાનો હતો તે અંગે પુછતાછ હાથ ધરી હતી.

## સાધુવાસવાણી રોડ પર ઘરના વીજ મીટર બોકસમાં આગ લાગી

રાજકોટ,તા.૪

રાજકોટઃ શહેરના સાધુવાસવાણી રોડ પર આવેલા નંદવન પાર્ક શેરી નં.૨ પરેના ડાઉઝ મકાનના વીજ પોલમાં લાગેલ વીજ મીટરમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. સવારે ૧૧.૪૨ વાગ્યે ફાયર બ્રિગેડને જાણ થતા જયપાલસિંહ ઝાલા, હર્ષદભાઈ, સંદિપભાઈ, નિલેશભાઈ, કિરણકુમાર વગેરે જવાનો દોડી ગયા હતાં.પ્રથમ પીજીવીસીએલને જાણ કરી લાઈનબંધ કરાવી એસીબી એકઝટીકયુઝરની મદદથી આગ બુઝાવી હતી. આગથી મોટર વાઈરીંગ બળી ગયું હતું.મકાન માલિક હિતેષભાઈ અને ફાયર બ્રિગેડને જાણ કરનાર પ્રશાંતભાઈ ટોલીયા અત્રે હાજર હતા.નુકશાનનો આંક જાણવા મળેલ નહોતો.

# મતદાન 'ફર્સ્ટ': ૧૦૦ ટકા મતદાન માટે ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં મંગળવારે સવેતન રજા

## મતદાન માટે પ્રોત્સાહિત કરવા વર્કરો માટે જમણવાર અને સરપ્રાઈઝ ગીફટનું આયોજનઃ રાજકોટની મુખ્ય બજારોના વેપારીઓ વોટ આપી દુકાન ખોલશેઃ '૭ તારીખને ૭%' ડીસ્કાઉન્ટની વિચારણા

રાજકોટ તા.૪

તા.૭મેનાં ગુજરાતમાં ચૂંટણી યોજાવા જઈ રહી છે. લોકશાહીના મહા પર્વને સફળ બનાવવા માટે લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વિવિધ પક્ષોના ઉમેદવારો એડીચોટીનું જોર લગાવીને વિજય મેળવવા અથાગ પ્રયાસો કરી રહ્યા છે. તેમજ તંત્ર દ્વારા પણ આયોજનો થકી તેમજ અલગ અલગ એસો.ને ભેગા કરી બહોળા પ્રમાણમાં મતદાન થાય તેવા પ્રયાસો કરી રહેવામાં આવી રહ્યા છે. રાજકોટમાં વેપારીઓનું પ્રતિનિધિત્વ કરતું એસો. રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા પણ લોકોને મતદાન માટે અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત રાજકોટની વિવિધ ઈન્ડસ્ટ્રીના પ્રમુખો તેમજ વર્કરોને પણ મતદાન માટે અપીલ કરી છે. આ દિવસે જાહેર રજાનું સુચન કરવામાં આવ્યું છે આથી રાજકોટની આજી જીઆઈડીસી, જીઆઈડીસી લોધીકા, ગુજરાત સિમેન્ટ મેન્યુ. ફેકચરી એસો., જેમ્સ એન્ડ જવેલરી એસો., હડમતાલા ઈન્ડસ્ટ્રીયલ એસો., હરીપર ઈન્ડસ્ટ્રીયલ એસો., ખાંભા ઈન્ડસ્ટ્રીયલ એસો., ખીરસરા જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસો. કુવાડવા ઈન્ડસ્ટ્રીયલ એરીયા એસો. દ્વારા વર્કરોને મંગળવારના રોજ મતદાન માટે રજા જાહેર કરાઈ છે.

બહોળા મતદાન માટે રાજકોટની મુખ્ય બજારના વેપારીઓએ પણ અભિયાન હાથ ધર્યુ છે. છેલ્લા ૧૫ દિવસથી તેઓ મતદાન અપીલના સંદેશા લોકો સુધી પહોંચાડી રહ્યા છે. ત્યારે તા.૭મેનાં મતદાનના દિવસે ધર્મેન્દ્ર રોડ, લાખાજીરાજ રોડ, ગુંદાવાડી, કોઠારીયા નાકા મેઈન રોડ, ઘીકાંટા રોડ સહિતની બજારોના વેપારીઓએ મતદાન કરીને જ દુકાન ખોલવાનો નિર્ણય કર્યો છે. તેમજ ખરીદી માટે આવતા ગ્રાહકો માટે ડીસ્કાઉન્ટ સહિતની ઓફરોની ચર્ચાઓ થઈ રહી છે.

આજી જીઆઈડીસી ઈન્ડ. એસો.ના પ્રમુખ નરેશભાઈ શેઠ જણાવે છે કે મંગળવારે તમામ વર્કરો માટે રજા રાખવામાં આવી છે આ ઉપરાંત અન્ય ફેકટરીના માલીકો દ્વારા જમણવાર અને સરપ્રાઈઝ ગીફટ આપવાનું આયોજન કરાયું છે. આથી બહોળા પ્રમાણમાં મતદાન થાય તે માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. લોધીકા જીઆઈડીસી ઈન્ડ. એસો.ના પ્રમુખ નરેન્દ્રસિંહ જાડેજા જણાવે છે કે, અંદાજે ૪૦ હજારથી વધુ લોકો લોધીકામાં કામ કરી રહ્યા છે. જેને પગલે લોધીકા જીઆઈડીસીની તમામ ઈન્ડસ્ટ્રીમાં મંગળવારે રજા જાહેર કરાઈ છે. ઉપરાંત બુધવારે પણ રજા આપવામાં આવશે.

હરીપર ઈન્ડસ્ટ્રીલ એસો.ના પ્રમુખ ડેનીશભાઈ હડવાણી જણાવે છે કે મંગળવારે અને બુધવારે સવેતન રજા આપવામાં આવશે. તેમજ ૧૦૦ ટકા મતદાન માટે વર્કરોને ઘરેથી મતદાન બુથ સુધી દેવા-મુકવા જવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. વોટ કરેલ નિશાન બતાવનાર વર્કરને ગીફટ આપવામાં આવશે. આ એરીયામાં ૧૦૦ ફેકટરીઝ આવેલી છે જેમાં અંદાજીત ૨૦૦૦ લોકો કામ કરે છે. ખાંભા ઈન્ડ. એસો.ના પ્રમુખ ભરતભાઈ ટીલવા જણાવે છે કે અંદાજે ૫૦ કારખાનામાં ૫૦૦ વર્કરો કામ કરે છે. આથી મંગળવારે રજા આપી વર્કરોને મતદાન માટે અપીલ કરવામાં આવી છે. મંગળવારે તો રજા રહેશે જ તેમજ બુધવારે પણ રજા આપવામાં આવશે. સવેતન રજા આપવાથી વર્કરોમાં નવો જોશ ઉમેરાયો છે.

ખીરસરા જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસો.ના પ્રમુખ પ્રશાંત સુચક જણાવે છે કે મંગળવારે મતદાન હોવાથી ૧૦૭ ફેકટરીઓમાં રજા જાહેર કરવામાં આવી છે. ગુજરાત સિમેન્ટ એસો.ના પ્રવિણભાઈ સખીયા જણાવે છે કે સવેતન રજા આપવાથી વર્કરો મતદાન માટે પ્રોત્સાહિત થાય છે. આથી મંગળવારે વર્કરોને રજા આપવામાં આવી છે. જેથી તેઓ પોતાના સમય અનુસાર મતદાન કરી શકે. આ એસો.માં ૫૦ ફેકટરીઓ આવેલ છે. જેમાં ૭૦૦ લોકો કામ કરે છે. મતદાન કરનાર મતદારને સરપ્રાઈઝ ગીફટ આપવાનું નકકી કરાયું છે.

કુવાડવા ઈન્ડસ્ટ્રી એરીયા એસો.ના અનીલભાઈ વાણપરીયા જણાવે છે કે અમારા એરીયામાં આજુબાજુના રહેવાસીઓ કામ કરતા હોવાથી સંપૂર્ણ રજા જાહેર કરવામાં આવી નથી પરંતુ સમયમાં છુટછાટ આપવામાં આવી છે. વર્કરો પોતાના સમય અનુસાર મતદાન કરી શકે. જેમાં વેતન ઉપર કોઈ અસર નહીં થાય.

ધર્મેન્દ્ર રોડ એસોસીએશન, લાખાજીરાજ રોડ વેપારી એસો. રાજકોટ કલોથ મર્ચન્ટ એસો. હોલસેલ ટેક્ષટાઈલ એસો. રેડીમેઈડ ગારમેન્ટ એસો. ઘીકાંટા રોડ, કટલેરી-હોઝીયરી વેપારી એસો. દ્વારા મતદાનના દિવસે ચોકકસપણે મતદાન થાય તે માટે નિર્ણય લેવાયો છે કે તમામ વેપારીઓ મતદાન કરીને જ દુકાન ખોલશે. આ ઉપરાંત દુકાનમાં કામ કરતા લોકોને બે-બે કલાકનો સમય આપી મતદાન માટે રજા અપાશે. આ એરીયામાં ૧૫૦૦થી વધુ દુકાનો આવેલી છે આથી બહોળા પ્રમાણમાં મતદાન થઈ શકે તેમ છે.

આ ઉપરાંત વેપારીઓએ ગ્રાહકોને ડીસ્કાઉન્ટ આપવાની ચર્ચાઓ ચાલી રહી છે. તા.૭મે હોવાથી મતદાનનું નિશાન દર્શાવનારને ૭ ટકા ડીસ્કાઉન્ટ આપવાની ચર્ચા વેપારીઓ કરી રહ્યા છે.

# તા.૧૦ના અખાત્રીજઃ આ દિવસે ભગવાન પરશુરામ, હયગ્રીવ તથા નર નારાયણ પૃથ્વી પર અવતર્યા હતાઃ શુભ-શુકનવંતો દિન

## અક્ષય તૃતીયા તિથિ તા.૧૦ના સવારે ૧૦-૧૭ થી શરૂ થશે, તા.૧૧ના શનિવારના બપોરના ૨-૫૦ સુધી ચાલશેઃ ગુરુ-શુક્રના અસ્તના કારણે લગ્નના મુહર્ત નથીઃ સોના-ચાંદીની ખરીદી માટે અતિ શુભઃ પૂજા પાઠ લાભદાયકઃ આ દિવસે જૈનોના પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ પરમાત્માના ૪૦૦ ઉપવાસના પારણા થયા હતા

રાજકોટ, તા.૪

આગામી તારીખ ૧૦મીના શુક્રવારના અખાત્રીજ કે અક્ષય તૃતીયા છે. હિંદુ તહેવારોમાં અક્ષય તૃતીયાનું અનન્ય મહત્વ છે. અક્ષય તૃતીયા તિથિ તા.૧૦ના સવારે ૧૦.૧૭થી શરૂ તશે અને તા.૧૧ના શનિવારના સવારે ૨-૫૦ વાગ્યા સુધી ચાલશે.

અક્ષય તૃતીયાના દિવસે સુકર્મયોગ પણ મનાવવામાં આવશે. સુકર્મ યોગ બપોરના ૧૨-૦૭ વાગ્યે શરૂ થશે. જે બીજા દિવસે સવારે ૧૦ વાગ્યા સુધી ચાલશે. આ સમય દરમ્યાન સોના-ચાંદીની ખરીદી કરવી શુભ માનવામાં આવે છે.

આ દિવસે રોહિણી નક્ષત્ર સવારે ૧૦.૪૮ વાગ્યા સુધી રહેશે. આ નક્ષત્રનો સ્વામી શુક્ર છે. ભૌતિક સુખો આપનાર છે. રોહિણી નક્ષત્રમાં કોઈપણ પ્રકારનું કાર્ય શરૂ કરવું શુભ સાબિત થઈ શકે છે.

આ સાથે તૈતિલ અને ગર કરણનું નિર્માણ પણ આ દિવસે થશે. એટલા માટે અક્ષય તૃતીયા ખૂબ જ વિશેષ માનવામાં આવશે.

### પૂજા અને ખરીદી માટે શુભ મુહૂર્ત

અક્ષય તૃતીયાના દિવસે ભગવાન વિષ્ણુ અને માતા લક્ષ્મીની પૂજા કરવામાં આવે છે. શ્રીયંત્રની પૂજા, સત્યનારાયણની કથા વગેરે કરી શકાય છે.

આ દિવસે પૂજાનો શ્રેષ્ઠ સમય સવારે



૫-૩૩ થી ૧૨-૧૭ સુધીનો રહેશે. આખો દિવસ ખરીદી માટે શુભ માનવામાં આવશે. સોનુ-ચાંદી ખરીદવામાં આવશે તો તે વધુ શુભ સાબિત થશે. બપોર પછી સુકર્મ યોગ શરૂ થનાર છે.

### લગ્નના મુહુર્ત નથી

રાજકોટના શાસ્ત્રી રાજદીપ જોષીએ જણાવ્યું કે આ વખતે અક્ષય તૃતીયાના



ગુરૂ શુક્રના અસ્તના કારણે લગ્નના મુહુર્ત નથી. છતાંય સમુહ લગ્નના આયોજનો થતાં હોય છે.

આ દિવસે પૂજાપાઠ, ગૃહશાંતિનો હવન, શ્રી યંત્રની સ્થાપના, રાંદલ માતાજીના લોટો તેડાવવા વગેરે ધાર્મિક કાર્યો કરી શકાય છે. નવી ઓફિસનું ઉદ્દઘાટન કરી શકાય છે.

જૈનોના પ્રથમ તીર્થંકર ભગવંત શ્રી આદિનાથ પ્રભુએ અક્ષય તૃતીયાના દિવસે સળંગ ૪૦૦ ઉપવાસના પારણા કર્યા હતા તેથી જે લોકોએ વર્ષી તપની તપશ્ચર્યા કરી હોય. તેઓનો પારણા મહોત્સવ ઉજવાશે. પાલીતાણામાં મોટાપાયે વર્ષી તપના આરાધકોના પારણા મહોત્સવ યોજવામાં આવે છે.

### ભગવાન પરશુરામ જયંતી

અખાત્રીજના ભગવાન પરશુરામ જયંતી સમસ્ત બ્રહ્મ સમાજ અનેરા ધર્મોલ્લાસ સાથે ઉજવે છે. આ દિવસે ભુદેવો શોભાયાત્રા, મહા આરતી તથા મહાપ્રસાદના આયોજનો કરવામાં આવે છે.

### ઐતિહાસિક ઘટનાઓ

અખાત્રીજના દિવસે માતા ગંગા પૃથ્વી પર અવતર્યા હતા અને ગંગાના અવતાર દ્વારા રાજા સાગરના ૬૦ હજાર પુત્રો મુક્ત થયા હતા. મહાભારતનું યુદ્ધ પણ આ દિવસે સમાપ્ત થયું હતું. આ દિવસે ભગવાન પરશુરામ, હયગ્રીવ, નર નારાયણ પૃથ્વી પર અવતર્યા હતા. આ ત્રણેય ભગવાન વિષ્ણુના અવતાર માનવામાં આવે છે.

સત્યયુગ અને ત્રેતાયુગનો આ દિવસથી ભગવાન જગન્નાથના રથ બનાવવાની તૈયારીઓ શરૂ થઈ જાય છે. આ દિવસે સુદામા ભગવાન શ્રી કૃષ્ણને મળવા આવ્યા હતાં.

# આજે શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પ્રાગટય ઉત્સવ પ્રસંગે સાંજે વૈષ્ણવાચાર્યોના સાંનિધ્યમાં શોભાયાત્રા

રાજકોટ,તા.૪



રાજકોટમાં સમસ્ત વૈષ્ણવ સમાજ દ્વારા આજે પુષ્ટિપ્રવર્તક, અખંડ ભુમંડતાઆર્ય જગદ્ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીનો ૫૪૫મો પ્રાગટયોત્સવ અનેરા ધર્મોલ્લાસ સાથે ઉજવાઈ રહ્યો છે. રાજકોટમાં વિવિધ વિસ્તારોમાં આવેલી હવેલીઓમાં વલ્લભકુળના બાળકોની અધ્યક્ષતામાં વહેલી સવારથી ઉજવણી થઈ રહી છે. મનોરથોના દર્શનાથી વૈષ્ણવો વિભોર બન્યા છે. સર્વોત્તમ સેવા સંસ્થાન દ્વારા ગો.શ્રી પરાગકુમારજીમ.ના સાંનિધ્યમાં આજે સાંજે શોભાયાત્રા-ધર્મસભાનું આયોજન કરવામાં આવેલ છે.આજે શ્રી વલ્લભકુળના વૈષ્ણવાચાર્યોના સાંનિધ્યમાં શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. જશુબાઈ મંડાણથી શોભાયાત્રાનો પ્રારંભ સાંજના ૬.૩૦ વાગે થશે જે બાલકૃષ્ણ હવેલી, નવાનાકા રોડ, કંસારા બજાર, પરાબજાર થઈને સાત સ્વરૂપ હવેલીએ પહોંચશે ત્યાં કીર્તન તથા વલ્લભકુળના આચાર્યોના વચનામૃત યોજાશે તેમ વૈષ્ણવ અગ્રણી અરવિંદભાઈ પાટડીયાએ જણાવેલ છે.

# મતદાનની અપીલ કરતા પ્રકાશ કલ્યાણી

રાજકોટ,તા.૪



પ્રકાશ જયંતીલાલ કલ્યાણી (મો. ૯૪૨૭૫ ૬૫૬૩૫) મતદાન માટે અપીલ કરતા જણાવે છે કે હૃદયની ઝાલર રણઝણાવવાનો અવસર આપણા દ્વારે આવ્યો છે. આપ આપના હૃદય ઉપર હાથ રાખી તમારા આત્માના અવાજથી મતદાન કરશો.આપણા રાષ્ટ્રનો સમગ્ર વિશ્વમાં ડંકો વગાડે તેવા પક્ષને મતદાન કરજો. આપણા રાષ્ટ્રના વિકાસ માટે લોકશાહીને ઉજાગર કરવાનો મતદાનનો દિવસ ઉત્સવ પર્વ તરીકે ઉજવો જોઈએ.

મુંબઈમાં તાડદેવ ખાતે રાષ્ટ્રસંત પૂ. નમ્રમુનિ મ.ની નિશ્રામાં

# નૂતન દીક્ષિત પૂ. શ્રી પરમનેમ પ્રિયાજી મહાસતીજીનો વડી દીક્ષા મહોત્સવ અનેરા ધર્મોલ્લાસ સાથે યોજાયો


## રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મ.ના શ્રી મુખેથી નૂતન દીક્ષિત મહાસતીજીને પાંચ મહાવ્રતોથી આરોપિત, સ્થાપિત-ઉપસ્થાપિત કરાયા

રાજકોટ, તા.૪

૨૧ વર્ષની ભરયુવાન વયમાં સુખ-સમૃદ્ધિ ત્યજીને, સ્વજનોની લાગણી અને સમગ્ર સંસારનો ત્યાગ કરીને ગત રવિવારે રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના ચરણ-શરણમાં દીક્ષા અંગિકાર કરીને સંયમપંથ પર પ્રયાણ કરનારા નૂતનદીક્ષિત સાધ્વીરત્ના પૂજ્ય શ્રી પરમ નેમપ્રિયાજી મહાસતીજીને પંચમહાવ્રતથી આરોપિત કરતી વડી દીક્ષાનો અવસર તાડદેવ સ્થિત અવસર હોલ ખાતે ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ તાડદેવ સંચાલિત માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધર્મસ્થાનકથી ઉપક્રમે આયોજિત આ અવસરમાં વહેલી સવારે ધર્મસ્થાનકથી સંયમ યાત્રા પ્રારંભ થઈ ગાજતી-ગુંજતી અવસર હોલ ખાતે પૂજ્ય સંતો, સાધ્વીવૃંદ અને પ્રત્યક્ષ ઉપસ્થિત શ્રી સંઘ શ્રેષ્ઠિવર્યો અને બહોળી સંખ્યામાં ભાવિકોની સાથે લાઈવના માધ્યમે હજારો ભાવિકો જોડાતા વડી દીક્ષા મહોત્સવ યોજાયેલ.

ઉપસ્થિત ભાવિકોને, ભગવાન મહાવીરની દીક્ષિત આત્માને અર્પણ થઈ રહેલી વડી દીક્ષાના પ્રારંભિક ઈતિહાસનો સુંદર શૈલીમાં પરિચય આપીને પરમ ગુરુદેવે બોધ ફરમાવતા કહ્યું હતું કે જે પ્રતિજ્ઞાઓના પ્રયોગો, જે પ્રતિજ્ઞાઓની હૃદયસ્પર્શનાએ અને જે પ્રતિજ્ઞાઓના આધારે સાધક આત્માને પોતાના મનને કમાન્ડ આપીને સમગ્ર જીવન સંયમમય વીતાવવા માટેની વિધિ તે વડીદીક્ષા હોય. આવા સંયમ પ્રતિબદ્ધ જીવન જીવનારા સાધુ તે હોય જેના માટે કોઈ સગા ન હોય, ન કોઈ વ્હાલા હોય, જેને કોઈ સગા કે વ્હાલા





લાગતાં હોય તે કદી સાધુ ન હોય.

આવા હિતકારી બોધવચન સાથે આ અવસરે ડો. રતનબેન ખીમજી મણશી છાડવા પરિવાર દ્વારા અત્યંત અહોભાવે પરમ ગુરુદેવના પાવન કરકમલમાં એ આગમ પોથી અર્પણ કરવામાં આવી હતી, જેના દ્વારા નૂતનદીક્ષિત સાધ્વીરત્નાને વડી દીક્ષા અર્પણ કરવામાં આવી હતી.

પરમ ગુરુદેવના શ્રી મુખેથી અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ મહાવ્રતોથી નૂતનદીક્ષિત સાધ્વીરત્નાને આરોપિત, સ્થાપિત, ઉપસ્થાપિત અને પ્રસ્થાપિત કરવાની વિધિ સ્વરૂપ વડી દીક્ષા અર્પણ કરીને એમનો સંયમ જીવનમાં વાસ્તવિક પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.

આ અવસરના સાધર્મિક ભક્તિના લાભાર્થી ડો. રતનબેન ખીમજી મણશી છાડવા પરિવારનું, વડી દીક્ષા સભાખંડ લાભાર્થી નૈનીતાબેન જયેશભાઈ પટવા પરિવારનું, દિલીપભાઈ દેસાઈ તેમજ નૂતન દીક્ષિત મહાસતીજીના સંસારી માતા-પિતા હેમલતાબેન મહેન્દ્રભાઈ નંદુનું ભાવભીનુ સન્માન કરવામાં આવ્યું હતું.

નેમચંદભાઈ છેડા દ્વારા સહુનું ભાવભીનુ સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ ધનલક્ષ્મીબેન છેડાએ સ્વાગત ગીતની પ્રસ્તુતિ કરી હતી. પરમ નેમપ્રિયાજી મહાસતીજીના શ્રીમુખેથી માંગલિક વચનોના પ્રાગટ્ય સાથે વડી દીક્ષાનો આ અવસર વિરામ પામ્યો હતો.

ગુજરાત સ્થાપના દિવસે

# વડાલીયા ફુડ્સનો ૨૧મો અને જેતપુરનો પ્રથમ રીટેલ આઉટલેટ લોન્ચ કરાયો

રાજકોટઃતા ૪

રાજકોટના ગોંડલ રોડ પર વડાલિયા કંપની દ્વારા પ્રથમ કંપની રિટેલ આઉટલેટ જુલાઈ ૨૦૨૩માં શરુ કર્યા બાદ માત્ર ૬ મહિનાના ટૂંકા સમયમાં વડાલીયા ફુડ્સ દ્વારા પોતાનો ૨૧મો અને જેતપુર નો પ્રથમ રીટેલ આઉટલેટ લોન્ચ થઈ છે.જેતપુરની ની ખમીરવંતી પ્રજાને વડાલીયા ફુડ્સ દ્વારા જેતપુરનાં જુનાગઢ રોડ પરના ગંગોત્રી કોમ્પ્લેક્સ સામે વડાલીયા ફુડ્સ ના નવા રિટેલ ઓઉટલેટનો પ્રારંભ બુધવાર ગુજરાત સ્થાપના દિવસ પર કરવામાં આવ્યો હતો.

હાલ વેકેશન નાં સમયમાં ફરવા જતા ઘર જેવું નમકીન લય જવા માટેના તમારા બધા માટે એકજ સ્થળેથી બધી પ્રોડક્ટ્સ મેળવવા તમામ માનવંતા ગ્રાહકોને તમામ બ્રાન્ડેડ પ્રોડકટ પર ૨૦% ડિસ્કાઉન્ટ આપવાની જાહેરાત કંપની દ્વારા કરવામાં આવી છે.જેતપુર જુનાગઢ રોડ પર ગંગોત્રી કોમ્પ્લેકસની સામે શરુ કરવામાં આવેલા કંપની આઉટલેટ વિષે વિશેષ માહિતી આપતા કંપનીના ડિરેક્ટર મિત ભાઈ વડાલીયા તેમજ કંપનીના સીઈઓ કેતનભાઈ તન્નાએ જણાવ્યું હતું કે કંપની દ્વારા ઉત્તમ ગુણવત્તા, ટેસ્ટમાં બેસ્ટ અને કિફાયતી દામ સાથે ૧૨૦ થી પણ વધારે વેરાઈટી લોન્ચ કરી છે.

# હાસ્ય દિનની શુભેચ્છા સાથે મતદાનની અપીલ કરતા રાજુ વૈષ્ણવ

હાસ્ય દિવસ નિમિત્તે શહેરીજનોને રાજુ વૈષ્ણવ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

આ ઉપરાંત તમામ નાગરિકોએ અચુક મતદાન કરવા અપીલ કરી છે.

વિદ્યાકલ્યાણ ટ્રસ્ટ-રાજકોટ દ્વારા સનાતન સંસ્કૃતિનો વારસાને જાળવવાના ભાગરૂપે

# તા.૧૨મીના રતનપરમાં વૈદિક ગુરૂકુળનું ઉદ્દ્ઘાટન

રાજકોટ,તા.૪

ધર્મનગરી રાજકોટની ભાગોળે સંતોની તપસ્થલી રતનપર મુકામે વિદ્યાકલ્યાણ ટ્રસ્ટ રાજકોટ દ્વારા વૈદિક વિધાન સાથે જોડાયેલા બ્રાહ્મણો માટે આશીર્વાદ રૂપ સંપૂર્ણ સુવિધાલક્ષી વૈદિક ગુરૂકુળનું નિર્માણ કરાયું છે આ અંગેની વિગતો આપવા 'સાંજ સમાચાર'ના વિશ્વકલ્યાણ ટ્રસ્ટના શાસ્ત્રી શ્રી હિરેનભાઈ ત્રિવેદી તેમજ ટ્રસ્ટી જયરાજસિંહ ચુડાસમા તથા ઋતુરાજસિંહ વાઘેલા આવેલા હતાં.

વિદ્યાકલ્યાણ ધામ વૈદિક ગુરુકુળમાં બ્રાહ્મણ ઋષિકુમારોને કાશીથી પધારેલા વિદ્વાન આચાર્યો દ્વારા શુકલ યર્જવેદ, સંહિતાનું અધ્યયન, સંસ્કૃત વ્યાકરણ, જયોતિષ વિદ્યા શાંકરી શ્રી વિદ્યાની પરંપરા નિઃશુલ્ક શીખડાવવામાં આવશે.

આ વૈદિક ગુરુકુળનો પ્રારંભ આગામી તા.૧૨મીના રવિવારના શંકરાચાર્ય જયંતીના દિવસથી થઈ રહ્યો છે.

### કાર્યક્રમની રૂપરેખા

તા.૧૨મીના રવિવારે બપોરે ૪ વાગે





તસ્વીરઃ પંકજ શીશાંગીયા

વિનાયક વાટિકા, જામનગર રોડ, રાજકોટથી પ્રસ્થાન કરી શંકરાચાર્ય મઠ, ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિરે પહોંચશે.

સાંજે પાંચ વાગે ચંદ્રમૌલેશ્વર મહાદેવથી ધર્મરથ તથા ભજન મંડળીઓ સાધુ સંતો,ભાવિકભકતો પગપાળા શ્રી વિદ્યાકલ્યાણધામ, રતનપર પહોંચશે ત્યાં સંતોના વરદહસ્તે સ્થાપિત દેવતાઓના પૂજન-આરતી તથા વૈદિક ગુરુકુળનું ઉદ્દ્ઘાટન સંતોના હસ્તે કરવામાં આવશે.સાંજે ૬-૧૫ કલાકે મહામંડલેશ્વર પૂ.શ્રી કનકેશ્વરી દેવીજીની અધ્યક્ષતામાં ધર્મસભા યોજાશે મહાપ્રસાદ તથા રાત્રે ૮.૩૦ કલાકે રાસ-ગરબાનું આયોજન કરવામાં આવેલ છે.

# મતદાન પહેલા જ લીંબડી પાસેથી રૂા.૨૫.૩૯ લાખનો દારૂ ઝડપાયો

## સુરેન્દ્રનગર એલ.સી.બી. એ સિમેન્ટનાં ટાંકામાં સંતાડેલો દારૂ ભરેલો ટ્રક કબ્જે કર્યોઃ એક શખ્સની અટકાયતઃ કુલ રૂા.૩૭.૩૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

(ફારૂક ચૌહાણ)

વઢવાણ તા. ૪

સુરેન્દ્રનગર જીલ્લા પોલીસ અધિક્ષક ડો.ગીરીશ પંડયાએ આગામી લોકસભાની ચુંટણી અન્વયે જિલ્લામા પ્રોહી/જુગારની બદી સપુર્ણપણે નેસ્તનાબુદ કરવા અલગ અલગ ટીમો બનાવી પરીણામલક્ષી કામગીરી કરવા બી.એલ.રાયજાદા પોલીસ ઈન્સ્પેકટર એલ.સી.બી.સુરેન્દ્રનગર સુચના આપેલ હોય, જે અન્વયે એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેકટર બી.એલ.રાયજાદા એલ.સી.બી.સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી સુરેન્દ્રનગર જીલ્લામાંથી પસાર થતા અલગ અલગ હાઈવે રોડ પર ખાસ પેટ્રોલીંગ હાથ ધરી,અમુક વાહનોમાં વિદેશી દારૂનો જથ્થો ભરી વિદેશી દારૂની હેરાફેરી કરતા હોય જેથી તે અંગે ચોકકસ હકીકત મેળવી પરીણામલક્ષી કામગીરી કરવા સુચના



માર્ગદર્શન આપતા.

એલ.સી.બી.ટીમ દ્વારા લીંબડી પો.સ્ટે.વિસ્તારમાં નેશનલ હાઈવે રોડ ઉપર ખાસ પેટ્રોલીંગ હાથ ધરી ચોકકસ બાતમી હકીકત મેળવી સિમેન્ટના ટાંકામાં ટ્રકમાં છુપાવીને લઈ જવાતો ઇંગ્લીશ દારૂ સાથે ટૂંક નો ચાલકને ગે.ક પાસ પરમીટ વગરનો ભારતીય બનાવટનો અલગ અલગ બ્રાન્ડનો વિદેશી દારૂ ગ્રીન લેબલ એક્ષપોર્ટ સ્પેસીયલ ધ રીચ બ્લેન્ડ વ્હિસ્કી ૭૫૦ એમ એલ.ની બોટલ નંગ.૪૭૬ કી.રૂ.૧,૬૧,૮૪૦/- ઓફીસર ચોઇસ કલાસિક વ્હિસ્કી ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ.૩૭૮૦ કી.રૂ.૧૩,૨૩,૦૦૦/- વ્હાઇટ લેસ વોડકા ઓરેજ ફલેવર ૧૮૦ એમ એલ.ની બોટલ નંગ.૬૬૫૫ કી.રૂ.૬,૬૫,૫૦૦/- કીગફીશર સુપર સ્ટ્રોગ પ્રીમીયમ બીયર ટીન ૫૦૦ એમ એલ.ની બીયર ટીન નંગ ૩૫૦૯ કી.રૂ.૩,૫૦,૯૦૦/- એમ કુલ ઇંગ્લીશ દારૂ કી.રૂ.૨૫,૦૧,૨૪૦/- તથા મોબાઇલ ફોન ન.૧ કી.રૂ.૧૦,૦૦૦/- તથા ડ્રાઇવિંગ લાઇસન્સ તથા ટ્રક રજી નંબર RI-09-GD-0950 કી.રૂ.૧૨,૦૦,૦૦૦/- (બાર લાખ) તથા રોકડ રૂપીયા ૨૮,૦૦૦/- એમ મળી કુલ કી.રૂ.૩૭,૩૯,૨૪૦/- ના મુદામાલ સાથે એક શખ્સને પકડી પાડી તમામ મુદામાલ કબ્જે કરી ઉપરોકત શખ્સ તેમજ તપાસમાં ખુલે તે સામે પ્રોહી ધારા મુજબ લીંબડી પો.સ્ટે.ખાતે ગુનો રજી.કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**દારૂ સાથે પકડાયેલ આરોપીનું નામ**

દાલુરામ સ.ઓફ ભુરારામ મેસારામ સીયાગ જાતેજાટ (ઉ.વ.૩૩) ધંધો-ડ્રાઈવિંગ રહે-જૈતાનીયો કી ઢાણી નોખ તા.જી.બાડમેર રાજ્ય રાજસ્થાન ૩૪૪૦૦૧ થાના સુંદર બાડમેર છે.

# સાંજ સમાચાર ટચુકડી જાહેર-ખબર

**સાંજ સમાચાર**
ટૂંકી જાહેરાત
સાંજ સમાચારમાં
ગુરૂવાર-શનિવારના
અંકમાં પ્રસિધ્ધ
*ઓછામાં ઓછી ૪ લાઈન
*ફકત રોકડા રૂપિયાથી સ્વીકારાશે
*સવારના ૧૦ થી સાંજના ૮ સુધી
*અમારે દરેક ગામ/શહેર એજન્ટ અને ખબરપત્રી દ્વારા પણ આપી શકાશે.
- વ્યવસ્થાપક


Raymond શુટ રૂ. ૩૦૦૦
કાપડ + સિલાઇ સાથે સફારી શુટ રૂ. ૧૫૫૦
રેમન્ડ જોડી સિલાઇ સાથે રૂ. ૧૨૦૦
વિમલ, મયુર, સિયારામ કાપડ + સિલાઇ સાથે ફકત રૂ. ૩૦૦૦ શુટ કોટ પેન્ટ
વિમલ, મયુર, સિયારામ કાપડ સિલાઇ સાથે બ્રાન્ડેડ જોડી રૂ. ૧૧૦૦

ભાડે મળશે શુટ-સેરવાની
ચણીયા ચોળી
ઇન્ડો-વેસ્ટર્ન
જોધપુરી-બ્લેઝર
સાફા-મોજડી
ચામુંડા ટેઇલર્સ એન્ડ સિલેકશન
વિશ્વેશ્વર મંદિર સામે, મવડી મેઇન રોડ રાજકોટ.
મો. ૯૮૨૫૫ ૪૮૬૫૫

રાજપૂતાના પોષાક
રજવાડી બીજીસ હન્ટર શર્ટ, અચકણ બેલ્ટ, બ્લોચ કલગીસાફો-પાઘડી, મોજડી, હન્ટર જોધપુરી તેમજ બાળકોના હન્ટર શર્ટ - બીજીસ મળશે
ન્યુ બન્ના કલેકશન

ચામુંડા શુટ ઝોન
શુટ ફેન્સી →૩૫૦૦થી
ઇન્ડોવેસ્ટર્ન →૩૫૦૦થી
ફેન્સી બ્લેઝર →૨૫૦૦થી
સેમી ઇન્ડોવેસ્ટર્ન →૨૨૦૦થી
કોટન કુર્તા સેટ →૫૫૦થી
ફેન્સી કોટ →૧૦૦૦થી
સિલ્ક કુરતા જેકેટવાળા →૧૮૫૦થી
કાઉલ કુરતા શેટ →૨૫૦૦થી
કોટી →૫૫૦થી


## વેચવાનું છે

**તાત્કાલીક ફલેટ વે. નો છે**
એપલ એલીગન્સ, ૨ બેડ, હોલ, કીચન, સેમી ફર્નિ., જીમ, સ્વીમીંગ, ફુલ પાર્કિંગ, ઈશ્વરીયા પહેલા, કાલાવડ રોડ, રાજકોટ. મો. ૯૭૨૭૬ ૫૫૩૨૫ (૬૬૦૬)

પરસાણાનગર મેઈન રોડ ઉપર ૧૮૦ વારનું મકાન, બેસ્ટ લોકેશન, ફુલ પાણી, ઉપર નીચે બાંધકામ, પાર્કિંગ, બે સાઈડ ઓપન, શહેરની મધ્યમાં વેચવાનું છે. મળો : ૯૮૨૫૩ ૫૭૧૨૪/૯૮૨૫૭૪૫૭૪૩ (૬૬૦૦)

**મકાન વેચવાનું છે**
૩ બેડ, હોલ, કિચન, ૮૭.૫ વાર, વેસ્ટ ઓપન, ફુલ પાણી, પેક સોસાયટી, શાંતિ નિકેતન એવન્યુ બ્લોક નં. ડી-૯, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, મો. ૯૭૨૬૧ ૯૮૧૮૯ (૬૫૯૭)

**નવું મકાન વેંચવાનું છે**
4 BHK
ફુલ ફર્નિચર સાથે રેલનગર, સાધુ વાસવાણી કુંજ રોડ, સનરાઇઝ સ્કુલ પાસે, રાજકોટ.
૯૭૨૭૨ ૬૦૨૨૪

**તાત્કાલીક ફલેટ વેચવાનો છે**
મવડી કણકોટ રોડ, પટેલ એરીયા, ઈસ્કોન એમ્બીટો, ૩ બીએચકે વીથ ફુલ ફર્નિચર, દલાલભાઈઓ આવકાર્ય, સંપર્ક : ૮૦૦૦૬ ૭૪૨૨૪ (૬૬૦૯)

**ફલેટ વેચવાનો છે**
૨ બીએચકે ફલેટ, ૨૪ કલાક પાણી, લીફટ સુવિધા, કિંમત ૨૪ લાખ, રાજકોટ. મો. ૬૩૫૧૩ ૮૭૩૯૮ (એડ મીડીયા)

**વેચવાનું છે**
બ્રધર ઓટો ઓઈલ, સીલાઈ મશીન, જુકી ઓટો ઓઈલ, ઓવરલુક મોટર સાથે મો. ૯૯૨૪૦ ૭૨૭૨૩, ૯૯૨૪૩ ૪૭૮૭૮ (૬૬૧૩)

**જંકશન ફલેટ**
૧ બીએચકે ટેરેસ સાથે લીફટ, પાણી, હવા ઉજાસ, મો. ૯૪૨૮૨ ૩૩૯૧૯ (૬૬૧૪)

**ફલેટ વેચવાનો છે**
મનહર પ્લોટ, ૨ બીએચકે, પ્રથમ માળે, લિફટવાળો, મો. ૯૪૨૭૫ ૯૧૫૬૦ (૬૬૧૬)

## ધંધાદારી

શુધ્ધ સ્વાદિષ્ટ, સાત્વિક અને ઘરનું જ ભોજન, ફકત રૂા. ૮૦માં તમારા ઘર, ઓફિસ અથવા દુકાન સુધી પહોંચાડી આપીશું. હનુમંત ટીફીન સર્વિસ, ૮૪૬૯૪ ૬૦૬૮૭/ ૭૭૭૮૦ ૬૧૫૪૧ (ગાંધી)

**શ્રી યમુના પેકેજીંગ – રાજકોટ**
પ્લાસ્ટીક બોકસ–પ્લાસ્ટીક બોકસ ઝટકા મશીન બનાવવા– ઓટો પાર્ટસ ઓટો મોબાઈલ્સ– નટ બોલ્ટ– મશીન પાર્ટસ– ટ્રેકટર પાર્ટસ–જેસીબી પાર્ટસ– ટુલ્સ– હાર્ડવેર–બ્રાસ પાર્ટસ– મોબાઈલ એસેસરી– વી.એમ.સી. – સી.એન.સી. – પાર્ટસ ઈલેકટ્રોનિક પાર્ટસ– ચશ્માની ફ્રેમ તથા ગ્લાસ રાખવા, મેડીકલ (દવાઓ રાખવા) સર્જીકલમાં– પ્લેટ– સ્ક્રુ તથા નેઈલ રાખવા, સોની કામના ઓજાર– ચાંદી કામ વેક્ષ માટે–કટલેરી હોઝીયરી તથા આપની નાની મોટી ફેકટરીમાં દરેક જાતના ટુલીંગ– પાર્ટસ રાખવા માટે પ્લાસ્ટીકના હેવી બોકસ હાજર સ્ટોકમાં મેળવવા માટે– શ્રી યમુના પેકેજીંગ, રાજકોટ. મો. ૯૮૭૯૪ ૭૯૬૯૫, ૯૭૨૭૮ ૭૪૨૬૬ (૬૪૯૪)

**ઘરઘંટી, વોશીંગ મશીન, ફ્રીઝ**
ગીઝર, આરો, ઓવન, ગેસ ચુલો રીપેરીંગ, મો. ૯૭૨૩૧ ૨૫૯૬૪ (૬૪૬૬)

સાંઈરામ, ઘરે બેઠા આઈ.ટી. રીટર્ન અને GST સર્વિસ મેળવો, મો. ૯૩૭૬૬ ૪૨૩૬૦ (એસ/એસ)

**ગાર્ડન માટે લોનમુવર**
ઈલેકટ્રીક તથા નેમીપુઅલ લોનમુવર ભારમલ બ્રધર્સ રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનની સામે, ઢેબર રોડ, રાજકોટ. મો. ૯૮૨૫૩ ૨૦૮૨૯ (મહાદેવ)

**ઘરબેઠા ફ્રીઝ રીપેરીંગ**
સીંગલ–ડબલ ડોર ફ્રીઝ માટે શ્રી સદગુરૂ રેફ્રીજરેશન, રૈયા રોડ, મો.૯૪૨૬૨ ૩૮૨૧૪ (૬૫૯૮)

**કલરકામ / વોટરપ્રુફીંગ**
કડીયાકામ, મારબલ–ટાઈલ્સ રીપેરીંગ, ૯૪૨૬૭ ૩૪૩૪૫ (૬૫૯૬)

ઘર બેઠા બત્રીસી બનાવી આપશુ તથા ફિકસ દાંત ગોલ્ડન, સિલ્વર બનાવી આપશું. દાંતના તમામ કામ માટે મળો. ભારતીબેન પંડયા : ૯૯૯૮૦૦૧૭૧૪ (૬૫૯૯)

**એસી, ફ્રીઝ, વોશિંગ મશીન,**
વોટર કુલર, રીપેરીંગ / સર્વિસ, મહેન્દ્રભાઈ– ૯૮૨૪૬ ૯૪૫૬૭ (૬૬૩૨)

**ફુલ ટાઈમ સીનીયર**
**એકાઉન્ટન્ટ જોઈએ છે**
ટેલીના જાણકાર ઓડીટ / GST / એકાઉન્ટનું ફાઈનલ વર્ક કરી શકે તેવા
98242 98990

**સુથારી કામ**
ફર્નિચર, ડોર, બારી, કાચ, સોફા, નવું જુનુ કામ કરનાર, મો. ૯૭૨૭૦ ૫૧૭૧૭ (૬૭૭૯/૧)

**ઘેર બેઠા વેલ્ડીંગ**
ડેલા, છાપરા, સ્ટીલની રેલીંગ, રોલીંગ શટર, ચેર, નવું તથા જુનુ રીપેરીંગ કરનાર. મો. ૯૭૨૭૦૫૧૭૧૭(૬૭૭૯/૨)

**વોટર પ્રુફીંગ**
અગાસી, મકાન, દુકાન, કલર, લાદી, મારબલ, નવુ જુનુ રીનોવેશન કરનાર, ૯૭૨૭૦ ૫૧૭૧૭ (૬૭૭૯/૩)

**ખોડીયાર અમેરીકન હુક**
પંખા, જુલા, જુમર, ખાટના કડા, મો. ૯૮૨૪૮ ૬૫૫૪૮, સુતારી કામ રીપેરીંગ (૬૫૭૧/૧)

**ઘર સામાન ફેરવી આપશુ**
માણસો વાહન સાથે ગુજરાતમાં મો. ૭૭૭૮૦ ૮૬૩૦૫ (૬૫૭૧/૨)

**શીખંડ...શીખંડ...શીખંડ...**
સ્પે. સફેદ શીખંડ કિલોના રૂા. ૨૪૦, સ્પે. કેશર શીખંડ કિલોના રૂા. ૨૮૦, સ્પે. ફુટ શીખંડ કિલોના રૂા. ૨૪૦, સ્પે. ડ્રાયફુટ શીખંડ કિલોના રૂા. ૩૨૦. પ્રણામી ફરસાણ, રૈયા રોડ સદગુરૂ તીર્થધામની સામે, મો.૯૯૦૪૨૨૭૦૧૧ (એન/જે)

## કામદાર પબ્લીસીટી

કોઈપણ દૈનિક ન્યુઝ પેપરની નાની-મોટી કે ટચુકડી જાહેરાત આપવા સંપર્ક કરો
ચંદ્રકાન્તભાઈ કામદાર-૯૮૭૯૨ ૬૬૫૧૫
નિતેશ કામદાર-૯૮૯૮૯ ૭૨૮૩૮
પ્રમુખસ્વામી આર્કેડ, ૩જા માળે, માલવીયા ચોક, રાજકોટ

## ધંધાદારી

**સાંઝાચુલા (ગુજરાતી થાળી)**
ફકત રૂા. ૭૫માં ફુલ થાળી, રોટલી, દાળ, ભાત, શાક, સંભારો (૨ શાક) ઈન્દીરા સર્કલ પાસે, કાલાવડ રોડ, રામ ઔર શ્યામ ગોલાવાળાની બાજુમાં, ફોન : ૯૯૭૯૯ ૧૬૩૫૬/૯૯૨૪૫૭૮૧૪૪

## લગ્ન વિષયક

**વાટલીયા પ્રજાપતિ**
યુવક ૪૨ વર્ષ, ૭ પાસ, એકલો માણસ, આવક સારી, કન્યા જોઈએ છે. જ્ઞાતિબાદ નથી. હાલ રાજકોટ. ૭૬૯૮૬ ૯૫૪૨૬, ૮૩૪૭૩૩૬૯૦૮

## ભાડે આપવાનું છે

**ભાડે આપવાનું છે**
૧ બીએચકે, હોલ, કીચન, કોઠાર મીની ફર્નિશ્ડ, આગળ પાછળ ફળીયુ, ફુલ હવા ઉજાસ, મીરાનગર, રૈયા રોડ, ભાડુ ૧૦,૦૦૦ (દશ હજાર) કોન્ટેક : ૯૧૫૭૦ ૫૫૫૫૯

## જોઈએ છે

**(તાત્કાલીક જરૂરીયાત છે)**
અમને તાત્કાલીક સિવિલ એન્જીનીયર્સ CAD ઓપરેટર, કલેરીકલ સ્ટાફની જરૂર છે, પેટ્રોલીયમ કંપનીને લાગતો અનુભવ જરૂરી, ઈ–મેલ : bhadrashilp@gmail.com મો. (૧) ૭૦૪૬૧ ૨૫૪૨૪, (૨) ૯૪૨૬૮ ૧૬૦૨૪

**જોઈએ છે**
લેડીઝ ઓફિસ વર્ક માટે, મળો : કિશોરભાઈ, મો. ૯૩૭૫૭ ૧૩૨૧૨

## વેચવાનું છે

**બંગલા વેચવાના છે**
નિર્મલા રોડ, મહાવીર સો., પારસ સો., સૌ. કલા, વગેરે નુતનનગર, પંચવટી, મળો : માતંગી એસ્ટેટ : ૯૪૨૮૨ ૫૦૫૩૩

**ફલેટ વેચવાના છે**
નિર્મલા રોડ, જલારામ –૧–૨, બાલમુકુંદ–સૌ. કલા. વગેરે મળો : માતંગી એસ્ટેટ : ૯૪૨૮૨ ૫૦૫૩૩

**પ્રણામી ફરસાણ**
નાયલોન પાપડી ૧ કિલોના રૂા. ૧૮૦, ખટમીઠુ ચવાણુ ૧ કિલોના રૂા. ૧૮૦, મીઠી બુંદી ૧ કિલોના રૂા. ૧૨૦, ટોપરા પાક ૧ કિલોના રૂા. ૨૦૦, સીંગપાક ૧ કિલો રૂા. ૨૦૦, સ્પે. માવાના પેંડા ૧ કિલોના રૂા. ૩૨૦, ફરાળી ચેવડો, પૌવાનો, તીખો / મોરો ચેવડો ૧ કિલોના રૂા. ૧૬૦, મોતીચુરના લાડુ, ગુલાબ જાંબુ, મોહનથાળ ૧ કિલોના રૂા. ૧૬૦ પ્રણામી ફરસાણ, રૈયા રોડ સદગુરૂ તીર્થધામની સામે, મો. ૯૯૦૪૨ ૨૭૦૧૧ (એન/જે)

**બંગલો જોઈએ છે**
પંચશીલ સોસાયટીમાં માલવીયા કોલેજ પાછળ
સ્વસ્થ સોસાયટીમાં બંગલો - મવડી રોડ
જલારામ એસ્ટેટ
ચાલુ હોટલ વેચવાની છે નંગ ૫ - ચાલુ આવક સાથે બસ સ્ટેન્ડ ની પાછળ
99794 33354

## વાહન લે-વેચ

એકસીસ સ્કુટર સફેદ વેચવાનું છે, ૧૦ વર્ષ જુનુ, ભરતભાઈ પારેખ, કિંમત ૨૫, મો. ૮૧૨૮૫૩૫૫૬૨ (૬૫૯૨)

## શશી પબ્લીસીટી

૧/૩ લક્ષ્મીવાડી કોર્નર, રાજકોટ.
દરેક પેપરની ટચૂકડી જા.ખ. માટે મળો: પ્રકાશ ગાંગડીયા
મો: ૯૮૨૫૫ ૫૫૮૪૫, ૮૮૪૯૩ ૮૦૭૪૮

## યાત્રા પ્રવાસ

**રામા ટ્રાવેલ્સ–જેતપુર**
**ધમાકા–ધમાકા–ધમાકા**
ઉજજૈન, ઓમકારેશ્વર, ચિત્રકુટ, અલ્હાબાદ, કાશી, અયોધ્યા, હરિદ્વાર, મથુરા, રામદેવડા, અંબાજી દિવસ–૨૦ ભાડુ રૂા. ૯૦૦૦/– રહેવા– જમવા સાથે ઉપડશે. તા. ૧/૬/૨૪ (૨) દિવસ–૨૦ રૂટ ઉપર મુજબ ભાડુ રૂા. ૭૦૦૦/– (ફકત ભાડુ) મો. ૯૯૭૮૮ ૧૨૫૩૮

**જય બાલાજી ટુર્સ**
ઉપડશે તા. ૧૬/૫ રાત્રે, ચાલો વેકેશનમાં હરીદ્વાર, દિલ્હી, ગોકુળ–મથુરા, આગ્રા, જયપુર, પુષ્કર, નાથદ્વારા, અંબાજી, ઉંઝા, કેસરીયાજી, શામળાજી, ડાકોર વિગેરે ઘણા સ્થળો રહેવા જમવા ચા–નાસ્તો સહિત સ્લીપર કોચ બસ, આનંદદાયક ગેરંટીથી યાત્રા કરાવનાર એક માત્ર નામ ચંદુભાઈ મૈયડ : ૯૮૭૯૯ ૫૬૯૯૦, મુકેશભાઈ મૈયડ : ૮૨૩૮૪ ૮૨૯૨૩, નવલનગર–૧૯, રાજકોટ (બહાદુરગઢવાળા) બીજી બસમાં ફકત પાંચ સોફા બાકી છે. જલ્દી ડીપોઝીટ ભરી નામ નોંધાવો.

**વૃજ અમૃત ધારા**
ચાલો ટ્રેનમાં હરિદ્વાર, શ્રીમદ ભાગવત સપ્તાહ, તા. ૬/૯/૨૪ થી ૧૪/૯/૨૪, મો. ૯૯૭૪૩ ૨૨૩૦૦

## વેચવાનું છે

નવલનગર, કૃષ્ણનગરમાં નાના બજેટના મકાન વેચવાના છે. તેમજ લેવાના છે. મળો ચંદુભાઈ મૈયડ : મો. ૯૮૭૯૯ ૫૬૯૯૦

**ફલેટ વેચવાનો છે**
કસમાં પેલેસ રોડ ટચ ૩ બેડ, હોલ, કીચન, ૮૦૦ કાર્પેટ, ફુલ ફર્નિચર સાથે ૧ માળે, ૧ ફલેટ ગેસ કનેકશન, લીફટવાળુ બિલ્ડીંગ ૪ માળનું છે, વિનેશભાઈ : ૯૪૨૬૨ ૨૯૩૬૮

**તાત્કાલીક વેચવાના છે**
૨ બીએચકે, ૬૮૦ કાર્પેટ ફુલ ફર્નિચર સાથે, ૧–૨–૩ બીએચકે, ફુલ ફર્નિચર સાથે, વસંત મારવેલ, વસંત વિહાર, પ્રશીલ પાર્ક, ઓસ્કાર ટાવર, ઓરમ વન–કસ્તુર, ક્રિસ્ટલ સીટી, ડો. યાજ્ઞિક રોડ ઉપર દુકાન–૧, સદર બજારમાં દુકાન–૧, સિલ્વર ચેમ્બર ઓફિસ–૧, ધનરજની બિલ્ડીંગમાં ઓફિસ–૧ ભાડેથી પણ મળશે. ફલેટ, દુકાન, ઓફિસ તાત્કાલીક મળો : બ્રો. ૭૦૬૯૬ ૩૯૮૭૮

**ફલેટ વેચવાનો છે (ખુબ જ કસમાં)**
૧ રૂમ, રસોડુ, હોલ, (અંદાજે ૩૫૦ કાર્પેટ), મવડી પ્લોટ, માલવિયા પોલીસ સ્ટેશન સામે, લિફટવાળુ બિલ્ડીંગ, ૩જા માળે, (પાર્ટીને બહાર ગામ જવાનું હોવાથી ખુબ ખુબ જ કસમાં ) મો. ૯૮૯૮૧ ૯૪૪૦૫

**ટેનામેન્ટ વેચવાનું છે**
૩ બીએચકે, ૭૦ વાર, મોરબી રોડ, આસ્થા વેન્ટીલા સામે, કિં. ૪૯, મો. ૯૭૧૨૭ ૪૪૩૪૪

**મકાન વેચવાનું છે**
૨ ફેમીલી રહી શકે તેવું ઉપર–નીચે ટા.કી. ૨૬ લાખ, સહકાર મે. રોડ, મો. ૯૭૭૩૧ ૦૮૯૭૬

**દુકાન વેચવાની છે**
માધાપર ચોકડી, મોરબી બાયપાસ વચ્ચે અમી એકઝોટીકા સામે, બીઝનેસ સેન્ટર, મોકાની કાટખુણાની મો. ૮૫૧૧૭ ૬૩૯૫૪

**ફલેટ વેચવાનો છે**
સુમ્તી એવન્યુ, ૨ બીએચકે રોડ ટચ, જામનગર રોડ, માધાપર ચોકડી પાસે, લીફટ, ફૂલ હવા ઉજાસ, પહેલા માળે, મો. ૮૫૧૧૭ ૬૩૯૫૪

**ફલેટ વેચવાનો છે**
લક્ષ્મીવાડી મેઈન રોડ, ૧ બીએચકે, ૧લા માળે, મો. ૭૫૬૭૭ ૧૧૧૫૧

**૨ બીએચકે ફલેટ વેચ. છે**
૧લા માળે, લીફટ છે, જયુબેલી પાસે, સીટીની મધ્યમાં બ્રોકર આવકાર્ય, મો. ૯૮૭૯૧ ૪૯૩૮૮

**કસમાં ફલેટ વેચવાનો છે**
કરણપરામાં ૨ બીએચકે ૪થા માળે, લીફટ સાથે ૫૯૦, કારપેટ કિંમત ૨૧.૫૦, મો. ૯૯૯૮૮ ૭૧૪૪૦

**ફલેટ વેચવાનો છે**
મનહર પ્લોટ ૯–એમાં, ૧ બીએચકે, ફુલ્લી ફર્નિશ્ડ, ૩૭૦ કારપેટ, ફર્સ્ટ ફલોર, લીફટ સાથે કિંમત ૧૮.૫૦, મો. ૯૯૯૮૮ ૭૧૪૪૦

ઘરવખરી વેચવાની છે, મો. ૮૮૬૬૫ ૯૧૧૬૨

**દુકાન વેચવાની છે**
ગુંદાવાડી મેઈન રોડ, ૧લો માળ, કોર્નર, મો. ૯૬૬૪૫ ૩૭૩૧૭

## જોઈએ છે

**જોઈએ છે માણસો**
દુકાનમાં કામ કરી શકે તેવા ઉંમર– ૧૮ થી ૪૦, અનંત ઓટોમોબાઈલ્સ, ૩૪, સ્વામિનારાયણ ગુરૂકુળ, ગોંડલ રોડ, રાજકોટ.

**હેલ્પર જોઈએ છે**
રહેવા–જમવા સાથે જલીયાણ ફરસાણ માર્ટ, ગાયત્રીનગર મે. રોડ, ૭૬૯૮૯ ૪૬૪૪૨, ૯૮૯૮૭ ૪૯૦૯૬

**માણસો જોઈએ છે**
સીમા પ્લાસ્ટીક, જુની દાણાપીઠ ચોક, રાજકોટ, ઉંમર ૩૦ થી ૫૦

**૫ વીઘા જમીન જોઈએ છે**
રાજકોટથી જુનાગઢ વચ્ચે, ૦૨૮૧–૨૨૨૩૮૨૫

## ભાડે આપવાનું છે

**ઓફિસ ભાડે આપવાની છે**
ફુલ ફર્નિચર એ.સી. સાથે કમ્પલીટ તથા એકઝી ચેમ્બર સાથે રૈયા રોડ ઉપર સદગુરૂ તીર્થધામમાં એકદમ મોકાની ઓફિસ મળો : મો. ૯૪૨૭૨ ૧૩૯૩૧

**ભાડે આપવાનું છે**
નોકરીયાતને સ્વતંત્ર ડેલી બંધ મકાન બે બેડ, હોલ, કીચન, ફળીયુ, હવા–ઉજાસવાળુ, સ્વામિનારાયણ ચોક પાસે, પી.ડી. માલવીયા કોલેજ પાસે, ભાડુ ૧૧૫૦૦, વિનેશભાઈ : ૯૪૨૬૨ ૨૯૩૬૮

**ભાડે આપવાનું છે**
ટેનામેન્ટ, ૩ બીએચકે, માધાપર ચોકડી, મોરબી બાયપાસ વચ્ચે આસ્થા સાંગ્રીલા પાસે, 'અમી અકઝોટીકાહ બ્લોક નં. ૮૦, મો. ૮૫૧૧૭ ૬૩૯૫૪

## ધંધાદારી

**ખાણ ખનીજ**
ખાણ ખનીજની કોરી લીઝ માઈનીંગ લીઝ અપીલ અરજી રીવીઝન અરજી તથા ખાણ ખનીજને લગતા કોઈપણ પ્રશ્નોનું નિરાકરણ સફળતાપૂર્વક કરી આપશું તેમજ ખાણની જમીન માલીકીના ધોરણે મેળવવા માટે તેમજ ખેતીની જમીન ૧૨ વર્ષના કબજા પછી માલીકીના ધોરણે મેળવવા માટે સંપર્ક : હસમુખભાઈ જોષી – ૮૮૪૯૫ ૪૫૫૪૩

## શિવ સાગર એસ્ટેટ
**ચંદ્રકાંત શેઠ : ૯૯૭૯૧ ૯૫૮૯૬**

**(સુંદર / ફલેટ)**
યાજ્ઞિક રોડ, રામકૃષ્ણનગર ૪/ બેડ, ૨૨૦૦ ફુટ, લકઝરી ફર્નિચર દરેક રૂમમાં, એ.સી. દરેક રૂમમાં, અરજન્ટ વેચવાનો. કિંમત ૧/કરોડ/ ૨૧/લાખ, છેલ્લો ભાવ અરજન્ટ

**(મકાન / અરજન્ટ)**
ભકિતનગર સોસાયટી, ૪૨૫ વાર, કોર્નર બંગલો, ભાવ વારનાં (૫૫૦૦૦) તાત્કાલીક વેચવાનું

**(સુંદર / બંગલો)**
૪/બેડ, લકઝરી ફર્નિચર નવો બંગલો કોઠારીયા રોડ, સ્વાતિ પાર્ક, ૮૦/રોડ ચોવીસ કલાસ પાણી, કિંમત (૭૫/લાખ) ૧૦૦/વારમાં આધુનિક બાંધકામ

**(સુંદર / બંગલો)**
૧૫૦ / વાર, કોર્નર, ભકિતનગર સોસાયટી બાજુમાં, સાધના સોસાયટી, ૪ / બેડ રૂમ દરેક રૂમમાં ફર્નિચર એ.સી. સાથે વેચવાનું છે. (કિંમત / ૧ / કરોડ / ૧૧ / લાખ) અરજન્ટ

**(સુંદર / બંગલો)**
૪/બેડ રૂમ, નવો બંગલો, ગાડી પાર્કિંગ, ગાર્ડન બગીચા, કિંમત ૮૫ લાખ, તાત્કાલીક વેચવાનો, ભકિતનગર સોસાયટી, બાજુમાં ગીતાંજલી

**(મકાન / કસમાં)**
૧૦૦/વાર / ૪ / બેડરૂમ, ગુંદાવાડી / ચોવીસ કલાક પાણી, કિંમત (૬૫ / લાખ) અરજન્ટ વેચવાનું

**(મકાન / તાત્કાલીક)**
કાલાવડ રોડ, કોટેચા ચોક, ૨૦૦ / વાર, ૪ બેડરૂમ માપ ૩૦/૬૦ કિંમત ૧/કરોડ/૪૦ લાખ તાત્કાલીક વેચવાનું

**(મકાન / વેચવાનું)**
૨૦૦ / વાર, રેસકોર્સ રીંગ રોડ, પાટા પછી, સૌરભ સોસાયટી, ૩૦/૬૦ માપ ભાવ ઉઘડા / કિંમત (૧ / લાખ, ૨૫ હજાર) તાત્કાલીક

**(રેસીડેન્ટ / પ્લોટ)**
૫૬૫/વાર, ૭૦/૭૩, ૫૦/નો રોડ કોર્નર ભાવ વારનાં (૨૦૦૦૦) છેલ્લો ભાવ કોઠારીયા ગામ, કોઠારીયા રોડ, અરજન્ટ વેચવાનો

**(ખેતર / વાડી / ફાર્મ)**
૨૫/એકરમાં સુંદર વાડી, આંબાનાં બગીચા ભાવ એકરનાં (૧૫/લાખ) અરજન્ટ વેચવાની, અમદાવાદ રોડ, બામણબોર ચોકડી, કંડલા રોડ, વિનયગઢ, તાત્કાલીક વેચવાની

**(સુંદર / ફાર્મ / બગીચો)**
૫૦/વિઘામાં લાઈટ, પાણી કનેકશન ફરતો બેલાનો વંડો, ભાવ વિઘાના (૫/લાખ) તાત્કાલીક વેચવાની અમદાવાદ રોડ, ચોટીલાની આગળ

**(ઈન્ડસ્ટ્રીઝ / પ્લોટ)**
ગોંડલ રોડ, વાવડી ૩૫, પુનમ ડમ્પર, ૧૨૦૦/ વાર ભાવ વારનાં (૨૫૦૦૦) અરજન્ટ વેચવાનો

**(ઈન્ડસ્ટ્રીઝ / શેડ)**
(૧૦,૦૦૦/વાર) ૬૦/નાં ૨/ રોડ ભાવ વારનાં (૨૫૦૦) અમદાવાદ રોડ, બામણબોર / નેશનલ રોડ, એરપોર્ટ દીવાલ નજીક અરજન્ટ વેચવાનું.

**(ઈન્ડસ્ટ્રીઝ / પ્લોટ)**
૧૪,૫૦૦ / વાર, ગોંડલ રોડ, ટોલનાકા બાજુમાં, ભાવ વારનાં ૬૫૦૦/ અરજન્ટ વેચવાનો રોડ ટચ

**(ઈન્ડસ્ટ્રીઝ / શેડ)**
૧૦૦૦/વાર, આજી વસાહત, ૮૦/ નો રોડ, ફિલ્ડ માર્શલ બાજુમાં, સોરઠીયા વાડી ચોક ભાવ વારનાં (૨૮૦૦૦) છેલ્લો ભાવ અરજન્ટ વેચવાનો.

**(ઈન્ડસ્ટ્રીઝ / શેડ)**
શાપર/વેરાવળ, ૨૮૦૦/વાર / ૧૮૦૦૦ ફુટ બાંધકામ તાત્કાલીક વેચવાનો, ભાવ વારનાં (૨૦૦૦૦) શાપર રાણીમીલ નજીક તાત્કાલીક વેચવાનો.

## જલારામ એસ્ટેટ
**બ્રો. ૯૯૭૯૪ ૩૩૩૫૪**

**બંગલા વે. કસમાં**
– પંચવટી સો.માં ૫ બંગલા વે. છે
– પર્ણકુટીર સો.માં બંગલા ૩ + અંકુર સો.માં મકાન ૯૦ લાખ
– ગુલાબ વાટીકા, મકાન–૩
– બીગ બજાર સામે, સિલ્વર સ્ટોન સો.બંગલો
– જમીન ભાવે ૧ બંગલો સિલ્વર સ્ટોન સો.
– કરણપાર્ક, મકાન–૪
– વિદ્યુત સો.માં પાર્કિંગવાળા મકાન–૨
– નર્મદા પાર્ક, મકાન ૩ + ગીતાનગરમાં બંગલો ૧
– ગામમાં ગીતાંજલી સો., પાર્કિંગવાળ મકાન–૪ કસમાં વે. છે.
– નિર્મલા સ્કુલ સામે, પારસ સોસાયટીમાં ૨ બગલા વેચવાના છે. (૬૬૨૪)

## સોના એસ્ટેટ
**બ્રો. પટેલભાઈ ૯૯૨૫૦ ૬૩૩૩૭**

**બંગલા વેચવાના છે**
– નિલકંઠ પાર્ક જુનુ, ૨૭૨ વાર, ૪ બીએચકે ફર્નિ., ૩૫ મુખ
– શ્રમજીવી, ૧૮૦ વાર, ફર્નિ. ૪ બીએચકે, ૨૬નુ મુખ
– ગાયત્રીનગર, ૯૧ વાર નવું, ૪ બીએચકે, બી.કો. ૨૦ મુખ
– કોમર્શિયલ ૧૬૫ વાર, ૪ બીએચકે, ફર્નિ. બી.કો. ૨૦ મુખ
– મવડી અલ્કા સો. ૧૫૨ વાર, ૪ બીએચેક, ફર્નિ. ૨૨ મુખ
– વિશ્વનગર, ૧૪૬ વાર, ૪ બીએચેક, ફર્નિ. ૨૦નું મુખ
– ૧૦૦ વાર, નવું, ૪ બી., ૧૭ મુખ
– નાના મવા રોડ, ૧૨૦ વાર, ૩ બીએચકે, ફર્નિ., ૧૯નુ મુખ

**ફલેટ વેચવાના છે**
– બીગ બજાર, ઓસ્કાર ટાવર, ૩ બીએચકે, ફુલ ફર્નિ. સાથે
– અમીન માર્ગ, ૩ બીએચકે, ફર્નિ.

**પ્લોટ વેચવાના છે**
કાલાવડ રોડ, અંજની પાર્ક, સર્વે નં., મેટોડા ૩૬૬ વાર, ૬૦નો રોડ, ૫૦×૬૬॥ રેસીડેન્સ

**શોરૂમ વે. છે**
ત્રણ માળનો ૪૫૦+૪૫૦+૪૫૦ શોરૂમ, ૧૨×૪૫નો (૬૬૧૦)

## રાજેશ શેઠ
**૯૯૨૫૧ ૦૦૭૩૩**

**(ઈન્ડ. જમીન વેચવાની)**
કાલાવડ રોડથી નજીક અમરેલી, સર્વે નંબર (૪) એકર મેઈન રોડ ટચ, તાત્કાલીક બઝાર કિંમતે વેચવાની.

**(ઈન્ડ. જગ્યા વેચવાની)**
ગોંડલ નેશનલ હાઈવે ટચ, બીલીયાળા સર્વે નંબર, ૨૨,૦૦૦ વાર જગ્યા અતિ મોકાની બઝાર કિંમતે વેચાણથી આપવાની.

**(ઈન્વેસ્ટ લાયક જમીન)**
ગોંડલ નેશનલ હાઈવેથી ૧૦૦/ મીટર, ટોલનાકા પછી ૧૨ એકર, જુની શરત, ફ્રી ઝોન, ઓરસ + ચોરસ, બઝાર કિંમતે વેચવાની છે.

**(મોકાનો પ્લોટ વેચવાનો)**
જામનગર રોડ, પરાપીપળીયા, સર્વે નંબર, ૧૦૦/ફુટ રોડ, ૩૦૦૦ વાર, માર્કેટ ભાવથી આપવાનો છે.

**(શોરૂમ લાયક પ્લોટ વેચવાનો)**
ગોંડલ હાઈવે ટચ, કોઠારીયા સર્વે નંબર, ૧૩૫૦ વાર જગ્યા, ઓરસ + ચોરસ, શોરૂમ + પેટ્રોલ પમ્પ + લાયક, તાત્કાલીક બઝાર કિંમતે વેચવાનો.

**(આલીશાન બંગલો વેચવાનો)**
અમીન માર્ગ નજીક એસ્ટ્રોન સોસા., ૪ બીએચકે, ફુલ્લી ફર્નિચર સાથે, ૩૦૦ વાર જગ્યા, પ્રાઈમ લોકેશન વેચવાનો.

## કેયુર એડ એજન્સી
**મેટોડા GIDC**
**Mo. 98248 03727**

**ઈશ્વરીયાના કોઈપણ સર્વે નં. માં પ્લોટ લેવા-વેચવા માટે**
ગોપી પાર્ક/ ઈશ્વર પાર્ક
જતીન પાર્ક/ જગદિશ પાર્ક
મિલન પાર્ક/ત્રિશા પાર્ક
પ્રિન્સ પાર્ક/પાર્શ્વવિહાર
પાર્ક/પ્રશાંત પાર્ક/ગ્લોરીયશ
પાર્ક/K-9 પાર્ક/K-11 પાર્ક
ગિરિરાજ પાર્ક/ઋષભ પાર્ક
સિલ્વર વિલા/સિલ્વર ગોલ્ડ
અંબાજી પાર્ક/હિલ વ્યુ/
વ્રજ ભૂમિ/ ડાયમંડ પાર્ક
મો. ૯૬૨૫૫ ૮૮૮૮૮

## એપેક્ષ એડવર્ટાઈઝીંગ
કોમર્સ હાઉસ, ઢેબર રોડ, વન-વે, રાજકોટ.
**મો. ૯૪૨૬૯ ૯૧૮૦૦**

**મકાન વેચવાનું છે**
૩-બેડ, હોલ, કીચન, ફુલ ફર્નિચર, ૧, બેકબોન પાર્ક, 'કિશન', બાલાજી હોલ પાછળ, ૧૫૦ ફુટ રીંગ રોડ. મો. ૯૮૨૪૨૦૬૪૨૧

**ડુપ્લેક્ષ બંગલો વેચવાનો છે**
૩ બી એચ કે, ૧૧૦ વાર, ૨૦ ફુટનું ફ્રન્ટ, ઈસ્ટ વેસ્ટ ઓપન, ફિક્સડ ફર્નિચર, તમામ સુવિધા સાથે વૉકહાર્ટ હાસ્પિટલ સામે, કાલાવડ રોડ અને ૧૫૦ ફુટ રોડની નજીક, બ્રોકર આવકાર્ય, કી. ૧.૩૦ મો. ૯૬૮૭૬૩૦૯૦૮

## અજીતભાઈ શાહ
**૯૪૨૬૧ ૭૪૬૮૦**

**ભાડે દેવાનું છે**
સ્વામીનારાયણ મંદિર સામેના રોડ, અક્ષર રોડ ઉપર ૩ બીએચકે, ફુલ્લી ફર્નિસ, ઈલેકટ્રોનિકસ સાથે મકાન

જુના જાગનાથ / આર વર્ડ સામે, યુનિ. રોડ ઉપર ૨ બીએચકે, ફર્નિચર સાથે ફલેટ ભાડે

શ્રોફ રોડ ઉપર ૧ બીએચકે, સ્વામીનારાયણ મંદિર પાછળ, ૩ બીએચકે, ફુલ ફર્નિચર, દલાલ માફ

ગોપાલ ચોક પાસે, ૨ બીએચકે, ફર્નિચર સાથે ભાડે

રોયલ પાર્કમાં ૩ બીએચકે, ૧૨૬૦ કારપેટ, ફર્નિચર સાથે / વગર વેચવાના છે.

શ્રોફ રોડ ઉપર ૩ બીએચકે,ના ૧૩૦૦ કારપેટ / ૧૬૦૦ કારપેટના ફલેટો વેચવાના છે.

R-word સામે ૩–બીએચકેના ૪ ફલેટ વેચવાના છે. ૯૦૦ થી ૧૨૦૦ કારપેટ

નવા જાગનાથમાં ૨૩૧ વારનું પૂર્વના મોઢાનું મકાન વેચવાનું છે. ૩૩×૬૩

## એડેક્સ મીડીયા લીંક્સ

જાહેરાત 99 242 34 642 વોટસએપ કરો અને ઓનલાઈન પેમેન્ટ કરો
309 - માધવ કોમ્પલેક્ષ, હોટલ ઈમ્પીરીયલ સામે, યાજ્ઞિક રોડ, રાજકોટ. મો. 99242 34642

### લેવા વેચવા

**પ્લોટ જોઈએ છે**
ગલોરીયસ, જામનગર રોડ ૮૪૯૯૫૪૩૮૨૯ યશ એસ્ટેટ

### જોઈએ છે

**મેન્સવેર શો-રૂમ માટે માણસ જોઈએ છે**
મેન્સવેર ગારમેન્ટ શો-રૂમ માટે માણસ જોઈએ છે. (ફુલટાઈમ) અનુભવી ને પ્રથમ પસંદગી (કાયમી માટે) મો.૯૪૨૮૨ ૩૩૮૨૧

**૧૨ પાસ હોય તેવા ૧૦૦ યુવનોની તાત્કાલીક જરૂર છે**
મો.૯૪૨૮૯ ૫૩૬૮૩

### ધંધાદારી

**આધારકાર્ડ અને પાનકાર્ડ**
લિંક કરી આપીશું. મો. ૯૪૦૮૫ ૧૪૧૪૧

**તમારા શેરમાં મહત્તમ વળતર**
અપાવી આપશું. તમારા શેર - હોલ્ડીંગ ને પ્રોફીટ માં લાવો શેર માં નુકશાન કરતા લોકો માટે ખાસ ઓફર. મો. ૯૧૫૭૦ ૫૯૮૪૪

**આધારકાર્ડ તથા પાનકાર્ડ માં**
નામ, નંબર અને એડ્રેસ ફેરવી આપીશું અને નવા પણ બનાવી આપીશું. મો. ૯૪૦૮૫ ૧૪૧૪૧

6619

ક્ષત્રિય સમાજ બાદ વધુ એક જ્ઞાતિમાં ભાજપ સામે રોષની લાગણી : મતદાનના આગલા દિવસો સુધી વિવાદો ગાજતા જ રહ્યા

# નાણાંમંત્રી કનુભાઇ દેસાઇએ કોળી સમાજ પર ટીપ્પણી કરતા ફરી ભડકો : ભાજપ વિરૂધ્ધ મતદાનનું એલાન

## ભાજપના વધુ એક નેતા પર રોષ વરસ્યો : તત્કાલ માફી અને પગલાની માંગ : તડકામાં મત આપતો સમાજ ભાજપને હરાવવા સવારથી નીકળી પડે : પત્રકાર પરિષદમાં આહવાન : ગઢડામાં સુત્રોચ્ચાર સાથે હવન

રાજકોટ, તા. ૪

રાજકોટ ભાજપના ઉમેદવાર દ્વારા ક્ષત્રિય સમાજ પર કરાયેલી ટીપ્પણીનો વિવાદ મતદાનના દિવસો પૂર્વે પણ શાંત ન થયો ત્યારે નાણામંત્રી કનુભાઇ દેસાઇએ નવસારીમાં કોળી સમાજ પર ટીપ્પણી કરતા રોષ ભડકયો છે. રાજકોટ સહિતના શહેરોમાં વિરોધ ઉઠયો છે અને મંગળવારે ભાજપના ઉમેદવારને હરાવવા જય ભવાની, જય માંધાતાના નારા સાથે ભાજપ વિરૂધ્ધ મતદાન કરવાના એલાન અપાયા છે.

આજે રાજકોટમાં અખિલ ભારતીય કોળી સમાજ ન્યુ દિલ્હી ગુજરાત રાજય ઉપાધ્યક્ષ યુવા પાંખ (ભૂતપૂર્વ) મુન્નાભાઇ બાવળીયા સહિતના આગેવાનોએ પત્રકાર પરિષદ યોજી હતી. તેઓએ જણાવ્યું હતું કે કોળી સમાજે જ્ઞાતિના અને ભાજપના સેંકડો પ્રતિનિધિઓને ધારાસભા અને સંસદ સુધી પહોંચાડયા છે. ભાજપને કાયમ સમર્થન આપ્યું છે. પરંતુ નાણામંત્રી કનુભાઇ દેસાઇએ જ્ઞાતિ પર કરેલી ટીપ્પણીથી સમાજની લાગણી દુભાય છે. જ્ઞાતિ દ્વારા પાર્ટી પાસે કોઇ અપેક્ષા રાખવામાં આવતી નથી અને મજુરી કરીને પેટ ભરતો સમાજ કયારેય હાથ ફેલાવતો નથી.

આ સંજોગોમાં ક્ષત્રિય બાદ ભાજપના નેતાએ કોળી જ્ઞાતિનું અપમાન કર્યુ છે. જ્ઞાતિઓના અપમાનનું જાણે લીસ્ટ બનાવ્યું હોય તેવું લાગે છે. આથી કનુભાઇ દેસાઇ માફી માંગે અને ભાજપ તેના પર કડક પગલા લે તે જરૂરી છે. કોળી સમાજના મતદારો ભાજપને જીતાડવા તડકામાં મત આપવા તૈયાર હોય છે. તો અપમાન બદલ મતદાનના દિવસે સવારથી જય ભવાની અને જય માંધાતાના સુત્રો સાથે ભાજપના ઉમેદવારને હરાવવા પણ તૈયાર થઇ જશે તેવું જાહેર કર્યુ હતું.

રાજકોટ લોકસભાના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજને લઈને જે નિવેદન આપ્યું તે બાદ હવે ભાજપના બીજા એક નેતાનો વાણીવિલાસ સામે આવ્યો છે. કનુભાઈ દેસાઇનું એક વિવાદિત નિવેદન સામે આવ્યું છે. જેમાં તેઓ કોળી સમાજને લઈને વાણીવિલાસ કરી રહ્યા છે.

હવે આ બધાની વચ્ચે કોળી સમાજને લઈને કનુભાઈ દેસાઇએ નવસારીમાં જે વાણીવિલાસ કર્યો ત્યારબાદ કોળી સમાજમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. કોળી સમાજના લોકો રોષે ભરાયા છે અને કહી રહ્યા છે કે આ નિવેદનને લઈને હવે કનુભાઈ દેસાઇએ કોળી સમાજની માફી માંગવી પડશે. નહીં તો રાજીનામું આપવું પડશે.

**આમ આદમી પાર્ટી**

દરમ્યાન નાણાંમંત્રી કનુ દેસાઈએ નવસારીમાં આપેલા નિવેદન બાદ આપ અને કોળી સમજમાં રોષ જોવા મળી રહ્યો છે. જેને લઈને આમ આદમી પાર્ટીના નેશનલ જોઈન્ટ સેક્રેટરી રાજુભાઈ સોલંકીએ એક વીડિયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, જેમ જેમ લોકસભા ચૂંટણી નજીક આવી રહી છે, તેમ તેમ ભાજપના અહંકારી નેતાઓ જાહેર મંચ પરથી અવારનવાર અલગ અલગ સમાજ માટે, જ્ઞાતિ માટે અને ધર્મ માટે બફાટ કરતા હોય છે અને લોકોની લાગણી દુભાઈ તે પ્રકારના નિવેદનો કરતા હોય છે.

ભાજપ સરકારના નાણામંત્રી કનુભાઈ દેસાઈએ જાહેર મંચ પરથી પોતાના ભાષણમાં કોળી સમાજ વિશે એક ટિપ્પણી કરી છે, જેના કારણે સમગ્ર ગુજરાતના કોળી સમાજના લોકોની લાગણી દુભાઈ છે. સમગ્ર ગુજરાતમાં તેમના નિવેદન વિરૂદ્ધ ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. કોળી સમાજ વિરૂદ્ધ કોઈપણ ટિપ્પણી કરીને તેમની લાગણી દુભાવવામાં આવે તે બિલકુલ યોગ્ય નથી. માટે કનુભાઈ દેસાઈ તાત્કાલિક ધોરણે કોળી સમાજની માફી માંગે. નહિતર આવનારા દિવસોમાં સમગ્ર ગુજરાતનો કોળી સમાજ મેદાને ઉતરશે અને આંદોલન કરશે.



રાજકોટમાં કોળી સમાજના આગેવાનોએ નાણાંમંત્રી કનુભાઇ દેસાઇના વિવાદી નિવેદન સામે વિરોધ નોંધાવ્યો છે.

**ગઢડામાં હવન**

બીજી તરફ ગઢડાના સામાકાંઠા વિસ્તારમાં કોળી સમાજના યુવાનો દ્વારા હવન કરી અનોખો વિરોધ કરવામાં આવ્યો છે. નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા કોળી સમાજ વિરૂદ્ધ કરેલ બફાટ ના વિરોધમાં હવન કરી વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. માતાજી કનુભાઈ દેસાઈને સદબુદ્ધિ આપે તે માટે હવન કરી યુવાનો દ્વારા કનુ દેસાઈ હાય હાયના નારાઓ પણ લગાવવામાં આવ્યા હતા. ભાજપ મોવડી મંડળ દ્વારા તાત્કાલિક કનુ દેસાઈ વિરુદ્ધ પગલા ભરવા કોળી સમાજના યુવાનોએ માંગ કરી છે.

# ગોંડલમાં કાલે ભાજપના સમર્થનમાં ક્ષત્રિય સંમેલન

## ગરાસીયા, રાજપુત, કાઠી, ક્ષત્રિય, કારડીયા, નાડોદા, સોરઠીયા સહિતના સમાજોના સદસ્યો વિશાળ સંખ્યામાં ઉમટી પડશે: ભાજપના ક્ષત્રિય નેતા જયરાજસિંહ જાડેજા ફરી મેદાનમાં

રાજકોટ, તા.૪

પોરબંદર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર મનસુખ માંડવીયાને જીતાડવા માટે આવતીકાલે તા.૫ ને રવિવારે ગોંડલમાં ક્ષત્રિય સંમેલન આયોજિત કરવામાં આવેલ છે.

ગરાસીયા રાજપૂત, કાઠી ક્ષત્રિય સમાજ,કારડીયા રાજપૂત ,નાડોદા રાજપૂત, સોરઠીયા રાજપૂતને ખાંટ રાજપૂત સમાજના લોકો સંમેલનમાં હાજર રહેશે..

ભાજપના ક્ષત્રિય નેતા જયરાજસિંહ જાડેજા ફરી એક વાર મેદાનમાં આવ્યા છે. ગોંડલ ખાતે રાજપૂત સમાજની વાડીએ આ સંમેલન યોજાશે. જયરાજસિંહના પુત્ર ગણેશસિંહ જાડેજાની આગેવાનીમાં ક્ષત્રિય સંમેલન યોજાશે. ગરાસીયા રાજપૂત, કાઠી ક્ષત્રિય સમાજ,કારડીયા રાજપૂત ,નાડોદા રાજપૂત, સોરઠીયા રાજપૂતને ખાંટ રાજપૂત સમાજના લોકો સંમેલનમાં હાજર રહેશે.



અહીં એ ઉલ્લેખનીય છે કે બાવળાના ગામડાઓમાં પરિભ્રમણ કરી ક્ષત્રિય સમાજના ધર્મરથનું ધોળકાના ચંડરીસર ગામે ફરીને ધોળકાના ચંડીસર ગામે ક્ષત્રિય સમાજના ધર્મરથનું હતું. જેમાં મોટી સમાપન કરાયું હતું. જ્યાં ક્ષત્રિય અસ્મિતા મહાસંમેલન યોજાયું હતું. જેમાં મોટી સંખ્યામાં હાજર ક્ષત્રિય અને અન્ય સમાજના લોકોએ ભાજપ વિરૂદ્ધ મતદાન કરવા મા ભવાનીના સોગંદ લઈ પ્રતિજ્ઞા પણ લીધી હતી. સંમેલનમાં હાજર ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ભાજપના પીએમઓમાં મે જાતે ફોન કરી રૂપાલાની ટિકિટ રદ કરવા કહ્યું હતું. પરંતુ ભાજપે ટિકિટ રદ ના કરી, એમને એમ હતું કે, આ સમાજ ક્યારેય ભેગો નહીં થાય અને સમાધાન થઈ જશે. તેમની રણનીતિ ઊંધી પડી છે અને સમાજ એક થઈ ગયો છે.

આ સમાજ તેનો જવાબ સાત તારીખે અને આવનારા દિવસોમાં આપશે. આ સંમેલનમાં ક્ષત્રિય સંકલન સમિતિના આગેવાનો અર્જુનસિંહ ગોહિલ, કરણસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે, રૂપાલાનું નિવેદન ભાજપને નડશે. જામનગરના જામસાહેબે વડાપ્રધાનનું સન્માન કર્યું છે એમાં અમે કોઈ સમાધાન નથી કર્યું. અમે આમાંથી હટી જઈએ તો પણ સમાજ મા-બહેનોની અસ્મિતા માટે ક્યારેય સમાધાન નહીં કરે. આ આપણા નાકનો સવાલ છે અને તેનો પડઘો મતદાનમાં પડશે.

### હવે ગરીબોની કસ્તુરીના ભાવ વધશે

# ચુંટણી ઈફેકટઃ ડુંગળી પરનો નિકાસ પ્રતિબંધ દુર

## મહારાષ્ટ્રમાં ડુંગળી ઉત્પાદક ક્ષેત્રમાં મતદાન નજીક આવતા નિર્ણયઃ ૪૦% નિકાસ ડયુટી લાગશેઃ લઘુતમ ભાવ બાંધણું કરાયું



નવી દિલ્હીઃ દેશમાં ડુંગળીના ભાવ વધતા લાદવામાં આવેલી નિકાસબંધી ઉઠાવી લેવામાં આવી છે પણ સાથોસાથ નિકાસ પર ૪૦% નિકાસ જકાત પણ લાદવામાં આવી છે અને વ્યાપારી વર્ગ માટે નિકાસ માટે લઘુતમ ભાવ નિશ્ચિત કર્યા છે અને ૫૫૦ ડોલર પ્રતિ ટનના ભાવથી ઓછા ભાવમાં નિકાસ કરી શકાશે નહી. મહારાષ્ટ્રમાં લોકસભા ચૂંટણીમાં ડુંગળી ઉત્પાદન ક્ષેત્રમાં હવે મતદાન યોજાવાનું છે અને આ નિકાસબંધી ઉઠાવી લેવાથી વિદેશમાં ડુંગળીની નિકાસ થઈ શકશે જેમાં ઉંચા ભાવ નિશ્ચિત કરાયા છે પણ તેના કારણે ઘરઆંગણે ડુંગળીના ભાવમાં વધારો થશે. મહારાષ્ટ્રના ખેડુતોમાં નિકાસ બંધી અને છૂટની રમતમાં તેના ઉત્પાદનોના યોગ્ય ભાવ મેળવી શકાતા નથી. ડુંગળીએ દેશના રાજકારણમાં અનેક વખત વિલનની ભૂમિકા પણ ભજવે છે. ૧૯૪૦માં ચૂંટણીને ઈન્દીરા ગાંધીએ ડુંગળી ઈલેકશન તરીકે ગણાવી હતી અને ડુંગળીના ભાવમાં કિલોએ રૂા.૬નો વધારો થતા તે મુદો ઉઠાવી ઈન્દીરાએ જીત મેળવી હતી.

# રાજકોટના પત્રિકા વિવાદમાં ચારેય યુવાનો જામીન મુક્ત

રાજકોટ, તા.૪

રાજકોટના પત્રિકા વિવાદમાં ચારેય યુવાનોના જામીન કોર્ટે મંજુર કર્યાં છે. ક્રાઈમ બ્રાંચ દ્વારા ગુરુવારે રાત્રે યુવાનોની ધરપકડ કરવામાં આવી હતી. જે પછી પોલીસ દ્વારા ગત બપોરે આ યુવાનોને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. બનાવની વિગત એવી છે કે, લેઉવા પટેલ અને કડવા પટેલ સમાજ વચ્ચે મતભેદ અને વૈમનસ્ય ઉભું થાય તેવી પત્રિકા



જાહેરમાં વેંચી સોશયલ મીડિયામાં વાયરલ કરવામાં આવી હોવાના આક્ષેપ સાથે શહેરના વોર્ડ નં.૧૧ના ભાજપ પ્રમુખ મહેશભાઈ પીપળીયાએ કોંગ્રેસી કાર્યકર કેતન તાળા, પ્રકાશ વેજપરા, વિપુલ તારપરા, દિપ ભેડેરી તેમજ પત્રિકા તૈયાર કરનાર અજાણ્યાં શખ્સો વિરૂદ્ધ તાલુકા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી. જેને પગલે ક્રાઈમ બ્રાંચ દોડી ગઈ હતી અને ગુરુવારે રાત્રે ચારેય યુવાનોની ધરપકડ કરવામાં આવી હતી, શુક્રવારે બપોરે ૩.૩૦ વાગ્યે તેમને કોર્ટમાં રજૂ કરાતા સિનયર વકીલો રાજેન્દ્રસિંહ ગોહિલ, ભરતસિંહ ગોહિલ, વિજયસિંહ ઝાલા, પ્રહલાદસિંહ ઝાલાએ હાજર રહી, યુવાનો તરફેના વકીલોએ ધારદાર દલીલો કરી હતી, જે ધ્યાને લઈ કોર્ટે યુવાનોને જામીન મુક્ત કર્યા હતા.


# સાંજ સમાચાર ટચુકડી જાહેર-ખબર

## નયન પબ્લીસીટી

સોરઠીયાવાડી ચોક કોર્નર, રાજકોટ

દરેક પ્રકારની ટચૂકડી જા.ખ. માટે મળોઃ
મહેશભાઈ - મો. ૯૮૨૪૫ ૩૧૪૧૭/૯૭૩૭૪૮૦૨૪૮

**માણસની જરૂર છે**
અનાજ કરીયાણાના અનુભવીની હુડકો કોઠારીયા મેઈન રોડ, દિનેશ ટ્રેડીંગ મો. ૯૮૨૪૨ ૧૫૮૬૨

**દુકાન વેચવાની છે**
કોઠારીયા મેઈન રોડ, ૮×૧૮+ ૩૫૫, કિં. ૪૫, ફાઈનલઃ ૯૪૦૮૯૨૪૫૧૮

**જયપુરી કોટન ડ્રેસ**
ફકત રૂા. ૨૯૦ વધુ વિગત માટે શિવાની ડ્રેસીસ, મો. ૯૮૨૪૨ ૯૬૪૭૦

**સુચિત મકાન વે. છે**
૬૦ વાર, કોઠારીયા, રણુજા મંદિર પાસે મો. ૯૯૨૪૦ ૧૪૪૪૫

**બહેનો જોઈએ છે**
મહેનતુ વાણીયાવાડીના નજીકના વિસ્તારમાંથી મો. ૯૯૦૪૭ ૪૬૧૬૧

**જાહેરાત માટે મળો**
દરેક છાપામાં ટચુકડી, શ્રધ્ધાંજલી, ડીસ્પ્લે, વગેરે જાહેરાત આપવા માટે મળો. નયન બુક સ્ટોલ એન્ડ પબ્લીસીટી, સોરઠીયા વાડી ચોક (કોર્નર) રાજકોટ મો. ૯૮૨૪૫ ૩૧૪૧૭

**પડધરીમાં કસમાં મકાન**
વેચવાનું ગામમાં મેઈન બજાર, કોટક શેરીમાં જુનુ ૩૦૦ વારનું મોકાનું મકાન કસમાં (૧૫ લાખમાં) મો. ૯૮૯૮૩ ૮૮૩૬૬

**એકાઉન્ટન્ટ આસી. ભરતી**
એફ.પી.એ.આઈ. રાજકોટ માટે ૧૨ પાસ ટેલી પ્રાઈમ એકાઉન્ટીંગ તથા અંગ્રેજી, ગુજરાતી ટાઈપીંગ જાણનાર એકાઉન્ટ આસીસ્ટન્ટની હંગામી ધોરણે ભરતી કરવાની છે, વેતન મુખ્યાલયના નિયમો અનુસાર રહેશે (દિવસ ૧૫માં) એફ.પી.એ.આઈ.–રામનગર શેરી નં. ૧, ગોંડલ રોડ, રાજકોટ.

**ગાયત્રી યાત્રા ૨×૨ સ્લીપર બસ**
(૧) બદ્રી, કેદાર, ગંગોત્રી, યમનોત્રી સાથે ચારધામ દિ. ૨૨ (૨) ઉતર ભારત યાત્રા.–દિ.૧૨, (૩) અયોધ્યા, કાશી, ચિત્રકુટ, અલ્હાબાદ, હરિદ્વાર–દિ.૧૭ (૪) રોયલ રાજસ્થાન–દિ.૮, (૫) નાસિક, શીરડી, મુંબઈ–દિ.૬ ઉપડશે. તા. ૧૦/૧૫/૨૧ મે, ૯૮૨૫૯ ૩૨૧૧૪

**ન્યુ ફલેટ (૩) વેચવાના**
ફલેટના બિલ્ડીંગમાં ૩ ફલેટ વેચવાના, ૧૦૩૦ કાર્પેટ, ૩ બેડ, હોલ, કિચન, સેમી ફર્નિશ્ડ, ગેસ લાઈન, વેસ્ટ ઓપન, એરોડ્રામ પાસે, ગીત ગુર્જરી સોસાયટી મેઈન રોડ, યોગ્ય બદલો ચાલશે. મો. ૯૮૯૮૧ ૮૦૨૦૪

## વિકાસ પબ્લીસીટી

RK સુપ્રીમ, 1120-1121, 11માં માળે, ટવીન સ્ટાર સામે, 150 ફુટ રીંગ રોડ, રાજકોટ.
Mo. 98795 18143 • 99795 18143

### જોઇએ છે

**ફલેટ ભાડે જોઇએ છે**
૧ અથવા ૨ બીએચકે, બ્રોકર માફ. ૯૦૧૬૩ ૪૦૦૩૮

**ટીચર જોઈએ છે**
ડ્રોઈંગ તથા આર્ટ ક્રાફ્ટ ઘરે આવી શીખવાડી શકે સાંજે ૪:૩૦ થી ૬ તેવા. મો. ૯૪૨૬૬ ૯૮૯૯૦

**રસોઇ માટે બહેન જોઇએ છે**
સવારે ૯ (નવ) થી રાત્રે ૮ (આઠ) સુધી રોકાઈ રસોઈને લગતું કામ કરી શકે તેવા. મો. ૯૪૨૬૬ ૯૮૯૯૦

### વેચવાનું છે

**ફલેટ વેચવાનો છે**
૨ બેડ, સીટી કોર્ટયાર્ડ, રૈયાધાર, શાંતીનગર. મો. ૯૯૨૫૬ ૧૧૬૫૩

**બંગલો વેચવાનો છે**
એરપોર્ટ વિસ્તાર, રૂચી બંગલો, ૧૩૦ વાર, ૩ બીએચકે, ફુલ ફર્નિચર સાથે. કિ.૧.૩૦. મો. ૯૮૨૫૧ ૫૦૫૦૭

**બંગલો વેચવાનો છે**
૧૧૭ વાર, ૩ બીએચકે કોર્નરનો ફર્નિચર સાથે, નોર્થ-વેસ્ટ ઓપન, મીરાનગર ૫/૩, રૈયા રોડ. મો. ૯૩૨૭૧ ૧૨૩૪૧

**ઓફીસ વેચવાની છે**
૬૩૦ કાર્પેટ, ૩૩૦ હીરા પન્ના કોમ્પ્લેક્ષ, યાજ્ઞિક રોડ, ફર્નિચર સાથે, એટેચ બાથરૂમ, આઈ.ટી. બેંક, બેક ઓફિસ માટે રેડી મુવ ઈન. મો. ૯૪૨૮૦ ૫૬૨૦૧

### વેચવાનું છે

**મકાન વેચવાનું છે**
૧૨૦ વાર, ૩ બેડ, હોલ, કીચન, કોટેચા સ્કુલ પાસે, કાલાવડ રોડ, બ્રોકરઃ ૯૪૨૬૯ ૪૩૨૮૧ (૬૬૨૨)

રહેવા લાયક ટેનામેન્ટ, ટાઈટલ કલીયર, ૧૫×૬૦ (૧૦૭ વાર), ૩ બીએચકે વહેચવાનું છે, તિરૂપતિ નગર, રૈયા રોડ, રાજકોટ. કો. ૯૮૭૯૨ ૦૭૩૪૮ (૬૬૨૧)

**મકાન વેચવાનું છે**
૫૦ વાર, ૨૭ કિ. લોનેબલ, મેહુલનગર–૧, કોઠારીયા રોડ, નીલકંઠ ટોકીઝ પાછળ, ૨ બીએચકે, ૮૮૪૯૯ ૫૩૯૦૨ (૬૬૨૦)

**બંગલો વેચવાનો છે**
વેસ્ટ ઓપન ૨૧૨ વાર, ૧૫૦ ફુટ રીંગ રોડ, નાગરીક બેંક પાસે, કિંમત ૧.૩૧, મો. ૯૯૨૫૪ ૭૪૩૩૩, દલાલ આવકાર્ય (૬૬૨૮)

## ધ્રુવ એડસ

હિરા કોમ્પ્લેક્ષ, બીજા માળે, ફુલછાબ ચોક પાસે, પટ્ટણી સોની બોર્ડીંગ સામે, રાજકોટ-૧.
M. 96247 10323

### જોઇએ છે

**એજન્ટ જોઇએ છે**
ટિકિટનું વેચાણ કરી દર મહિને ૧૫૦૦૦ થી ૨૦૦૦૦ કમાણી કરો, ૯૭૨૫૬ ૭૦૭૨૧

**ઓફિસ અને ફિલ્ડવર્ક**
કરવા માટે બહેનો જોઈએ છે. વિનોદભાઈ, ૯૧૭૩૮ ૨૭૧૨૫

### વેંચવાનું છે

**દુકાન/ઓફિસ વેચવાની**
(૧) સદ્દગુરૂ માર્કેટ શોપ નં. ૬, સીટી સેન્ટર સામે (૨) સદ્દગુરૂ તીર્થધામ, શોપ નં. ૨૩, ગ્રાઉન્ડ ફ્લોર, રૈયા રોડ, રાજકોટ. મો. ૯૮૨૫૪ ૭૯૧૦૦

**દુકાનો વેચવાની છે**
શોરૂમ, ૧૮॥×૧૨॥ મેઈન રોડ, ગ્રા. ફલોર, ૨૩૫ ફુટ, મંગળા રોડ, ફ. ફલોર, ૩૭॥×૧૮॥ ફુટ, ૭૭૫, મો. ૯૮૨૪૨ ૭૨૩૯૫ (૬૬૩૦/૧)

**ફલેટ વેચવાનો છે**
૨ બીએચકે, પહેલો માળ, લિફ્ટ, આશરે, કિ. ૩૩ લાખ, કાલાવડ રોડ, પ્રેમ મંદિર પાસે, મો. ૯૬૬૩૫ ૦૭૪૭૦ (૬૬૩૦/૬)

### યાત્રા પ્રવાસ

**ખોડીયાર ટ્રાવેલ્સ સ્લીપર**
તા. ૩૦/૫ ચોક્કસ ઉપડશે, ચારધાર દિ. ૨૧૫૦૦/–માં કેદાર, બદ્રી, ગંગોત્રી, યમનોત્રી દિ.૧૬, રહેવા– જમવા જુજ સીટ બાકી તા. ૨૦/૫ દિ.૧૨, હરીદ્વાર રાઉન્ડ, તા.૧૫/૫ દિ.૪, સ્ટેચ્યુ, પાવાગઢ, એ.સી. ૨×૩, બુકીંગ, મો. ૯૮૨૫૩ ૫૯૦૯૦ (૬૬૦૭)

### જોઈએ છે

**જોઈએ છે**
કુરીયર કંપનીમાં પાર્ટટાઈમ સાંજે ૬ થી૯ વર્ક કરી શકે તેવા ઉત્સાહી માણસની જરૂર છે. મેટોડા જીઆઈડીસી માટે મો. ૯૮૯૮૩ ૬૫૫૯૦, ૮૩૨૦૫ ૨૬૮૦૯ (૬૬૦૧)

**દુકાન માટે માણસની જરૂર છે**
પ્લાસ્ટીક બંગડી હોલસેલ માટે માણસની જરૂર છે, પેડક રોડ, ચંપકનગર–૩માં, ૯૦૬૭૫ ૪૫૭૦૯ (૬૬૦૪)

**જોઈએ છે**
લેડીઝ–જેન્ટસ–૨, હોલસેલ એજન્સીમાં રૂટીન વર્ક માટે તેમજ કોમ્પ્યુટરના જાણકાર મો. ૯૮૨૫૫ ૧૭૬૫૪, જનતા ડ્રગ એજન્સી, યોગી ટાવર, મોટી ટાંકી ચોક, રાજકોટ. (૬૬૧૦)

**જોઈએ છે**
ઉત્સાહી સ્ટાફ કાપડની દુકાનમાં કામ કરી શકે તેવા મો. ૯૮૨૪૮ ૧૧૫૬૭ (૬૬૧૮)

### ધંધાદારી

**સુતારી કામ કરાવો**
રીપેરીંગ, ત્રિકોણબાગથી માધાપર ચોકની આજુબાજુમાં મો. ૬૩૫૨૬ ૩૭૪૪૦ (૬૬૨૬)

### ભાડે આપવાનું છે

**ભાડે આપવાનું છે**
૧ બીએચકે મકાન, ઉપરના માળે ભાડે આપવાનું છે. શીતલ પાર્ક, ઓમકારેશ્વર મંદિર સામે, રાજકોટ. મો.નં. ૯૮૨૫૮ ૮૬૪૮૬ (ગાંધી)

**ઓફીસ ભાડે આપવાની છે**
પીઓપી, ફર્નિચર સાથે, પ્રમુખસ્વામી આર્કેડ, માલવિયા ચોક, મો. ૯૯૨૫૮ ૭૫૯૧૯ (૬૫૬૩)

**ઓફીસ ભાડે આપવાની છે**
પીઓપી, ફર્નિચર સાથે, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, મો. ૯૯૨૫૮ ૭૫૯૧૯ (૬૫૯૩)

**ભાડે આ. છે ૧ બીએચકે ફલેટ**
પાર્કિંગમાં રૂમ, રસોડુ + ગોદામ, તીરૂપતિ–૨, મઢી, શાક માર્કેટ, સ્વતંત્ર, મો. ૯૪૨૮૪ ૬૭૭૧૦ (૬૬૨૭)

**ફલેટ ભાડે આપવાનો છે**
૧ બીએચકે, અંબિકા પાર્ક, રૈયા રોડ, હનુમાન મઢી ચોક, રાજકોટ. મો. ૮૩૨૦૬ ૨૮૧૦૯ (૬૬૨૯)

**દુકાનો ભાડે આપવાની છે**
ગ્રા.ફ. શોરૂમ, ૧૮॥×૧૨॥ મેઈન રોડ, ૨૩૫ ફુટ, ભાડુ ૧૮૦૦૦/– ફ. ફલોર, ૩૭॥×૧૮॥ ફુટ ૭૭૫ ભાડુ ૩૮૦૦૦/– મો. ૯૮૨૪૨ ૭૨૩૯૫ (૬૬૩૦/૨)

### સાંજ સમાચાર

૧૨ અક્ષરની ૧ લાઈન
૧ લાઈનના માત્ર રૂા.૧૦
ટચૂકડી સ્વીકારવાનો સમય
૧૦ થી ૮- સોમથી શનિ

## પિન્ટુ પબ્લીસીટી

આશાપુરા રોડ, ઋતુરાજ સિઝનની બાજુમાં, હરેશભાઈ કટારીયા : ૯૮૯૮૯ ૮૬૭૬૫
વોટસએપ ઉપર જાહેરાત મોકલો
ઓનલાઈન પેમેન્ટ કરો

**જોઈએ છે**
FMCGમાં માર્કેટીંગ કરી શકે તેવા અનુભવી વ્યકિતની જરૂર છે. ખાસ અનુભવી વ્યકિત જ ફોન કરે ઓનલી રાજકોટ માટે. મો. ૭૯૮૪૧ ૬૮૬૯૩

**ફલેટ વેચવાનો છે**
૩ બીએચકે, ૮૫૦ સ્કે. ફુટ, સેમી ફર્નિચર સાથે, પેલેસ રોડ, ટચ, પ્રહલાદ પ્લોટ, આશાપુરા મેઈન રોડ, રાજકોટ. મો. ૯૯૨૪૪ ૮૮૬૬૦

જોઈએ છે સાડીની દુકાન માટે અનુભવી સેલ્સમેન બીનઅનુભવી માણસો મળો. મનાલી ટેક્ષટાઈલ્સ, દિવાનપરા મે. રોડ, રાજકોટ. મો. ૯૮૭૯૩ ૭૫૮૦૩

**બહેનોને રૂમ ભાડે**
નોકરી / અભ્યાસ કરતા બહેનોને રૂમ ભાડે રૂા. ૧૫૦૦ પંચવટી સોસા. અમીન માર્ગ, મો. ૯૮૯૮૯૮૬૭૬૫

**જોઈએ છે**
કેરીના શોરૂમમાં વેચાણ કરી શકે તેવા લેડીઝ/જેન્ટસ તથા કેરી પકાવી શકે તેવા અનુભવી માણસો, મળો : ખુશી મેંગો ફાર્મ, મહિલા કોલેજ ચોક પાસે, સાસુજી પંજાબી ધાબા સામે, રાજકોટ. મો. ૯૮૯૮૯ ૮૬૭૬૫

**જોઈએ છે**
હેર સલુન માટે જેન્ટસ / લેડીઝ સ્ટાફ ૧૫ થી ૨૫ હજાર પગાર સાથે કમીશન સ્પીડવેલ પાર્ટી પ્લોટ અરીયામાં મો. ૯૬૮૭૧ ૯૫૮૫૪

**જોઈએ છે**
કારીગર, હેલ્પર, ચેકીંગ પેકીંગ માટે તેમજ લેઝર માર્કિંગના ભાઈઓ મળો : કુમાર ઈન્ડ. કોર્પો. ભુપેન્દ્ર રોડ, શાંતિ કોમ્પલેક્ષ, રજા માળે, રાજકોટ.

**દુકાન વેચવાની છે**
ભુપેન્દ્ર રોડ ઉપર અતિ મોકાની દુકાન, સ્વામી. મંદિરની સામે, શાંતિ કોમ્પલેક્ષ, ફ્રન્ટમાં ડબલ હાઈટવાળી ૧૩૦ ચો. ફુટ મો. ૯૮૨૫૮ ૨૦૩૫૩

**નંબર નોંધી લેશો**
નળ વેરા, મિલ્કત વેરા, વ્યવસાય વેરા, નોટરી, ભાડા કરાર, આવક અને જન્મ- મરણ નોંધના દાખલા, મેરેજ સર્ટીફીકેટ, આધારકાર્ડ–પાનકાર્ડ નવા અને સુધારાવાળા વગેરે કામ માટે મો. ૭૭૭૮૯ ૦૪૪૭૭

**મીની બંગલો વેચવાનો**
૮૦ વાર બીમ કોલમ નવું બાંધકામ નીચે પાર્કિંગ, ૪ બીએચકે, ડાઈનીંગ, વોશ એરીયા, લોનેબલ (કિંમત ૬૫) ગૌતમનગર, સ્ટર્લિંગ હોસ્પિ. સામે, મો. ૯૪૨૬૯ ૮૬૦૬૫

**છાપામાં જાહેરાત માટે**
રાજકોટનાં કોઈપણ સવાર–સાંજના ન્યુઝ પેપરમાં ટચુકડી, ડીસ્પ્લે, ધંધાકીય, જાહેર નોટીસ, શ્રધ્ધાંજલી, દુઃખદ અવસાન વગેરે તમામ પ્રકારની જાહેરાત આપવા માટે મળો : પિન્ટુ પબ્લીસીટી, આશાપુરા રોડ, ઋતુરાજ સીઝનની બાજુમાં, મો. ૯૮૯૮૯ ૮૬૭૬૫

# સાંજ સમાચાર

**ટચુકડી જાહેર-ખબર**


શ્રી ®

MODI ESTATE

# મોદી એસ્ટેટ

## શેઠનગર, જામનગર રોડ, રાજકોટ - મો : ૯૫૧૦૧૦૧૦૪૪


### સહજાનંદ વાટિકા
વિરડાવાજડી ૮૬/૧, ૨૭૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૨૫૦૦૦

**રિધ્ધિ સિધ્ધિ પાર્ક**
રૈયા સર્કલ પાસે, ૧૩૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૯૫,૦૦૦

### વર્ધમાનનગર
ઘંટેશ્વર-૧૪૦, ૨૮૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૩૪,૦૦૦

**કિંગ ફાર્મ હાઉસ**
સણોસરા, ૯૭ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૫૦૦૦

### આફ્રિકા કોલોની
૧૫૦ ફુટ રીંગ રોડથી નજીક, ૧૮×૭૦=૧૪૦ વાર, ૩૦નો રોડ, ભાવ-૧.૦૫ લાખ

**બ્રહ્માનંદ**
ઘંટેશ્વર-૧૩, ૯૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૯૦૦૦

## સીટી વિસ્તાર

**રામવિહાર સોસાયટી**
બાલાજી હોલ સામે, ૧૬૧ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૮૫૦૦૦

**જ્ઞાનજીવન સોસાયટી**
રૈયા-૧૩૬/૧, ૨૨૧ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૬૦,૦૦૦

**ગુલાબ વિહાર**
નાનામવા-૭૯, ૨૦૭ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧ લાખ

**કલ્યાણ પાર્ક**
નાનામવા-૧૬, ૯૮ વાર, પ્લોટ વેચવાનો છે. કિંમત-૧ કરોડ

**જીવનનગર**
રૈયા ચોકડી પાસે, ૪૩૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ - ૭૫,૦૦૦

**આસોપાલવ પાર્ક**
મવડી પ્લોટ, ૮૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૮ લાખ

**ગુણાતીતનગર કો.ઓ.**
રોઝરી સ્કુલની બાજુમાં, ૧૫૭ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૭૦,૦૦૦

**જગન્નાથ પ્લોટ**
બિગબજાર પાસે, ૧૪૪ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧.૧૫ લાખ

**નવયુગ સોસાયટી**
એરપોર્ટ રોડ, ૧૫૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૬૫,૦૦૦

**શ્રીનગર સોસાયટી**
ભકિતનગર સર્કલ પાસે, ૧૩૨ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૬૫,૦૦૦

**કર્મચારી સોસાયટી**
યુનિવર્સિટી રોડ, ૨૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૭૧,૫૦૦

**વિવેકાનંદ સોસાયટી**
રેસકોર્ષ રીંગ રોડ, ૨૯૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧.૫૦ લાખ

**ભીડભંજન**
રૈયા રોડ, ૩૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૫,૦૦૦

## કાલાવડ રોડ

**અર્જુન પાર્ક**
હરિપર-તરવડા, ૩૧૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૬૫૦૦

**શિવભૂમિ**
ઢોકળીયા-૨૧, ૪૬૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૫૦૦૦

**સોનલ પાર્ક**
વિરડા વાજડી-૫૪પૈ, ૧૧૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૨૦,૦૦૦

**પાવન પાર્ક**
હરિપર-૫૬, ૨૦૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૨૦,૦૦૦

**કલ્પતરૂ પાર્ક**
હરિપર પાળ -૫૬/૧/૯, ૩૫૮ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૨૦,૦૦૦

**ગુરૂદેવ પાર્ક**
ન્યુ ઈશ્વરીયા-૭૭/પી૧, ૧૦૪ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૨,૦૦૦

**દર્શન પાર્ક**
કણકોટ-૧૩૧, ૨૧૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૪૫૦૦

**ગોલ્ડન હાર્વેસ ગ્રીન**
મોટાવડા, ૧૩૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૨૦૦

**યોગેશ્વર પાર્ક**
મોટામવા-૬૬, ૨૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૩૫,૦૦૦

**ગ્લોરીયસ વન્ડર**
મોટા વડા-૬૬/૨, ૧૭૨ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૬૦૦૦

**પરમેશ્વર પાર્ક**
ઈશ્વરીયા સર્વે નં. ૧૦૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૮૦૦૦

**આસોપાલવ પાર્ક**
વિરડાવાજડી-૯૩/૧, ૪૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૨૫૦૦૦

**સહજાનંદ વાટિકા**
વિરડા વાજડી, ૨૭૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૨૪૦૦૦

**સોપાન-૧**
મટુકી રેસ્ટોરન્ટ પાસે, ૭૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૮૦૦૦૦

## મોરબી રોડ

**ભરતવન-૧**
રતનપર-૧૭૧/૧, ૪૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૫૦૦૦

**વિશ્વકર્મા પાર્ક**
રતનપર-૧૩૯, ૧૭૧ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૪૫૦૦

**રાધાકૃષ્ણનગર**
રતનપર-૧૭૩, ૧૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૪૫૦૦

**શ્રીનાથજી પાર્ક**
હડાળા, ૨૮૮ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૫૦૦૦

## ઈન્ડસ્ટ્રીયલ

**જે.કે.ઈન્ડસ્ટ્રી**
જીવાણા-૨૦૯/૧, ૧૦૬૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૬૫૦૦

**સરદાર પાર્ક**
સોખડા, ૫૨૨૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૨૫૦૦૦

**માધવ ઈન્ડસ્ટ્રી**
બાલસર, ૭૩૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૯૫૦૦

**ગંગા ફોર્જિંગ**
શાપર, ૨૩૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૨૪૦૦૦

**ઈન્દ્રપ્રસ્થ-૫**
બેડી-૨૬૧, ૯૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૨૩૦૦૦

**ઉર્જા ઈન્ડસ્ટ્રી-૪**
શાપર વેરાવળ, ૪૫૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૨૭૫૦૦

**સિલ્વર ઈન્ડસ્ટ્રીઝ**
વિરવા-૪૧/૧, ૫૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૯૦૦૦

**પરમદાસ ઈન્ડસ્ટ્રી**
આજી ડેમ પાસે, ૧૪૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૩૭૦૦૦

**આજી જીઆઈડીસી**
૧૦૦૦ મીટર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૦,૦૦૦ (મીટર)

## જમીન

**હડાળા**
૬ એકર, જમીન વેચવાની છે. ભાવ-૯૫ લાખ (એકર)

**કોઠારીયા**
રાજકોટ-મોરબી હાઈવે, ૨ એકર ૭ ગુંઠા, જમીન વેચવાની છે. ભાવ-૧.૧૧ કરોડ (એકર)

**મોવિયા**
તા.ગોંડલ, ૭.૫૦ વિઘા, જમીન વેચવાની છે. ભાવ-૧૯ લાખ (વિઘા)

**રામપર પડધરી**
૫.૫. એકર, જમીન વેચવાની છે. ભાવ-૭૫ લાખ (એકર)

**મોટા વાગુદળ**
તા. ધ્રોલ, ૫ એકર, ૨૦ ગુંઠા, જમીન વેચવાની છે. ભાવ-૩૫ લાખ -(એકર)

**વાવડી**
૧ એકર, જમીન વેચવાની છે. ભાવ-૧૫ કરોડ (એકર)

## કુવાડવા-વાંકાનેર

**ગુરૂકૃપા પાર્ક**
ખિજડીયા-૬, ૧૭૨ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૮ લાખ

**ખેરવા-૩**
વાંકાનેર, ૨૮૨ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૫૦૦૦

## જામનગર રોડ

**માધાપર-૫૫**
૧૩૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૫૦૦૦

**દર્શિતા સોસાયટી**
એસ.આર.પી. કેમ્પ પાછળ, ૧૨૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૮,૦૦૦

**ગ્લોરીયસ ગોલ્ડ સીટી**
જામનગર રોડ, ૧૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. કિંમત- ૨૦ લાખ

**ક**
૨૪૫૦ વાર, પ્લોટ વેચવાનો છ . ભાવ-૨૮૦૦૦

**શિવસાગર પાર્ક**
માધાપર-૧૨, ૧૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૫૦૦૦

**ગ્રીન એકર**
તરઘડી-૫૧ પૈકી, ૪૬૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૫૦૦૦

**આંબાવાડી**
ન્યારા સર્વે નં. ૩૮૯ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૬૦૦૦


**અરિહંતનગર-૨**
ઘંટેશ્વર-૧૩૩, ૪૮૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૩૨૫૦૦


## ફાસ્ટ પેમેન્ટથી પ્લોટ વેચવા માટે મળો

### ઈન્દિરા ગાંધી, વાજપેયી, અડવાણી, નરેન્દ્ર મોદી વગેરે એકથી વધુ બેઠકો પર લડયા છે

# બે બેઠકો પર લડવાનું કે સીટ બદલવાનું રાષ્ટ્રીય નેતાઓ માટે નવું નથી

## પોતાની જીત સુનિશ્ચિત કરવા ઉપરાંત આસપાસના અન્ય સંસદીય ક્ષેત્રોમાં પાર્ટીનો પ્રભાવ પાડવાની રણનીતિનાં ભાગરૂપે પણ મોટા નેતાઓએ બે બેઠક પરથી ઝુકાવતા હોય છે



નવી દિલ્હી તા.૪ કોંગ્રેસનાં નેતાએ વાયનાડ ઉપરાંત રાયબરેલી બેઠક પર ઉમેદવારી નોંધાવી હતી. બે બેઠકો લડવાના મામલે ભાજપ દ્વારા રાહુલ પર પ્રહાર કરવામાં આવ્યો છે. ત્યારે ભારતીય સંસદીય ઈતિહાસમાં અનેક મોટા નેતાઓ આ રીતે બે-બે બેઠકો પર ચૂંટણી લડી છે. મોટા નેતાઓ માટે આ સામાન્ય છે. માત્ર બે બેઠક પરથી લડવાનું જ નહિં, સીટ બદલવાનું પણ સામાન્ય છે.ઈન્દીરા ગાંધી, સોનિયા ગાંધી,લાલકૃષ્ણ અડવાણી, અટલ બિહારી વાજપેયી જેવા નેતાઓ પણ આવા પ્રયોગ કરી ચૂકયા છે.

કોંગ્રેસનાં નેતા રાહુલ ગાંધીએ બે બેઠક પરથી ઉમેદવારી નોંધાવ્યા ઉપરાંત એક સીટ પણ બદલી છે. ૨૦૧૯ માં વાયનાડ ઉપરાંત અમેઠીથી લડયા હતા. વાયનાડથી જીત મળી હતી. કોંગ્રેસ-ગાંધી પરિવારનો ગઢ ગણાતી અમેઠી બેઠક પરથી હારી ગયા હતા. આ વખતે વાયનાડ પરથી લડવાનું ચાલુ રાખ્યુ છે. જયારે બીજી બેઠક અમેઠીને બદલે રાયબરેલી પસંદ કરી છે. રાયબરેલી પણ કોંગ્રેસ-ગાંધી પરિવારનો ગઢ ગણવામાં આવે છે.

રાજકીય નિષ્ણાંતોના કહેવા પ્રમાણે કોઈપણ પક્ષના રાજકીય નેતાઓનો પ્રભાવ દેશનાં કોઈપણ ખુણે હોય છે.પોતાના માટે સુરક્ષીત બેઠક રહેવા ઉપરાંત આસપાસનાં તમામ ક્ષેત્રોમાં પાર્ટીને રાજકીય લાભ અપાવવાના ગણીત સહીતની અનેકવિધ રણનીતિઓ સાથે નેતાઓ પોતાના વતન સિવાયની બેઠક પસંદ કરતા હોય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતનાં છે. પરંતુ ઉતર પ્રદેશ સહીત હિન્દી બેલ્ટમાં પ્રભાવ પડી શકતો હોવાથી તેઓ વારાણસીથી લડે છે.

### ચૂંટણીમાં પરાજય છતાં વડાપ્રધાન

પોતાની રાજકીય સફરમાં અનેક વખત સંસદીય ક્ષેત્ર બદલનારા અને પાંચ ચૂંટણીમાં પરાજયનો સામનો કરનારા પુર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની ગણતરી ભારતીય ઈતિહાસનાં લોકપ્રિય નેતાઓમાં થાય છે.પાંચ ચૂંટણી હાર્યા હોવા છતાં દેશના વડાપ્રધાન બન્યા હતા.આજ રીતે પૂર્વ વડાપ્રધાન ચંદ્રશેખર પણ રાજકીય સફરમાં ચૂંટણી હાર્યા હતા છતાં વડાપ્રધાન પદ મેળવી શકયા હતા.

### અનેક મોટા નેતા બે બેઠકો પરથી લડયા છે

ઈન્દીરા ગાંધી રાયબરેલી ઉપરાંત તેલંગાણાના મેદક બેઠક પરથી તેમજ કર્ણાટકની ચિકમંગલુર બેઠક પરથી પણ લડયા હતા. રાયબરેલીમાં તેઓએ રાજનારાયણને હરાવ્યા હતા. ત્યારબાદ કર્ણાટકની ચિકમંગાલુર બેઠક પરથી જીત મેળવી હતી. અટલ બિહારી વાજપેયીએ પણ રાજકીય સફરમાં અનેક ચૂંટણી ક્ષેત્ર બદલાવ્યા હતા. કયારેક જીત્યા હતા. કયારેક હાર સહન કરવી પડી હતી અનેક અન્ય નેતાઓએ પણ આમ કર્યુ હતું.

### કેટલાક નેતાઓને ભૌગોલિક સીમા નડતી નથી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના છે છતાં ઉતરપ્રદેશના વારાણસીની લોકસભા બેઠક પરથી લડી રહ્યા છે. ૨૦૧૪ તથા ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં બન્ને વખત આ બેઠક પરથી વિજય હાંસલ કર્યો હતો, પ્રથમ વખત ૨૦૧૪માં લોકસભા ચૂંટણી લડયા ત્યારે તેઓએ પણ વારાણસી અને વડોદરા બેઠક પરથી ઝુકાવ્યુ હતું. બન્ને બેઠકો પરથી જીત મેળવી હતી. કોંગ્રેસની સ્થિતિ કોઈ ક્ષેત્રમાં મજબૂત હોય તો તેના રાષ્ટ્રીય નેતા ત્યાંથી ચુંટણી લડીને જીત મેળવતા હોય છે ભલે તેમનું વતન રાજય જુદુ હોય.

### કયા-કયા નેતાઓ કયાં-કયાંથી મેદાનમાં ઉતર્યા હતા

- ★ **ઈન્દીરા ગાંધી :** રાયબરેલી (ઉતરપ્રદેશ), મેડક (તેલંગાણા) ચિકમંગલુર (કર્ણાટક)
- ★ **અટલ બિહારી વાજપેયીઃ** બલરામપુર-લખનૌ (યુપી) દિલ્હી, ગ્વાલીયર-વિદીશા (મધ્યપ્રદેશ), ગાંધીનગર (ગુજરાત)
- ★ **સોનિયા ગાંધીઃ** રાયબરેલી-અમેઠી (યુપી) બેલ્લારી (કર્ણાટક),
- ★ **પી.વી.નરસિંહરાવ :** નંદયાલ (આંધ્રપ્રદેશ), હનમકોંડા (આંધ્રપ્રદેશ), રામટેક (મહારાષ્ટ્ર તથા બ્રહ્મપુર (ઓડીશા)
- ★ **લાલકૃષ્ણ અડવાણીઃ** ગાંધીનગર (ગુજરાત) તથા દિલ્હી
- ★ **શરદ યાદવઃ** મધેપુરા (બિહાર), બદાયુ (યુપી) તથા જબલપુર (મધ્યપ્રદેશ)
- ★ **ચૌધરી દેવીલાલઃ** સ્પીકર (રાજસ્થાન), રોહતક (હરીયાણા)
- ★ **જયોર્જ ફર્નાન્ડીઝઃ** મુઝફ્ફરપુર (બિહાર), બોમ્બે સાઉથ (મહારાષ્ટ્ર)
- ★ **સુષ્મા સ્વરાજઃ** દક્ષિણ દિલ્હી તથા વિદીશા (મધ્યપ્રદેશ)
- ★ **કાશીરામઃ** ઈટાવા (ઉતર પ્રદેશ) તથા હોશીયારપુર (પંજાબ)
- ★ **નરેન્દ્ર મોદીઃ** વારાણસી (યુપી) તથા વડોદરા (ગુજરાત)
- ★ **રાહુલ ગાંધીઃ** વાયનાડ, અમેઠી, રાયબરેલી

---

### સંસદ અને ધારાસભામાં મહિલા અનામતનો કાનુન બન્યો પણ તે ૨૦૨૯ની ચૂંટણી માટેનો ભાજપનો એક નેરેટીવ સેટ કરવાની કોશિષ છે

# ફરી એક વખત મહિલાઓને ચૂંટણી લડવાનો પૂરો હકક ન મળ્યો

## રાજકીય પક્ષો કાનુન આવ્યા બાદ ૩૩ ટકા બેઠકો પર મહિલા ચૂંટાય તે નિશ્ચિત કરશે પણ તે પહેલા તેમની મહિલા અનામત પ્રત્યેની ઈમાનદારી સાબિત કરવાની તક લોકસભા ચૂંટણીમાં ગુમાવી છે

નવી દિલ્હી, તા. ૪

લોકસભા ચૂંટણી પૂર્વે રાજયોની ધારાસભા ચૂંટણીઓમાં પણ મહિલા મતદારોએ નિર્ણાયક ભૂમિકા ભજવી હતી અને દેશના ૫૦ ટકા જેટલા મતદારો મહિલાઓ હોવા છતાં પણ રાજકીય પક્ષોએ ફરી એક વખત લોકસભામાં ટીકીટ વહેંચણીમાં મહિલાઓનો હકક છીનવી લીધો છે તે નિશ્ચિત થાય છે. આ ચૂંટણી પૂર્વે જ મોદી સરકારે સંસદ અને વિધાનસભામાં ૩૩ ટકા મહિલા અનામત લાગુ કરવા માટેનો ખરડો મંજૂર કરાવ્યો પરંતુ તેના અમલની તારીખ આપી નહીં અથવા તો તે ૨૦૨૯ સુધી લાગુ થઇ શકશે નહીં તે નિશ્ચિત કર્યુ આમ પાંચ વર્ષ પછીની ચૂંટણીમાં ભાજપે એક નવી વોટબેંક બનાવવા માટેનો નેરેટીવ સેટ કરી લીધો છે. ભાજપ પોતાની સંગઠન તાકાત, નરેન્દ્ર મોદીનો કરીશ્મા અને સરકારી



યોજનાના લાભાર્થીઓની એક વોટબેંક સર્જીને વિજય મેળવવા આતુર છે પણ કાનુનની ગેરહાજરીમાં પણ રાજકીય પક્ષો મહિલા ઉમેદવારોને પુરતુ પ્રતિનિધિત્વ આપતા નથી તે ખુદ નિશ્ચિત કરી રહ્યા છે. પ્રથમ બે તબકકામાં જે ચૂંટણીઓ યોજાઇ છે તેમાં મહિલા ઉમેદવારોનું પ્રમાણ ૮ ટકા જ છે અને તેને આવતા મંગળવારે યોજનારા મતદાનની સાથે જોડી દેવામાં આવે તો વધુને વધુ ૯ ટકા મહિલા ઉમેદવાર મેદાનમાં હશે. હવે બાકીના તબકકામાં ઉમેદવારો જાહેર થયા છે તેનાથી ૩૩ ટકા બેઠકો પર મહિલા ચૂંટાય તેવી શકયતા નહીંવત છે.

વાસ્તવમાં રાજકીય પક્ષોએ મહિલા અનામત અંગે બે દસકા સુધી ગાજર લટકાવી રાખ્યુ અને એક યા બીજા વિરોધ દર્શાવીને મહિલા અનામતને પાછળ ઠેલવી જોકે એક પ્રશંસા કરવી પડે કે મોદી સરકારે કોઇપણ જાતના દબાણ કે આંતરીક અનામતના નવા નવા મુદાઓ હતા તેને ફગાવીને ૩૩ ટકા મહિલા અનામતનો ખરડો મંજૂર કર્યો છે. પ્રથમ તબકકાના મતદાનમાં ૧૬૨૫ ઉમેદવારોમાં ૧૩૫ મહિલાઓ છે. બીજા તબકકામાં ૮૯ બેઠક પર ૧૧૯૮ ઉમેદવારોમાં ફકત ૧૦૦ મહિલા છે. જયાં સુધી મહિલા મતદારોનો સવાલ છે ત્યાં સુધી દક્ષિણ એ આગળ રહ્યું છે. તામિલનાડુમાં ૩૯ બેઠકોમાં ૭૬ ઉમેદવારો લડી રહ્યા છે. દક્ષિણ ભારતમાં કેરળ પણ ટોપમાં રહ્યું છે અને ૨૪ ઉમેદવારો છે. જો રાજકીય પક્ષોની વાત કરીએ તો ભાજપે ૬૯ મહિલા ઉમેદવારો અને કોંગ્રેસે ૪૪ને ટીકીટ આપી છે.

---

# આ ચૂંટણીમાં મતદારો પણ 'મીસ' કરે છે દિલ અને દિમાગ પર છવાઈ જનારા સુત્રો

## એક સમયે એક સુત્ર પર ચૂંટણી જીતાતી હતી તો કયારેક તે ફલોપ પણ સાબિત થતા હતા પણ હવે ફરી સત્તાના જ સુત્રો પોકારાઈ છે : જનતાના મુદ્દા ગાયબ થઈ ગયા છે

નવી દિલ્હી, તા. ૪

લોકસભા ચૂંટણીમાં આવતીકાલે ત્રીજા તબકકાના પ્રચાર પણ શાંત થશે અને આ ત્રણ તબકકામાં જે રીતે પ્રચાર થયો તેથી લોકસભા ચૂંટણી નહીં પરંતુ રાજકીય નેતાઓ માટે, રાજકીય નેતાઓ દ્વારા અને સત્તા મેળવવા માટે જ ચૂંટણી લડાતી હોય તેવા સંકેત મળી ગયા છે. બાકીના ચાર તબકકામાં તેમાં કોઇ સુધારો થવાની શકયતા છે. ભુતકાળમાં ચૂંટણી સમયે ગરીબી હટાવોથી લઇ બેરોજગારી જેવા મુદ્દાઓ ચમકતા હતા. એક સમયે ભ્રષ્ટાચારનો મુદો પણ ચૂંટણીમાં છવાઇ ગયો હતો અને એક એવો મુદો કે જે સમગ્ર દેશને હિટ કરે તે ગુંજી ઉઠતો હતો. જેમાં 'ન જાત પર ન પાત પર ઈન્દીરા કી બાત પર મહોર લગેગી હાથ પર' તેવું સુત્ર ચગ્યું હતું. તો બાદમાં ભાજપે અટલ બિહારી વાજપેયીને વડાપ્રધાન બનાવવા માટે અપીલ કરી 'સબકો દેખા બારી બારી, અબ કી બારી અટલ બિહારી' સુત્રને ચગાવ્યું હતું. કોંગ્રેસે અનેક વખત ગરીબી



હટાવનો ભરપુર ઉપયોગ કર્યો અને ભાજપને શાઈનીંગ ઈન્ડિયા મોંઘુ પડી ગયું. આરામ હરામ હૈ, જય જવાન જય કિસાન અને બાદમાં મોદી સરકારે તેમાં જય વિજ્ઞાન ઉમેર્યુ. બાદમાં મેઇડ ઇન ઇન્ડિયા અને છેલ્લા એક દસકાનું સૌથી વ્યાપક રીતે બોલાયેલું સબકા સાથ સબકા વિકાસની આ ચૂંટણીમાં ગેરહાજરી જોવા મળે છે અને અબ કી બાર ૪૦૦ કે પાર, ફીર એક બાદ મોદી સરકાર પક્ષ કે વ્યકિત કેન્દ્રીત સુત્રોએ હવે મેદાન ગજાવ્યું છે. જોકે અનેક વખત ચૂંટણીમાં રસપ્રદ સુત્રો પણ કામ કરી ગયા છે. જેમાં બસપાએ 'હાથી નહીં ગણેશે, બ્રહ્મા વિષ્ણુ મહેશ હૈ'ના સુત્રથી સત્તા મેળવી હતી. તો એક નાગનાથ તો દુસરા સાપનાથ જેવા સુત્રો પણ ચર્ચામાં આવ્યા હતા. ૧૯૬૦માં તે સમયેના જનસંઘે ગૌરક્ષા મુદ્દે ગૌ હમારી માતા હૈ, દેશ ધરમ કા નાતા હૈ જેવા સુત્રો પણ ચગાવ્યા હતા. ભાજપે જોકે તેના સ્થાપક પંડિત દિનદયાળ ઉપાધ્યાયના એકાત્મ માનવવાદને આગળ ધરીને હર હાથ કો કામ, હર ખેત કો પાની, હર ઘર દીપકનું સુત્ર આપ્યું હતું. ૧૯૮૪માં ઇન્દિરાની હત્યા બાદ જબ તક સુરજ ચાંદ રહેગા ઇન્દિરાજી તેરા નામ રહેગા કોંગ્રેસને જબરી સફળતા અપાવી. તો રાજીવ ગાંધીની હત્યા બાદ કોંગ્રેસે રાજીવ તેરા એ બલિદાન યાદ કરેંગા હિન્દુસ્તાનને રજૂ કરીને ફરી સતા મેળવી હતી. જયપ્રકાશ નારાયણ સમયે સંપૂર્ણ ક્રાંતિ અબ નારા હૈ ભાવિ ઇતિહાસ તુમ્હારા હૈ સુત્ર આવ્યું જે આમ આદમી પાર્ટીએ અપનાવ્યું હતું.

---

# ૧૪ મેના રોજ વારાણસીથી PM નરેન્દ્ર મોદી ફોર્મ ભરશે, એક દિવસ પહેલા 10 KMનો મેગા રોડ શો કરશે

ન્યુ દિલ્હી/વારાણસી : વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૪ મેના રોજ વારાણસીમાં ઉમેદવારી પત્ર ભરશે. આ પહેલા ૧૩ મેના રોજ કાશીમાં પીએમ મોદીનો મેગા રોડ શો યોજાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રીજી વખત વારાણસીથી ચૂંટણી લડવાના છે. નરેન્દ્ર મોદી આવતા અઠવાડિયે વારાણસી પહોંચી રહ્યા છે. આ દરમિયાન તેઓ રોડ શો કરશે અને પછી નોમિનેશન ફાઈલ કરશે. પીએમ નરેન્દ્ર મોદીના ચૂંટણી રોડ શોને સફળ બનાવવા માટે ભાજપે તમામ તાકાત લગાવી દીધી છે. બીજેપીના સૂત્રો અનુસાર ૧૦ લાખ લોકો પીએમ નરેન્દ્ર મોદીને આવકારવા બનારસના માર્ગો પર ઉતરશે.

પીએમ નરેન્દ્ર મોદી ૧૩ મેના રોજ વારાણસી પહોંચશે. સાંજે મોદી લગભગ ૧૦ કિ.મી લાંબો રોડ શો કરશે. સૌથી પહેલા પીએમ મોદી મદન મોહન માલવિયાની પ્રતિમાને પુષ્પાંજલિ કરશે અને ત્યારબાદ તેમનો રોડ શો શરૂ થશે. પીએમ મોદીના સંભવિત રૂટ મુજબ લંકા બાદ આસી, ભદૈની, મદનપુરા, જંગંબડી, ગોદૌલિયા, ચોક, બુલાનાલા, મૈદાગીન, લોહટિયા, કબીરચૌરા, પીપલાની કટરા, લહુરાબીર થઈને સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ આપી રોડ શોનું સમાપન થશે. બીજા દિવસે ૧૪ મેના રોજ પીએમ મોદી પોતાનું નામાંકન ભરશે.



### મોદી ફોર્મ ભરશે ત્યારે સર્વાર્થ સિદ્ધિ રવિયોગનો સંયોગ હશે

વડાપ્રધાન મોદી ૧૪મીએ વારાણસીની બેઠક પરથી ફોર્મ ભરવાના છે અને ત્યારે 'સર્વાર્થ સિદ્ધિ યોગ' હશે. બનારસના પંડિતોએ ૧૦ મે નો અક્ષય તૃતિયાનો દિવસ સુચવ્યો હતો પછી ૧૪ મે એ ગંગા સપ્તમી તથા નક્ષત્રરાજ પુષ્પમાં સર્વાર્થ સિદ્ધિ યોગ તથા રવિ યોગનો સંયોગ સર્જાતો હોવાથી આ દિવસ પસંદ કરવામાં આવ્યો હતો.

---

# પ્રેસ ફ્રીડમમાં ભારત ૧૫૯મા ક્રમેઃ રિપોર્ટ

વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ડે ના અવસરે શુક્રવારે જાહેર રિપોર્ટમાં અનેક દેશોમાં મીડિયાની આઝાદીનો ઈન્ડેકસ જાહેર કરવામાં આવ્યો છે. ગત વર્ષની તુલનામાં ભારતની રેન્કીંગ સુધરી છે. ૧૮૦ દેશોના લિસ્ટમાં ભારત ૧૫૯માં નંબર પર રહ્યું. ગત વર્ષ ભારતની રેન્કીંગ ૧૬૧ હતી. સૌથી નીચે ઈરીટ્રિયા (૧૮૦) છે.



### ટોપ-૧૦માં છવાયું યુરોપ

- ★ નોર્વે
- ★ ડેન્માર્ક
- ★ સ્વીડન
- ★ નેધરલેન્ડસ
- ★ ફિનલેન્ડ
- ★ એસ્ટોનિયા
- ★ પોર્ટુગલ
- ★ આયર્લેન્ડ
- ★ સ્વિટઝર્લેન્ડ
- ★ જર્મની

**ઈન્ડેકસમાં પહેલા દસ સ્થાનો પર યુરોપીય દેશ મોજૂદ છે**

### સૌથી ઉપર રહ્યું નોર્વે

મીડિયાની આઝાદીના મામલામાં નોર્વે આ વર્ષે પણ સૌથી ઉપર રહ્યું છે. જો કે ત્યાં પણ રાજનીતિક દબાણ વધ્યું છે. ગત વર્ષે તેના આંકડા ૯૫.૧૮ હતા જયારે આ વર્ષે ૯૧.૮૯ વર્ષ રહ્યા છે.

### પાકિસ્તાન બે સ્થાન ખસ્યું

પાકિસ્તાનનું રેન્કીંગ બે સ્થાન ખસ્યું છે. આ વર્ષે તે ૧૫૨માં નંબર પર છે, જયારે ગાઝા યુદ્ધમાં અનેક પત્રકારોના મોત થયા છે. ૫ એપ્રિલ સુધી ૧૦૦થી વધુ પત્રકારોની ગાઝામાં જીવ જવાની વાત બહાર આવી છે.

### અમેરિકાનું રેન્કીંગ આ વર્ષે ઘટ્યું

- ★ ચૂંટણી વર્ષમાં અમેરિકાની રેન્કીંગમાં ૧૦ સ્થાનોમાં ઘટાડો થયો છે. હવે તે ૫૫માં નંબરે છે. બ્રિટન ત્રણ પગથિયા ચડીને ૨૩મા નંબર પર આવ્યું જયારે જર્મની ૧૧માં સ્થાનના સુધારા સાથે ૧૦માં નંબરે પહોંચી ગયું છે.
- ★ યુદ્ધમાં ફસાયેલા રશિયાનું રેન્કીંગ ગત સાલની તુલનામાં બે સ્થાન ઉપર ૧૬૨ ખાતે પહોંચ્યું તો યુક્રેન ૭૯માંથી ૬૧માં ક્રમે આવી ગયું.
- ★ ભૂતાનના રેન્કીંગમાં સૌથી વધુ ઘટાડો થયો. તે ૫૭માં ક્રમથી નીચે પડીને ૧૪૭માં ક્રમે પહોંચ્યું છે. સૌથી મોટો સુધારો મોરિતિયાના રેન્કીંગમાં થયો હતો. તે ૫૩માં સ્થાનથી ઉછળીને ૩૩માં નંબર પર આવી ગયું છે.
- ★ રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સનું વિશ્લેષણ કહે છે કે આ વર્ષે પણ પુરી દુનિયામાં અભિવ્યક્તિની આઝાદીને લઈને ખતરો વધ્યો છે. પૂર્વી યુરોપ અને મધ્ય એશિયા ક્ષેત્રમાં મીડિયા પર પ્રતિબંધો સૌથી વધુ વધ્યા છે. જયોર્જિયા ૧૦માં સ્થાનથી નીચે

---

# પીએમને હિન્દીના કેટલાક શબ્દો-મુસલમાન, મંદિર-મસ્જિદ, પાકિસ્તાન જ પસંદઃ લાલુ યાદવ

## વડાપ્રધાન નોકરી, રોજગારી, ગરીબી, મોંઘવારી, બેરોજગારી જેવા મુદ્દા ભુલી ગયા છેઃ રાજદ પ્રમુખ

પટણા (બિહાર) તા.૪

રાજદ પ્રમુખ લાલુપ્રસાદ યાદવે ગઈકાલે વડાપ્રધાન મોદી પર કટાક્ષ કર્યો હતો કે હિન્દીમાં લગભગ દોઢ લાખ શબ્દો છે પણ પીએમને માત્ર કેટલાક શબ્દો જ પસંદ છે.

લાલુએ કહ્યું હતું કે આ શબ્દોમાંથી વડાપ્રધાન મોદીને સૌથી પસંદગીના શબ્દો છે - પાકિસ્તાન, સ્મશાન, કબ્રસ્તાન, હિન્દુ-મુસલમાન, મંદિર-મસ્જીદ, મછલી-મુગલ, મંગલસૂત્ર, ગાય-ભેંસ... લાલુએ જણાવ્યું હતું કે ઉપરનું લિસ્ટ પહેલા બે તબકકાની ચૂંટણી થવા સુધીનું છે. સાતમા તબકકા સુધીમાં આ લિસ્ટમાં વધુ બે-ચાર નામ વધી શકે છે.



લાલુએ કટાક્ષ કર્યો હતો કે વડાપ્રધાન નોકરી-રોજગાર, ગરીબી-કિસાની, મોંઘવારી-બેરોજગારી, વિકાસ-રોકાણ, છાત્ર-વિજ્ઞાન-નવયુવાન વગેરે મુદ્દા ભુલી ગયા છે. ઉલ્લેખનીય છે કે લાલુપ્રસાદ આ દિવસોમાં રાજનીતિક રીતે પુરી રીતે સક્રીય છે અને પોતાની પુત્રી રોહિણી આચાર્યના ચુંટણી ક્ષેત્ર સારણમાં સભા કેમ્પેન કરી રહ્યા છે. આ સાથે જ ઈન્ડીયા મહા ગઠબંધનને બિહારમાં વૈચારિક રીતે પણ મજબૂતી આપી રહ્યા છે.

---

# અમેઠીમાં સ્મૃતિ ઈરાની વિરૂદ્ધ કે.એલ. શર્મા, જાણો કોની પાસે છે કેટલી પ્રોપર્ટી



અમેઠી / ન્યુ દિલ્હી : કોંગ્રેસે પાર્ટીના જૂના કાર્યકર કે એલ શર્માને અમેઠીથી ઉમેદવાર તરીકે ઉતારીને રાજકીય વિશ્લેષકોને ચોંકાવી દીધા છે. ઘણા લોકો માટે કેએલ શર્મા નામ સાંભળ્યું ન હોય તેવું લાગે છે પરંતુ અમેઠીના લોકો કેએલ શર્મા અને તેમના વ્યક્તિત્વને સારી રીતે જાણે છે. કેએલ શર્મા કોંગ્રેસના જૂના દિગ્ગજ નેતા છે અને કહેવાય છે કે તેઓ અમેઠીના દરેક ખૂણાને જાણે છે. એવું કહેવાય છે કે કેએલ શર્મા અમેઠીમાં કોંગ્રેસનો મજબૂત આધારસ્તંભ છે. તળિયાના સ્થાનિક નેતા હોવાના કારણે તેમનું પદ વોટ બેંક મેનેજરનું રહ્યું છે. આવી વ્યક્તિને આગળ કરીને કોંગ્રેસે ભાજપ સાંસદ સ્મૃતિ ઈરાની સામે નવો પડકાર રજૂ કર્યો છે. અમેઠીની ચૂંટણી બની છે રસપ્રદ, કોંગ્રેસે આપી છે ચર્ચાને નવી દિશા. હવે ભાજપનો મુદ્દો બદલાઈ ગયો છે.

સ્મૃતિ ઈરાની ત્રીજી વખત અમેઠીથી ચૂંટણી લડી રહી છે. ૨૦૧૪ની ચૂંટણીમાં તેમનો પરાજય થયો હતો પરંતુ રાહુલ ગાંધીને હરાવીને ૨૦૧૯ની ચૂંટણી જીતી હતી. જ્યારે કેએલ શર્મા પહેલીવાર ચૂંટણી લડી રહ્યા છે. હવે રાજકીય વર્તુળોમાં ચર્ચા એ છે કે અમેઠીમાં કેએલ શર્મા અને સ્મૃતિ ઈરાની વચ્ચે કોનો હાથ રહેશે.

### સ્મૃતિ ઈરાની પાસે કેટલી સંપત્તિ છે?

બીજેપી નેતા અને સાંસદ સ્મૃતિ ઈરાનીએ ૨૯ એપ્રિલે અમેઠી લોકસભા સીટ પરથી ચૂંટણી લડવા માટે પોતાનું નામાંકન ભર્યું હતું. તેણીએ તેના નામાંકન પત્રો સાથે જાહેર કરેલી સંપત્તિ અનુસાર, તેણીની પાસે વ્યક્તિગત રીતે રૂ. ૮ કરોડ, ૭૫ લાખ અને રૂ. ૨૪ હજારની સંપત્તિ છે, જ્યારે તેમના પતિની સંપત્તિ સહિત, તેમની પાસે આશરે રૂ. ૧૭ કરોડની સંપત્તિ છે. ખાસ વાત એ છે કે જ્યારે તેમણે છેલ્લી ચૂંટણીમાં એફિડેવિટ દાખલ કરી હતી ત્યારે તેમની કુલ સંપત્તિ ૧૧ કરોડ રૂપિયા હતી. એટલે કે છેલ્લા ૫ વર્ષમાં સ્મૃતિ ઈરાનીની કુલ સંપત્તિમાં ૬ કરોડ રૂપિયાનો વધારો થયો છે.

ચૂંટણી સોગંદનામા મુજબ, સ્મૃતિ ઈરાની પાસે લગભગ ૩૭.૫ લાખ રૂપિયાની જ્વેલરી છે અને તેમની કારની કિંમત લગભગ ૨૮ લાખ રૂપિયા છે. એફિડેવિટ મુજબ છેલ્લા પાંચ વર્ષમાં સ્મૃતિ પાસેની રોકડમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ૨૦૧૯ની ચૂંટણીમાં સ્મૃતિ પાસે ૬ લાખ ૨૪ હજાર રૂપિયાની રોકડ હતી, પરંતુ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં તેમની પાસે ૧ લાખ ૮ હજાર ૭૪૦ રૂપિયાની રોકડ છે. તેમની પાસે લગભગ ૨૫.૫ લાખ રૂપિયાનું બેંક બેલેન્સ છે. તેણે ૭ કંપનીઓના મ્યુચ્યુઅલ ફંડમાં લગભગ રૂ. ૮,૮૧૩,૮૫૭નું રોકાણ કર્યું છે. જો કે એફિડેવિટ મુજબ સ્મૃતિ ઈરાની પર ૧૬ લાખ ૫૫ હજાર રૂપિયાની બેંક લોન પણ છે.

### કે. એલ. શર્મા પાસે કુલ કેટલી સંપત્તિ છે?


અમેઠીથી કોંગ્રેસની ટિકિટ પર ઉમેદવારી પત્ર ભરનાર કેએલ શર્મા પણ કરોડપતિ વ્યક્તિત્વ છે. ૩ મેના રોજ ઉમેદવારી નોંધાવવા સાથે તેમણે દાખલ કરેલી ચૂંટણી એફિડેવિટ અનુસાર તેમની કુલ સંપત્તિ રૂ. ૬.૫ કરોડથી વધુ છે. તેમની પત્ની પાસે પણ અંદાજે એટલી જ સંપત્તિ છે, એટલે કે તેમના પરિવારની કુલ સંપત્તિ લગભગ ૧૩ કરોડ રૂપિયા છે. રોકડની વાત કરીએ તો કેએલ શર્મા પાસે રૂપિયા ૩ લાખ અને તેની પત્ની પાસે ૪ લાખ રૂપિયા છે.

એફિડેવિટ અનુસાર કેએલ શર્મા અને તેમની પત્નીએ લાખો રૂપિયાની ફિક્સ ડિપોઝિટ છે. તેણે અનેક સાહસોમાં લાખો રૂપિયાનું રોકાણ કર્યું છે. તેમણે ખેતીની જમીન, કોમર્શિયલ જગ્યાઓ અને રહેણાંક મકાનોમાં જંગી રોકાણ કર્યું છે. તેમની કિંમત કરોડોમાં છે. કેએલ શર્મા પાસે રૂ. ૧.૩૦ કરોડની કિંમતની બે કોમર્શિયલ બિલ્ડીંગ છે જ્યારે તેમની પત્ની પાસે ૧ છે, જેની કિંમત રૂ. ૧.૪૩ કરોડ છે. તેમના રહેણાંક સંકુલની કુલ કિંમત પણ ૪ કરોડ રૂપિયાથી વધુ છે.

કોંગ્રેસના ઉમેદવાર કેએલ શર્મા પર બેંક લોન છે. એફિડેવિટ મુજબ કેએલ શર્મા પર ૪૮.૨૩ લાખ રૂપિયાની લોન છે. તેની પત્ની કિરણ બાલા પર પણ ૪.૨૧ કરોડ રૂપિયાની લોન છે.

# રાહુલબાબા, પ્રોબ્લેમ સીટમાં નહી તમારામાં છે રાયબરેલીમાં પણ હારશોઃ અમિત શાહ

## ગુજરાતમાં પ્રચારે આવેલા ગૃહમંત્રીના પ્રહારઃ છોટા ઉદેપુરમાં ભાજપની સભાને સંબોધન



છોટાઉદેપુર, ૪ ગુજરાતમાં આવતીકાલથી પ્રચાર પડઘમ શાંત થઈ જશે. ત્યારે ભાજપ રાજ્યમાં હેટ્રિક કરવા અને પાંચ લાખની લીડથી દરેક સીટ જીતવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યો છે. આજે ગૃહમંત્રી અમિત શાહે બોડેલી ખાતે જનસભા સંબોધી હતી. છોટા ઉદેપુર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર જશુભાઈ રાઠવાના પ્રચાર માટે તેઓ જનતાને અપીલ કરી રહ્યાં છે. અમિત શાહે બોડેલીથી રાહુલ ગાંધી પર પ્રહારો કર્યાં હતાં. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી રાહુલ બાબાના નેતૃત્વમાં ચૂંટણી લડે છે. અમેઠી છોડીને વાયનાડ ગયા અને હવે રાયબરેલી પહોંચ્યા છે. રાહુલ બાબા પ્રોબ્લેમ સીટમાં નહીં તમારામાં છે.

બોડેલીમાં અમિત શાહે જય શ્રી રામના નારા સાથે ભાષણની શરૂઆત કરી હતી. સભાને સંબોધતા કહ્યું હતું કે, જશુભાઈને આપેલો મત નરેન્દ્ર મોદીને ત્રીજીવાર વડાપ્રધાન બનાવશે. જો ઈન્ડી એલાયન્સ બની જાય તો વડાપ્રધાન કોણ બનશે? કોઈને નામ ખબર નથી. પણ અમારો તો ચોખ્ખો હિસાબ છે ભાજપ જીતશે તો નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનશે. હમણાં રાહુલ બાબા અને કંપનીએ ચલાવ્યું છે આ લોકો ખોટી અફવા ફેલાવે છે નરેન્દ્ર મોદી આવશે તો અનામત જતી રહેશે. ૪૦૦ પારનો નારો અનામત છીનવી લેવા આપ્યો છે. અરે રાહુલ બાબા સલાહકાર તો સારો રાખો. છોટા ઉદેપુરવાસીઓને કહીને જઉં છું, જ્યાં સુધી ભાજપ છે ત્યાં સુધી કોઈ અનામતને હાથ લગાવી નહીં શકે. SC, ST અને OBC પર કોઈ હાથ નહીં નાખી શકે. કર્ણાટકમાં તેમની સરકાર બની ૫ % મુસલાનોને અનામત આપી એનો મતલબ ૫% અનામત બક્ષીપંચની છીનવી લીધી. આ તો ઉલટા ચોર કોટવાલ કો દાટે એવું થયું. અનામત એમણે છીનવી અને નામ ભાજપનું આપે.

અમિત શાહે કહ્યું હતું કે, ગુજરાતનો એક-એક માણસ કાશ્મીર માટે જીવ આપવા તૈયાર છે. ૩૭૦ની કલમ હટાવવાનું કામ ચાલતું હતું ત્યારે ઘણીવાર તો એમ થાય કે રાહુલ બાબા ઉભા ના થાય અને કઈ ના બોલે તો કોંગ્રેસને સારુ પણ આ તો રાહુલ બાબા ઉભા થયા અને કહ્યું ૩૭૦ કલમ ના હટાવો નહીં તો કાશ્મીરમાં લોહીની નદીઓ વહી જશે. ૫ વર્ષ થયા ૩૭૦ હટાવે લોહીની નદીઓ તો દૂર પણ એક કાંકરો પણ હલ્યો નથી.બાબા સાહેબ આંબેડકર બંધારણમાં લખીને ગયા હતા, આદિવાસીઓની જેટલી વસ્તી હોય તે પ્રમાણે બજેટમાં હિસ્સેદારી આપવી. ભારતનું બંધારણ આવ્યા પછી નરેન્દ્ર મોદીએ ગુજરાતના બજેટમાં ૧૪ % આદિવાસી વસ્તીને સમર્પીત કર્યા.કોંગ્રેસ એક નંબરની આદિવાસી વિરોધી પાર્ટી છે. કોંગ્રેસ પાર્ટી રાહુલ બાબાના નેતૃત્વમાં ચૂંટણી લડે છે, અમેઠી છોડીને રાય બેરેલી ગયા. રાહુલ બાબા પ્રોબ્લેમ સીટમાં નથી, પ્રોબ્લેમ તમારામાં છે. રાયબરેલીમાં પણ તમે પ્રચંડ બહુમતીથી હારવાના છો તમે ગમે ત્યાં ભાગો જનતા તમને શોધે છે.

# સંત કબીર રોડના હેમંતભાઈ કાપડિયા હોસ્પિટલ પહોંચ્યા અને ઢળી પડ્યાઃ હાર્ટએટેકથી મોત

## બે દિવસથી છાતીમાં દુઃખતું હોવાથી આજે ડો.કમલેશ ભટ્ટની ઈશા હોસ્પિટલમાં જતા સિડી ચડતી વખતે ફરી દુઃખાવો થયો અને દમ તોડી દીધો

રાજકોટ, તા.૪

હાર્ટ એટેકના બનાવો વધી રહ્યા છે ત્યારે સંત કબીર રોડ પર રહેતા ૪૮ વર્ષીય હેમંતભાઈ કાપડિયા હોસ્પિટલ પહોંચ્યાને ઢળી પડ્યા હતા. બે દિવસથી છાતીમાં દુઃખતું હોવાથી આજે ડો.કમલેશ ભટ્ટની ઈશા હોસ્પિટલમાં જતા સિડી ચડતી વખતે ફરી દુઃખાવો થયો અને દમ તોડી દીધો હતો. બીજા બનાવમાં ૬૧ વર્ષીય રમાબેન પટોડીયા ન્હાવા ગયા ત્યારે બેભાન થઈ જતા સારવારમાં મોત નીપજ્યું હતું.

### બીજા બનાવમાં ૬૧ વર્ષીય રમાબેન પટોડીયા ન્હાવા ગયા ત્યારે બેભાન થઈ જતા સારવારમાં મોત નીપજ્યું

બનાવની વિગત અનુસાર શહેરમાં સંત કબીર રોડ, સદગુરુ સોસાયટીમાં રહેતાં હેમંતભાઈ જેરામભાઈ કાપડિયા (ઉ.વ.૪૮)નું હ્રદય થંભી ગયું હતું. તેઓને બે દીવસથી છાતીમાં દુઃખાવો થતો હતો. જેથી આજે તેઓ સંતકબીર રોડ પર ત્રિવેણી ગેઈટ સામે કનકનગર રોડ પર શક્તિ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં આવેલા ડો. કમલેશ ભટ્ટની ઈશા હોસ્પિટલમાં સારવાર અર્થે ગયાં હતાં. જ્યાં સારવારમાં યુવકને હાર્ટ એટેક આવતાં મોત નિપજ્યું હતું. બાદ હેમંતભાઈના મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. તેઓ ત્રણ ભાઈમાં સૌથી નાનાં હતાં. તેમજ તેઓને સંતાનમાં એક પુત્ર- પુત્રી હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું.

વધુ એક બનાવમાં રમાબેન રામજીભાઈ પટોળીયા (ઉ.વ.૬૧ રહે. ૮૦ ફૂટ રોડ, હરિધવા મેઈન રોડ, શ્રીજી સોસાયટી) નામનાં વૃદ્ધા નાહવા ગયા હતાં ત્યારે ઢળી પડ્યા હતાં. બાદ તેઓને દોશી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં સારવારમાં દમ તોડી દિધો હતો.




વડોદરામાં પરિવારને શેરડીના રસમાં ઝેર પાઈ, ઝેર પી લેવાનો ચોંકાવનારો કિસ્સો

# વડોદરામાં રહસ્યમય સંજોગોમાં સસરા અને પુત્રવધુનું મોતઃ મૃતકના પુત્ર અને પૌત્રની ગંભીર હાલત

## ઘરના મોભી પુત્રની પિતા, પત્ની અને પુત્રને શેરડીના રસમાં ઝેર પાઈ દીધાની પોલીસ સમક્ષ ચોંકાવનારી કબુલાતઃ પુત્રે પોલીસને જાણ કર્યા વિના પિતા અને પત્નીની અંતિમવિધિ કરી નાખીઃ પોલીસે પુત્ર સામે ૩૦૨ની કલમ દાખલ કરતા પુત્રે પણ ઝેર પી લેતા ગંભીર હાલત

વડોદરા તા.૪

અત્રેના તરસાલી વિસ્તારમાં સોની પરિવારના સસરા અને પુત્રવધુના રહસ્યમય સંજોગોમાં મોત થયા હતા. જયારે મૃતક મહિલાના પતિ અને તેના પુત્રને ગંભીર હાલતમાં હોસ્પિટલે ખસેડાયાનું બહાર આવ્યું છે. પોલીસ તપાસમાં શેરડીના રસમાં મૃતકના પુત્રે શેરડીના રસમાં ઝેર ભેળવીને પિતા, પત્ની અને પુત્રને પીવડાવ્યું હોવાની સનસનીખેજ કબુલાત કરી હતી. પોલીસે પુત્ર સામે ૩૦૨ની કલમ દાખલ કરી કાર્યવાહી કરતા પુત્રે પણ ઝેર પી લેતા તેને અને પુત્રને ગંભીર હાલતમાં હોસ્પીટલે ખસેડ્યા હતા. દરમિયાન આ બનાવમાં એવો ચોંકાવનારો ખુલાસો કર્યો છે કે ઘરના મોભી પુત્રે પોલીસને જાણ કર્યા વગર મૃતક પિતા અને પત્નીના અંતિમ સંસ્કાર કરી નાખ્યા હતા.

આ સનસનીખેજ બનાવની પ્રાપ્ત વિગત મુજબ, વડોદરાના તરસાલી વિસ્તારમાં રહેતા સોની પરિવારના બિંદુબેન સોની અને તેના સસરા મનોહરલાલ સોનીનું રહસ્યમય રીતે મોત નીપજયું હતું. મનોહરલાલના પુત્ર ચેતનભાઈએ પોલીસને જાણ કર્યા વિના જ બન્નેના અંતિમસંસ્કાર કરી નાખ્યા હતા, જયારે ચેતનભાઈનો પુત્ર આકાશ સોની હાલ સયાજી હોસ્પિટલમાં આઈસીયુમાં દાખલ છે અને જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યો છે.

પોલીસે જયારે ચેતનભાઈની પુછપરછ કરી હતી ત્યારે તેમણે પણ ઝેર પી લેતાં સયાજી હોસ્પિટલ સારવાર માટે ખસેડાયા હતા. તેમની હાલત પણ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે ચેતનભાઈ સામે ૩૦૨ની કલમ દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. ઘર બહાર ઝાળીને ચેતનભાઈના પિતા મનોહરભાઈ અને પત્ની બિંદુબેનનાં અસ્થિના કળશ બાંધેલા જોવા મળ્યા હતા. શેરડીના રસમાં પોટેશિયમ સાઈનાઈડ ભેળવવામાં આવ્યું હતું. પાડોશીએ જણાવ્યું હતુ કે તેઓ છેલ્લા પાંચ વર્ષથી ભાડે રહેતા હતા, કયારેય કઈ ઝઘડો કે કાંઈ સાંભળવા મળતું નહોતું.

બિંદુબેનના ભાઈ મનોજકુમાર સોનીએ જણાવ્યું હતું કે, રાત્રે આ ઘટના બની હશે. સવારે મારા બનેવીના મિત્રએ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. પછી તેઓનો ફોન આવ્યો હતો કે, તમારી બહેન, તેના સસરા અને તમારા ભાણિયાને હોસ્પિટલમાં દાખલ કર્યા છે. જેમાં સસરાનું મોત થઈ ગયું છે તો તેની બોડી ખસેડવાનું કહ્યું છે. પહેલા શેરડીનો રસ પીધો હોવાથી ફુડ પોઈઝનીંગ થઈ ગયું હોવાની વાત કરી હતી. પરંતુ આ તો ડોકટરનો વિષય છે. ચેતનભાઈ મારા બનેવી થાય, તેઓ સાથે કયારેય નાણાને લઈ વાત થઈ નથી. તેમને દેવું હોય તેવું તેઓએ કયારેય કહ્યું નથી. મારા ભાણિયાની સ્થિતિ ગંભીર છે તેવું ડોકટરનું કહેવું છે.

આકાશના મિત્રએ જણાવ્યું હતું કે, આકાશે મને ફોન કર્યો હતો કે, મેં તને વોટસએપમાં દવા લખીને મોકલી છે એ તું જલ્દી લઈને આવ. આથી હું દવા લઈને તેમના ઘરે ગયો હતો. ત્યાં આકાશના મમ્મી અને દાદાને ખૂબ ઉલ્ટી થતી હતી. આથી મેં બીજા એક મિત્રને કાર લઈને આવ તેવું કહ્યું હતું. આકાશ, તેના મમ્મી અને તેના દાદાને કારમાં લઈ જઈ સયાજી હોસ્પિટલમાં ખસેડયા હતા. પરંતુ આકાશના દાદા અને તેની મમ્મીનું મોત નિપજયું હતું. જયારે આકાશની હાલત ગંભીર છે. આકાશના મમ્મી અને તેના દાદાના અંતિમસંસ્કાર તેમના પપ્પા ચેતનભાઈએ કર્યા છે. આકાશના પપ્પા પણ ક્રિટીકલ કન્ડીશન પર છે. ચેતનભાઈએ એવું કબુલ્યુ હતું કે, હા મેં શેરડીના રસમાં પોઈઝન ભેળવીને પરિવારને પીવડાવ્યું હતું. ચેતનભાઈને હાલ કોઈ બિઝનેસ નથી. પહેલા રિંગ મેન્યુફેકચરીંગનો ધંધો હતો. આકાશના પરિવારમાં રૂપિયા બાબતે થોડો પ્રોબ્લેમ હતો.

## સુવિચાર

**પોપટ મરચુ ખાઈને પણ મીઠુ બોલે છે**
**અફસોસ છે કે**
**માણસ આટલી મોંઘી ખાંડ**
**ખાવા છતાં પણ કડવું બોલે છે..**



## આજનું ચિંતન

### ઉતાવળ ઉચાટ લાવનારી બને છે

મમ્મીએ દૂધમાં મેળવણ નાખી તો દીધું છે પણ નિશ્ચિત સમય પસાર થવા દીધા વિના એ દહીંદર્શનની ઉતાવળ કરવા લાગે તો એના હાથમાં ઉચાટ સિવાય શું આવે ?

યુવકે કોલેજની પરીક્ષા આપી તો દીધી છે. પણ એના પરિણામની જાહેર થઇ ચૂકેલ તારીખ પહેલા એ વારંવાર પરિણામ અંગે કોલેજમાં પૃચ્છા કરતો રહે તો લમણે ઉચાટ અનુભવવા ન મળે તો બીજું થાય શું ?

કબૂલ, જીવન આપણું છે, પુરૂષાર્થ આપણો છે, પણ સંયોગો આપણા હાથમાં નથી, નસીબ આપણા વશમાં નથી અને એટલે પરિણામ પણ આપણા હાથમાં નથી.

અપેક્ષિત પરિણામ કે સમ્યક પરિણામ કદાચ ન પણ મળે અને મળે તો ય આપણા સમયે ન મળે.

મનની સ્વસ્થતા જો આપણે ટકાવી રાખવા માગીએ છીએ તો એનો શ્રેષ્ઠ વિકલ્પ આ છે, ઉતાવળ ન કરીએ, રાહ જોઈએ, ધીરજ ધરીએ.

યાદ રાખજે,

ગતિ જો કિંમતી છે તો ગતિનું રોકાણ એ રીતે જ થવું જોઈએ કે જયાં ગતિના શ્રમ કરતાં ગતિથી મળતો પુરસ્કાર અનેકગણો ચડિયાતો હોય.

**- પદ્મભૂષણ જૈનાચાર્ય શ્રી રત્નસુંદરસૂરીજી મ.**
**('સ્પર્શ' પુસ્તકમાંથી સાભાર)**

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦: વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
ચૈત્ર વદ-૧૨, તા.૫/૫/૨૪, રવિવાર

સૂર્યોદય : ૬-૧૪, સૂર્યાસ્ત : ૭-૧૨, જૈન નવકારશી : ૭.૦૩
રાશિ : મીન (દ.ચ.ઝ.થ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-મેષ, મંગળ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મીન, ગુરૂ-વૃષભ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-મેષ, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-મીન

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** જરૂરીયાતોમાં વધારો થવાનો છે, નવી નોકરીમાં લાભ રહેવાનો, પાર્ટ ટાઈમ જોબથી લાભ.

**વૃષભ :** વિદેશના પ્રવાસની ઈચ્છા ફળવાની છે, એજન્સી લાઈનથી લાભ, માતુશ્રીનો સાથ સહકાર રહેવાનો.

**મિથુન :** લાગણીઓને કાબુમાં રાખજો, મહત્વના કાર્યને અગ્રતાક્રમ આપજો, ઉપરી વર્ગથી લાભ રહેવાનો.

**કર્ક :** ભાતૃભાવની ઈચ્છા પ્રબળ બનાવવાથી લાભ મળવાનો, વિદેશનો પ્રવાસ થાય, રોમાન્સમાં સફળતા.

**સિંહ :** કોર્પોરેટ ક્ષેત્રે કોઈ સારી ઓફર આવે, પ્રવાસની ઈચ્છા ફળ વાની, આવકનું પ્રમાણ જળવાઈ રહે.

**કન્યા :** કોઈ ચમત્કારની અપેક્ષા ન રાખવી, તમારો પુરૂષાર્થ ફળ વાનો છે, ભાઈ-બહેનોથી લાભ રહેશે.

**તુલા :** કારણ વગરના વિચારોથી આપ પરેશાન રહો, મિત્ર વર્તુળનો સહકાર સારો રહે, ધંધામાં કોઈ ફેરફારો ન કરતા.

**વૃશ્ચિક :** આવકનું પ્રમાણ વધવાનું છે, ભાગીદારી ધંધાથી લાભ, ધાર્મિક કાર્ય બાબતે નાણાકીય ખર્ચ રહે.

**ધન :** વિદેશ જવાની ઈચ્છા પ્રબળ બને, કેમિકલ્સ લાઈનથી લાભ રહે, લખાણ કે દસ્તાવેજો બાબત સતર્ક રહેવું જરૂરી.


**મકર :** ભાગ્યોદયની તક માટે સારો સમય રહે, પ્રિય પાત્રની મુલાકાત લાભદાયક રહેવાની, નોકરીમાં ફેરફારોથી લાભ.

**કુંભ :** પરિવારના સભ્યોનો સહકાર સારો રહેવાનો, વડિલોપાર્જીત મિલ્કતના પ્રશ્નો હલ થવાના છે.

**મીન :** લાગણીઓ અને ઈમોશન્સ કાબુમાં રાખવા, આધુનિક ચીજ વસ્તુની ખરીદી પાછળ ખર્ચ રહે, કર્મચારી વર્ગથી

# હવે યુઝર્સને ચેનલ માટે મળશે ખાસ સુવિધા!

વોટ્સએપે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં એક ચેનલ ઓફર કરી હતી. હવે તાજેતરના અહેવાલ મુજબ, WhatsApp ચેનલ માટે ઘણા ફીચર્સ પર કામ કરી રહ્યું છે. WABetaInfo ના એક અહેવાલ મુજબ, WhatsApp ઘણા વપરાશકર્તા-ફ્રેન્ડલી અપડેટ્સ રજૂ કરીને તેની ચેનલોની સુવિધાને વધારી રહ્યું છે. અપડેટમાં, વપરાશકર્તાઓ માટે ચેનલો બનાવવા અને શોધવાની પ્રક્રિયાને સરળ બનાવવામાં આવશે.



આ સિવાય, WhatsApp ચેનલ લિસ્ટમાં સીધા જ વેરિફાઈડ બેજ ઉમેરવાની યોજના બનાવી રહ્યું છે. આ સુવિધા એપના વર્તમાન વર્ઝન મા નથી. પુનઃડિઝાઇન કરેલ ચેનલો વિભાગ હવે યાદી ને નીચે મૂકવામાં આવ્યો છે. આ વપરાશકર્તાઓને કન્ટેટ શોધવા અને ફોલો પણ સરળ બનાવે છે. આ સિવાય WhatsApp પણ આવું જ એક એવી સુવિધા પર કામ કરી રહ્યું છે જે વપરાશકર્તાઓને એકસાથે અનેક ચેનલો પર બલ્ક ક્રિયાઓ કરવા દે છે, જેમ કે મ્યૂટ, માર્ક રીડ અથવા પિન.

આ અપડેટ્સથી વપરાશકર્તાઓ WhatsApp પર ચેનલો સાથે વાતચીત કરવાની રીતમાં સુધારો કરશે તેવી અપેક્ષા છે. નવી બલ્ક એક્શન સુવિધા, ઉદાહરણ તરીકે, વપરાશકર્તાઓ તેમની ચેનલ ક્રિયાપ્રતિક્રિયાઓનું સંચાલન કરવાની રીતને સરળ બનાવશે, જે તેમને એકસાથે અનેક ચેનલોને ઝડપથી મ્યૂટ અથવા અનમ્યૂટ કરવાની મંજૂરી આપશે.

**વોટ્સએપ લીલું થઈ ગયુ !**

તમને જણાવી દઈએ કે તાજેતરમાં જ WhatsAppએ iOS યુઝર્સ માટે તેની કલર સ્કીમને પરંપરાગત વાદળી રંગની જગ્યાએ ગ્રીન થીમવાળી કરી છે. આ ફેરફાર ફેબ્રુઆરીમાં શરૂ થયો હતો, પરંતુ તાજેતરમાં, ભારતમાં વપરાશકર્તાઓને પણ નવું અપડેટ મળ્યું હતું.

# ધ આઈડિયા ઓફ યુ : ૪૦ વર્ષની સ્ત્રી અને ૨૪ વર્ષના યુવાનની પ્રેમકથા




**કેમ જોવી?:** વેસ્ટર્ન માઈન્ડસેટ ધરાવતી રોમેન્ટિક ફિલ્મોના ચાહક હોવ તો!

**કેમ ન જોવી?:** ટીપીકલ અને સ્લો ફિલ્મો પસંદ ન હોય તો!




તાજેતરમાં એમેઝોન પ્રાઈમ પર એક અલગ પ્રકારની ફિલ્મ રીલીઝ થઈ છે. આ ફિલ્મમાં પ્રેમ ક્યારેય ઉંમર, જાતિ, અમીરી કે ગરીબી જોતો નથી તે માત્ર થાય છે તેવો ખ્યાલ પ્રસ્તુત કરાયો છે. આ ફિલ્મ છે 'ધ આઈડિયા ઓફ યુ' જેના ડાયરેક્ટર છે માઈકલ શોવલ્ટર. રોબિન લીના નામના લેખકના આ જ નામના પુસ્તક 'ધ આઈડિયા ઑફ યુ' પર આધારિત આ ફિલ્મ એક આધેડવયની મહિલા અને યુવાન છોકરાની અનોખી પ્રેમ કહાનીની જટિલતાઓ અને વિડંબનાઓને સરળ અને વાસ્તવિકતાથી રજૂ કરે છે.

ડાયરેક્ટર માઈકલ શોવલ્ટર ૪૦ વર્ષની એક મહિલા અને ૨૪ વર્ષના એક યુવાનની વચ્ચેના પ્રેમને દર્શાવવામાં અને તેમના પ્રેમ સંબંધમાં આવતા ચડાવ ઉતારને સ્ક્રીન પર ઉતારવામાં સફળ રહ્યા છે. ફિલ્મનો ફર્સ્ટ હાફ થોડો ધીમો છે પરંતુ સેકન્ડ હાફમાં ફિલ્મ થોડો વેગ પકડે છે. દિગ્દર્શક બંને વચ્ચેના શારીરિક આકર્ષણને પેશનેટ રીતે દર્શાવ્યા છે પરંતુ બંને વચ્ચેના ભાવનાત્મક પાસાને એટલી સફળતાથી દર્શાવી નથી શક્યા. તેમ છતાં વાર્તા દર્શકોને વ્યસ્ત રાખે છે.

વાર્તાની સારી વાત એ છે, પોતાની જિંદગીના મધ્યાંતરે પહોંચેલી અને કેટલીય જવાબદારીઓથી ઘેરાયેલી એક સ્ત્રીની શારીરિક અને ભાવનાત્મક જરૂરિયાતો વિશે ફિલ્મમાં ખૂલીને વાત કરવામાં આવી છે. ફિલ્મના ક્લાઈમેક્સ થોડી ઉતાવળમાં કરવામાં આવી હોય તેવું લાગી રહ્યું છે. તેમ છતાં ફિલ્મ અન્ય રોમેન્ટિક ફિલ્મોની જેમ હેપ્પી એન્ડીંગ સાથે પૂર્ણ થાય છે. જિમ ફ્રોનાની સિનેમેટોગ્રાફી રોમેન્ટિક દ્રશ્યોમાં જબરદસ્ત છે. જો સંગીતમાં કંઈક વધુ ઉમેરવામાં આવ્યું હોત તો ફિલ્મ જોવામાં વધારે મજા આવી હોત.

૪૦ વર્ષની સ્ત્રીના પાત્રમાં એની હેથવેનો અભિનય સારો છે. તેણે સિંગલ મધરનું પાત્ર તેમજ તેની પોતાની ઈચ્છાઓ અને આકાંક્ષાઓ વચ્ચે તરબતર કરતી સ્ત્રીનું પાત્ર સુંદર રીતે જીવ્યું છે. તેની સુંદરતા અને સાદગી દર્શકોને એ વાતની હૈયાધરપ આપે છે કે શા માટે ૨૪ વર્ષનો એક પ્રખ્યાત રોક સ્ટાર તેના પ્રેમમાં પડી શકે છે. નિકોલસ ગેલિટઝિનો અભિનય પણ સારો છે. બંનેની કેમેસ્ટ્રી સ્ક્રીન પર આકર્ષક લાગે છે. એલા રૂબિને દીકરીના રોલમાં જોરદાર કામ કર્યું છે. માતા અને પુત્રી વચ્ચેના દ્રશ્યો સુંદર છે.

bhattparakh@yahoo.com

**THIS WEEK ON OTT**
૧) નેટફ્લિક્સ : હીરામંડી
૨) ઝી ૫ - ધ બ્રોકન ન્યૂઝ (સિઝન ૨)
૩) નેટફ્લિક્સ : ફિયાસ્કો
૪) જીઓ સિનેમા - વોનકા

**સાંજ સ્ટાર**
૩ ચોકલેટ

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત




**આડી ચાવી**
૧. મોરારીબાપુનો આશ્રમ, વતન (૬)
૫. ફેરફાર (૫)
૮. શબ્દ પઝલનું એક નામ (૫)
૧૦. વાદ્ય-તાવડી ... (૨)
૧૧. ફેમિલી (૪)
૧૨. કલર (૨)
૧૩. માસીનો દીકરો ભાઇ (૪)
૧૫. ઝઝબાત (૩)
૧૬. ગુજરાતનો એક તાલુકો (૩)
૧૮. ભાવનગર પંથકનું તીર્થ (૪)
૨૧. બીનગુજરાતી અટક (૨)
૨૨. અમિતાભ બચ્ચનની ફિલ્મ (૩)
૨૩. આ સીંગદાણા ... વગરના છે (૪)
૨૫. એક કઠોળ (૨)
૨૭. ફિલ્મ : રોટી, કપડા, ઔર ? (૩)
૨૮. એક ધાન (૩)
૩૦. બળથી ન થાય એ ... થી થાય (૨)
૩૧. જુનાગઢ નજીકનું નગર (૫)
૩૨. ભાલ (૩)
૩૩. એક બંગાળી સંગીતકાર (૫)
૩૫. પવન, હવા (૨)
૩૬. સુવાવડ (૩)
૩૭. રઘુકુળ ... સદા ચલી આઇ (૨)
૩૮. માયામાં ફસાવતી જાળ (૪)
૪૦. એક વત્તા એક (૧)
૪૩. ફિલ્મ : ... દિવાના (૩)
૪૫. જયાં જમીન, પાણી પુરૂ થાય (૩)
૪૭. ઉનાળો (૩)
૫૦. પ્યાસ (૩)
૫૨. તારી ... રે પાઘલડીનું ફુમતું રે (૨)
૫૪. પાણી રાખવાની જગ્યા (૪)
૫૫. દરેક કળામાં માહિર-હિન્દી (૬)
૫૬. પિયર (૪)

**ઉભી ચાવી**
૧. તકની રાહ જોતો (૪)
૨. ગાલ ઉપસાવતી બિમારી (૬)
૩. રસ્તા શેના બને (૩)
૪. બગદાણાના બાપુ (૮)
૫. બાળવાર્તાની હિરોઇન (૨)
૬. વરસની તપસ્યા (૫)
૭. આશ્ચર્ય (૩)
૯. ડિમાન્ડ (૩)
૧૩. મમ્મીના ભાઇ (૨)
૧૪. દોસ્ત (૨)
૧૭. સલાહ સૂચન (૫)
૧૮. શેત્રુંજયનું સ્થળ (૪)
૧૯. પરવાહ (૪)
૨૦. મમરાનું એક વચન (૩)
૨૪. એસઓએન (૨)
૨૬. લોટો (૩)
૨૭. હાથીનું બચ્ચુ (૪)
૨૯. પાણીથી વેચાતી ખાનાખરાબી (૫)
૩૦. આર્ટ (૨)
૩૧. ધક ધક ગર્લ (૬)
૩૨. આણુ (૫)
૩૩. પંજાબનું શહેર (૪)
૩૪. ...મમરા (૨)
૩૫. સ્ત્રી, માનુની, નારી (૨)
૩૯. જેના પર પગ સાફ કરાય (૬)
૪૧. પ્રભાવ (૩)
૪૨. સ્પેશ્યલ (૨)
૪૪. ઇચ્છેલુ (૫)
૪૬. ધિક્કાર (૪)
૪૮. જેનું હાસ્ય બેમિસાલ ગણાતું એ અભિનેત્રી (૪)
૪૯. ...કાઢતા ઉંટ પેઠુ (૨)
૫૧. સલમાન ખાનની માતા (૩)
૫૩. સાંભળતું અંગ (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પ | રિ | ચા | રિ | કા | | મા | લ | ગા | ડી |
| થ | | | વ | ન | વા | સી | | | લ |
| | સા | મ | ર | સ | | ચા | દ | ગા | ર |
| સા | બુ | | ફ | | રા | ઈ | સ | | શી |
| પ | | સે | ન્ટ | ર | | | નં | | પ |
| | એ | ન્ડ | | | | કા | બ | ર | |
| મ | | વી | ર | પુ | ર | | રી | બ | ન |
| નિ | શા | ચ | ર | | ર | જા | | ર | જ |
| પ્લા | ન | | ર | ર | | ફ | ળ | | રા |
| ન | | | ર | વિ | વા | ર | | ભા | ણુ |